'સરનું સાહિત્ય ... ગ્રંથોનું સાહિત્ય'

શ્રી ચંડી પાઠ

[સરળ ગુજરાતી અનુવાદ સહિત]

પ્રિયો

CC-0. Mumukshu Bhawan Varanasi Collection. Digitized by eGangotri

CC-0. Mumukshu Bhawan Varanasi Collection. Digitized by eGangotri

025121X6JL
1819
Swami Anand Saraswati
-2004

कृपया यह ग्रन्थ नीचे निर्देशित तिथि के पूर्व अथवा उक्त तिथि तक वापस कर दें। विलम्ब से लौटाने पर प्रतिदिन दस पैसे विलम्ब शुल्क देना होगा।

भवन वेद वेदाङ्ग पुस्तकालय, वाराणसी।

CC-0. Mumukshu Bhawan Varanasi Collection. Digitized by eGangotri

CC-0. Mumukshu Bhawan Varanasi Collection. Digitized by eGangotri

'સસ્તું' સાહિત્ય એટલે ઊંચામાં ઊંચું સાહિત્ય'

શ્રી ચંડીપાઠ

[સરળ ગુજરાતી અનુવાદ સહિત]

અનુવાદક :

સ્વ. શંકરદત્ત પાર્વતીશંકર શાસ્ત્રી

ત્રિક્ષુ અખંડાનંદની પ્રસાદી

સસ્તું સાહિત્ય વર્ધક કાર્યાલય

ઠેઃ ભદ્ર પાસે અમદાવાદ અને પ્રિન્સેસ સ્ટ્રીટ મુંબઇ-૨

દોઢ રૂપિયો

CC-0. Mumukshu Bhawan Varanasi Collection. Digitized by eGangotri

સંવત ૨૦૧૬ :: પાન ૨૫૬ :: ચોથી આવૃત્તિ



(c)
[સર્વ હક્ક પ્રકાશક સંસ્થાને સ્વાધીન છે.]

8500-6-'60

મુદ્રક અને પ્રકાશક : ત્રિભુવનદાસ ક૦ ઠક્કર,
સસ્તું સાહિત્ય મુદ્રણાલય, રાયખડ :: અમદાવાદ

CC-0. Mumukshu Bhawan Varanasi Collection. Digitized by eGangotri

2.1
56
ચિક્ષ્ટ

નિવેદન

શક્તિપૂજા આપણી સંસ્કૃતિનું એક ઉજ્જ્વળ અંગ છે. શક્તિની ઉપાસનાએ આપણે ત્યાં જેમ સંતો, મહાત્માઓ અને યોગીવરો જન્માવ્યા છે, તેમ એણે આપણે ત્યાં વીરો અને વિધાયકો પણ સર્જ્યા છે. વેદમાં જે શક્તિ રુદ્રને ધનુષ્ય ચડાવતી દર્શન આપે છે, તે જ શક્તિ પુરાણ આદિમાં અસુરોને સંહારતી જણાય છે અને તે જ પાછી પ્રત્યક્ષ જીવનમાં કોઈ શ્રીરામકૃષ્ણ પરમહંસમાં કે કોઈ શિવાજી છત્રપતિમાં પ્રસાદપરિમલ મહેકાવે છે. આમ શક્તિપૂજા અત્યંત પ્રાચીન છે, તેમ એની પરંપરા અસ્ખલિત ને અમાપ છે.

એક બાજુ આપણે 'નારી નરકની ખાણ' જેવાં વૈરાગ્યપ્રેરક વચનો સાંભળીએ છીએ, તો અહીં આપણે 'सर्वस्त्रीनिलया' શક્તિને જગતની નારીમાત્રમાં જોવાની વિશિષ્ટ આજ્ઞા સાંભળીએ છીએ. ફૂલ જેવી કોમલાંગી હાથમાં ખડ્ગ લઈને રિપુદલને વારે અને સમસ્ત જગતનો ભાર ઉતારે, એ કલ્પનાય અહીં સત્ય હકીકત જણાય છે. નારી નારાયણી છે, એટલું જ નહિ, પણ એ શક્તિ વિના શિવ શવ જેવા છે. જીવનની આ શક્તિની ઉપાસના કોમળ હોય, તેમ કરાલ પણ હોય; આથી હિમગિરિને શિખરે વિરાજતી જગદમ્બા કાલરાત્રિ બને છે, પણ એની કરાલતામાં પણ ભારોભાર કોમળતા રહી છે, જગતના હિતનું કારણ રહ્યું છે. આ 'ચંડીપાઠ' ના વાચકને સહેજે સમજાઈ શકે એમ છે.

દેવીભક્ત માટે આવી આજ્ઞા હોય છે: તારે આત્માનું કલ્યાણ જોઈતું હોય, તો તારે સ્ત્રીની નિંદા ન કરવી, તેને પ્રહાર ન કરવો, તેની સાથે કુટિલતા ન કરવી, તેમ તેને અપ્રિય

CC-0. Mumukshu Bhawan Varanasi Collection. Digitized by eGangotri

વચન ન કહેવાં; કેમ કે સ્ત્રી એ શક્તિ છે, જગદમ્બા છે. આ 'ચંડીપાઠ' એ જગદમ્બાનું ગાન છે. જગદમ્બાએ જે ક્રીડાઓ કરી છે, જે યુદ્ધવિલાસો કર્યા છે, તે અહીં આપણે જોઈએ છીએ; ભક્તિનમ્ર હૃદયે આપણે એનું સ્મરણ-મનન કરીએ છીએ અને તે સાથે જે ચિન્મયી શક્તિ છે તેનું તેજ આપણા હૃદયને અજવાળવા માંડે છે.

એ ચિન્મયી શક્તિ આનંદ છે. જ્ઞાનસ્વરૂપ આત્મદેવ પ્રભુ છે અને પ્રકૃતિદેવી એની કર્મશક્તિ છે. પુરુષ સત્સ્વરૂપ, વિશુદ્ધ અને અનંત જ્ઞાનઘન આત્મસત્તારૂપ છે; તો પ્રકૃતિશક્તિ ચિદ્રૂપા છે. આ જ્ઞાનસ્વરૂપ પરમાનંદમાં પ્રકૃતિ સમાઈ જાય છે, ત્યારે વિશ્રાંતિ થાય છે. પુરુષ પોતાની પ્રકૃતિના કર્મમાં પોતાને લીન કરે છે, ત્યારે કર્મ, સૃષ્ટિકર્મ, આનંદભોગ અને ભવાનંદ થાય છે. આનંદ વિસર્ગમાત્રનો સ્રષ્ટા અને ઉત્પાદક છે. તેનું સાધન પુરુષની આત્મ-ચૈતન્યની તપઃશક્તિ અથવા કર્મશક્તિ છે. હવે તપનું નિશ્ચિત ફળ આપનારી સર્વ શક્તિમત્તા અને ભાવનાની અમુક પૂર્ણતાપ્રાપ્તિ એ યોગ છે. એ યોગનો આધાર સંકલ્પ અને વિશ્વાસ છે. આમ શક્તિપૂજા એ તંત્ર છે, યોગ છે, આનંદયોગ છે. આમાં પ્રકૃતિ ને શક્તિ વગેરેને આનંદની સ્થિતિમાં બનાવવાનાં અને એમ પોતાને મુક્ત કરવો, એવું લક્ષ્ય છે. સત્યનો આ એક પહેલ છે. એ રીતે સચ્ચિદાનંદસ્વરૂપ પામવાનો ક્રમ છે.

પણ અહીં ઊંડું ને લાંબું વિવેચન કરવાનો અવકાશ નથી. 'શ્રી ચંડીપાઠ'ના વાચક એનાં મનોરમ સ્તવનોથી પણ અપૂર્વ આનંદ પામી શકે એમ છે. માએ જે પરાક્રમલીલા કરી છે, તે વાંચીને એને પરાક્રમ ચડી શકે છે, તેમ પ્રકટી શકે છે. સાથે એ ભક્તિનમ્ર થઈ સત્યો-પાસના સાધી શકે છે. એ સમજી શકશે કે, ભગવતી શક્તિ સર્વ સૂતા હોય ત્યારેય જાગ્રત

CC-0. Mumukshu Bhawan Varanasi Collection. Digitized by eGangotri

હોય છે. એક તણખો પડતાં જેમ અગ્નિનો ઉજ્જ્વળ પ્રકાશ ઝગમગી રહે છે, તેમ સંકલ્પ જાગતાં, વિશ્વાસ દૃઢ થતાં માણસનેય એ પ્રકાશ પૂરા પ્રમાણમાં પ્રકટી રહે છે. એ માટે સાધના જોઈએ. તે સાધના આ 'ચંડીપાઠ' માં મનુષ્યને મળી રહે છે.

આમાં આત્મજ્ઞાનના લક્ષણવાળા મેધાઋષિ અને સત્ય પ્રવૃત્તિમાર્ગના પથિક સુરથરાજા અને નિવૃત્તિમાર્ગનો જિજ્ઞાસુ સમાધિ વૈશ્ય એ ત્રણે વચ્ચે શક્તિકથન, શક્તિસ્મરણ, શક્તિ-મનન અને શક્તિચિંતન થાય છે. ગીતા મેધાને–બુદ્ધિને શરણે જવાનું કહે છે, તો અહીં પણ સુરથ અને સમાધિ મેધાને શરણે ગયા છે. આટલી ચાવીથી આ ભવ્ય મંદિરને ખોલી જોવામાં આવશે, તો એના અનંત પ્રકાશથી જીવનનો ખંડેખંડ ઝગમગી રહેશે. ગીતાની દૈવી અને આસુરી સંપત્તિઓ યાદ કરો અને અહીં ભગવતી શક્તિ જે અસુરોને સંહારે છે તે સરખાવો. મનુષ્યના હૃદયમાં અને જીવનસમસ્તમાં જે દેવાસુર–સંગ્રામ ચાલી રહ્યો છે, તેનું અહીં વર્ણન છે. એ વર્ણનના રહસ્યમાં ચિંતન સમાયેલું છે અને ભક્તિરસથી એને ભાવિત કરવામાં આવ્યું છે.

અધ્યાત્મવાદી જેને હૈમવતી કહે છે, વેદાંતી જેને લીલારૂપ વર્ણવે છે, યોગીઓ જેને ચિદ્‌શક્તિ તરીકે યોજે છે, પૂર્વમીમાંસક જેને ધર્મમંત્રરૂપે ઓળખાવે છે, નૈયાયિકના મતે જે નિત્યતાનો પરમાણુ છે, સાંખ્ય જેને સૃષ્ટિકર્તૃત્વ તરીકે બતાવે છે અને વૈષ્ણવ જેને રાધિકા-રૂપે પૂજે છે, તે શક્તિ સમસ્ત રાષ્ટ્રની સ્વામિની છે, તે સર્વ ધન છે, જ્ઞાન છે, વિશ્વેશ્વરી, લક્ષ્મી અને સરસ્વતી છે. એ શક્તિનો સાચો ઉપાસક પરદ્રવ્ય, પરદારા અને પરાપવાદથી વિમુખ હોય, સંયમી હોય, વામમાર્ગનો અધિકારી તે જ હોઈ શકે, જિતેન્દ્રિયસુલભ હોય; આથી જે પાંચ મકારોની ઉપાસના જણાવવામાં આવે છે, તેને સ્થૂળરૂપે ન ઉપાસવી. મદ્ય,

CC-0. Mumukshu Bhawan Varanasi Collection. Digitized by eGangotri

માંસ, મીન, મુદ્રા અને મૈથુન આ પાંચ યોગીઓને મુક્તિ આપનારાં છે, એમ કહ્યું છે, પણ એ મદ્ય આદિ સ્થૂળ અર્થમાં લેવાનાં નથી. તંત્રગ્રંથોમાં આ પાંચેના વિશિષ્ટ અર્થો આપ્યા છે અને એ અર્થો પ્રમાણે જ યોગીઓની સાધના રહે છે. બાકી સ્થૂળ અર્થને પકડી લઈ જે 'સાધના' માંડે છે અથવા જે 'સાધક' કે 'સિદ્ધ' હોવાનું જણાવે છે, તે વાસ્તવિક રીતે અધઃપતનને માર્ગે છે, તેના ઉદ્ધારની વાત જ નકામી છે.

આ 'ચંડીપાઠ' નિર્ણયસાગરની પ્રત અનુસાર છે. એમાં અગત્યનાં પાઠાંતરો ટિપ્પણમાં આપ્યાં છે. ઉપરાંત આમાં સિદ્ધકુંજિકા સ્તોત્ર, સપ્તશ્લોકી દુર્ગા વગેરે સ્તોત્રો આપ્યાં છે. મૂળ પાઠ 'માર્કંડેયપુરાણ'માં છે અને તેમાંથી આ અવતરણ છે. પાઠશુદ્ધિ માટે બનતી બધી કાળજી લેવામાં આવી છે. સર્વસામાન્ય ક્રમ જાળવવાનો અહીં આગ્રહ રાખ્યો છે. પુસ્તકને પાઠોપયોગી કરવા માટે અમે શક્ય એટલી મહેનત કરી છે. શક્તિપૂજા અને શક્તિમાર્ગ ઉપર ઘણું લખી શકાય એમ છે, પણ આ પુસ્તકની મર્યાદામાં અમે એનો સમાવેશ કરી શક્યા નથી. તંત્રમાર્ગ ઉપર ઘણું સાહિત્ય છે, તે આના અનુસંધાનમાં જોવામાં આવશે, તો જિજ્ઞાસુને જ્ઞાનલાભ થશે. આ પુસ્તકની આ ચોથી આવૃત્તિ પ્રસિદ્ધ થાય છે.

આ ગ્રંથના પ્રકાશનમાં અમે જે પુસ્તકોનો આધાર લીધો છે, તે પુસ્તકોના લેખક-પ્રકાશકના અમે આભારી છીએ. શક્તિપૂજાના ભાવિકોને આ ગ્રંથ સાક્ષીરૂપે રહેશે, તે સાથે અન્ય વાચકોનેય તે શુદ્ધ આનંદ ને પ્રેરણા આપશે, એવું અમારું માનવું છે.

મુંબઈ
તા. ૧૪-૫-'૬૦

સસ્તું સાહિત્ય મુદ્રણાલય ટ્રસ્ટના ટ્રસ્ટીઓ વતી
મનુ સુબેદાર (પ્રમુખ)

CC-0. Mumukshu Bhawan Varanasi Collection. Digitized by eGangotri

અનુક્રમ

વિષય	પૃષ્ઠ
ભગવતી–સ્તુતિ	૧
શ્રીદુર્ગાઅષ્ટોત્તરશતનામસ્તોત્ર ...	૨
પાઠવિધિ	૬
નિત્યપાઠ સંકલ્પ ...	,,
આસનવિધિ	૮
ભૂશુદ્ધિ	૧૦
ભૂતશુદ્ધિ	,,
પ્રાણપ્રતિષ્ઠા	,,
માતૃકાન્યાસ	૧૧
દીપસ્થાન	૧૨
યંત્ર	૧૩
યંત્રની પૂજા	૧૪
તાંત્રિક નવાર્ણોક્ત યંત્ર ...	,,
તંત્રોક્ત સપ્તશતી મહાયંત્ર...	૧૫
પ્રયોગ	,,
સંક્ષેપમાં યંત્રની પૂજાનો વિધિ	,,
આવરણપૂજા	૧૭
મહાકાલી આદિની પ્રાર્થના...	૧૯
નવાર્ણમંત્રનો અર્થ ...	૨૦
દેવીનું ધ્યાન	,,
કન્યાપૂજન	,,
બલિદાન	૨૩
કૂષ્માંડબલિ	,,
પુસ્તકપૂજન	૨૬
શાપોદ્ધાર તથા ઉત્કીલનના મંત્રો	,,
દેવીકવચ	૨૭
અર્ગલાસ્તોત્ર	૩૮
કીલક	૪૩
એકાદશન્યાસ વગેરે	૪૭
વેદોક્ત રાત્રિસૂક્ત	૫૫
તંત્રોક્ત રાત્રિસૂક્ત	૫૮
સપ્તશતીન્યાસ	૬૦

CC-0. Mumukshu Bhawan Varanasi Collection. Digitized by eGangotri

ચક્રન્યાસ ૬૨
ધ્યાન ૬૩
અધ્યાય ૧ મેધાઋષિ ભગવતીનો મહિમા વર્ણવે છે ૬૪
„ ૨ દેવોના તેજથી દેવીનો પ્રાદુર્ભાવ અને મહિષાસુરની સેનાનો વધ ૮૦
„ ૩ સેનાપતિઓ અને મહિષાસુરનો વધ ૯૪
„ ૪ ઇંદ્ર આદિ દેવોએ કરેલી દેવીની સ્તુતિ ૧૦૩
„ ૫ દેવી અને દૂતનો સંવાદ ... ૧૧૪
„ ૬ ધૂમ્રલોચનનો વધ ... ૧૩૦
„ ૭ ચંડ અને મુંડનો વધ ... ૧૩૫
„ ૮ રક્તબીજનો વધ ... ૧૪૧
„ ૯ નિશુંભનો વધ ... ૧૫૩
„ ૧૦ શુંભનો વધ ૧૬૧
„ ૧૧ દેવોએ કરેલી દેવીની સ્તુતિ અને દેવીએ દેવોને આપેલું વરદાન ૧૬૮
„ ૧૨ દેવીચરિત્રના પાઠનું માહાત્મ્ય ૧૮૦
અધ્યાય ૧૩ સુરથ અને વૈશ્યને વરદાન ૧૮૮
અપરાંગ ૧૯૩
ઉત્તરન્યાસ ... ... „
ધ્યાન ... ... „
ઋગ્વેદોક્ત દેવીસૂક્ત ... ૧૯૪
ધ્યાન ... ... „
તન્ત્રોક્ત દેવીસૂક્ત... ... ૧૯૮
પ્રાધાનિક રહસ્ય ૨૦૦
વૈકૃતિક રહસ્ય ૨૦૭
સમષ્ટિ–વ્યષ્ટિ ઉપાસનાનું કોષ્ટક ૨૧૫
મૂર્તિરહસ્ય ૨૧૬
ઉત્તરવિધિ ૨૨૧
પ્રાર્થના ૨૨૨
શ્રીદેવ્યથર્વશીર્ષ ૨૨૪
શ્રીદુર્ગામાનસપૂજા ૨૩૩
દુર્ગાદ્વાત્રિંશદ્નામમાળા ૨૪૧
દેવી–અપરાધક્ષમાપન સ્તોત્ર ... ૨૪૫
સિદ્ધકુંજિકા સ્તોત્ર ૨૪૯
સપ્તશ્લોકી દુર્ગા... ... ... ૨૫૨

CC-0. Mumukshu Bhawan Varanasi Collection. Digitized by eGangotri



CC-0. Mumukshu Bhawan Varanasi Collection. Digitized by eGangotri

श्रीनवार्णयंत्रम्



CC-0. Mumukshu Bhawan Varanasi Collection. Digitized by eGangotri

ભગવતી-સ્તુતિ

प्रातः स्मरामि शरदिन्दुकरोज्ज्वलाभां सद्रत्नवन्मकरकुण्डलहारभूषाम् ।
दिव्यायुधोर्जितसुनीलसहस्रहस्तां रक्तोत्पलाभचरणां भवतीं परेशाम् ॥

પ્રાતઃકાળે હું ભગવતી પરમેશ્વરીને સ્મરું છું. શરદના ચંદ્રનાં કિરણ જેવી તેની કાંતિ ઉજ્જ્વળ છે; સુંદર રત્નવાળાં મકરાકાર કુંડલો તથા હારથી તે વિભૂષિત છે; તેના સુંદર તથા સુનીલ સહસ્ર હાથોમાં દિવ્ય ઝળહળતાં આયુધો છે અને તેના ચરણ રક્તકમળની આભાવાળા છે.

प्रातर्नमामि महिषासुरचण्डमुण्डशुम्भासुरप्रमुखदैत्यविनाशदक्षाम् ।
ब्रह्मेन्द्ररुद्रमुनिमोहनशीललीलां चण्डीं समस्तसुरमूर्तिमनेकरूपाम् ॥

પ્રાતઃકાળે હું સર્વ દેવોની મૂર્તિરૂપ ચંડીને નમું છું. મહિષાસુર, ચંડ, મુંડ તથા શુંભાસુર આદિ મહાદૈત્યોનો વિનાશ કરવામાં તે દક્ષ છે; તેની લીલા બ્રહ્મા, ઇંદ્ર, રુદ્ર તથા મુનિઓને મોહ પમાડનારી છે અને તેનાં અનેક રૂપ છે.

प्रातर्भजामि भजतामभिलाषदात्रीं धात्रीं समस्तजगतां दुरितापहन्त्रीम् ।
संसारबन्धनविमोचनहेतुभूतां मायां परां समधिगम्य परस्य विष्णोः ॥

પ્રાતઃકાળે હું પરમ વિષ્ણુની પરમ માયાને ભજું છું. તે પોતાને ભજનારાઓના સર્વ અભિલાષો પૂરે છે; તે સમસ્ત જગતની ધાત્રી છે; તે દુરિતમાત્રને હણનારી છે અને તે સંસારના બંધનમાંથી વિમોચન માટે કારણરૂપ છે.

CC-0. Mumukshu Bhawan Varanasi Collection. Digitized by eGangotri

શ્રીદુર્ગાઅષ્ટોત્તરશતનામસ્તોત્ર

ઈશ્વર ઉવાચ ॥ ઈશ્વર બોલ્યા :

शतनाम प्रवक्ष्यामि शृणुष्व कमलानने । यस्य प्रसादमात्रेण दुर्गा प्रीता भवेत् सती ॥ १ ॥

હે કમલમુખી! હું હવે અષ્ટોત્તરશત (૧૦૮) નામ કહું છું, તે તું સાંભળ. એના પ્રસાદમાત્રથી સતી દુર્ગા પ્રસન્ન થાય છે. ૧

ॐ सती साध्वी भवप्रीता भवानी भवमोचिनी । आर्या दुर्गा जया चाद्या त्रिनेत्रा शूलधारिणी ॥२॥

ૐ સતી, સાધ્વી, ભવપ્રીતા (ભવ–શંકર ઉપર પ્રીતિ રાખવાવાળાં), ભવાની, ભવમોચની (સંસારમાંથી છોડાવનારી), આર્યા, દુર્ગા, જયા, આદ્યા, ત્રિનેત્રા અને શૂલધારિણી. ૨

पिनाकधारिणी चित्रा चण्डघण्टा महातपा । मनोबुद्धिरहंकारा चित्तरूपा चिता चितिः ॥३॥

પિનાકધારિણી, ચિત્રા, ચંડઘંટા (પ્રચંડ સ્વરથી ઘંટાનાદ કરનારી), મહાતપા (મહાતપસ્વી), મન (મનનશક્તિ), બુદ્ધિ (બોધશક્તિ), અહંકારા (અહંતાનો આશ્રય) ચિત્તરૂપા, ચિતા અને ચિતિ (ચેતના). ૩

सर्वमन्त्रमयी सत्ता सत्यानन्दस्वरूपिणी । अनन्ता भाविनी भाव्या भव्याभव्या सदागतिः ॥४॥

સર્વમંત્રમયી, સત્તા (સત્સ્વરૂપ), સત્યાનંદસ્વરૂપિણી, અનંતા (જેના સ્વરૂપનો અંત નથી), ભાવિની (સર્વને ઉત્પન્ન કરનારી), ભાવ્યા (ભાવના–ધ્યાનને યોગ્ય), ભવ્યા (કલ્યાણરૂપ), અભવ્યા (જેથી વિશેષ કોઈ ભવ્ય નથી) અને સદાગતિ. ૪

CC-0. Mumukshu Bhawan Varanasi Collection. Digitized by eGangotri

शाम्भवी देवमाता च चिन्ता रत्नप्रिया सदा । सर्वविद्या दक्षकन्या दक्षयज्ञविनाशिनी ॥५॥

શામ્ભવી (શંભુપ્રિયા), દેવમાતા, ચિંતા, રત્નપ્રિયા, સર્વવિદ્યા, દક્ષકન્યા અને દક્ષયજ્ઞવિનાશિની. ૫

अपर्णानेकवर्णा च पाटला पाटलावती । पट्टाम्बरपरीधाना कलमञ्जीररञ्जिनी ॥६॥

અપર્ણા (તપશ્ચર્યામાં પાંદડું પણ ન ખાનાર), અનેકવર્ણા (અનેક રંગવાળી), પાટલા (લાલ રંગવાળી), પાટલાવતી (પાટલ કે લાલ ફૂલ ધારણ કરનારી), પટ્ટામ્બરપરિધાના (રેશમી વસ્ત્ર પહેરનારી) અને કલમંજીરરંજિની (મધુર નાદવાળા મંજીરને ધારણ કરનારી). ૬

अमेयविक्रमा क्रूरा सुन्दरी सुरसुन्दरी । वनदुर्गा च मातङ्गी मतङ्गमुनिपूजिता ॥७॥

અમેયવિક્રમા, (અમાપ પરાક્રમવાળી), ક્રૂરા (દૈત્યો પ્રત્યે કઠોર), સુંદરી, સુરસુંદરી, વનદુર્ગા, માતંગી અને મતંગમુનિપૂજિતા. ૭

ब्राह्मी माहेश्वरी चैन्द्री कौमारी वैष्णवी तथा । चामुण्डा चैव वाराही लक्ष्मीश्च पुरुषाकृतिः ॥८॥

બ્રાહ્મી, માહેશ્વરી, ઐન્દ્રી, કૌમારી, વૈષ્ણવી, ચામુંડા, વારાહી, લક્ષ્મી અને પુરુષાકૃતિ. ૮

विमलोत्कर्षिणी ज्ञाना क्रिया नित्या च बुद्धिदा । बहुला बहुलप्रेमा सर्ववाहनवाहना ॥९॥

વિમલા, ઉત્કર્ષિણી, જ્ઞાના, ક્રિયા, નિત્યા અને બુદ્ધિદા, બહુલા, બહુલપ્રેમા અને સર્વવાહનવાહના. ૯

निशुम्भशुम्भहननी महिषासुरमर्दिनी । मधुकैटभहन्त्री च चण्डमुण्डविनाशिनी ॥१०॥

CC-0. Mumukshu Bhawan Varanasi Collection. Digitized by eGangotri

નિશુંભશુંભહનની, મહિષાસુરમર્દિની, મધુકૈટભહન્ત્રી અને ચંડમુંડવિનાશિની. ૧૦

सर्वासुरविनाशा च सर्वदानवघातिनी । सर्वशास्त्रमयी सत्या सर्वास्त्रधारिणी तथा ॥११॥

સર્વાસુરવિનાશા, સર્વદાનવઘાતિની, સર્વશાસ્ત્રમયી, સત્યા અને સર્વાસ્ત્રધારિણી. ૧૧

अनेकशस्त्रहस्ता च अनेकास्त्रस्य धारिणी । कुमारी चैककन्या च कैशोरी युवती यतिः ॥१२॥

અનેકશસ્ત્રહસ્તા, અનેકાસ્ત્રધારિણી, કુમારી, એકકન્યા, કૈશોરી, યુવતી અને યતિ. ૧૨

अप्रौढा चैव प्रौढा च वृद्धमाता बलप्रदा । महोदरी मुक्तकेशी घोररूपा महाबला ॥ १३ ॥

અપ્રૌઢા, પ્રૌઢા, વૃદ્ધમાતા, બલપ્રદા, મહોદરી, મુક્તકેશી, ઘોરરૂપા અને મહાબલા. ૧૩

अग्निज्वाला रौद्रमुखी कालरात्रिस्तपस्विनी । नारायणी भद्रकाली विष्णुमाया जलोदरी ॥१४॥

અગ્નિજ્વાલા, રૌદ્રમુખી, કાલરાત્રિ, તપસ્વિની, નારાયણી, ભદ્રકાલી, વિષ્ણુમાયા અને જલોદરી. ૧૪

शिवदूती कराली च अनन्ता परमेश्वरी । कात्यायनी च सावित्री प्रत्यक्षा ब्रह्मवादिनी ॥ १५ ॥

શિવદૂતી, કરાલી, અનંતા (અંતરહિત), પરમેશ્વરી, કાત્યાયની, સાવિત્રી, પ્રત્યક્ષા અને બ્રહ્મવાદિની. ૧૫

(આમ શ્લોક ૨થી ૧૫મા સુધીમાં દેવીનાં ૧૦૮ નામ આવ્યાં છે.)

य इदं प्रपठेन्नित्यं दुर्गानामशताष्टकम् । नासाध्यं विद्यते देवि त्रिषु लोकेषु पार्वती ॥ १६ ॥

દુર્ગાનાં આ એકસો આઠ નામનો જે નિત્ય પાઠ કરે છે, તેને હે દેવી પાર્વતી! ત્રણે લોકમાં કશુંય અસાધ્ય રહેતું નથી. ૧૬

धनं धान्यं सुतं जायां हयं हस्तिनमेव च । चतुर्वर्गं तथा चान्ते लभेन्मुक्तिं च शाश्वतीम् ॥१७॥

CC-0. Mumukshu Bhawan Varanasi Collection. Digitized by eGangotri

તેને ધન, ધાન્ય, પુત્ર, પત્ની, અશ્વ, હાથી, ધર્મ આદિ ચાર પુરુષાર્થ અને અંતમાં સનાતન મુક્તિ મળે છે. ૧૭

कुमारीं पूजयित्वा तु ध्यात्वा देवीं सुरेश्वरीम् । पूजयेत् परया भक्त्या पठेन्नामशताष्टकम् ॥१८

કુમારિકાનું પૂજન કરીને અને સુરેશ્વરી દેવીનું ધ્યાન ધરીને તેનું પરમ ભક્તિપૂર્વક પૂજન કરવું. પછી આ એકસો આઠ નામનો પાઠ આદરવો. ૧૮

तस्य सिद्धिर्भवेद्देवि सर्वैः सुरवरैरपि । राजानो दासतां यान्ति राज्यश्रियमवाप्नुयात् ॥ १९ ॥

હે દેવી! જે આ પ્રમાણે કરે છે, તેને સર્વશ્રેષ્ઠ દેવોથી સિદ્ધિ મળે છે. રાજા તેનો દાસ થાય છે અને તે પોતે રાજ્યલક્ષ્મી પામે છે. ૧૯

गोरोचनालक्तककुङ्कुमेन सिन्दूरकर्पूरमधुत्रयेण ।
विलिख्य यन्त्रं विधिना विधिज्ञो भवेत् सदा धारयते मुरारिः ॥ २० ॥

જે વિધિજ્ઞ મનુષ્ય ગોરોચન, અળતો, કંકુ, સિંદૂર, કપૂર, ઘી (અથવા દૂધ), સાકર અને મધ એ વસ્તુઓને એકઠી કરીને એ વડે વિધિપૂર્વક યંત્ર લખે અને એ યંત્રને ધારણ કરે, તે સદાય શિવ તુલ્ય (મોક્ષરૂપ) થાય છે. ૨૦

भौमावास्यानिशामग्रे चन्द्रे शतभिषांगते । विलिख्य प्रपठेत् स्तोत्रं स भवेत् संपदां पदम् ॥२१॥

મંગળવારે અમાવસ્યાની મધ્યરાત્રિએ, ચંદ્રમા શતભિષા નક્ષત્રમાં હોય તે વખતે જે આ સ્તોત્રને લખીને એનો પાઠ કરે છે, તે સંપત્તિશાળી થાય છે. ૨૧

इति विश्वसारतन्त्रे दुर्गाष्टोत्तरशतनामस्तोत्रं समाप्तम् ।

શ્રી વિશ્વસારતંત્રમાં આવેલ દુર્ગાઅષ્ટોત્તરશતનામસ્તોત્ર સમાપ્ત

CC-0. Mumukshu Bhawan Varanasi Collection. Digitized by eGangotri

પાઠવિધિ

સાધકે સ્નાનાદિ કરી, પવિત્ર થઈ, તિલક આદિ કરવાં. પછી તેણે પૂર્વાભિમુખે બેસી આ પ્રમાણે ચાર આચમન કરવાં : ॐ ऐं आत्मतत्त्वं शोधयामि नमः स्वाहा [ॐ ऐं હું આત્મતત્ત્વનું સંશોધન કરું છું, નમઃ સ્વાહા], ॐ ह्रीं विद्यातत्त्वं शोधयामि नमः स्वाहा [ॐ ह्रीं હું વિદ્યાતત્ત્વનું સંશોધન કરું છું, નમઃ સ્વાહા], ॐ क्लीं शिवतत्त्वं शोधयामि नमः स्वाहा [ॐ क्लीं હું શિવતત્ત્વનું સંશોધન કરું છું, નમઃ સ્વાહા] અને ॐ ऐं ह्रीं क्लीं सर्वतत्त्व शोधयामि नमः स्वाहा [ॐ ऐं ह्रीं क्लीं હું સર્વ તત્ત્વનું સંશોધન કરું છું, નમઃ સ્વાહા].

પછી તેણે હાથ શુદ્ધ કરી પ્રાણાયામ કરવા. ડાબી નાસિકા વડે મૂળમંત્ર (ॐ ऐं ह्रीं क्लीं चामुण्डायै विच्चे)થી વાયુને અંદર પૂરવો; કુંભક વડે ચાર વાર મૂળમંત્રનું પઠન કરવું. પછી બે વાર મૂળ મંત્રનું ઉચ્ચારણ કરી જમણી નાસિકામાંથી વાયુને બહાર કાઢવો. શ્રીગણેશ અને ગુરુ આદિને નમન કરવું અને દેશ, કાળ આદિ પ્રમાણે સંકલ્પ કરવો.

नित्यपाठ संकल्प : अस्माकं सर्वेषां सकुटुंबानां क्षेमस्थैर्यायुरारोग्यैश्वर्याभिवृद्ध्यर्थं समस्तमङ्गलावाप्त्यर्थं अमुकगोत्रोत्पन्नस्यामुकनाम्नो मम श्रीजगदम्बाप्रसादेन सर्वापन्निवृत्तिसर्वाभीष्टफलावाप्तिधर्मार्थकाममोक्षचतुर्विधपुरुषार्थसिद्धिद्वारा श्रीमहाकालीमहालक्ष्मीमहासरस्वतीदेवताप्रीत्यर्थं कवचार्गलाकीलकपटनंकादशन्यासपूर्वकनवार्णमंत्राष्टोत्तरशतजपरात्रिसूक्तपठनपूर्वकं देवीसूक्तपठननवार्णमंत्राष्टोत्तरशतजपरहस्यत्रयपठनान्तं श्रीचंडीसप्तशत्याः पाठं करिष्ये ॥

[અમારા સર્વ કુટુંબ પરિવારનાં ક્ષેમ, સ્થૈર્ય, આયુ, આરોગ્ય અને ઐશ્વર્યની અભિવૃદ્ધિ સારુ અને સમસ્ત મંગલ કાર્યોની સિદ્ધિ સારુ, અમુક ગોત્રમાં ઉત્પન્ન થયેલો અને અમુક નામવાળો હું શ્રીજગદંબાની કૃપાથી મારી સર્વ આપત્તિઓના નિવારણ સારુ તેમ મારાં સકળ અભીષ્ટની

CC-0. Mumukshu Bhawan Varanasi Collection. Digitized by eGangotri

પ્રાપ્તિ સારુ અને ધર્મ, અર્થ, કામ તથા મોક્ષ એ ચતુર્વિધ પુરુષાર્થસિદ્ધિ સારુ શ્રીમહાકાલી–મહાલક્ષ્મી–મહાસરસ્વતી દેવતાની પ્રીતિ અર્થે કવચ, અર્ગલા, કીલકના પઠન સાથે, એકાદશ ન્યાસ સાથે, એકસો આઠ નવાર્ણમંત્રના જાપ સાથે, રાત્રિસૂક્તના પઠન સાથે, દેવીસૂક્તના પઠન સાથે, ફરી એકસો આઠ નવાર્ણમંત્રના જપ સાથે, અને ત્રણ રહસ્યના પઠન સાથે શ્રીચંડીસપ્તશતીનો પાઠ કરીશ.]

तदङ्गत्वेनादौ संक्षेपतः आसनविधिभूशुद्ध्यादिकर्म दीपस्थापनपूजनं श्रीसप्तशतीपूजनं रहस्योक्तयंत्रस्थप्रधानदेवतापूजनं तंत्रोक्तनवार्णयंत्रस्य प्रधानदेवतापूजनं पूजांगबलिदानं च सकलशापप्रतिबंधनिवृत्तये तंत्रोक्तशापोद्धारमंत्रस्य सप्तवारजपं इष्टफलसिद्धिप्रतिबंधनिवृत्तये तंत्रोक्तोत्कीलनमंत्रस्य पाठादौ पाठान्ते च एकविंशत्येकविंशति संख्याजपं च करिष्ये।

[ફરી આને અંગે સંક્ષેપમાં આસનશુદ્ધિ, ભૂશુદ્ધિ તથા ભૂતશુદ્ધિ આદિ કર્મ, દીવાનું સ્થાપન, પૂજન, સપ્તશતી–પુસ્તકનું પૂજન, રહસ્યમાં કહેલા યંત્રમાં રહેલા પ્રધાન દેવતાઓનું પૂજન અથવા તો તંત્રમાં કહેલા નવાર્ણયંત્રમાં રહેલા પ્રધાન દેવોનું પૂજન, પૂજાને અંગે બલિદાન, સર્વ પ્રકારના શાપથી થનારા અટકાવનો નાશ થવા માટે શાપોદ્ધાર મંત્રનો સાત વાર જપ તેમ જ પાઠની શરૂઆતમાં અને પાઠના છેવટમાં એકવીસ વાર તંત્રોક્ત ઉત્કીલન મંત્રનો જપ હું કરીશ. એમ કહી ફરીવાર પાણી મૂકવું.]*

आदौ निर्विघ्नतासिद्ध्यर्थं महागणपतिस्मरणं सद्गुरुपादुकास्मरणं च करिष्ये।

[ત્યાર બાદ નિર્વિઘ્નતાની સિદ્ધિ સારુ મહાગણપતિનું સ્મરણ અને સદ્ગુરુપાદુકાનું સ્મરણ કરીશ.]

---

* જો સંપુટ, પલ્લવ કે યોજનાયુક્ત ચંડીપાઠ કરી વિશેષ ફળની ઇચ્છા હોય, તો તે પ્રમાણે બોલીને સંકલ્પ કરવો.

CC-0. Mumukshu Bhawan Varanasi Collection. Digitized by eGangotri

ॐ गणानां त्वा गणपतिं हवामहे कविं कवीनामुपमश्रवस्तमं ॥ ज्येष्ठराजं ब्रह्मणां ब्रह्मणस्पत आ न श्रृण्वन्नूतिभिः सीद सादनं ॥ श्रीसिद्धिबुद्धिशक्तिसहितमहागणपतये नमो नमः इति । ततो नमो गुरुभ्यो गुरुपादुकाभ्यो नमः परेभ्यः परपादुकाभ्यः । आचार्य-सिद्धेश्वरपादुकाभ्यो नमोऽस्तु लक्ष्मीपतिपादुकाभ्यः ॥ श्रीगुरुभ्यो नमो नमः ॥ इति श्रीगणपतिं सद्गुरुं च नत्वा ।

[શ્રી સિદ્ધિબુદ્ધિશક્તિ સહિત મહાગણપતિને નમસ્કાર, ગુરુઓને નમસ્કાર, ગુરુપાદુકાઓને નમસ્કાર, પરને નમસ્કાર, પરપાદુકાને નમસ્કાર, આચાર્ય સિદ્ધેશ્વર પાદુકાઓને નમસ્કાર, લક્ષ્મીપતિ-પાદુકાઓને નમસ્કાર, શ્રીગુરુઓને નમસ્કાર. આમ શ્રીગણપતિ તથા સદ્ગુરુને પ્રણામ કરવા.]

આસનવિધિ : જ્યાં આસન કરવાનું હોય ત્યાં તેની નીચે જળ આદિથી ત્રિકોણ કરવો. પછી ॐ ह्रीं आधारशक्तिकमलासनाय नमः । એમ બોલી આધારશક્તિનું પૂજન કરવું. તેના ઉપર મનને ઉદ્વેગ ન થાય તેવું કુશ, કંબલ, મૃગ અને ઊન આદિનું આસન પાથરવું.

पृथ्वीति मंत्रस्य मेरुपृष्ठऋषिः । कूर्मो देवता । सुतलं छन्दः । आसने विनियोगः ॥

[પૃથ્વી ઇત્યાદિ મંત્રના મેરુપૃષ્ઠ ઋષિ છે, કૂર્મ દેવતા છે અને સુતલ છંદ છે. આનો આસનને વિશે વિનિયોગ છે.]

ॐ पृथ्वि त्वया धृता लोका देवि त्वं विष्णुना धृता । त्वं च धारय मां देवि पवित्रं कुरु चासनम् ॥

[ॐ હે પૃથ્વી ! તેં આ લોકને ધારણ કર્યો છે. હે દેવી ! વિષ્ણુએ તને ધારણ કરી છે. તું મને ધારણ કર, અને હે દેવી ! આસનને પવિત્ર કર.]

આ પ્રમાણે આધારશક્તિની પ્રાર્થના કરવી. પછી ॐ भूः भुवः स्वः ઇત્યાદિથી આસનનું પ્રોક્ષણ કરવું અને પૂર્વાભિમુખે અથવા ઉત્તરાભિમુખે બેસવું. હવે ॐ अनन्तासनाय नमः, ॐ

CC-0. Mumukshu Bhawan Varanasi Collection. Digitized by eGangotri

कूर्मासनाय नमः, ॐ विमलासनाय नमः, ॐ पद्मासनाय नमः, ॐ योगासनाय नमः, ॐ आधारशक्त्यै नमः, ॐ दुष्टविद्रावणनृसिंहासनाय नमः तथा च ॐ मध्ये परमसुखासनाय नमः । | આ નમસ્કારમાં અનંતાસનને, કૂર્માસનને, વિમલાસનને, પદ્માસનને, યોગાસનને, આધારશક્તિને, દુષ્ટોને વિદ્રાવનાર નૃસિંહાસનને તેમ જ મધ્યમાં પરમ સુખાસનને નમસ્કાર કર્યા છે.] આમ બોલી નમસ્કાર કરવા. પછી–

ॐ ऊर्ध्वकेशि विरूपाक्षि मांसशोणितभक्षणे । तिष्ठ देवि शिखाबन्धे चामुण्डे ह्यपराजिते ॥

[ઊંચા કેશવાળી, વિરૂપ આંખવાળી, માંસ તથા લોહીને ભક્ષનારી અને અપરાજિતા એવી હે ચામુંડાદેવી! તું મારા શિખાબંધને રહે.] એમ કહી શિખાબંધન કરવું.

હવે નીચેની વિધિએ બાહ્યશુદ્ધિ કરવી:

ॐ अपसर्पन्तु ते भूता ये भूता भूमिसंस्थिताः । ये भूता विघ्नकर्तारस्ते नश्यन्तु शिवाज्ञया ॥

ॐ अपक्रामन्तु भूतानि पिशाचाः सर्वतोदिशम् । सर्वेषामविरोधेन जपकर्म समारभे ॥

[જે ભૂતો ભૂમિએ વળગેલા છે, તે દૂર રહો. જે ભૂતો વિઘ્ન કરનારા છે, તે શિવની આજ્ઞાએ નાશ પામો. ભૂતો અને પિશાચો સર્વ દિશાએથી ભાગી જાઓ. સર્વના અવરોધથી હું જપકર્મ આરંભું છું.] આમ બોલી ભૂતોને હઠાવવા. પછી–

तीक्ष्णदंष्ट्र महाकाय कल्पांतदहनोपम । भैरवाय नमस्तुभ्यमनुज्ञां दातुमर्हसि ॥

[તીણી દાઢવાળા, મહાન કાયાવાળા, પ્રલયકાળના અગ્નિ જેવા હે ભૈરવ! તમને નમસ્કાર કરું છું. તમે મને અનુજ્ઞા આપો.]

ભૈરવની અનુજ્ઞા મેળવવી. પછી દેવતામંડપનાં ચાર દ્વારનું ચિંતન કરી ॐ अंतरितं रक्षोंतरिता अरातयः હું ફટ્ એમ બોલી મંડળના અંતર્ભાગમાં અક્ષત નાખી, પોતાની ડાબી બાજુએ गुं गुरुभ्यो नमः, જમણી બાજુએ मं भद्रकाल्यै नमः, ઉપર गं गणपतये नमः, એમ નમસ્કાર કરી

CC-0. Mumukshu Bhawan Varanasi Collection. Digitized by eGangotri

દ્વારદેવતાનું પૂજન કરવું. હવે મૂળ મંત્રનો ઉચ્ચાર કરી, દિવ્ય દૃષ્ટિના અવલોકનથી દિવ્ય વિઘ્નોનું ઉત્સર્જન કરવું. ॐ फट् એ મંત્રથી પ્રોક્ષણ કરી અંતરિક્ષમાં રહેલાં વિઘ્નોનું ઉત્સર્જન કરવું. ફરી ॐ फट् એ મંત્રથી ભૂમિ ઉપર ડાબા પગની પાની ત્રણ વાર ઠોકી વિઘ્નોનું ઉત્સર્જન કરવું. બાદ ॐ अस्त्राय फट् કહી ત્રણ તાળી પાડી દિશાનું બંધન કરવું. હવે ॐ नमः सुदर्शनाय अस्त्राय फट् આ મંત્ર વડે ચપટી વગાડી વહ્નિના ત્રણ પ્રકારોની ભાવના કરવી.

ભૂશુદ્ધિ : મૂળ મંત્રથી આચમન તથા પ્રાણાયામ કરી, ॐ હું એ બીજ વડે કુંડલિનીને જગાડવી અને હૃદયમાં રહેલા તથા દીપતી કળીના જેવા આકારવાળા જીવનું ॐ हंसः એ મંત્ર વડે બ્રહ્મને વિશે સંયોજન કરવું. પછી ડાબી કૂખને વિશે રહેલા તેમ જ અસત્ વાસનાવાળા પાપયુક્ત પુરુષનું ધ્યાન કરવું, અને यं આ રીતના વાયુબીજ વડે બત્રીસ વાર આવર્તન કરી શોષણ કરવું. रं આ અગ્નિબીજ વડે ચોસઠ વાર આવર્તન કરી તેનું દહન કરવું. પછી ફરી यं એ વાયુબીજ વડે સોળ માત્રાથી તે ભસ્મનું રેચન કરવું.

[ब्रह्मरंध्रगते चन्द्रमंडलेऽमृतवर्षिणीम् । भवानीं भूमिशुद्ध्यर्थं भावयेदमृतेश्वरीम् ॥ ततस्तन्मौलिनिष्पन्द-सुधाकल्लोलवृष्टिभिः । चिन्तयेन्मनसात्मानं भूमिशुद्धिरियं भवेत् ॥]

ભૂતશુદ્ધિ : ઈડાથી વાયુને પૂરી કુંભકને વિષે लंवंरंयहं આ પાંચ ભૂતબીજોનું એક વાર આવર્તન કરી પિંગલા વડે રેચન કરવું. પછી वं આ અમૃતબીજથી પ્રાણાયામ કરી સદ્વાસનાવાળું દેવીશરીર ઉત્પન્ન કરવું. પછી सोहं મંત્ર વડે કુંડલિનીને બ્રહ્મ સાથે લગાડી, તેમાં રહેલા જીવને હૃદય વિશે સ્થિર કરી, કુંડલિની મૂલાધાર વિશે ગઈ છે, એવી ધારણા કરવી.

પ્રાણપ્રતિષ્ઠા : [હૃદય ઉપર હાથ મૂકી ॐ आं ह्रीं क्रों એમ કહી મારાં વાણી, મન, ત્વચા, ચક્ષુ, શ્રોત્ર, જિહ્વા અને ઘ્રાણઇંદ્રિયો જેવાં છે તેવાં આને વિશે થાઓ તથા સુખરૂપ

CC-0. Mumukshu Bhawan Varanasi Collection. Digitized by eGangotri

થઈ તેમાં નિવાસ કરો.]

ॐ आं ह्रीं क्रां मम प्राणा इह प्राणाः ॐ आं ह्रीं क्रों मम जीव इह स्थितः, ॐ आं ह्रीं क्रों मम सर्वेन्द्रियाणि, ॐ आं ह्रीं क्रां मम वाङ्मनस्त्वक्चक्षुःश्रोत्रजिह्वाघ्राणप्राणा इहागत्य सुखं चिरं तिष्ठतु स्वाहा ॥ ॐ असुनीते पुनरस्मासु चक्षुः पुनः प्राणमिह नो धेहि भोगं ॥ ज्योक्पश्येमसूर्यमुच्चरन्तमनुमतेमृळयानः स्वस्ति ॥

मम गर्भाधानादिपंचदशसंस्कारसिद्ध्यर्थं पंचदशप्रणवावृत्तिः करिष्ये ॥ [પછી ગર્ભાધાન આદિ પંદર પ્રકારની સિદ્ધિને સારું હું પંદર પ્રણવાવૃત્તિ કરીશ. એમ કહી પંદર વાર ॐકારને જપવો.] પછીથી–

रक्तांभोधिस्थपोतोल्लसदरुणसरोजाधिरूढा कराब्जैः ।
पाशं कोदंडमिक्षूद्भवमथ गुणमप्यंकुशं पंचबाणान् ॥
बिभ्राणासृक्कपालं त्रिनयनलसिता पीनवक्षोरुहाढ्या ।
देवी बालार्कवर्णा भवतु सुखकरी प्राणशक्तिः परा नः ॥

[રક્તજલસમુદ્રમાં રહેલ નૌકામાં વિલસતા લાલ કમળ ઉપર વિરાજમાન થયેલી, કરકમળોમાં પાશ, ધનુષ, શેરડીના રેસાની બનેલી પણછ, અંકુશ અને પાંચ બાણોને ધારણ કરી રહેલી, ખપ્પરથી શોભતી, ત્રણ નયનોથી ઝળહળતી, પીન પયોધરવાળી, પ્રાતઃકાળના સૂર્યના જેવી કાંતિવાળી, એ પરા પ્રાણશક્તિ દેવી અમને સુખકારી થાઓ.]

सुप्रतिष्ठितमस्तु (સુખપૂર્વક પ્રતિષ્ઠિત થાઓ) એમ કહી પ્રાણપ્રતિષ્ઠા કરવી.

मातृकान्यास : अं नमः (લલાટને વિશે), आं नमः (મુખને વિશે), इं नमः (જમણી આંખને વિશે), ईं नमः (ડાબી આંખને વિશે), उं नमः (જમણા કાનને વિશે), ऊं नमः (ડાબા કાનને વિશે), ऋं नमः (જમણી નાસિકાને વિશે), ॠं नमः (ડાબી નાસિકાને વિશે), ऌं नमः

CC-0. Mumukshu Bhawan Varanasi Collection. Digitized by eGangotri

(જમણા ગંડસ્થળને વિશે), ॡं नमः (ડાબા ગંડસ્થળને વિશે), ए नमः (ઉપલા હોઠને વિશે), ऐं नमः (નીચલા હોઠને વિશે), ओं नमः (ઉપરની દંતપંક્તિને વિશે), औं नमः (નીચેની દંતપંક્તિને વિશે), अं नमः (મસ્તકને વિશે), अः नमः (મુખને વિશે), कं नमः (જમણા બાહુમૂળ વિશે), खं नमः (જમણી કાખને વિશે), गं नमः (જમણા મણિબંધને વિશે), घं नमः (જમણા હાથની આંગળીના મૂળને વિશે), ङं नमः (જમણી આંગળીઓના અગ્રભાગને વિશે), चं नमः (ડાબા બાહુમૂળને વિશે), छं नमः (ડાબી કાખમાં), जं नमः (ડાબા મણિબંધમાં), झं नमः (ડાબી આંગળીના મૂળમાં), ञं नमः (ડાબી આંગળીના અગ્રમાં), टं नमः (જમણા પગના મૂળમાં), ठं नमः (જમણા જાનુમાં), डं नमः (જમણા ગુલ્ફમાં), ढं नमः (જમણા પગની આંગળીઓના મૂળમાં), णं नमः (જમણા પગની આંગળીના અગ્રમાં), तं नमः (ડાબા પગના મૂળમાં), थं नम (ડાબી જાંઘમાં), दं नमः (ડાબા ગુલ્ફમાં), धं नमः (ડાબી આંગળીના મૂળમાં), नं नमः (ડાબી આંગળીના અગ્રમાં), पं नमः (જમણા પડખામાં), फं नमः (ડાબા પડખામાં), बं नमः (પીઠમાં) मं नमः (નાભિમાં), मं नमः (જઠરને વિશે), यं नमः (હૃદયને વિશે), रं नमः (જમણા ખભે), लं नमः (ખાંધે), वं नमः (ડાબે ખભે), शं नमः (હૃદયાદિ જમણા હાથના અંત સુધી), षं नमः (હૃદયાદિ ડાબા હાથના અંત સુધી), सं नमः (હૃદયના જમણા પગના અંત સુધી), हं नमः (હૃદયના ડાબા પગના અંત સુધી), ळं नमः (જઠરને વિશે), क्षं नमः (મુખને વિશે), પ્રણવાદિ સર્વ સ્થળે, એમ કહી તત્ત્વમુદ્રા વડે માતૃકાન્યાસ કરવા. પછી મૂળમંત્રથી આચમન તથા પ્રાણાયામ કરવા.

દીપસ્થાપન : देवीपीठदक्षिणतो भूमौ गंधेन त्रिकोणं विलिख्य दीपाधारयंत्राय नमः इति गंधपुष्पाक्षतैः समर्च्य तत्र घृतपूर्णं शुक्लवर्तियुतं दीपपात्रं संस्थाप्य दीपं प्रज्वाल्य नाम्ना पंचोपचारैः संपूज्य॥ [ત્રણ

CC-0. Mumukshu Bhawan Varanasi Collection. Digitized by eGangotri

ખૂણાવાળું દીપના આધારરૂપ યંત્ર કુંકુમાદિ ગંધ વડે દેવીની જમણી બાજુએ કરવું. પછી दीपाधारयंत्राय नमः (દીપાધાર યંત્રને નમસ્કાર) એ મંત્ર વડે ત્યાં પૂજન કરી તે ઉપર દીવાની સ્થાપના કરવી. ગંધાદિ વડે દીવાની પૂજા કરવી.] હવે દીપકની પ્રાર્થના કરવી:

भो दीप देवीरूपस्त्वं कर्मसाक्षी ह्यविघ्नकृत्। यावत्कर्मसमाप्तिः स्यात्तावत्त्वं सुस्थिरो भव॥

[હે દીપ! તું દેવીસ્વરૂપ છે, કર્મસાક્ષી છે અને અવિઘ્ન કરનાર છે. જ્યાં સુધી આ પૂજાકર્મ સમાપ્ત થાય, ત્યાં સુધી તું સુસ્થિર રહેજે.]

तेनैव प्रकारेण देवीपीठवाममागे प्राग्वत्त्रिकोणे तैलपूर्णं रक्तवर्तियुतं दीपपात्रं संस्थाप्य दीपं प्रज्वाल्य संपूज्य भो दीपेति प्रार्थयेत्॥ વળી દેવીની ડાબી બાજુએ તેલનો દીવો કરી ફરીથી ઉપરના મંત્રથી પ્રાર્થના કરવી.

યંત્ર

ॐ गौर्या सह रुद्राय नमः	ॐ सरस्वत्या सह विरिंचये नमः	ॐ लक्ष्म्या सह हृषीकेशाय नमः
ॐ ऐं महाकाल्यै नमः	ॐ ह्रीं महालक्ष्म्यै नमः	ॐ क्लीं महासरस्वत्यै नमः
ॐ अष्टभुजायै नमः	ॐ अष्टादशभुजायै नमः सिंहं महिषं	ॐ दशाननायै नमः

CC-0. Mumukshu Bhawan Varanasi Collection. Digitized by eGangotri

યંત્રની પૂજા : સ્ફટિક, સોનું, તાંબું અથવા બીજી કોઈ ધાતુના પતરા ઉપર અથવા પાંદડાં ઉપર આઠ પ્રકારના ગંધથી (ચંદન, અગર, કપૂર, ગોરોચન, શિલારસ, કુંકુમ, જટામાંસી અને કપૂરકાચલી) અથવા રક્તચંદનથી નવ કોઠાવાળો ઉપર જણાવેલો યંત્ર કાઢવો, પહેલી હારમાં ઉત્તરથી દક્ષિણ સુધી ગૌરી સાથે રુદ્ર, સરસ્વતી સાથે વિરંચિ (બ્રહ્મા) અને લક્ષ્મી સાથે વિષ્ણુને આલેખવા. વચલી હારમાં ઉત્તરથી દક્ષિણ સુધી મહાકાલી, મહાલક્ષ્મી અને મહાસરસ્વતીને આલેખવાં. બીજી હારમાં વાયુકોણથી નૈર્ઋત્યકોણ સુધી દશાનના, અષ્ટાદશભુજા અને અષ્ટભુજાની સ્થાપના કરવી. અષ્ટાદશભુજાની જમણી બાજુએ સિંહની તથા ડાબી બાજુએ મહિષની સ્થાપના કરવી.

दीपद्वयमध्यपीठे ताम्राद्यन्यतमपत्रे भूर्जपत्रे वा कुंकुमादिना देव्यष्टगंधेन वा यंत्रं लिखेत् वैकृतिकरहस्योक्तम् ।

યંત્રની પ્રાણપ્રતિષ્ઠા કરવી અને આવાહન આદિ સોળ ઉપચારોથી તેનું પૂજન કરવું. સ્તોત્રો વડે કાલી, લક્ષ્મી અને સરસ્વતીની સ્તુતિ કરવી.

तांत्रिक नवार्णोक्त यंत्र

लिखेदष्टदलं पद्मं चन्दनागुरुकुंकुमैः । पद्ममध्ये लिखेच्चक्रं षट्कोणं चंडिकामयम् ॥
षट्कोणचक्रमध्यस्थमाद्यबीजत्रयं लिखेत् । पूर्वादिकोणषट्के तु बीजान्यन्यानि विन्यसेत् ॥

[ચંદન, અગર અને કુંકુમથી અષ્ટદલ કમળ આલેખવું. આ કમળની મધ્યમાં છ ખૂણાવાળું ચંડિકામય ચક્ર આલેખવું. છ ખૂણાવાળા ચક્રની મધ્યમાં પ્રથમનાં ત્રણ બીજ આલેખવાં. પૂર્વાદિ છ ખૂણામાં અન્ય બીજો આલેખવાં.]

આ પ્રમાણે નવાર્ણયંત્ર આલેખવો. આ યંત્રમાં આવરણો નહિ, પરંતુ મૂળ મંત્રને અંતે શ્રીમહાકાલી, શ્રી મહાલક્ષ્મી અને શ્રીમહાસરસ્વતી સ્વરૂપિણી દુર્ગાને નમસ્કાર ઇત્યાદિ મંત્ર વડે આવાહન આદિ સર્વ ઉપચારો અર્પણ કરવા.

CC-0. Mumukshu Bhawan Varanasi Collection. Digitized by eGangotri

तंत्रोक्तसप्तशती महायंत्र : મંડળ કરી, તેમાં સર્વતોભદ્રમંડળની સ્થાપના કરવી અને તેમાં શિવાનું આવાહન કરી તેનું અર્ચન કરવું. સમીપમાં કન્યાઓનું તથા બ્રાહ્મણોનું પૂજન કરવું. પછી નવાર્ણયંત્ર લઈ વિવિધ ઉપચારોથી પૂજન કરવું.

प्रयोग : वेद्यां सर्वतोभद्रे ब्रह्मादिमंडलदेवता आवाह्य संपूज्य तस्मिन्महीद्यौरित्यादिमंत्रैः कलशं संस्थाप्य तत्र वरुणं संपूज्य तन्मूले मूलाधाराय नमः मूलाधारमावाहयामि १ इति सर्वत्र तदुपरि कूर्माय नमः २ तदुपरि शेषाय नमः ३ तदुपरि पृथिव्यै नमः ४ पूर्णपात्रे ॐकारपीठाय नमः ५ पूर्वे ॥ पूर्णगिरिपीठाय नमः ६ निर्ऋतिभागे ॥ कामगिरिपीठाय नमः वायुभागे ७ आवाह्य संपूज्य उपरि यंत्रं संस्थाप्य प्राणप्रतिष्ठां कुर्यात् ॥

[સર્વતોભદ્ર વેદી પર બ્રહ્માદિ મંડળ દેવતાનું આવાહન તથા પૂજન કરવું. તેમાં 'महीद्यौः' ઇત્યાદિ મંત્રો વડે કળશની સ્થાપના કરવી, વરુણનું પૂજન કરવું, તેના મૂળમાં મૂલાધારને નમસ્કાર. મૂલાધારનું હું આવાહન કરું છું એમ કહેવું. તે રીતે સર્વત્ર 'કૂર્મને' નમસ્કાર.' કહી આવાહન કરવું. તેના ઉપર 'શેષને નમસ્કાર.' તેના ઉપર 'પૃથ્વીને નમસ્કાર.' પૂર્ણ પાત્રમાં 'ॐકારપીઠને નમસ્કાર' કહી પૂર્વમાં, 'પૂર્ણગિરિપીઠને નમસ્કાર' કહી નૈર્ઋત્યમાં, 'કામગિરિપીઠને નમસ્કાર' કહી વાયવ્યમાં આવાહન તથા પૂજન કરવાં. તે ઉપર યંત્રની સ્થાપના તથા પ્રાણપ્રતિષ્ઠા કરવી.]

સંક્ષેપમાં યંત્રની પૂજાનો વિધિ

अस्य श्रीनवार्णमंत्रस्य ब्रह्मविष्णुमहेश्वरा ऋषयः ॥ गायत्र्युष्णिगनुष्टुभश्छंदांसि ॥ श्रीमहाकालीमहालक्ष्मीमहासरस्वत्यो देवताः ॥ नंदाशाकंभरीभीमाः शक्तयः ॥ रक्तदन्तिकादुर्गाभ्रामर्यो बीजानि ॥ अग्निवायुसूर्यास्तत्त्वानि ॥ श्रीजगदंबाप्रीत्यर्थे न्यासे पूजायां च विनियोगः ॥

CC-0. Mumukshu Bhawan Varanasi Collection. Digitized by eGangotri

[આ નવાર્ણમંત્રના બ્રહ્મા, વિષ્ણુ અને મહેશ્વર ઋષિઓ છે; ગાયત્રી, ઉષ્ણિક્ અને અનુષ્ટુપ છન્દો છે; શ્રી મહાકાલી, મહાલક્ષ્મી, મહાસરસ્વતી દેવતા છે; નંદા, શાકંભરી અને ભીમા શક્તિઓ છે; રક્તદંતિકા, દુર્ગા અને ભ્રામરી બીજો છે અને અગ્નિ, વાયુ, સૂર્ય તત્ત્વો છે. શ્રી જગદંબાની પ્રીતિ અર્થે યંત્રની પૂજા વિશે ન્યાસ કરવાનો વિનિયોગ છે.

પ્રથમ ઋષ્યાદિ ન્યાસો તથા મૂળ ષડંગ ન્યાસો કરવા. કળશ, શંખ અને ઘંટા આદિનું પૂજન કરવું.

अपवित्रः पवित्रो वा सर्वावस्थां गतोऽपि वा। यः स्मरेत् पुंडरीकाक्षं स बाह्याभ्यंतरः शुचिः॥

[પવિત્ર કે અપવિત્ર હોય, ગમે તે અવસ્થામાં આવી પડ્યો હોય; છતાં જે પુંડરીકાક્ષ ભગવાન વિષ્ણુનું સ્મરણ કરે, તે બહારથી અને અંદરથી પવિત્ર થાય છે.]

આ મંત્રથી આત્માનું તથા પૂજાનાં દ્રવ્યોનું પ્રોક્ષણ કરવું, પછી યંત્રને સ્પર્શ કરી 'ॐ आं सोऽहं' એ રીતે ત્રણવાર ઉચ્ચાર કરી યંત્રની પ્રાણપ્રતિષ્ઠા કરવી. પછી ત્રિખંડામુદ્રાનું પુષ્પ લઈ પોતાના હૃદય વિશે રહેલ ત્રણ ગુણવાળી દેવી સુષુમ્ણામાર્ગ વડે બ્રહ્મરંધ્ર દ્વારા પુષ્પને વિષે રહેલ છે. એમ ભાવના કરવી. બાદ ત્રણ પ્રકારનાં સ્વરૂપવાળાં દેવીનું खड्गं चक्र०, अक्षस्रक्० અને घंटाशूल० ઇત્યાદિ મંત્રો વડે ધ્યાન ધરી તે પુષ્પ યંત્ર પર સ્થાપવું. ત્યાં મધ્યબીજત્રયમાં મહાલક્ષ્મી આદિ ત્રણ દેવતાની વિભાવના કરવી. પછી આવાહની, સ્થાપની, સંનિધાપિની, સંનિરોધિની, ધેનુ અને યોનિમુદ્રા દર્શાવવી. श्रीमहाकालीमहालक्ष्मीमहासरस्वतीभ्यो नमः કહી આવાહન કરવું. આ પ્રમાણે ફરી કહી આસન, પાદ્ય, અર્ઘ્ય, આચમનીય, સ્નાન, મંગલસ્નાન, મધુપર્ક તથા પંચામૃત પૂજા કરવી. વળી શ્રીસૂક્ત સથા પુરુષસૂક્ત વડે અભિષેક કરવો. શ્રીમહાકાલી ઇત્યાદિ દેવીઓનું સ્મરણ કરી વસ્ત્ર ઉપવસ્ત્ર, ઉત્તરીય, કંચુકી, યજ્ઞોપવીત, ચંદન, અલંકાર, હળદર, કંકુ, કાજળ, સિંદૂર, પરિમલદ્રવ્ય,

CC-0. Mumukshu Bhawan Varanasi Collection. Digitized by eGangotri

કંકણ અને કંઠસૂત્ર આદિ સૌભાગ્ય અલંકારો તેમ જ પુષ્પો શ્રીમહાકાલી આદિ દેવીઓનું સ્મરણ કરી ચડાવવાં. હું અમુક દ્રવ્ય સમર્પણ કરું છું. [नमः अमुकं समर्पयामि] એમ કહી મંત્ર પુષ્પાંજલિ પર્યંત દરેક ઉપચાર કરવો, પછી આવરણદેવતાનું આવાહન કરી પૂજન કરવું.

આ સર્વ બાબતમાં યથાક્રમે પૂર્વાદિ દિશાઓ ગ્રહણ કરવી. [प्राची दिक् संप्रकीर्तिता] કેમ કે ઇંદ્રાદિ લોકપાલ આદિના આવાહન સંબંધમાં પૂર્વાદિ દિશા જ જાણવી.

પહેલું આવરણ : યંત્રષટ્કોણના પશ્ચિમ ખૂણામાં મહાલક્ષ્મીના પૃષ્ઠભાગે सरस्वतीब्रह्मभ्यां नमः सरस्वतीब्रह्माणं आवहयामि। એમ સર્વત્ર આવાહનમાં કહેવું. नैर्ऋत्य કોણમાં गौरीरुद्राभ्यां नमः, વાયુકોણમાં लक्ष्मीहृषीकेशाभ्यां नमः, પૂર્વકોણમાં अष्टादशभुजायै नमः, અગ્નિકોણમાં दशाननायै नमः અને ઈશાનકોણમાં अष्टभुजायै नमः, એમ કહેવું. પછી–

दयाब्धे त्राहि संसारसर्पान् मां शरणागतम्। भक्त्या समर्पये तुभ्यं प्रथमावरणार्चनम्॥

[હે દયાસાગર! હું તારે શરણે આવ્યો છું. સંસારરૂપી સર્પથી તું મારું રક્ષણ કર. આ હું તને ભક્તિપૂર્વક પ્રથમ આવરણનું અર્ચન સમર્પું છું.]

એમ કહી મહાકાલી આદિ શક્તિઓને પ્રથમ આવરણાર્ચન કરવું.

બીજું આવરણ : યંત્રષટ્કોણમાં પ્રાગ્ આદિ દિશાઓમાં ॐ नं नंदजायै नमः, ॐ रं रक्तदंतिकायै नमः, ॐ शां शाकंभर्यै नमः, ॐ दुं दुर्गायैः नमः, ॐ भीं भीमायै नमः અને ॐ भ्रां भ्रामर्यै नमः કહી, 'दयाब्धे त्राहि' ઇત્યાદિ ભણી બીજું આવરણ કરવું:

ત્રીજું આવરણ : ષટ્કોણથી બહારના ભાગમાં આગ્નેયાદિ ચાર ભાગોમાં ॐ जं जयायै नमः, ॐ विं विजयायै नमः, ॐ जं जयन्त्यै नमः, ॐ अं अपराजितायै नमः ષટ્કોણના બે બાજુ વિષે દક્ષિણ ભાગમાં ॐ सिंहाय नमः, ઉત્તર ભાગમાં ॐ महिषाय नमः કહી, 'दयाब्धे त्राहि'

CC-0. Mumukshu Bhawan Varanasi Collection. Digitized by eGangotri

ઇત્યાદિ ભણી ત્રીજું આવરણ કરવું.

ચોથું આવરણ : અષ્ટદલની પ્રાક્ આદિ દિશામાં ૐ ब्रां ब्राह्म्यै नमः, ૐ मां माहेश्वर्यै नमः, ૐ कौं कौमार्यै नमः, ૐ वैं वैष्णव्यै नमः, ૐ वां वाराह्यै नमः, ૐ नां नारसिंह्यै नमः, ૐ ऐं ऐंद्र्यै नमः, ૐ चां चामुण्डायै नमः કહી, 'दयाब्धे त्राहि' ઇત્યાદિ ભણી ચોથું આવરણ કરવું.

પાંચમું આવરણ : અષ્ટદલમાં પૂર્વાદિમાં ૐ अं असितांगभैरवाय नमः, ૐ रुं रुरुभैरवाय नमः, ૐ चं चंडभैरवाय नमः ૐ क्रों क्रोधभैरवाय नमः, ૐ उं उन्मत्तभैरवाय नमः, ૐ कं कपाल-भैरवाय नमः, ૐ भीं भीषणभैरवाय नमः, ૐ सं संहारभैरवाय नमः કહી, 'दयाब्धे त्राहि' ઇત્યાદિ ભણી પાંચમું આવરણ કરવું.

છઠ્ઠું આવરણ : પૂર્વાદિ ક્રમ વડે ૐ विष्णुमायायै नमः, ૐ चेतनायै नमः, ૐ बुद्ध्यै नमः, ૐ निद्रायै नमः, ૐ क्षुधायै नमः, ૐ छायायै नमः, ૐ शक्त्यै नमः, ૐ तृष्णायै नमः, ૐ क्षांत्यै नमः, ૐ जात्यै नमः, ૐ लज्जायै नमः, ૐ शान्त्यै नमः, ૐ श्रद्धायै नमः, ૐ कान्त्यै नमः, ૐ लक्ष्म्यै नमः, ૐ धृत्यै नमः, ૐ वृत्त्यै नमः, ૐ स्मृत्यै नमः, ૐ दयायै नमः, ૐ तुष्ट्यै नमः, ૐ पुष्ट्यै नमः, ૐ मात्रे नमः, ૐ भ्रान्त्यै नमः ૐ चित्यै नमः કહી, 'दयाब्धे त्राहि' ભણી છઠ્ઠું આવરણ કરવું.

સાતમું આવરણ : ભૂગૃહથી પૂર્વાદિમાં રહેલ લોકપાલોને ૐ लं इन्द्राय नमः, ૐ रं अग्नये नमः, ૐ मं यमाय नमः, ૐ क्षं निर्ऋतये नमः, ૐ वं वरुणाय नमः, ૐ यं वायवे नमः, ૐ सं सोमाय नमः ૐ हं रुद्राय नमः, ઇશાન પૂર્વના મધ્યમાં ૐ ओं ब्रह्मणे नमः, પશ્ચિમ નૈઋત્યના મધ્યમાં ૐ ह्रीं शेषाय नमः કહી, 'दयाब्धे त्राहि' ઇત્યાદિ ભણી સાતમું આવરણ કરવું.

આઠમું આવરણ : પૂર્વાદિ ક્રમ વડે ૐ वं वज्राय नमः, ૐ शं शक्त्यै नमः, ૐ दं

CC-0. Mumukshu Bhawan Varanasi Collection. Digitized by eGangotri

दंडाय नमः ॐ खं खड्गाय नमः, ॐ पां पाशाय नमः, ॐ अं अंकुशाय नमः, ॐ गं गदायै नमः, ॐ त्रिं त्रिशूलाय नमः, ॐ पं पद्माय नमः, ॐ चं चक्राय नमः કહી 'दयाब्धे त्राहि' ઇત્યાદિ ભણી આઠમું આવરણ કરવું.

નવમું આવરણ : ભૂગૃહથી બહારના ભાગમાં પૂર્વાદિ ક્રમ વડે ॐ गं गणपतये नमः ॐ क्षें क्षेत्रपालायः नमः, ॐ वं बटुकायः नमः, ॐ यों योगिनीभ्यो नमः, કહી 'दयाब्धे त्राहि' ઇત્યાદિ ભણી નવમું આવરણ કરવું.

પછી ॐ आवरणदेवताभ्यो नमः (આવરણ દેવતાઓને નમસ્કાર), કહી ચંદન આદિ વડે પંચોપચારથી પૂજન કરવું. બાદ श्रीमहाकालीमहालक्ष्मीमहासरस्वतीभ्यां नमः કહી ધૂપ દીપ, નૈવેદ્ય, તાંબૂલ, દક્ષિણા, ફળ, મહાનીરાજનદીપ, કર્પૂરદીપ, નમસ્કાર, પ્રદક્ષિણા અને મંત્રપુષ્પાંજલિ આદિ કરવાં.

મહાકાલી આદિની પ્રાર્થના : આ પછી મહાકાલી આદિની પ્રાર્થના કરવી.

अपराधसहस्राणि क्रियन्तेऽहर्निशं मया । दासोऽयमिति मां मत्वा क्षमस्व परमेश्वरी ॥
आवाहनं न जानामि न जानामि तवार्चनम् । पूजां चैव न जानामि क्षम्यतां परमेश्वरी ॥
मंत्रहीनं क्रियाहीनं भक्तिहीनं सुरेश्वरि । यत्पूजितं मया देवि परिपूर्णं तदस्तु मे ॥
अपराधशतं कृत्वा जगदम्बेति चोच्चरेत् । यां गतिं समवाप्नोति न तां ब्रह्मादयः सुराः ॥
सापराधोऽस्मि शरणं प्राप्तस्त्वां जगदम्बिके । इदानीमनुकम्प्योऽहं यथेच्छसि तथा कुरु ॥
अज्ञानाद्विस्मृतेर्भ्रान्त्या यन्न्यूनमधिकं कृतम् । तत्सर्वं क्षम्यतां देवि प्रसीद परमेश्वरि ॥
कामेश्वरि जगन्मातः सच्चिदानन्दविग्रहे । गृहाणार्चामिमां प्रीत्या प्रसीद परमेश्वरि ॥
गुह्यातिगुह्यगोप्त्री त्वं गृहाणास्मत्कृतं जपम् । सिद्धिर्भवतु मे देवि त्वत्प्रसादात्सुरेश्वरि ॥×

× અર્થ ઉત્તરવિધિ પછી પ્રાર્થનામાં આપ્યા છે.

CC-0. Mumukshu Bhawan Varanasi Collection. Digitized by eGangotri

પછી ગીત, વાદ્ય નૃત્ય, છત્ર, ચામર, આંદોલન, દર્પણ ઇત્યાદિને બદલે અક્ષત ચડાવવા અને નમસ્કાર કરવા. કહેવું કે, જગદંબા મારા ઉપર પ્રસન્ન થાઓ. [अनेन यथाशक्त्यर्चनेन भगवती श्रीजगदंबा प्रीयताम् । शाक्तेभ्यो नमः] આમ સર્વોપચારાર્થે ગંધાક્ષત ચડાવવાં.

નવાર્ણમંત્રનો અર્થ : ॐ ऐं ह्रीं क्लीं चामुण्डायै विच्चे । આ નવાર્ણમંત્રમાં ऐं વાણીરૂપે છે, ह्रीं માયાશક્તિરૂપ હૃદયની લેખારૂપે છે, क्लीं એ બ્રહ્મથી થયેલ કામરૂપે છે. કામ બીજરૂપ થકી છઠ્ઠો અક્ષર च છે અને તે મુખરૂપે છે. આ च આકારથી જોડાવાથી चा થાય છે. સૂર્યરૂપે म છે, દક્ષિણશ્રોત્રરૂપ પાંચમો સ્વર उ છે અને બિંદુ અનુસ્વારરૂપે છે; તેથી मु બીજ થાય છે. ट થી ત્રીજો અક્ષર ड છે. આ ड નારાયણરૂપ आની સાથે મળવાથી डा થાય છે. यકાર વાયુરૂપ છે. આ વાયુ અધરોષ્ઠવાળા બારમા સ્વર સાથે જોડાવાથી यै થાય છે. विच्चे આ શબ્દ સાતે બીજના સ્વરૂપે છે. આ મંત્ર અણુરૂપે કહેવાય છે. ઉપાસકોને આનંદ આપે છે અને બ્રહ્મનો સાક્ષાત્કાર કરાવનારો છે.

દેવીનું ધ્યાન :

निर्धूतनिखिलध्वान्ते नित्यमुक्ते परात्परे । अखण्डब्रह्मविद्यायै चित्सदानन्दरूपिणी ।
अनुसंदध्महे नित्यं वयं त्वां हृदयाम्बुजे ॥

[હે દેવી ! તમે નિખિલ પાપોનો નાશ કરનારાં છો; તમે નિત્યમુક્ત છો, પરથી પણ તમે પર છો. તમે અખંડ બ્રહ્મવિદ્યારૂપ છો. તમે સચ્ચિદાનંદસ્વરૂપી છો. અમે અમારા હૃદયકમળમાં તમારું નિત્ય ધ્યાન ધરીએ છીએ.]

કન્યાપૂજન : યજમાને નવ શુભ કન્યાઓનું પૂજન કરવું. આ કન્યાઓ બેથી દશ વર્ષ વચ્ચેની હોવી જોઈએ અને તેમાંની કોઈ પણ રોગી, કાણી, કુરૂપ, હીનાંગી, કોઢવાળી, વ્રણવાળી

CC-0. Mumukshu Bhawan Varanasi Collection. Digitized by eGangotri

અને આંધળી ન હોવી જોઈએ. તેમનો ક્રમ આ પ્રમાણે છે: કુમારી, ત્રિમૂર્તિ, કલ્યાણી, રોહિણી, કાલિકા. શાંભવી, દુર્ગા, ચંડિકા અને સુભદ્રા. નામમંત્રોથી આ કન્યાઓની પૂજા કરવી.

विप्रां सर्वेष्टसंसिद्ध्यै यशसे क्षत्रियोद्भवाम् । वैश्यजां धनलाभाय पुत्राप्त्यै शूद्रजां यजेत् ॥

गंधपुष्पधूपदीपभक्ष्यभोज्यैर्यथाशक्तिवस्त्राभरणैश्च पूजयेत् ॥

[સર્વ ઇષ્ટની પ્રાપ્તિ માટે વિપ્રની કન્યાનું યજન કરવું, યશ માટે ક્ષત્રિયની કન્યાનું યજન કરવું, ધનલાભ માટે વૈશ્યની કન્યાનું યજન કરવું અને પુત્રપ્રાપ્તિ માટે શૂદ્રની કન્યાનું યજન કરવું. ગંધ, પુષ્પ, ધૂપ ભક્ષ્ય ભોજ્ય પદાર્થો વડે તેમ જ યથાશક્તિ વસ્ત્રાભૂષણોથી પૂજન કરવું.]

આ કન્યાઓનાં વર્ષ પ્રમાણે નામ આ પ્રમાણે છે:

द्विवर्षा सा कुमार्युक्ता त्रिमूर्तिर्हायनत्रिका । चतुरब्दा तु कल्याणी पंचवर्षा तु रोहिणी ॥
षडब्दा कालिका प्रोक्ता चंडिका सप्तहायना । अष्टवर्षा शाम्भवी स्याद् दुर्गा तु नवहायना
सुभद्रा दशवर्षोक्ता नाममंत्रैः प्रपूजयेत् ॥

[બે વર્ષવાળી કન્યા કુમારીરૂપે. ત્રણ વર્ષવાળી ત્રિમૂર્તિરૂપે, ચાર વર્ષવાળી કલ્યાણીરૂપે, પાંચ વર્ષવાળી રોહિણીરૂપે, છ વર્ષવાળી કાલિકારૂપે, સાત વર્ષવાળી ચંડિકારૂપે, આઠ વર્ષવાળી શાંભવીરૂપે, નવ વર્ષવાળી દુર્ગારૂપે અને દશ વર્ષવાળી સુભદ્રારૂપે કહેવાય છે.]

તેમનું આ મંત્રથી આવાહન કરવું.

मंत्राक्षरमयीं लक्ष्मीं मातॄणां रूपधारिणीम् । नवदुर्गात्मिकां साक्षात् कन्यामावाहयाम्यहम् ॥

[મંત્રાક્ષરવાળી, લક્ષ્મીરૂપ, માતૃઓનું રૂપ ધારણ કરનારી, નવદુર્ગાવાળી આ કન્યાનું હું આવાહન કરું છું.]

CC-0. Mumukshu Bhawan Varanasi Collection. Digitized by eGangotri

હવે કુમારી આદિ કન્યાઓની પૂજના આ મંત્રો બોલવા :

सर्वस्वरूपे सर्वेशे सर्वशक्तिस्वरूपिणी । पूजां गृहाण कौमारि जगन्मातर्नमोऽस्तु ते ॥
त्रिपुरां त्रिपुराधारां त्रिवर्षां ज्ञानरूपिणीम् । त्रैलोक्यवंदितां देवीं त्रिमूर्तिं पूजयाम्यहम् ॥
कलात्मिकां कलातितां कारुण्यहृदयां शिवाम् । कल्याणजननीं देवीं कल्याणीं पूजयाम्यहम् ॥
अणिमादिगुणाधारामकाराद्यक्षरात्मिकाम् । अनन्तशक्तिकां लक्ष्मीं रोहिणीं पूजयाम्यहम् ॥
कामचारां शुभां कान्तां कालचक्रस्वरूपिणीम् । कामदां करुणोदारां कालिकां पूजयाम्यहम् ॥
चंडवीरां चंडमायां चंडमुंडप्रभंजनीम् । पूजयामि सदा देवीं चंडिकां चंडविक्रमाम् ॥
सदानन्दकरीं शान्तां सर्वदेवनमस्कृताम् । सर्वभूतात्मिकां लक्ष्मीं शाम्भवीं पूजयाम्यहम् ॥
दुर्गमे दुस्तरे कार्ये भवदुःखविनाशिनीम् । पूजयामि सदा भक्त्या दुर्गां दुर्गार्तिनाशिनीम् ॥
सुन्दरीं स्वर्णवर्णाभां सुखसौभाग्यदायिनीम् । सुभद्रजननीं देवीं सुभद्रां पूजयाम्यहम् ॥

[હે કૌમારી ! તમે સર્વસ્વરૂપ છો, સર્વનાં ઈશ છો, સર્વશક્તિરૂપ છો. હે જગન્માતા ! તમે આ પૂજા સ્વીકારો. તમને નમસ્કાર હો ! ત્રણ પુર(ગુણ)વાળાં, ત્રિપુરના આધારરૂપ, ત્રણ વર્ષવાળાં, જ્ઞાનરૂપિણી અને ત્રૈલોક્યની વંદના પામનારાં એવાં ત્રિમૂર્તિ દેવીનું પૂજન કરું છું. કલાવાળાં, કલાથી પાર, કારુણ્યભર્યા હૃદયવાળાં, શિવારૂપ અને કલ્યાણદાત્રી એવાં કલ્યાણીદેવીનું હું પૂજન કરું છું. અણિમા આદિ ગુણના આધારરૂપ, અકાર આદિ અક્ષરરૂપ, શક્તિવાળાં અને લક્ષ્મીરૂપ એવાં રોહિણીદેવીનું હું પૂજન કરું છું. ઇચ્છા પ્રમાણે વિચરનારાં, શુભ સ્વરૂપવાળાં, કમનીય કાંતિવાળાં, કાલચક્ર સ્વરૂપવાળાં, કામનાને આપવાવાળાં અને કરુણા તથા ઉદારતાવાળાં

CC-0. Mumukshu Bhawan Varanasi Collection. Digitized by eGangotri

કાલિકાનું હું પૂજન કરું છું. પ્રચંડ વીરવાળાં, ચંડની માયારૂપ, ચંડ તથા મુંડનો વિનાશ કરવાવાળાં અને ઉગ્ર પરાક્રમવાળાં એવાં ચંડિકાદેવીનું હું સદા પૂજન કરું છું. સદા આનંદ કરનારાં, શાંતરૂપ, સર્વ દેવોના નમસ્કાર પામેલાં, સર્વભૂતસ્વરૂપ અને લક્ષ્મીરૂપ એવાં શાંભવીનું હું પૂજન કરું છું. દુર્ગમ અને દુસ્તર કાર્યરૂપ સંસારદુઃખનો વિનાશ કરનારાં અને મહાન દુઃખનો નાશ કરનારાં દુર્ગાદેવીનું હું સદા ભક્તિપૂર્વક પૂજન કરું છું. સુંદર સ્વરૂપવાળાં, સુવર્ણના જેવી આભાવાળાં, સુખ ને સૌભાગ્ય આપવાવાળાં અને સુભદ્રપુત્રને જન્મ દેનારાં એવાં સુભદ્રાદેવીને હું પૂજન કરું છું.]

આ પ્રમાણે તે તે મંત્રોથી તે તે કન્યાઓનું સોળ કે પાંચ ઉપચારોથી પૂજન કરવું.

બલિદાન : પછી महालक्ष्म्यै नमः पायसबलिं समर्पयामि [મહાલક્ષ્મીને નમસ્કાર, હું પાયસબલિ સમર્પું છું.] એમ કહી મહાકાલી આદિ યોગિનીના અંત પર્યન્ત યંત્રમાં રહેલ પ્રત્યેક આવરણદેવતાને બલિ આપવો.

કૂષ્માંડબલિ : આચમન તથા પ્રાણાયામ કરી દેશ, કાળ આદિનું ઉચ્ચારણ કરી मम सकुटुम्बस्य सर्वारिष्टप्रशांतिसर्वाभीष्टकामसिद्धिकल्पोक्तफलवाप्तिद्वारा श्रीमहाकालीमहालक्ष्मीमहासरस्वतीदेवताप्रीत्यर्थं कूष्मांडबलिदानं करिष्ये तदंगत्वेन पंचोपचारैः पूजनं बलिपूजनं च करिष्ये॥ [મારા સકુટુમ્બના સર્વ અરિષ્ટની પ્રશાંતિ, સર્વ અભીષ્ટની કામસિદ્ધિ, કલ્પોક્ત ફળપ્રાપ્તિ દ્વારા શ્રીમહાકાલી મહાલક્ષ્મી મહાસરસ્વતી દેવતાની પ્રીતિ અર્થે કૂષ્માંડબલિદાન હું કરીશ તેમ જ તે અંગે પંચોપચાર પૂજન તથા બલિપૂજન કરીશ] એમ સંકલ્પ કરવો. પછી મૂળ મંત્ર વડે મુખ્ય દેવતાનું પંચોપચાર પૂજન કરવું. તે પહેલાં પોતે ઉત્તરાભિમુખ બેસી, બલિને પૂર્વાભિમુખ રાખી, પીઠ ઉપર, વસ્ત્ર વડે

CC-0. Mumukshu Bhawan Varanasi Collection. Digitized by eGangotri

વીંટાયેલું કોળું મૂકવું. પછી ॐ कूष्माण्डवलये नमः એમ કહી આવાહન, વસ્ત્ર તથા ગંધાદિથી પૂજન કરવું અને આ પ્રમાણે અભિમંત્રણ કરવું.

पशुस्त्वं बलिरूपेण मम भाग्यादवस्थितः । प्रणमामि ततः सर्वरूपिणं बलिरूपिणम् ॥
चंडिकाप्रीतिदानेन दातुरापद्विनाशनम् । चामुंडाबलिरूपाय बले तुभ्यं नमोऽस्तु ते ॥
यज्ञार्थं बलयः सृष्टाः स्वयमेव स्वयंभुवा । अतस्त्वां घातयाम्यद्य यस्माद्यज्ञे मतोऽवधः ॥

[તમે પશુબલિરૂપ દ્વારા ભાગ્યથી અહીં રહ્યા છો. તમને સર્વ રૂપવાળો બલિરૂપને હું પ્રણામ કરું છું. ચંડિકાદેવીની પ્રસન્નતાથી બલિ આપનારની આપત્તિનો વિનાશ થાય છે. ચામુંડાદેવીના બલિરૂપ હે બલિ! તમને નમસ્કાર હો! સ્વયંભૂ બ્રહ્માએ પોતે જ બલિઓને યજ્ઞને અર્થે સરજ્યા છે. યજ્ઞને વિશે જે ઘાત થાય છે, તે અવધરૂપ મનાયેલ છે. આથી હું તમારો ઘાત કરું છું.]

પછી શસ્ત્રનું ગંધાદિ વડે પૂજન કરી નીચે પ્રમાણે અભિમંત્રણ કરવું. ऐं ह्रीं श्रीं रसना त्वं चंडिकायाः सुरलोकप्रसाधकः । આ મંત્રથી અભિમંત્રણ કરીને, પછી ह्रां ह्रीं खड्ग आं हुं फट्। એમ કહી હાથમાં શસ્ત્ર લેવું. બાદ ॐ कालि कालि वज्रेश्वरि लोहदंडायै नमः । એમ કહી કૂષ્માંડને છેદવું. છેદતી વખતે જોવું નહિ. कौशिकीं रुधिरेण आप्यायताम् । એમ કહી દેવીને તેમાંનું અડધું નિવેદન કરવું. બાકીના અડધાના પાંચ ભાગ કરવા. તેમાં પહેલો ભાગ पूतनायै बलिभागं निवेदयामि । બીજો ભાગ चरक्यै बलिभागं निवेदयामि । અને ત્રીજો ભાગ पापराक्षस्यै बलिभागं निवेदयामि । એમ નિવેદન કરવું. અડદના લોટના પશુરૂપી શત્રુનું શસ્ત્રથી છેદન કરી स्कन्दाय पश्वर्धं समर्पयामि, विशिखाय पश्वर्धं समर्पयामि । એ રીતે બે ભાગો અર્પણ કરવા. છેવટે બાકી રહેલો ભાગ રાક્ષસોને આપી દેવો. આના મંત્રો

CC-0. Mumukshu Bhawan Varanasi Collection. Digitized by eGangotri

નીચે પ્રમાણે છે :

ॐ ह्रीं स्फुर स्फुर ॐ फ्रों ॐ हु फट् मर्द मर्द हुं । આમ કહી શેષભાગ બહાર આપવો અને કહેવું :

बलिं गृह्णन्त्विमे देवा आदित्या वसवस्तथा । मरुतश्चाश्विनौ रुद्राः सुपर्णाः पन्नगा ग्रहाः ॥
असुरा यातुधानाश्च पिशाचोरगराक्षसाः । डाकिन्यो यक्षवैताला योगिन्यः पूतनाः शिवाः ॥
जृंभकाः सिद्धगंधर्वाः साध्या विद्याधरा नगाः । दिक्पाला लोकपालाश्च ये विघ्नविनायकाः ॥
जगतां शांतिकर्तारो ब्रह्माद्याश्च महर्षयः । मा विघ्नं मा च मे पापं मा सन्तु परिपन्थिनः ॥
सौम्या भवन्तु तृप्ताश्च भूतप्रेताः सुखावहाः ॥
भूतानि यानीह वसन्ति तानि बलिं गृहीत्वा विधिवत् प्रयुक्तम् ।
अन्यत्र वासं परिकल्पयन्तु रक्षन्तु मां तानि सदैव चात्र ॥

[દેવો, આદિત્યો, વસુઓ, મરુતો, અશ્વિનો, રુદ્રો, પક્ષીઓ, સર્પો, ગ્રહો, અસુરો, યાતુધાનો, પિશાચો, ઉરગો, રાક્ષસો, ડાકિનીઓ, યક્ષો, વૈતાળો, યોગિનીઓ, પૂતનાઓ, શિવાઓ, જૃંભકો, સિદ્ધો, ગંધર્વો, સાધ્યો, વિદ્યાધરો, નાગો, દિક્પાલો અને લોકપાલો, તેમ જ જેઓ વિઘ્ન કરનારા છે, તે સર્વ આ બલિ ગ્રહણ કરો. જગતની શાંતિ કરવાવાળા બ્રહ્મા આદિ મહર્ષિઓ મારાં વિઘ્નોનો અને મારાં પાપોનો નાશ કરો, મને પરિપન્થીઓ (શત્રુઓ) પ્રાપ્ત ન થાઓ. આ સર્વ તૃપ્ત થઈ મને અનુકૂળ થાઓ, ભૂતપ્રેતો સુખ આપનારા થાઓ અહીં જે કોઈ ભૂતો વસે છે તે સર્વ આ વિધિપૂર્વક યોજેલા બલિને ગ્રહણ કરો. તેઓ બીજે વાસ કરો. તેઓ બીજે વાસ કરો. તેઓ મને અહીં રક્ષો.]

CC-0. Mumukshu Bhawan Varanasi Collection. Digitized by eGangotri

પછી સ્નાન કરી, તિલક કરી, દેવીની પ્રાર્થના કરવી:

खड्गिनी शूलिनी घोरा गदिनी चक्रिणी तथा । शंखिनी चापिनी बाणभुशुण्डीपरिघायुधा ॥
शूलेन पाहि नो देवि पाहि खड्गेन चाम्बिके । घण्टास्वनेन नः पाहि चापज्यानिःस्वनेन च ॥
सर्वस्वरूपे सर्वेशे सर्वशक्तिसमन्विते । भयेभ्यस्त्राहि नो देवि दुर्गे देवि नमोऽस्तु ते ॥
रूपं देहि जयं देहि भगं भगवति देह मे । पुत्रान् देहि धनं देहि सर्वकामांश्च देहि मे ॥
महिषघ्नि महामाये चामुण्डे मुंडमालिनि । आयुरारोग्यमैश्वर्यं देहि देवि देवि नमोऽस्तु ते ॥

આ મંત્રો ભણી પ્રાર્થના કરવી. આ બલિદાન હોમના અંગ તથા હોમના પાછલા ભાગમાં છે. પૂજાને અંગે આ હોમ વિકલ્પે છે, પણ પાયસબલિનો હોમ પૂજાને અંગે આવશ્યક છે.

પુસ્તકપૂજન: પ્રથમ મૂળ મંત્ર વડે આચમન તથા પ્રાણાયામ કરવાં. ॐ नमः पिशाचिनी करंकिनि त्रिशूलखड्गहस्ते सिंहारूढे एह्येहि आगच्छ आगच्छ इमां पूजां गृह्ण गृह्ण स्वाहा । श्रीसप्तशती-सरस्वत्यै नम आवहयामि ॥ આ મંત્ર વડે આવાહન કરવું. પછી ॐ ह्रीं चंडिकायै नमः એ મંત્રથી ષોડશોપચાર પૂજન કરવું.

શાપોદ્ધાર તથા ઉત્કીલનના મંત્રો: ॐ ह्रीं क्लीं श्रीं क्रां क्रीं चंडिके देवी शापानुग्रहं कुरु कुरु स्वाहा ॥ આ મંત્ર સાતવાર શાપોદ્ધાર માટે જપવો. ॐ श्रीं क्लीं ह्रीं सप्तशतीचंडिके उत्कीलनं कुरु कुरु स्वाहा । આ ઉત્કીલનનો મંત્ર એકવીસ વાર જપવો.

પછીથી કવચ, અર્ગલા તથા કીલકનો પાઠ કરી સપ્તશતીમાં કહેવાયેલ રાત્રિસૂક્ત ભણી નવાર્ણનો જપ કરવો.

CC-0. Mumukshu Bhawan Varanasi Collection. Digitized by eGangotri

દેવીકવચ

ॐ अस्य श्रीचण्डीकवचस्य ब्रह्मा ऋषिः, अनुष्टुप् छन्दः, चामुण्डा देवता अङ्गन्यासोक्तमातरो बीजम्, दिग्बन्धदेवतास्तत्त्वम्, श्रीजगदम्बाप्रीत्यर्थे सप्तशतीपाठाङ्गत्वेन जपे विनियोगः।

ॐ આ શ્રીચંડીકવચના બ્રહ્મા ઋષિ, અનુષ્ટુપ છંદ, ચામુંડા દેવતા, અંગન્યાસમાં કહેલી માતાઓ, બીજ અને દિગ્બંધ દેવતા તત્ત્વ છે. શ્રી જગદંબાની પ્રીતિ અર્થે સપ્તશતીપાઠના અંગે જપમાં વિનિયોગ.

ॐ नमश्चण्डिकायै। ॐ ચંડિકાને નમસ્કાર.

मार्कण्डेय उवाच। માર્કણ્ડેય બોલ્યા:

ॐ यद्गुह्यं परमं लोके सर्वरक्षाकरं नृणाम्। यन्न कस्यचिदाख्यातं तन्मे ब्रूहि पितामह ॥१॥

હે પિતામહ! આ લોકમાં જે પરમગુહ્ય છે અને જે સર્વ પ્રકારની રક્ષા કરનારું છે, તેમ જે અત્યાર સુધી આપે કોઈ બીજાને કહ્યું ન હોય, તે સાધન આપ મને કહો. ૧

ब्रह्मोवाच। બ્રહ્મા બોલ્યા:

अस्ति गुह्यतमं विप्र सर्वभूतोपकारम्। देव्यास्तु कवचं पुण्यं तच्छृणुष्व महामुने ॥२॥

હે વિપ્ર! ભૂતમાત્રને ઉપકાર કરનારું, પરમગુહ્ય અને પુણ્યમય દેવીનું કવચ છે. હે મહામુનિ! તેને તમે સાંભળો. ૨

प्रथमं शैलपुत्रीति द्वितीयं ब्रह्मचारिणी। तृतीयं चन्द्रघण्टेति कूष्माण्डेति चतुर्थकम् ॥३॥

CC-0. Mumukshu Bhawan Varanasi Collection. Digitized by eGangotri

पञ्चमं स्कन्दमातेति षष्ठं कात्यायनीति च। सप्तमं कालरात्रिश्च महागौरीति चाष्टमम् ॥४॥
नवमं सिद्धिदात्री च नवदुर्गाः प्रकीर्तिताः। उक्तान्येतानि नामानि ब्रह्मणैव महात्मना ॥५॥

દેવીની નવ મૂર્તિઓ છે. તેને નવદુર્ગા કહે છે. પહેલી શૈલપુત્રી,[૧] બીજી બ્રહ્મચારિણી,[૨] ત્રીજી ચંદ્રઘટા,[૩] ચોથી કૂષ્માંડા,[૪] પાંચમી સ્કન્દમાતા,[૫] છઠ્ઠી કાત્યાયની,[૬] સાતમી કાલરાત્રિ,[૭] આઠમી મહાગૌરી[૮] અને નવમી સિદ્ધિદાત્રી[૯] દુર્ગા છે. આ સર્વ નામો સર્વજ્ઞ મહાત્મા વેદ ભગવાને કહ્યાં છે. ૩–૫

૧. ગિરિરાજ હિમાલયની પુત્રી પાર્વતી. પોતે સર્વની અધીશ્વરી છે, છતાં હિમાલયની તપસ્યા તથા પ્રાર્થનાથી પ્રસન્ન થઈને એ ગિરિરાજની પુત્રી થઈને અવતરી છે.

૨. સચ્ચિદાનંદમય, બ્રહ્મસ્વરૂપની પ્રાપ્તિ કરાવવી એ જેનો સ્વભાવ છે.

૩. જેની ઘંટામાં આહ્લાદકારી ચંદ્ર છે.

૪. કુત્સિત ઉષ્મા કૂષ્મા—ત્રિવિધ તાપયુક્ત સંસાર—એ જેના અંડમાં—માંસપેશીમાં, ઉદરરૂપમાં—છે, તે.

૫. ભગવતી શક્તિથી ઉત્પન્ન થયેલ સનત્કુમારનું નામ સ્કંદ છે; તેની માતા.

૬. દેવતાઓનું કાર્ય સિદ્ધ કરવા માટે મહર્ષિ કાત્યાયનના આશ્રમમાં પ્રકટ થઈ અને મહર્ષિએ તેને પોતાની કન્યા માની, તેથી કાત્યાયની.

૭. સર્વને મારનાર કાળની પણ રાત્રિ (વિનાશિકા).

૮. તપસ્યાથી એણે મહાન ગૌરવર્ણ પ્રાપ્ત કર્યો તેથી મહાગૌરી.

૯. સિદ્ધિ—મોક્ષ આપનારી, તેથી સિદ્ધિદાત્રી.

CC-0. Mumukshu Bhawan Varanasi Collection. Digitized by eGangotri

अग्निना दह्यमानस्तु शत्रुमध्ये गतो रणे। विषमे दुर्गमे चैव भयार्ताः शरणं गताः ॥६॥
न तेषां जायते किंचिदशुभं रणसंकटे। नापदं तस्य पश्यामि शोकदुःखभयं नहि ॥७॥

અગ્નિથી દાઝી રહ્યો હોય, રણમાં શત્રુની મધ્યમાં ઝડપાઈ ગયો હોય અને વિષમ તથા દુર્ગમ સંકટમાં ફસાઈ પડ્યો હોય તેમ જ એવા એવા ભયોથી પીડાઈ રહ્યો હોય, ત્યારે જો તે ભગવતી દેવીને શરણે જાય છે, તો તેને રણસંકટમાં કશુંય અમંગલ થતું નથી, તેને કશીય આપત્તિ જોવાની આવતી નથી, તેમ જ તેને કશાય શોક, દુઃખ કે ભય થતાં નથી. ૬,૭

यैस्तु भक्त्या स्मृता नूनं तेषां सिद्धिः प्रजायते। प्रेतसंस्था तु चामुण्डा वाराही महिषासना ॥८॥×

ભક્તિપૂર્વક જેઓ દેવીનું સ્મરણ કરે છે, તેમને અવશ્ય વૃદ્ધિ સાંપડે છે. ચામુંડા પ્રેત ઉપર વિરાજે છે, વારાહી પાડા ઉપર વિરાજે છે.૮

ऐन्द्री गजसमारूढा वैष्णवी गरुडासना। माहेश्वरी वृषारूढा कौमारी शिखिवाहना ॥९॥

ઐન્દ્રી હાથી પર વિરાજે છે અને વૈષ્ણવી ગરુડ ઉપર વિરાજે છે. માહેશ્વરી આખલાનું (અને) કૌમારી મોરનું વાહન કરે છે. ૯

ब्राह्मी हंससमारूढा सर्वाभरणभूषिता। नानाभरणशोभाढ्या नानारत्नोपशोभिताः ॥१०॥×

હંસ ઉપર બિરાજતી બ્રાહ્મી સર્વ ભૂષણોથી વિભૂષિત છે. વળી જે બીજી દેવીઓ

× ये त्वां स्मरन्ति देवेशि रक्षसे तान्न संशयः। लक्ष्मीः पद्मासना देवी पद्महस्ता हरिप्रिया ॥

હે દેવેશ્વરી! જેઓ તારું સ્મરણ કરે છે, તેમને તું નિઃસંશય રક્ષે છે. હાથમાં કમળ રાખનારી શ્રીહરિની પ્રિયા લક્ષ્મીદેવી પદ્મનું વાહન કરે છે.

CC-0. Mumukshu Bhawan Varanasi Collection. Digitized by eGangotri

છે, તે વિવિધ અલંકારોથી શોભી રહી છે અને જાતજાતનાં રત્નોથી વિભૂષિત છે.× ૧૦

दृश्यन्ते रथमारूढा देव्यः क्रोधसमाकुलाः। शङ्खं चक्रं गदां शक्तिं हलं च मुसलायुधम् ॥ ११ ॥
खेटकं तोमरं चैव परशुं पाशमेव च। कुन्तायुधं त्रिशूलं च शार्ङ्गमायुधमुत्तमम् ॥ १२ ॥
दैत्यानां देहनाशाय भक्तानामभयाय च। धारयन्त्यायुधानीत्थं देवानां च हिताय वै ॥ १३ ॥

તે સર્વ દેવીઓ ક્રોધથી આકુળ છે અને રથમાં બેઠેલી દેખાય છે. તેમણે શંખ, ચક્ર, ગદા, શક્તિ, હળ, મુસળ, ખેટક, તોમર, પરશુ, પાશ, કુન્ત, ત્રિશૂળ અને શાર્ઙ્ગ ધનુષ્ય આદિ ઉત્તમ શસ્ત્રાસ્ત્રો ધારણ કર્યાં છે. દૈત્યોના દેહનો નાશ કરવા માટે, ભક્તોને અભય આપવા માટે અને દેવોનાં હિત માટે તેમણે આ બધાં આયુધો ધારણ કર્યાં છે. ૧૧–૧૩

महाबले महोत्साहे महाभयविनाशिनी। त्राहि मां देवि दुष्प्रेक्ष्ये शत्रुणां भयवर्द्धिनि ॥१४॥*

મહાબળવાળી, મહાન ઉત્સાહવાળી અને મહાન ભયનો વિનાશ કરનારી હે દેવી! તને નમસ્કાર હો, તારી સામે જોવું ય કપરું છે, શત્રુઓને તું ભય વધારે છે. હે દેવી! તું મારું રક્ષણ કર. ૧૪

प्राच्यां रक्षतु मामैन्द्री आग्नेय्यामग्निदेवता। दक्षिणेऽवतु वाराही नैर्ऋत्यां खड्गधारिणी ॥ १५ ॥

× श्वेतरूपधरा देवी ईश्वरी वृषवाहना। इत्येता मातरः सर्वाः सर्वयोगसमन्विताः ॥

આખલા ઉપર સવારી કરતી ઈશ્વરીદેવી શ્વેતરૂપને ધારણ કરે છે. આ પ્રમાણે એ સર્વ માતાઓ સર્વ પ્રકારની યોગશક્તિઓથી સંપન્ન છે.

* नमस्तेऽस्तु महारौद्रे महाघोरपराक्रमे। મહારૌદ્રરૂપ, અત્યંતઘોર પરાક્રમવાળી.

CC-0. Mumukshu Bhawan Varanasi Collection. Digitized by eGangotri

પૂર્વ દિશામાં ઐન્દ્રી શક્તિ મારું રક્ષણ કરો, અગ્નિખૂણામાં અગ્નિશક્તિ મારું રક્ષણ કરો, દક્ષિણમાં વારાહી મારું રક્ષણ કરો, નૈર્ઋત્યમાં ખડ્ગધારિણી મારું રક્ષણ કરો. ૧૫

प्रतीच्यां वारुणी रक्षेद्वायव्यां मृगवाहिनी। उदीच्यां पातु कौमारी ऐशान्यां शूलधारिणी ॥१६॥

પશ્ચિમમાં વારુણી મારું રક્ષણ કરો અને વાયવ્યમાં મૃગવાહિની મારું રક્ષણ કરો. ઉત્તરમાં કૌમારી મારું રક્ષણ કરો, ઈશાનમાં શૂલધારિણી મારું રક્ષણ કરો. ૧૬

ऊर्ध्वं ब्रह्माणि मे रक्षेदधस्ताद्वैष्णवी तथा। एवं दश दिशो रक्षेच्चामुण्डा शववाहना ॥ १७॥

ઊર્ધ્વ (ઉપર) બ્રહ્માણી મારું રક્ષણ કરો, અધઃ (નીચે) વૈષ્ણવી મારું રક્ષણ કરો. આ પ્રમાણે શબવાહિની ચામુંડા મને દશે દિશાએ રક્ષો. ૧૭

जया मे चाग्रतः पातु विजया पातु पृष्ठतः। अजिता वामपार्श्वे तु दक्षिणे चापराजिता ॥१८॥

જયા મને આગળ રક્ષો અને વિજયા મને પાછળ રક્ષો. અજિતા મને ડાબે પડખે રક્ષો, દક્ષિણ પડખે મને અપરાજિતા રક્ષો. ૧૮

शिखां मे द्योतिनी रक्षेदुमा मूर्ध्नि व्यवस्थिता। मालाधारी ललाटे च भ्रुवौ रक्षेद्यशस्विनी ॥१९॥

શિખાને ઉદ્યોતિની રક્ષો અને ઉમા મારા મસ્તકે બિરાજી મારું રક્ષણ કરો. માલાધારી લલાટમાં રક્ષો, યશસ્વિની ભમ્મરને રક્ષો. ૧૯

त्रिनेत्रा च भ्रुवोर्मध्ये यमघण्टा च नासिके। शङ्खिनी चक्षुषोर्मध्ये श्रोत्रयोर्द्वारवासिनी ॥ २०॥

ત્રિનેત્રા ભમ્મરની મધ્યે રક્ષો અને યમઘંટા નાસિકાનું રક્ષણ કરો. શંખિની બે આંખની મધ્યમાં રક્ષણ કરો, દ્વારવાસિની કાનોમાં રક્ષણ કરો. ૨૦

CC-0. Mumukshu Bhawan Varanasi Collection. Digitized by eGangotri

कपोलौ कालिका रक्षेत्कर्णमूले तु शाङ्करी । नासिकायां सुगन्धा च उत्तरोष्ठे च चर्चिका ॥२१॥

કાલિકા કપોલમાં રક્ષા કરો અને શાંકરી કર્ણમૂલમાં રક્ષણ કરો. નાસિકામાં સુગન્ધા રક્ષો. ઉપરના ઓઠમાં ચર્ચિકા રક્ષો. ૨૧

अधरे चामृतकला जिह्वायां च सरस्वती । दन्तान् रक्षतु कौमारी कण्ठमध्ये तु चण्डिका ॥ २२ ॥

નીચલા ઓઠમાં અમૃતકલા રક્ષો અને જિહ્વામાં સરસ્વતી રક્ષણ કરો. દાંતોને કૌમારી રક્ષો, કંઠદેશમાં ચંડિકા રક્ષો. ૨૨

घण्टिकां चित्रघण्टा च महामाया च तालुके । कामाक्षी चिबुकं रक्षेद्वाचं मे सर्वमङ्गला ॥ २३ ॥

ગળાના ઘોઘરાને ચિત્રઘંટા રક્ષો અને તાળવાને મહામાયા રક્ષો. કામાક્ષી હડપચી(દાઢી)ને રક્ષો, સર્વમંગલા વાચાને રક્ષો. ૨૩

ग्रीवायां भद्रकाली च पृष्ठवंशे धनुर्धरी । नीलग्रीवा बहिःकण्ठे नलिकां नलकूबरी ॥ २४ ॥

ગ્રીવામાં ભદ્રકાલી અને મેરુદંડમાં ધનુર્ધરી રક્ષો, કંઠની બહાર નીલગ્રીવા રક્ષો, નળીમાં નલકૂબરી રક્ષો. ૨૪

खड्गधारिण्युभौ स्कन्धौ बाहू मे वज्रधारिणी । हस्तयोर्दण्डिनी रक्षेदम्बिका चाङ्गुलीस्तथा ॥२५॥

ખભામાં ખડ્ગિની રક્ષો અને વજ્રધારિણી મારા બંને બાહુઓ રક્ષો. હાથને દંડિની રક્ષો, આંગળીઓમાં અંબિકા રક્ષો. ૨૫

नखाञ्छूलेश्वरी रक्षेत्कुक्षौ रक्षेत्कुलेश्वरी । स्तनौ रक्षेन्महादेवी मनः शोकविनाशिनी ॥ २६ ॥

નખોને શૂલેશ્વરી રક્ષો અને પેટને કુલેશ્વરી રક્ષો. મહાદેવી સ્તનનું રક્ષણ કરો, શોકવિનાશિની મનનું રક્ષણ કરો. ૨૬

CC-0. Mumukshu Bhawan Varanasi Collection. Digitized by eGangotri

हृदये ललिता देवी उदरे शूलधारिणी । नाभौ च कामिनी रक्षेद्गुह्यं गुह्येश्वरी तथा ॥ २७॥

હૃદયમાં લલિતા રક્ષણ કરો અને ઉદરમાં શૂલધારિણી રક્ષણ કરો. કામિની નાભિમાં રક્ષો, ગુહ્યેશ્વરી ગુહ્યભાગને રક્ષો. ૨૭

कट्यां भगवती रक्षेज्जानुनी विन्ध्यवासिनी । भूतनाथा च मेढ्रं मे ऊरू महिषवाहिनी ॥ २८॥

કટિમાં ભગવતી રક્ષા કરો, ઘૂંટણોમાં વિંધ્યવાસિની રક્ષા કરો. ભૂતનાથી દેવી વૃષણની અને મહિષવાહિની દેવી મારા ઊરુની રક્ષા કરો. ૨૮

जङ्घे महाबला रक्षेत्सर्वकामप्रदायिनी । गुल्फयोर्नारसिंही च पादौ चामिततेजसी ॥ २९॥

અને જાંઘમાં સર્વ અભીષ્ટ દેનારી મહાબલા રક્ષો. નારસિંહી ઘૂંટીઓમાં રક્ષો, અત્યંત તેજવાળી દેવી મારા પગોને રક્ષો. ૨૯

पादाङ्गुलीः श्रीर्मे रक्षेत्पादाधस्तलवासिनी । नखान् दंष्ट्राकरालो च केशांश्चैवोर्ध्वकेशिनी ॥ ३०॥

પગની આંગળીઓમાં શ્રી રક્ષો અને પગનાં તળિયાંમાં તલવાસિની રક્ષા કરો. દંષ્ટ્રાકરાલી નખનું રક્ષણ કરો. ઊર્ધ્વકેશિની કેશોનું રક્ષણ કરો. ૩૦

रोमकूपेषु कौबेरी त्वचं वागीश्वरी तथा । रक्तमज्जावसामांसान्यस्थिमेदांसि पार्वती ॥ ३१॥

કૌબેરી રોમકૂપોમાં રક્ષો અને વાગીશ્વરી ચામડીનું રક્ષણ કરો. પાર્વતી લોહી, મજ્જા, વસા, માંસ, હાડકાં અને મેદનું રક્ષણ કરો. ૩૧

अन्त्राणि कालरात्रिश्च पित्तं च मुकुटेश्वरी । पद्मावती पद्मकोशे कफे चूडामणिस्तथा ॥ ३२॥

CC-0. Mumukshu Bhawan Varanasi Collection. Digitized by eGangotri

કાલરાત્રિ આંતરડાંને રક્ષો અને મુકુટેશ્વરી પિત્તનું રક્ષણ કરો. મૂલાધાર આદિ કમલકોશમાં પદ્માવતી રક્ષો, કફમાં ચૂડામણિ રક્ષો. ૩૨

ज्वालामुखी नखज्वाला अभेद्या सर्वसंधिषु । शुक्रं ब्रह्माणि मे रक्षेच्छायां छत्रेश्वरी तथा ॥ ३३ ॥

નખતેજને જ્વાલામુખી રક્ષો અને સર્વ સાંધાઓમાં અભેદ્યા રક્ષો. બ્રાહ્મણી મારા વીર્યને રક્ષો, છત્રેશ્વરી છાયાને રક્ષો. ૩૩

अहंकारं मनो बुद्धिं रक्षेन्मे धर्मचारिणी । प्राणापानौ तथा व्यानं समानोदानमेव च ॥ ३४ ॥
यशः कीर्तिं च लक्ष्मीं च सदा रक्षतु वैष्णवी । गोत्रमिन्द्राणि मे रक्षेत्पशून्मे रक्षचण्डिके ॥३५॥*

ધર્મને આચરનારાં દેવી મારાં મન, બુદ્ધિ ને અહંકારને રક્ષો. મારા પ્રાણ, અપાન, વ્યાન, ઉદાન અને સમાનને તથા યશ, કીર્તિ અને લક્ષ્મીને વૈષ્ણવી દેવી રક્ષો. ઇંદ્રાણી મારા ગોત્રની રક્ષા કરો; ચંડિકા મારાં પશુની રક્ષા કરો. ૩૪,૩૫

पुत्रान् रक्षेन्महालक्ष्मीर्भार्यां रक्षतु भैरवी । मार्गं क्षेमकरी रक्षेद् विजया सर्वतः स्थिता ॥ ३६ ॥

ક્ષેમકારી મારા માર્ગની રક્ષા કરો અને સર્વવ્યાપિની વિજયા બધી બાજુથી

---

* रसे रूपे च गन्धे च शब्दे स्पर्शे च योगिनी । सत्त्वं रजस्तमश्चैव रक्षेन्नारायणी सदा ॥
आयू रक्षतु वाराही धर्मं रक्षतु वैष्णवी । वज्रहस्ता च मे रक्षेत्प्राणं कल्याणशोभना ॥

યોગિની રસ, રૂપ, ગંધ, શબ્દ અને સ્પર્શમાં મારું રક્ષણ કરો અને નારાયણી સત્ત્વ, રજ તથા તમની સદા રક્ષા કરો. વારાહી મારું આયુષ્ય રક્ષો, વૈષ્ણવી ધર્મનું રક્ષણ કરો. કલ્યાણમય શોભાવાળી વજ્રને ધારણ કરનારી દેવી મારા પ્રાણનું રક્ષણ કરો.

CC-0. Mumukshu Bhawan Varanasi Collection. Digitized by eGangotri

મારી રક્ષા કરો. ૩૬

रक्षाहीनं तु यत्स्थानं वर्जितं कवचेन तु। तत्सर्वं रक्ष मे देवि जयन्ती पापनाशिनी ॥३७॥

જે સ્થાન કવચમાં કહેવાનું રહી ગયું હોય, એથી જે રક્ષાહીન હોય, તે સર્વને હે પાપનાશિની! હે જયંતી દેવી! તું રક્ષજે. ૩૭

पदमेकं न गच्छेत्तु यदीच्छेच्छुभमात्मनः। कवचेनावृतो नित्यं यत्र यत्राधिगच्छति ॥ ३८ ॥

જો મનુષ્ય પોતાનું શુભ ઇચ્છતો હોય, તો કવચથી ઢંકાયા વિના એણે ડગલું સરખું પણ ન ભરવું; કવચનો પાઠ કર્યા પછી જ એણે જ્યાં ત્યાં યાત્રા આદરવી. ૩૮

तत्र तत्रार्थलाभश्च विजयः सार्वकामिकः। यं यं चिन्तयते कामं तं तं प्राप्नोति निश्चितम् ॥३९॥

એમ કરવાથી એને જ્યાં ત્યાં અર્થલાભ થાય છે અને સર્વ કામનાઓને પૂરનારો વિજય સાંપડે છે; એ જેનું ચિંતન કરે છે, તે એને અવશ્ય મળે છે. ૩૯

परमैश्वर्यमतुलं प्राप्स्यते भूतले पुमान्। निर्भयो जायते मर्त्यः संग्रामेष्वपराजितः ॥ ४० ॥

એ પુરુષને આ ભૂતલમાં અતુલ અને પરમ ઐશ્વર્ય મળે છે. કવચથી રક્ષિત મનુષ્ય નિર્ભય થાય છે. સંગ્રામમાં અપરાજિત રહે છે. ૪૦

त्रैलोक्ये तु भवेत्पूज्यः कवचेनावृतः पुमान्। इदं तु देव्याः कवचं देवानामपि दुर्लभम् ॥४१॥

અને ત્રણે લોકમાં પૂજ્ય થાય છે. દેવીનું આ કવચ દેવોને પણ દુર્લભ છે. ૪૧

यः पठेत्प्रयतो नित्यं त्रिसंध्यं श्रद्धयान्वितः। दैवी कला भवेत्तस्य त्रैलोक्येप्यपराजितः ॥४२॥

જે મનુષ્ય શ્રદ્ધાયુક્ત થઈને ત્રણે સંધ્યાએ એનો નિત્ય પાઠ કરે છે, તેની કલા

CC-0. Mumukshu Bhawan Varanasi Collection. Digitized by eGangotri

દેવી થાય છે. તે ત્રણે લોકમાં અપરાજિત બને છે. ૪૨

जीवेद्वर्षशतं साग्रमपमृत्युविवर्जितः । नश्यन्ति व्याधयः सर्वे लूताविस्फोटकादयः ॥ ४३ ॥

અને અપમૃત્યુ(અગ્નિ, જળ, વીજળી વગેરેથી અકાલમૃત્યુ)થી બચીને તે સો વર્ષ સુધી જીવે છે. કોઢ, વિસ્ફોટક આદિ સર્વ વ્યાધિઓ નાશ પામે છે. ૪૩

स्थावरं जङ्गमं चैव कृत्रिमं चापि यद्विषम् । आभिचाराणि सर्वाणि मन्त्रयन्त्राणि भूतले ॥४४॥
भूचराः खेचराश्चैव जलजाश्चोपदेशिकाः । सहजा कुलजा माला डाकिनी शाकिनी तथा ॥४५॥
अन्तरिक्षचरा घोरा डाकिन्यश्च महाबलाः । ग्रहभूतपिशाचाश्च यक्षगन्धर्वराक्षसाः ॥ ४६ ॥
ब्रह्मराक्षसवेतालाः कूष्माण्डा भैरवादयः । नश्यन्ति दर्शनात्तस्य कवचे हृदि संस्थिते ॥ ४७ ॥
मानोन्नतिर्भवेद्राज्यं तेजोवृद्धिकरं परम् । यशसा वर्द्धते सोऽपिकीर्तिमण्डितभूतले ॥ ४८ ॥

તેમ જ સ્થાવર (ભાંગ વગેરેનાં), જંગમ (સાપ, વીંછી, વગેરેનાં) તથા કૃત્રિમ (તેલ, અફીણ વગેરેનાં) વિષ અને પૃથ્વી ઉપર જે સર્વ અભિચારો (મારણ-મોહન) છે, તેમ જ જે મંત્રોયંત્રો છે, તે આ કવચને ધારણ કરવાથી જોતાંવેંત નાશ પામે છે. વળી પૃથ્વી ઉપર વિચરનારા (ગ્રામદેવતા), આકાશમાં ચરનારા (દેવવિશેષ), પાણીથી પ્રકટતા ગણ, ઉપદેશમાત્રથી સિદ્ધ થનારા નીચલી કોટિના દેવતા, જન્મની સાથે પ્રકટ થયેલા દેવતા, કુલદેવતા, માલા (કંઠમાલા વગેરે), ડાકિની, શાકિની, અંતરિક્ષમાં વિચરનારી અત્યંત બળવાળી ડાકિની, ગ્રહ, ભૂત, પિશાચ, યક્ષ, ગંધર્વ,

CC-0. Mumukshu Bhawan Varanasi Collection. Digitized by eGangotri

રાક્ષસ, બ્રહ્મરાક્ષસ, વૈતાલ, કૂષ્માંડ તેમ જ ભૈરવ આદિ અનિષ્ટકારી દેવતાઓ–આ સર્વ હૃદયમાં કવચને ધારણ કરનાર મનુષ્યનાં દર્શન થતાં જ નાશ પામે છે. કવચને ધારણ કરનાર મનુષ્યને માન અને ઉન્નતિ મળે છે, રાજ્ય મળે છે, તેમ જ તેના તેજની વૃદ્ધિ થાય છે. જે કવચનો પાઠ કરે છે, તેનો યશ વૃદ્ધિ પામે છે અને તે ભૂતલમાં કીર્તિથી વિભૂષિત રહે છે. ૪૪–૪૮

जपेत्सप्तशतीं चण्डीं कृत्वा तु कवचं पुरा । यावद्भूमण्डलं धत्ते सशैलवनकाननम् ॥ ४९ ॥
तावत्तिष्ठति मेदिन्यां संततिः पुत्रपौत्रिको । देहान्ते परमं स्थानं यत्सुरैरपि दुर्लभम् ॥
प्राप्नोति पुरुषो नित्यं महामायाप्रसादतः ॥ ५० ॥×

જે પહેલાં કવચનો પાઠ કરે છે અને પછી સપ્તશતી જપે છે, તે વન, પર્વત અને જંગલ સાથેની પૃથ્વીના સ્થાન સુધી પુત્રપૌત્રાદિની સંતાનપરંપરા સાથે આ ભૂતલમાં રહે છે. દેહાંત થતાં એ પુરુષને દેવોને પણ દુર્લભ એવું પરમ સ્થાન સાંપડે છે. તે પદ નિત્ય હોય છે અને તે મહામાયાના પ્રસાદથી લાધ્યું હોય છે. ૪૯,૫૦

वाराहपुराणे हरिहरविरचितं देव्याः कवचम् ॥

× लभते परमं रूपं शिवेन सह मोदते ॥ આમ પરમ રૂપ પામીને તે શિવની સાથે આનંદ કરે છે.

CC-0. Mumukshu Bhawan Varanasi Collection. Digitized by eGangotri

અર્ગલાસ્તોત્ર

ॐ अस्य श्रीअर्गलास्तोत्रमन्त्रस्य विष्णुर्ऋषिः अनुष्टुप् छन्दः श्रीमहालक्ष्मीर्देवता श्रीजगदम्बाप्रीतये सप्तशतीपाठाङ्गे जपे विनियोगः॥

ૐ આ અર્ગલાસ્તોત્રમંત્રના વિષ્ણુ ઋષિ છે, અનુષ્ટુપ છંદ છે, શ્રી મહાલક્ષ્મી દેવતા છે, શ્રી જગદમ્બાની પ્રીતિ અર્થે સપ્તશતીપાઠ અંગે જપમાં વિનિયોગ.

ॐ नमश्चण्डिकायै। ॐ ચંડિકાને નમસ્કાર.

मार्कण्डेय उवाच। માર્કણ્ડેય બોલ્યા :

ॐ जयन्ती मङ्गला काली भद्रकाली कपालिनी।
दुर्गा क्षमा शिवा धात्री स्वाहा स्वधा नमोऽस्तु ते ॥ १ ॥

ૐ જયંતી,[1] મંગલા,[2] કાલી,[3] ભદ્રકાલી,[4] કપાલિની,[5] દુર્ગા,[6] ક્ષમા,[7] શિવા,[8] ધાત્રી,[9] સ્વાહા,[10] અને સ્વધા,[11] એ નામોથી પ્રસિદ્ધ જગદંબિકા ! તને નમસ્કાર હો ! ૧

---

૧. જયંતી–સર્વમાં ઉત્કૃષ્ટ અને વિજયશાલિની. ૨ મંગલા–જન્મમરણરૂપી સર્પણનો નાશ કરનારી, ભક્તોને જન્મમરણના બંધનમાંથી છોડાવનારી. ૩ કલ કરનારી–પ્રલયકાળે સર્વને ભક્ષી જનારી–કાલી. ૪ ભદ્ર–સુખ–આપનારી કાલી, ભદ્રકાલી. ૫ હાથમાં કપાલ તથા ગળામાં મુંડમાલા ધારણ કરનારી. ૬ દુઃખથી, યોગ–કર્મોપાસનારૂપી ક્લેશથી–પ્રાપ્ત થનારી. ૭ ક્ષમે છે–સહન કરે છે–ભક્તોના સર્વ અપરાધોને તે જગજ્જનની હોવાથી સંપૂર્ણ કરુણામયી. ૮ સર્વનું શિવ–કલ્યાણ કરનારી. ૯ સંપૂર્ણ પ્રપંચને ધારણ કરનારી. ૧૦ યજ્ઞભાગ સ્વીકારી દેવોને પોષનારી. ૧૧ શ્રદ્ધા-

CC-0. Mumukshu Bhawan Varanasi Collection. Digitized by eGangotri

*मधुकैटभविद्राविविधातृवरदे नमः । रूपं देहि जयं देहि यशो देहि द्विषो जहि ॥ २॥

મધુ અને કૈટભને મારનારી તેમ જ બ્રહ્માને વરદાન આપનારી હે દેવી! તને નમસ્કાર હો! તું મને રૂપ આપ, જય આપ, યશ આપ અને મારા શત્રુઓનો નાશ કર. ૨

×महिषासुरनिर्नाशविधात्रि वरदे नमः । रूप देहि जयं देहि यशो देहि द्विषो जहि ॥ ३॥

મહિષાસુરને હણનારી અને ભક્તોને અભીષ્ટ ફળ આપનારી હે દેવી! તને નમસ્કાર હો! તું મને રૂપ આપ, જય આપ, યશ આપ અને મારા શત્રુઓનો નાશ કર. ૩

वन्दिताङ्घ्रियुगे देवि सर्वसौभाग्यदायिनि । रूपं देहि जयं देहि यशो देहि द्विषो जहि ॥ ४॥

જેના ચરણયુગલને સર્વનાં વંદન છે અને જે સર્વ સૌભાગ્ય આપનારી છે, એવી હે દેવી! તું મને રૂપ આપ, જય આપ, યશ આપ અને મારા શત્રુઓનો નાશ કર. ૪

તર્પણ સ્વીકારી પિતરોને પોષનારી.

* जय त्वं देवि चामुण्डे जय भूतार्तिहारिणि । जय सर्वगते देवि कालरात्रि नमोऽस्तु ते ॥ २॥

હે દેવી ચામુંડા! તારો જય હો! હે ભૂતમાત્રની પીડા હરનારી! તારો જય હો! હે સર્વવ્યાપિની દેવી! તારો જય હો! હે કાલરાત્રિ! તને નમસ્કાર હો! ૨

× शुम्भस्यैव निशुम्भस्य धूम्राक्षस्य च मर्दिनि । रूपं देहि जयं देहि यशो देहि द्विषो जहि ॥

શુંભ, નિશુંભ અને ધૂમ્રાક્ષનું મર્દન કરનારી હે દેવી! તું મને રૂપ આપ, જય આપ, યશ આપ અને મારા શત્રુઓનો નાશ કર.

CC-0. Mumukshu Bhawan Varanasi Collection. Digitized by eGangotri

रक्तबीजवधे देवि चण्डमुण्डविनाशिनि । रूपं देहि जयं देहि यशो देहि द्विषो जहि ॥ ५॥

રક્તબીજનો વધ કરનારી અને ચંડ તથા મુંડનો વિનાશ કરનારી હે દેવી! તું મને રૂપ આપ, જય આપ, યશ આપ અને મારા શત્રુઓનો નાશ કર. ૫

अचिन्त्यरूपचरिते सर्वशत्रुविनाशिनि । रूपं देहि जयं देहि यशो देहि द्विषो जहि ॥ ६॥

અચિંત્ય રૂપ અને ચરિત્રવાળી તેમ જ સર્વ શત્રુઓનો નાશ કરવાવાળી હે દેવી! તું મને રૂપ આપ, જય આપ, યશ આપ અને મારા શત્રુઓનો નાશ કર. ૬

नतेभ्यः सर्वदा भक्त्या चण्डिके दुरितापहे । रूपं देहि जयं देहि यशो देहि द्विषो जहि ॥७॥

હે ચંડિકા! હે દુરિતોને દૂર કરનારી! જેઓ તને સર્વદા ભક્તિપૂર્વક નમન કરે છે, તેમને રૂપ આપ, જય આપ, યશ આપ અને તેમના શત્રુઓનો નાશ કર. ૭

स्तुवद्भ्यो भक्तिपूर्वं त्वां चण्डिके व्याधिनाशिनि । रूपं देहि जयं देहि यशो देहि द्विषो जहि ॥८॥

હે વ્યાધિનાશિની ચંડિકા! તારી ભક્તિપૂર્વક સ્તુતિ કરનારાઓને તું રૂપ આપ, જય આપ, યશ આપ અને તેમના શત્રુઓનો નાશ કર. ૮

चण्डिके सततं ये त्वामर्चयन्तीह भक्तितः । रूपं देहि जयं देहि यशो देहि द्विषो जहि ॥९॥

હે ચંડિકા! જેઓ ભક્તિપૂર્વક તારું અહીં સતત અર્ચન કરે છે, તેમને તું રૂપ આપ, જય આપ, યશ આપ અને તેમના શત્રુઓનો નાશ કર. ૯

देहि सौभाग्यमारोग्यं देहि मे परमं सुखम् । रूपं देहि जयं देहि यशो देहि द्विषो जहि ॥१०॥

હે દેવી! તું મને સૌભાગ્ય આપ, આરોગ્ય આપ, પરમ સુખ આપ. તું મને રૂપ આપ, જય આપ, યશ આપ અને મારા શત્રુઓનો નાશ કર. ૧૦

CC-0. Mumukshu Bhawan Varanasi Collection. Digitized by eGangotri

विधेहि द्विषतां नाशं विधेहि बलमुच्चकैः। रूपं देहि जयं देहि यशो देहि द्विषो जहि ॥११॥

હે દેવી! તું મારા દ્વેષીઓનો નાશ કર, મારું બળ વધાર, તું મને રૂપ આપ, જય આપ, યશ આપ અને મારા શત્રુઓનો નાશ કર. ૧૧

विधेहि देवि कल्याणं विधेहि परमां श्रियम्। रूपं देहि जयं देहि यशो देहि द्विषो जहि ॥१२॥

હે દેવી! તું મારું કલ્યાણ કર. તું મને પરમ સંપત્તિ આપ. તું મને રૂપ આપ, જય આપ, યશ આપ અને મારા શત્રુઓનો નાશ કર. ૧૨

विद्यावन्तं यशस्वन्तं लक्ष्मीवन्तं जनं कुरु। रूपं देहि जयं देहि यशो देहि द्विषो जहि ॥१३॥

તું તારા ભક્તજનને વિદ્યાવાન, યશસ્વાન અને લક્ષ્મીવાન કર. તું રૂપ આપ, જય આપ, યશ આપ અને શત્રુઓનો નાશ કર. ૧૩

प्रचण्डदैत्यदर्पघ्ने चण्डिके प्रणताय मे। रूपं देहि जयं देहि यशो देहि द्विषो जहि ॥१४॥

હે ચંડિકા! તું પ્રચંડ દૈત્યોના દર્પને હરનારી છે. હું તને પ્રણમી રહ્યો છું. મને રૂપ આપ, જય આપ, યશ આપ અને મારા શત્રુઓનો નાશ કર. ૧૪

चतुर्भुजे चतुर्वक्त्रसंस्तुते परमेश्वरि। रूपं देहि जयं देहि यशो देहि द्विषो जहि ॥१५॥

હે પરમેશ્વરી! ચતુર્મુખ બ્રહ્મા તારી સ્તુતિ કરે છે. હે ચાર ભુજાવાળી! તું રૂપ આપ, જય આપ, યશ આપ અને શત્રુઓનો નાશ કર. ૧૫

कृष्णेन संस्तुते देवि शश्वद्भक्त्या त्वमम्बिके। रूपं देहि जयं देहि यशो देहि द्विषो जहि ॥१६॥

હે દેવી! શ્રીકૃષ્ણ સદૈવ તારી ભક્તિપૂર્વક સતત સ્તુતિ કરે છે. હે અંબિકા! તું રૂપ આપ, જય આપ, યશ આપ અને શત્રુઓનો નાશ કર. ૧૬

CC-0. Mumukshu Bhawan Varanasi Collection. Digitized by eGangotri

हिमाचलसुतानाथसंस्तुते परमेश्वरी । रूपं देहि जयं देहि यशो देहि द्विषो जहि ॥ १७ ॥

હે પરમેશ્વરી ! હિમાલયની પુત્રીના પતિ ભગવાન શંકર તારી સ્તુતિ કરે છે. તું રૂપ આપ, જય આપ, યશ આપ અને શત્રુઓનો નાશ કર. ૧૭

सुरासुरशिरोरत्ननिघृष्टचरणेऽम्बिके । रूपं देहि जयं देहि यशो देहि द्विषो जहि ॥ १८ ॥

હે અંબિકા ! સુરો અને અસુરો તારા ચરણમાં પોતાનાં મુગટરત્નો ઘસે છે. તું રૂપ આપ, જય આપ, યશ આપ અને શત્રુઓનો નાશ કર. ૧૮

*इन्द्राणीपतिसद्भावपूजिते परमेश्वरी । रूपं देहि जयं देहि यशो देहि द्विषो जहि ॥ १९ ॥

હે પરમેશ્વરી ! ઇંદ્રાણીપતિ ઇંદ્ર સદ્ભાવપૂર્વક તારું પૂજન કરે છે. તું રૂપ આપ, જય આપ, યશ આપ અને શત્રુઓનો નાશ કર. ૧૯

देवि भक्तजनोद्दामदत्तानन्दोदयेऽम्बिके । रूपं देहि जयं देहि यशो देहि द्विषो जहि ॥ २० ॥

હે દેવી ! ઉદ્દામ ભક્તજનોને તું આનંદોદય આપનારી છે. હે અંબિકા ! તું રૂપ આપ, જય આપ, યશ આપ અને શત્રુઓનો નાશ કર. ૨૦

पुत्रान् देहि धनं देहि सर्वकामांश्च देहि मे । रूपं देहि जयं देहि यशो देहि द्विषो जहि ॥२१॥

હે દેવી ! તું મને પુત્રો અને ધન આપી મારી સર્વ કામનાઓને પૂર્ણ કર તથા રૂપ, જય અને યશ આપી શત્રુઓનો નાશ કર. ૨૧

---

* देवि प्रचण्डदोर्दण्डदैत्यदर्पविनाशिनि । रूपं देहि जयं देहि यशो देहि द्विषो जहि ॥

હે દેવી ! તું પ્રચંડ ભુજાવાળા દૈત્યોના દર્પને દળનારી છે. તું રૂપ આપ, જય આપ, યશ આપ અને શત્રુઓનો નાશ કર.

CC-0. Mumukshu Bhawan Varanasi Collection. Digitized by eGangotri

पत्नीं मनोरमां देहि मनोवृत्तानुसारिणीम् । तारिणीं दुर्गसंसारसागरस्य कुलोद्भवाम् ॥२२॥

હે દેવી ! તું મને પત્ની આપ–તે મનોરમા હોય, મારી મનોવૃત્તિને અનુસરનારી હોય, ઉત્તમ કુળમાં જન્મેલી હોય અને દુસ્તર સંસારસાગરમાંથી તારનારી હોય. ૨૨

इदं स्तोत्रं पठित्वा तु महास्तोत्रं पठेन्नरः । स तु सप्तशतीसंख्यावरमाप्नोति सम्पदाम् ॥२३॥

જે મનુષ્ય આ સ્તોત્રનો પાઠ કર્યા પછી સપ્તશતીના મહાસ્તોત્રનો પાઠ કરે છે, તે સપ્તશતીની જપસંખ્યાથી મળનારું શ્રેષ્ઠ ફળ પામે છે અને તેને ઉત્તમ સંપત્તિ સાંપડે છે.

मार्कण्डेयपुराणे अर्गलास्तोत्रम् ॥

કીલક

ॐ अस्य श्रीकीलकमन्त्रस्य शिव ऋषिः; अनुष्टुप् छन्दः, श्रीमहासरस्वती देवता, श्रीजगदम्बाप्रीत्यर्थं सप्तशतीपाठाङ्गे जपे विनियोगः ।

ॐ આ કીલકમંત્રના શિવ ઋષિ છે, અનુષ્ટુપ છંદ છે, શ્રી મહાસરસ્વતી દેવતા છે, શ્રી જગદંબાની પ્રીતિ અર્થે સપ્તશતી પાઠને અંગે જપમાં વિનિયોગ.

ॐ नमश्चण्डिकायै ॥ ॐ ચંડિકાને નમસ્કાર.

मार्कण्डेय उवाच ॥ માર્કણ્ડેય બોલ્યા :

ॐ विशुद्धज्ञानदेहाय त्रिवेदीदिव्यचक्षुषे । श्रेयःप्राप्तिनिमित्ताय नमः सोमार्द्धधारिणे ॥ १ ॥

અર્ધચંદ્રને ધારણ કરનાર એ ભગવાન શિવને નમસ્કાર. વિશુદ્ધ જ્ઞાન તેમનો દેહ છે, ત્રણ વેદ તેમનાં ત્રણ દિવ્ય ચક્ષુ છે અને તે કલ્યાણપ્રાપ્તિમાં નિમિત્ત છે. ૧

CC-0. Mumukshu Bhawan Varanasi Collection. Digitized by eGangotri

सर्वमेतद्विजानीयान्मन्त्राणामपि कीलकम् । सोऽपि क्षेममवाप्नोति सततं जाप्यतत्परः ॥२॥

મંત્રોનું જે અભિકીલક (મંત્રસિદ્ધિમાં વિઘ્નકારી શાપનું નિવારણ કરનાર) છે, તે સપ્તશતીસ્તોત્રને સંપૂર્ણ રીતે જાણવું જોઈએ અને તેની ઉપાસના કરવી જોઈએ. સપ્તશતીથી અલગ અન્ય મંત્રોનો જે નિરંતર જાપ કરે છે, તેને પણ કલ્યાણ સાંપડે છે. ૨

सिध्यन्त्युच्चाटनादीनि वस्तूनि सकलान्यपि । एतेन स्तुवतां देवी स्तोत्रमात्रेण सिध्यति ॥३॥

એ મંત્રજાપથી ઉચ્ચાટન આદિ સકળ વસ્તુઓ સિદ્ધ થાય છે; છતાં જેઓ કેવળ સપ્તશતીસ્તોત્ર માત્રથી જ સ્તુતિ કરે છે, તેમને સચ્ચિદાનંદા દેવી સિદ્ધ થાય છે. ૩

न मन्त्रो नौषधं तत्र न किंचिदपि विद्यते । विना जाप्येन सिध्येत सर्वमुच्चाटनादिकम् ॥४॥

તેને મંત્રની, ઔષધની કે બીજા કશાનીય જરૂર નથી; તેને તો જપ વિનાય ઉચ્ચાટન આદિ સર્વ ક્રિયાઓ સિદ્ધ થાય છે. ૪

समग्राण्यपि सिध्यन्ति लोकशङ्कामिमां हरः । कृत्वा निमन्त्रयामास सर्वमेवमिदं शुभम् ॥५॥

એટલું જ નહિ, તેની સમગ્ર અભીષ્ટ વસ્તુઓ સિદ્ધ થાય છે. લોકમાં આ શંકા થઈ હતી કે, 'કેવળ સપ્તશતીની ઉપાસના કરવાથી જે કાર્યસિદ્ધિ થાય છે, તે અન્ય મંત્રોની ઉપાસનાથી પણ થાય છે; તો એ બેમાં શ્રેષ્ઠ સાધન કયું?' આથી ભગવાન શંકરે પોતાની પાસે આવેલા જિજ્ઞાસુઓને સમજણ આપી કે, આ સપ્તશતીસ્તોત્ર એ શુભોત્તમ ને સર્વશ્રેષ્ઠ છે. ૫

स्तोत्रं वै चण्डिकायास्तु तच्च गुह्यं चकार सः । समाप्तिर्न च पुण्यस्य तां यथावन्नियन्त्रणाम् ॥६॥

એ પછી ભગવાન શંકરે ચંડિકાના એ સપ્તશતીસ્તોત્રને ગુપ્ત કરી દીધું. અન્ય

CC-0. Mumukshu Bhawan Varanasi Collection. Digitized by eGangotri

મંત્રોના જપથી મળતા પુણ્યને મર્યાદા છે, ત્યારે સપ્તશતીસ્તોત્રના પાઠથી મળતા પુણ્યને કદીય સમાપ્તિ આવતી નથી. ૬

सोऽपि क्षेममवाप्नोति सर्वमेव न संशयः । कृष्णायां वा चतुर्दश्यामष्टम्यां वा समाहितः ॥७॥
ददाति प्रतिगृह्णाति नान्यथैषा प्रसीदति । इत्थंरूपेण कीलेन महादेवेन कीलितम् ॥ ८ ॥

અન્ય મંત્રોનો જપ કરનાર પણ જો સપ્તશતીસ્તોત્ર અને જપનું અનુષ્ઠાન કરે, તો નિઃસંશય રીતે તે પણ કલ્યાણ પામે. જો સાધક એકાગ્રચિત્તે વદ ચૌદશ કે આઠમને દિવસે દેવીને પોતાનું સર્વસ્વ અર્પણ કરીને પ્રસાદરૂપે એને ગ્રહણ કરે છે, તો દેવી એથી પ્રસન્ન થાય છે. બીજી રીતે એની પ્રસન્નતા મળતી નથી.× આ પ્રકારે ભગવાન મહાદેવે સિદ્ધિને પ્રતિબંધ કરનાર કીલ દ્વારા આ સ્તોત્રને કીલિત કર્યું. ૭,૮

यो निष्कीलां विधायैनां नित्यं जपति सुस्फुटम् । स सिद्धः स गणः सोऽपि गन्धर्वो जायते वने ॥

આ પ્રમાણે નિષ્કીલન કરીને જે મનુષ્ય આ સપ્તશતીસ્તોત્રનો નિત્ય સ્પષ્ટ ઉચ્ચારપૂર્વક પાઠ કરે છે, તે મનુષ્ય સિદ્ધ થાય છે, તે દેવીનો ગણ થાય છે, તેમ જ તે ગંધર્વ પણ થાય છે. ૯

× આ નિષ્કીલન અથવા શાપોદ્ધારનો વિશેષ પ્રકાર છે. ભગવતીના ઉપાસકે એ બે તિથિઓએ દેવીની સેવામાં રજૂ થઈ, પોતે ન્યાયથી મેળવેલું ધન દેવીને અર્પણ કરવું અને એકચિત્તે પ્રાર્થના કરવી: 'મા, આજથી મારું આ સર્વ ધન તારી સેવામાં અર્પું છું. એના ઉપર મારો કશોય અધિકાર નથી.' પછી જાણે જગદંબા કહેતી હોય એવી આ ભાવના તે કરે: 'વત્સ! સંસારયાત્રા ચલાવવા માટે તું આ ધન મારા પ્રસાદરૂપે લે.' આને 'દાન-પ્રતિગ્રહકરણ' કહે છે. આથી સપ્તશતીનો શાપોદ્ધાર થાય છે અને દેવીની કૃપા મળે છે.

CC-0. Mumukshu Bhawan Varanasi Collection. Digitized by eGangotri

न चैवाप्यटतस्तस्य भयं क्वापीह जायते । नापमृत्युवशं याति मृता मोक्षमवाप्नुयात् ॥१०॥

તે ગમે ત્યાં ફરે તોય તેને ક્યાંયે કંઈ પણ ભય થતો નથી. તેને અપમૃત્યુ આવતું નથી અને મરણ પછી તે મોક્ષ પામે છે. ૧૦

ज्ञात्वा प्रारभ्य कुर्वीत ह्यकुर्वाणो विनश्यति । ततो ज्ञात्वैव सम्पन्नमिदं प्रारभ्यते बुधैः ॥११॥

આથી કીલને જાણી, એનો પરિહાર કરી, સપ્તશતીનો પાઠ આદરવો. જે આ પ્રમાણે કરતો નથી, તેનો વિનાશ થાય છે. તેથી કીલક તથા નિષ્કીલનનું જ્ઞાન મેળવ્યાથી જ આ સ્તોત્ર નિર્દોષ થાય છે. વિદ્વાનો આ નિર્દોષ સ્તોત્રનો પાઠ આરંભે છે. ૧૧

सौभाग्यादि च यत्किंचिद् दृश्यते ललनाजने । तत्सर्वं त्वत्प्रसादेन तेन जाप्यमिदं शुभम् ॥१२॥

લલનાઓમાં જે કાંઈ સૌભાગ્ય આદિ દેખાય છે, તે સર્વ દેવીના પ્રસાદથી છે; તેથી આ શુભ સ્તોત્રનો જપ કરવો જોઈએ. ૧૨

शनैस्तु जप्यमानेऽस्मिन् स्तोत्रे सम्पतिरुच्चकैः । भवत्येव समग्रापि ततः प्रारभ्यमेव तत् ॥ १३ ॥

આ સ્તોત્રનો ધીમે સ્વરે પાઠ કરવામાં આવે, તો તેથી સ્વલ્પ ફળ મળે, પણ એનો ઉચ્ચ સ્વરે પાઠ થાય, તો તેથી પૂરી ફલસિદ્ધિ થાય. એટલે ઉચ્ચ સ્વરે જ એનો પાઠ આરંભવો. ૧૩

ऐश्वर्यं यत्प्रसादेन सौभाग्यारोग्यसम्पदः । शत्रुहानिः परो मोक्षः स्तूयते सा न किं जनैः ॥१४॥

જેના પ્રસાદથી ઐશ્વર્ય, આરોગ્ય, સંપત્તિ, સૌભાગ્ય અને શત્રુનાશ તેમ જ પરમ મોક્ષ સાંપડે છે, તે દેવીની સ્તુતિ મનુષ્યો કેમ ન કરે? ૧૪

इति देव्याः कीलकस्तोत्रम् ॥

CC-0. Mumukshu Bhawan Varanasi Collection. Digitized by eGangotri

એકાદશન્યાસ વગેરે

વિનિયોગ:

श्रीगणपतिर्जयति । ॐ अस्य श्रीनवार्णमन्त्रस्य ब्रह्मविष्णुरुद्रा ऋषयः, गायत्र्युष्णिगनुष्टुभश्छन्दांसि, श्रीमहाकालीमहालक्ष्मीमहासरस्वत्यो देवताः नंदाशाकंभरीभीमाः शक्तयः, रक्तदंतिकादुर्गाभ्रामर्यो बीजानि, अग्निवायुसूर्यास्तत्त्वानि, श्रीमहाकालीमहालक्ष्मीमहासरस्वतीप्रीत्यर्थे जपे विनियोगः ।

શ્રીગણપતિનો જય હો ! ॐ આ શ્રીનવાર્ણમંત્રના બ્રહ્મા, વિષ્ણુ અને રુદ્ર ઋષિઓ છે; ગાયત્રી, ઉષ્ણિગ અને અનુષ્ટુપ છંદો છે; શ્રી મહાકાલી, મહાલક્ષ્મી, મહાસરસ્વતી દેવતા છે; નંદા, શાકંભરી, ભીમા શક્તિઓ છે; રક્તદંતિકા, દુર્ગા, ભ્રામરી બીજ છે; અગ્નિ, વાયુ, સૂર્ય તત્ત્વ છે; મહાકાલી, મહાલક્ષ્મી તથા મહાસરસ્વતીના પ્રીત્યર્થે જપમાં વિનિયોગ.

ऋष्यादिन्यासः

ब्रह्मविष्णुरुद्रऋषिभ्यो नमः शिरसि । गायत्र्युष्णिगनुष्टुप्छन्दोभ्यो नमः मुखे । महाकालीमहालक्ष्मीमहासरस्वतीदेवताभ्यो नमः हृदि । नंदाशाकंभरीभीमाशक्तिभ्यो नमः दक्षिणस्तने । रक्तदंतिकादुर्गाभ्रामरीबीजेभ्यो नमः वामस्तने । अग्निवायुसूर्यतत्त्वेभ्यो नमः नाभौ । इति ऋष्यादिन्यासः ।

બ્રહ્મા, વિષ્ણુ, રુદ્ર ઋષિઓને નમસ્કાર (માથે); ગાયત્રી, ઉષ્ણિગ, અનુષ્ટુપ છંદોને નમસ્કાર (મુખે); મહાકાલી, મહાલક્ષ્મી, મહાસરસ્વતી દેવતાઓને નમસ્કાર (હૃદયે); નંદા, શાકંભરી, ભીમા શક્તિઓને નમસ્કાર (દક્ષિણસ્તને); રક્તદંતિકા, દુર્ગા, ભ્રામરી બીજને નમસ્કાર (ડાબે સ્તને);

CC-0. Mumukshu Bhawan Varanasi Collection. Digitized by eGangotri

અગ્નિ, વાયુ, સૂર્યતત્ત્વોને નમસ્કાર (નાભિએ).

ૐ 'ऐं ह्रीं क्लीं चामुंडायै विच्चे' આ મંત્ર બોલી હાથોને શુદ્ધ કરવા.

એકાદશન્યાસ:

तत्रादौ मातृकान्यासः। सर्वत्रादौ प्रणवोच्चारः। अंनमो ललाटे, आंनमो मुखवृत्ते, इंनमो दक्षिणनेत्रे, ईंनमो वामनेत्रे, उंनमो दक्षिणकर्णे, ऊंनमो वामकर्णे, ऋंनमो दक्षिणनसि, ॠंनमो वामनसि, ऌंनमो दक्षिणगंडे, ॡंनमो वामगंडे, एंनम ऊर्ध्वोष्ठे, ऐंनमोऽधरोष्ठे, ओंनम ऊर्ध्वदंतपंक्तौ, औं नमोऽधोदंतपंक्तौ, अंनमः शिरसि, अःनमो मुखे, कंनमो दक्षबाहुमूले, खंनमो दक्षकूर्परे, गंनमो दक्षमणिबंधे, घंनमो दक्षांगुलिमूले, ङनमो दक्षांगुल्यग्रे, चंनमो वामबाहुमूले, छंनमो वामकूर्परे, जंनमो वाममणिबंधे, झंनमो वामांगुलिमूले, ञंनमो वामांगुल्यग्रे, टंनमो दक्षपादमूले, ठंनमो दक्षजानुनि, डंनमो दक्षगुल्फे, ढंनमो दक्षपादांगुलिमूले, णंनमो दक्षपादांगुल्यग्रे, तंनमो वामपादमूले, थंनमो वामजानुनि, दंनमो वामगुल्फे, धंनमो वामपादांगुलिमूले, नंनमो वामपादांगुल्यग्रे, पंनमो दक्षपार्श्वे, फंनमो वामपार्श्वे, भंनमो नाभौ, मंनमो जठरे, यंनमो हृदि, रंनमो दक्षांसे, लंनमः ककुदि, वंनमो वामांसे, शंनमो हृदादिदक्षहस्तान्ते, षंनमो हृदादिवामहस्तान्ते, संनमो हृदादिदक्षपादान्ते, हंनमो हृदादिवामपादान्ते, लंनमो जठरे, क्षंनमो मुखे॥

પ્રથમ માતૃકાન્યાસ કરવા. સર્વત્ર આદિમાં ૐ બોલવો અને અકારાદિના અનુક્રમે બોલીને તે તે ભાગને સ્પર્શ કરવો. આ પ્રમાણે દેવનું સારૂપ્ય આપનાર માતૃકાન્યાસ પ્રથમ થયો.

ऐंह्रींक्लींनमः कनिष्ठिकयोः, ऐंह्रींक्लींनमोऽनामिकयोः, ऐंह्रींक्लींनमो मध्यमयोः, ऐंह्रींक्लीं-

CC-0. Mumukshu Bhawan Varanasi Collection. Digitized by eGangotri

नमः तर्जन्योः, ऐंह्रींक्लींनमोंऽगुष्ठयोः, ऐंह्रींक्लींनमः करमध्ये, ऐंह्रींक्लींनमः करपृष्ठे, ऐंह्रींक्लींनमो मणिबन्धयोः, ऐंह्रींक्लींनमः कूर्परयोः, ऐंह्रींक्लींनमो हृदयाय नमः, ऐंह्रींक्लींनमः शिरसे स्वाहा, ऐंह्रींक्लीं नमः शिखायै वषट्, ऐंह्रींक्लीं नमः कवचाय हुं, ऐंह्रींक्लींनमो नेत्रत्रयाय वौषट्, ऐंह्रींक्लीं नमोऽस्त्राय फट् ॥

આ પ્રમાણે અનુક્રમે બોલીને કનિષ્ઠિકા આંગળી વગેરેને સ્પર્શ કરવો. આ પ્રમાણે જાડ્યનો વિનાશ કરનાર સારસ્વત બીજો ન્યાસ થયો.

ह्रींब्राह्मी पूर्वस्यां मां पातु। ह्रींमाहेश्वरी आग्नेय्यां मां पातु। ह्रींकौमारी दक्षिणस्यां मां पातु। ह्रींवैष्णवी नैर्ऋत्यां मां पातु। ह्रींवाराही पश्चिमायां मां पातु। ह्रींइन्द्राणी वायव्यां मां पातु। ह्रींचामुण्डा उत्तरस्यां मां पातु। ह्रींमहालक्ष्मीरैशान्यां मां पातु। ह्रींव्योमेश्वरी ऊर्ध्वे मां पातु। ह्रींसप्तद्वीपेश्वरी भूमौ मां पातु। ह्रींकामेश्वरी पाताले मां पातु ॥

[બ્રાહ્મી પૂર્વમાં, માહેશ્વરી અગ્નિખૂણામાં, કૌમારી દક્ષિણમાં, વૈષ્ણવી નૈર્ઋત્યમાં, વારાહી પશ્ચિમમાં, ઇંદ્રાણી વાયવ્યમાં, ચામુંડા ઉત્તરમાં, મહાલક્ષ્મી ઈશાનમાં, વ્યોમેશ્વરી ઉપર, સપ્તદ્વીપેશ્વરી ભૂમિ ઉપર અને કામેશ્વરી પાતાળમાં મારું રક્ષણ કરો.] આ પ્રમાણે ત્રણે લોક પર વિજય અપાવનાર ત્રીજો માતૃકાન્યાસ થયો.

कमलांकुशमंडिता नंदजा पूर्वांगं मे पातु। खड्गपात्रधरा रक्तदंतिका दक्षिणांगं मे पातु। पुष्पपल्लवसंयुता शाकंभरी पश्चिमांगं मे पातु। धनुर्बाणकरा दुर्गा वामांगं मे पातु। शिरःपात्रकरा भीमा मस्तकाच्चरणावधि मां पातु। चित्रकांतिभृद्भ्रामरी पादादिमस्तकान्तं मे पातु।

CC-0. Mumukshu Bhawan Varanasi Collection. Digitized by eGangotri

[કમલાંકુશથી શોભતી નંદજા મારું પૂર્વાંગ રક્ષો; ખડ્ગ અને પાત્રને ધારણ કરનારી રક્તદંતિકા મારું દક્ષિણ અંગ રક્ષો; પુષ્પ અને પલ્લવવાળી શાકંભરી મારું પશ્ચિમાંગ રક્ષો; ધનુષ્ય અને બાણને હાથમાં ધરનારી દુર્ગા મારું વામ અંગ રક્ષો; માથું અને પાત્ર હાથમાં રાખતી ભીમા મસ્તકથી તે ચરણ સુધી મારું રક્ષણ કરો; રંગબેરંગી કાંતિવાળી ભ્રામરી પગથી તે માથા સુધી મારું રક્ષણ કરો.] આ પ્રમાણે જરા ને મૃત્યુને હરનારો નંદજાદિન્યાસ ચોથો થયો.

पादादिनाभिपर्यन्तं ब्रह्मा मां पातु। नाभेर्विशुद्धिपर्यंतं जनार्दनो मां पातु। विशुद्धेर्ब्रह्मरंध्रान्तं रुद्रो मां पातु। हंसः पदद्वयं मे पातु। वैनतेयः करद्वयं मे पातु। वृषभश्चक्षुषी मे पातु। गजाननः सर्वांगं मे पातु। आनन्दमयो हरिः परापरौ देहभागौ मे पातु।

[પગથી નાભિ સુધી બ્રહ્મા, નાભિથી વિશુદ્ધિચક્ર સુધી જનાર્દન અને વિશુદ્ધિચક્રથી બ્રહ્મરંધ્ર સુધી રુદ્ર મારું રક્ષણ કરો. હંસ મારા બે પગને, વિનતાનંદન મારા બે હાથને, વૃષભ મારી બે આંખને, ગજાનન મારા સર્વાંગને અને આનંદમય હરિ મારા આગલા–પાછલા દેહભાગને રક્ષો.] આ પ્રમાણે સર્વ કામના સિદ્ધ કરનાર બ્રહ્માદિન્યાસ પાંચમો થયો.

अष्टादशभुजा लक्ष्मी मध्यभागं मे पातु। अष्टभुजा महासरस्वती ऊर्ध्वभागं मे पातु। दशभुजा महाकाली अधोभागं मे पातु। सिंहो हस्तद्वयं मे पातु। परहंसोऽक्षियुगं मे पातु। महिषारूढो यमः पदद्वयं मे पातु। महेशश्चण्डियुक्तः सर्वांगं मे पातु।

[અષ્ટાદશભુજા લક્ષ્મી મારા મધ્યભાગે, અષ્ટભુજા મહાસરસ્વતી મારા ઊર્ધ્વભાગે, દશભુજા મહાકાલી મારા અધોભાગે, સિંહ મારા બે હાથને, પરમહંસ મારી બે આંખને, પાડા ઉપર આરૂઢ યમ મારા બે પગને અને ચંડિકા સાથેના મહેશ મારા સર્વાંગને રક્ષો.] આ પ્રમાણે સદ્ગતિ આપનાર છઠ્ઠો મહાલક્ષ્મ્યાદિન્યાસ થયો.

CC-0. Mumukshu Bhawan Varanasi Collection. Digitized by eGangotri

पैंनमो ब्रह्मरन्ध्रे । ह्रींनमो दक्षिणनेत्रे । क्लींनमो वामनेत्रे । चांनमो दक्षिणकर्णे । मुंनमो वामकर्णे । डांनमो दक्षिणनासापुटे । यैंनमो वामनासापुटे । विंनमो मुखे । च्चैं नमो गुह्ये ॥

આ પ્રમાણે રોગનો ક્ષય કરનાર સાતમો મૂલાક્ષરન્યાસ થયો.

च्चैंनमो गुह्ये । विंनमो मुखे । यैंनमो वामनासापुटे । डांनमो दक्षिणनासापुटे । मुंनमो वामकर्णे । चांनमो दक्षिणकर्णे । क्लींनमो वामनेत्रे । ह्रींनमो दक्षनेत्रे । पैंनमो ब्रह्मरन्ध्रे ॥

આ પ્રમાણે સર્વ દુઃખનો નાશ કરનાર આઠમો વિલોમાક્ષર ન્યાસ થયો.

મૂળ મંત્રનું ઉચ્ચારણ કરી માથાથી પગ સુધી અને પગથી માથા સુધી આઠવાર વ્યાપક કરવા. પહેલાં આગળથી લઈ, મૂળ મંત્રથી મસ્તકથી ચરણ સુધી, પછી ચરણથી મસ્તક સુધી, એમ મૂળ મંત્રથી વ્યાપક કરવા. એ જ પ્રમાણે જમણેથી અને ડાબેથી. પછી પ્રતિ દિગ્ભાગે અનુલોમ અને વિલોમથી બબ્બેવાર એમ આઠવાર વ્યાપક થાય. આ પ્રમાણે દેવતાની પ્રાપ્તિ કરાવનાર મૂલવ્યાપકન્યાસ નવમો થયો.

મૂળ મંત્ર બોલી हृदयाय नमः એમ અંગને–ષડ્ અંગને–મૂળ મંત્ર ઉચ્ચારી ન્યાસ કરવા. આ પ્રમાણે ત્રૈલોક્યને વશ કરનાર મૂળ ષડંગન્યાસ દશમો થયો.

खड्गिनी शूलिनी घोरा गदिनी चक्रिणी तथा । शंखिनी चापिनी बाणभुशुंडी परिघायुधा ॥
सौम्यासौम्यतराशेषसौम्येभ्यस्त्वतिसुन्दरि । परापराणां परमा त्वमेव परमेश्वरी ॥
यच्च किंचित्क्वचिद् वस्तु सदसद्वाखिलात्मिके । तस्य सर्वस्य या शक्तिः सा त्वं किं स्तूयसे मया ॥
यया त्वया जगत्स्रष्टा जगत्पात्यत्ति यो जगत् । सोऽपि निद्रावशं नीतः कस्त्वां स्तोतुमिहेश्वरः ॥
विष्णुः शरीरग्रहणमहमीशान एव च । कारितास्ते यतोऽतस्त्वां कः स्तोतुं शक्तिमान् भवेत् ॥

आद्यं वाग्बीजं कृष्णतरं ध्यात्वा सर्वांगे विन्यसामि । પહેલાં કૃષ્ણતર વાગ્બીજનું ધ્યાન ધરી

CC-0. Mumukshu Bhawan Varanasi Collection. Digitized by eGangotri

સર્વાંગન્યાસ કરવા.

शूलेन पाहि नो देवि पाहि खड्गेन चांबिके। घंटास्वनेन नः पाहि चापज्यानिःस्वनेन च॥
प्राच्यां रक्ष प्रतीच्यां च चंडिके रक्ष दक्षिणे। भ्रामणेनात्मशूलस्य उत्तरस्यां तथेश्वरी॥
सौम्यानि यानि रूपाणि त्रैलोक्ये विचरंति ते। यानि चात्यंतघोराणि तै रक्षास्मांस्तथा भुवम्॥
खड्गशूलगदादीनि यानि चास्त्राणि तेऽबिके। करपल्लवसंगीनि तैरस्मान्रक्ष सर्वतः॥

द्वितीयं मायाबीजं सूर्यसदृशं ध्यात्वा सर्वांगे विन्यसेत्। બીજું સૂર્યસદશ માયાબીજનું ધ્યાન ધરી સર્વાંગે ન્યાસ કરવા.

सर्वस्वरूपे सर्वेशे सर्वशक्तिसमन्विते। भयेभ्यस्त्राहि नो देवि दुर्गे देवि नमोऽस्तु ते॥
एतत्ते वदनं सौम्यं लोचनत्रयभूषितम्। पातु नः सर्वभूतेभ्यः कात्यायनि नमोऽस्तु ते॥
ज्वालाकरालमत्युग्रमशेषासुरसूदनम्। त्रिशूलं पातु नो भीतेर्भद्रकालि नमोऽस्तु ते॥
हिनस्ति दैत्यतेजांसि स्वनेनापूर्य या जगत्। सा घंटा पातु नो देवि पापेभ्यो नः सुतानिव॥
असुरासृगवसापंकचर्चितस्ते करोज्ज्वलः। शुभाय खड्गो भवतु चंडिके त्वां नता वयम्॥

तृतीय कामबीजं स्फटिकाभं ध्यात्वा सर्वांगे विन्यसेत्। ત્રીજા સ્ફટિકના જેવી આભાવાળા કામબીજનું ધ્યાન ધરી સર્વાંગે ન્યાસ કરવા.

આ પ્રમાણે સૂક્તાદિબીજત્રય, સર્વ અનિષ્ટ હરનાર અને સર્વ અભીષ્ટ આપનાર તેમ જ સર્વ રક્ષા કરનાર ન્યાસ અગિયારમો થયો.

मूलषडंगन्यास : ॐ ऐंअंगुष्ठाभ्यां नमः (બન્ને અંગૂઠા), ॐ ह्रींतर्जनीभ्यां नमः (બન્ને તર્જની), ॐ क्लींमध्यमाभ्यां नमः (બન્ને મધ્યમા), ॐ चामुण्डायै अनामिकाभ्यां नमः (બન્ને અનામિકા), ॐ विच्चे कनिष्ठिकाभ्यां नमः (બન્ને કનિષ્ઠિકા), ॐ ऐंह्रींक्लीं चामुण्डायै विच्चे करतलकर-

CC-0. Mumukshu Bhawan Varanasi Collection. Digitized by eGangotri

पृष्ठाभ्यां नमः (બંને હથેળીઓ અને હથેળીઓના પાછળના ભાગ), એ પ્રમાણે અનુક્રમે બોલીને હૃદયાદિ ન્યાસ કરવા.

હૃદયાદિ ન્યાસ : આ ન્યાસમાં જમણા હાથની પાંચે આંગળીઓથી હૃદય આદિ અંગોને સ્પર્શ કરવો.

ॐ ऐंहृदयाय नमः (હૃદય), ॐ ह्रींशिरसे स्वाहा (મસ્તક), ॐ क्लींशिखायै वषट् (શિખા), ॐ चामुण्डायै कवचाय हुम् (જમણા હાથની આંગળીઓથી ડાબા ખભાની અને ડાબા હાથની આંગળીઓથી જમણા ખભાની સાથે સ્પર્શ કરવો), ॐ विच्चे नेत्रत्रयाय वौषट् (જમણા હાથની આંગળીઓનાં ટેરવાંથી બંને આંખો અને લલાટને સ્પર્શ કરવો), ॐ ऐंह्रींक्लीं चामुण्डायै विच्चे अस्त्राय फट् (આ વાક્ય બોલી જમણા હાથને માથા ઉપર લઈ જઈ ડાબી બાજુએ પાછલી બાજુ લઈ જવો. પછી જમણી બાજુથી આગલી બાજુ લઈ આવવો અને તર્જની તથા મધ્યમા આંગળીઓથી ડાબા હાથની હથેલી પર તાલી વગાડવી.)

અક્ષરન્યાસ : નીચે લખેલાં વાક્યો બોલી, ક્રમપૂર્વક શિખા વગેરેને જમણા હાથની આંગળીઓથી સ્પર્શ કરવો.

ॐ ऐंनमः शिखायाम् (શિખાને), ॐ ह्रींनमो दक्षिणनेत्रे (જમણી આંખે), ॐ क्लींनमो वामनेत्रे (ડાબી આંખે), ॐ चांनमो दक्षिणकर्णे (જમણા કાને), ॐ मुंनमो वामकर्णे (ડાબા કાને), ॐ डांनमो दक्षिणनासापुटे (જમણા નસકોરે), ॐ यैंनमो वामनासापुटे (ડાબા નસકોરે), ॐ विंनमो मुखे (મોંએ), ॐ च्चेंनमो गुह्ये (ગુહ્ય ભાગે).

આ પ્રકારે ન્યાસ કરી, મૂળ મંત્રથી આઠ વાર વ્યાપક મુદ્રા બતાવવી. પછી દરેક દિશામાં ચપટી બજાવતાં ન્યાસ કરવો.

દિગ્ન્યાસ : ॐ ऐंप्राच्यै नमः (પૂર્વ દિશા), ॐ ऐंआग्नेय्यै नमः (અગ્નિખૂણો), ॐ

CC-0. Mumukshu Bhawan Varanasi Collection. Digitized by eGangotri

ह्रींदक्षिणायै नमः (દક્ષિણ દિશા), ॐ ह्रींनैर्ऋत्यै नमः (નૈઋત્યખૂણો), ॐ क्लींप्रतीच्यै नमः (પશ્ચિમ દિશા), ॐ क्लींवायव्यै नमः (વાયવ્યખૂણો), ॐ चामुण्डायै उदीच्यै नमः (ઉત્તર દિશા), ॐ चामुण्डायै ऐशान्यै नमः (ઈશાનખૂણો), ॐ ऐंह्रींक्लीं चामुंडायै विच्चे ऊर्ध्वायै नमः (ઉપર), ॐ ऐंह्रींक्लीं चामुण्डायै विच्चे भूम्यै नमः (ભૂમિ).

ध्यान

खड्गं चक्रगदेषुचापपरिघाञ्छूलं भुशुंडीं शिरः।
शंखं संदधतीं करैस्त्रिनयनां सर्वांगभूषावृताम्॥
नीलाश्मद्युतिमास्यपाददशकां सेवे महाकालिकां।
यामस्तौत्स्वपिते हरौ कमलजो हंतुं मधुं कैटभम्॥१॥*

अक्षस्रक्परशू गदेषुकुलिशं पद्मं धनुः कुंडिकां।
दण्डं शक्तिमसिं च चर्म जलजं घंटां सुराभाजनम्॥
शूलं पाशसुदर्शने च दधतीं हस्तैः प्रवालप्रभां।
सेवे सैरिभमर्दिनीमिह महालक्ष्मीं सरोजस्थिताम्॥२॥+

घंटाशूलहलानि शंखमुसले चक्रं धनुः सायकं।
हस्ताब्जैर्दधतीं घनांतविलसच्छीतांशुतुल्यप्रभाम्॥
गौरीदेहसमुद्भवां त्रिजगतामाधारभूतां महा-
पूर्वामत्र सरस्वतीमनुभजे शुंभादिदैत्यार्दिनीम्॥३॥÷

* આનો અર્થ પ્રથમ અધ્યાયના ધ્યાનમાં જુઓ, + આનો અર્થ દ્વિતીય અધ્યાયના ધ્યાનમાં જુઓ.
÷ આનો અર્થ પાંચમા અધ્યાયના ધ્યાનમાં જુઓ.

CC-0. Mumukshu Bhawan Varanasi Collection. Digitized by eGangotri

ફરી 'ऐंह्रींक्लीं अक्षमालिकायै नमः' એ મંત્રથી માળાની પૂજા કરી નીચે પ્રમાણે પ્રાર્થના કરવીઃ

ॐ मां माले महामाये सर्वशक्तिस्वरूपिणी। चतुर्वर्गस्त्वयि न्यस्तस्तस्मान्मां सिद्धिदा भव॥

ॐ હે મહામાયા! હે સર્વશક્તિસ્વરૂપિણી! હે માલા! ધર્મ, અર્થ, કામ અને મોક્ષ તારામાં રહેલ છે, તો તું મારે માટે સિદ્ધિદાયિની થા.

એ પ્રમાણે માળાની પ્રાર્થના કરીને 'ॐ सिद्धये नमः' એ મંત્ર બોલીને માળાને પ્રણામ કરીને જપ કરવા. मंत्रार्थस्तु 'महासरस्वत्यादिरूपे चित्सदानंदमये चंडिके त्वां ब्रह्मविद्याप्राप्त्यर्थं वयं सर्वदा ध्यायामः। ['મહાકાલી, મહાલક્ષ્મી, મહાસરસ્વતી સ્વરૂપવાળાં તથા ચિત્, સત્ અને આનંદમય સ્વરૂપવાળાં, એવાં તમારું બ્રહ્મવિદ્યાની પ્રાપ્તિ માટે હું હમેશાં ધ્યાન ધરું છું.'] આ પ્રમાણે અર્થના અનુસંધાનપૂર્વક ૧૦૮ નવાર્ણમંત્ર જપીની ષડંગન્યાસ કરી રાત્રિસૂક્ત ભણવું.

વેદોક્ત રાત્રિસૂક્ત*

रात्रीति सूक्तस्य, कुशिकऋषिः, रात्रिर्देवता, गायत्री च्छंदः, श्रीजगदम्बाप्रीत्यर्थे सप्तशतीपाठादौ जपे विनियोगः।

'રાત્રિ' એ સૂક્તના કુશિક ઋષિ છે, રાત્રિ દેવતા છે, ગાયત્રી છંદ છે, શ્રીજગદંબાની પ્રીતિ માટે સપ્તશતી પાઠના પહેલા જપમાં વિનિયોગ.

---

* રાત્રિસૂક્ત બે પ્રકારનાં છે; એક વૈદિક અને બીજું તાંત્રિક. વૈદિક રાત્રિસૂક્ત ઋગ્વેદની આઠ ઋચાઓ (ઋગ્વેદ મંડળ ૧૦, અધ્યાય ૧૦, સૂક્ત ૧૨૭, મંત્ર ૧થી ૮) છે; અને તાંત્રિક તો દુર્ગાસપ્તશતીના પ્રથમ અધ્યાયમાં (શ્લોક ૭૦ થી ૮૭) છે.

રાત્રિદેવતાના પ્રતિપાદક સૂક્તને રાત્રિસૂક્ત કહેવામાં આવે છે. એ રાત્રિદેવી બે પ્રકારની છેઃ

CC-0. Mumukshu Bhawan Varanasi Collection. Digitized by eGangotri

ॐ रात्री व्यख्यदायती पुरुत्रा देव्यक्षभिः । विश्वा अधि श्रियोऽधित ॥ १ ॥

એ રાત્રિરૂપિણી દેવી મહતત્ત્વાદિરૂપ વ્યાપક ઇંદ્રિયોથી સર્વ દેશોમાં સમસ્ત વસ્તુઓને પ્રકાશિત કરે છે. તે પોતાના ઉત્પન્ન કરેલા જગતના જીવોનાં શુભાશુભ કર્મોને વિશેષરૂપે જુએ છે અને તેમને અનુરૂપ ફળની વ્યવસ્થા કરવા માટે સમસ્ત વિભૂતિઓને ધારણ કરે છે. ૧

ओर्वप्रा अमर्त्या निवतो देव्युद्वतः । ज्योतिषा बाधते तमः ॥ २ ॥

એ દેવી અમર છે. તે સંપૂર્ણ વિશ્વને, નીચે ફેલાવનારાં લતા આદિને તેમ જ ઊંચે વધનારાં વૃક્ષોને વ્યાપીને રહી છે. અરે! તે પોતાની જ્ઞાનમય જ્યોતિથી જીવોના અજ્ઞાન–અંધકારને દૂર કરે છે. ૨

निरु स्वसारमस्कृतोषसं देव्यायती । अपेदुहासते तमः ॥ ३ ॥

પરાચિચ્છક્તિ(ચિદ્શક્તિ)રૂપી રાત્રિદેવી આવીને પોતાની બહેન એવી બ્રહ્મ-

---

એક જીવરાત્રિ અને બીજી ઈશ્વરરાત્રિ. જેમાં પ્રતિદિન જગતના સાધારણ જીવોનો વ્યવહાર લુપ્ત થાય છે; તે જીવરાત્રિ છે જેમાં ઈશ્વરનો જગદ્રૂપ વ્યવહાર લુપ્ત થાય છે તે ઈશ્વરરાત્રિ છે–એને કાલરાત્રિ કે મહાકાલરાત્રિ પણ કહે છે. એ સમયે કેવળ બ્રહ્મ અને એની માયાશક્તિ–અવ્યક્ત પ્રકૃતિ શેષ રહે છે. એની અધિષ્ઠાત્રી દેવી ભુવનેશ્વરી છે. દેવીપુરાણમાં આ ભુવનેશ્વરી વિશે આ વચનો છે:

ब्रह्ममायात्मिका रात्रिः परमेशलयात्मिका । तदधिष्ठातृदेवी तु भुवनेशी प्रकीर्तिता ॥ રાત્રિસૂક્તમાં એનું જ સ્તવન થાય છે.

CC-0. Mumukshu Bhawan Varanasi Collection. Digitized by eGangotri

વિદ્યામયી ઉષાદેવીને પ્રગટ કરે છે અને તેથી અવિદ્યામય અંધકાર આપોઆપ નાશ પામે છે. ૩

सा नो अद्य यस्या वयं नि ते यामन्नविक्ष्महि । वृक्षे न वसतिं वयः ॥ ४ ॥

એ રાત્રિદેવી આ સમયે મારા પર પ્રસન્ન હો. જેમ રાતને સમયે પંખીઓ ઝાડ ઉપર બનાવેલા પોતાના માળામાં સુખપૂર્વક સૂઈ જાય છે, તેમ એ દેવીના આગમનથી લોક પોતાના ઘરમાં સુખેથી સૂએ છે. ૪

नि ग्रामासो अविक्षत नि पद्वन्तो नि पक्षिणः । नि श्येनासश्चिदर्थिनः ॥ ५ ॥

એ કરુણામયી રાત્રિદેવીના ખોળામાં સંપૂર્ણ ગ્રામવાસી મનુષ્યો; પગ ઉપર ચાલનારાં ગાય, ઘોડા વગેરે પશુઓ; પાંખે ઊડનારાં પતંગ આદિ પક્ષીઓ; કંઈ કામસર યાત્રા કરનારા વટેમાર્ગુઓ અને બાજ વગેરે સુખપૂર્વક શયન કરે છે. ૫

यावया वृक्यं वृकं यवयस्तेनमूर्म्ये । अथा नः सुतरा भव ॥ ६ ॥

હે રાત્રિમયી ચિત્શક્તિ! તું કૃપા કરીને વાસનામયી વૃકીને તેમજ પાપમય વૃકને અમારાથી દૂર કર. તું કામ આદિ ચોરસમુદાયને દૂર હઠાવ. એમ તું અમારે માટે સુખપૂર્વક કરવા યોગ્ય થા. તું અમારે માટે મોક્ષદાયિની અને કલ્યાણકારિણી બન. ૬

उप मा पेपिशत्तमः कृष्णं व्यक्तमस्थित । उष ऋणेव यातयः ॥ ७ ॥

હે ઉષા! હે રાત્રિની અધિષ્ઠાત્રી દેવી! સર્વ બાજુએ ફેલાયેલો આ અજ્ઞાનમય કાળો અંધકાર મારી પાસે આવી પહોંચ્યો છે. તું એને ઋણની જેમ દૂર કર. જેમ

CC-0. Mumukshu Bhawan Varanasi Collection. Digitized by eGangotri

ધન આપીને તું ભક્તોનાં ઋણ દૂર કરે છે, તેમ જ્ઞાન આપીને તું આ અજ્ઞાનને હઠાવી દે. ૭

उप ते गा इवाकरं वृणीष्व दुहितर्दिवः । रात्रि स्तोमं न जिग्युषे ॥ ८ ॥

હે રાત્રિદેવી! તું દૂધ આપનારી ગાય જેવી છે. હું તારી પાસે આવી સ્તુતિ આદિ કરી તને મારે અનુકૂળ કરું છું. પરમવ્યોમરૂપ પરમાત્માની પુત્રી! તારી કૃપાથી હું કામ આદિ શત્રુઓને જીતી ચૂક્યો છું. તું સ્તોત્રની જેમ મારા આ હવિષ્યનો સ્વીકાર કર. ૮

તંત્રોક્ત રાત્રિસૂક્ત*

ॐ विश्वेश्वरीं जगद्धात्रीं स्थितिसंहारकारिणीम् । निद्रां भगवतीं विष्णोरतुलां तेजसः प्रभुः ॥१॥

॥ ब्रह्मोवाच ॥

त्वं स्वाहा त्वं स्वधा त्वं हि वषट्कारः स्वरात्मिका ।
सुधा त्वमक्षरे नित्ये त्रिधा मात्रात्मिका स्थिता ॥ २ ॥

अर्धमात्रास्थिता नित्या यानुच्चार्या विशेषतः ।
त्वमेव संध्या सावित्री त्वं देवि जननी परा ॥ ३ ॥

त्वयैतद्धार्यते विश्वं त्वयैतत्सृज्यते जगत् । त्वयैतत्पाल्यते देवि त्वमत्स्यन्ते च सर्वदा ॥ ४ ॥

* રાત્રિસૂક્તના અર્થ માટે સપ્તશતીના પહેલા અધ્યાયમાં શ્લોક ૭૦થી ૮૭ જુઓ.

CC-0. Mumukshu Bhawan Varanasi Collection. Digitized by eGangotri

विसृष्टौ सृष्टिरूपा त्वं स्थितिरूपा च पालने। तथा संहृतिरूपान्ते जगतोऽस्य जगन्मये ॥ ५ ॥
महाविद्या महामाया महामेधा महास्मृतिः। महामोहा च भवती महादेवि महेश्वरी ॥ ६ ॥
प्रकृतिस्त्वं च सर्वस्य गुणत्रयविभाविनी। कालरात्रिर्महारात्रिर्मोहरात्रिश्च दारुणा ॥ ७ ॥
त्वं श्रीस्त्वमीश्वरी त्वं ह्रीस्त्वं बुद्धिर्बोधलक्षणा।
लज्जा पुष्टिस्तथा तुष्टिस्त्वं शान्तिः क्षान्तिरेव च ॥ ८ ॥
खड्गिनी शूलिनी घोरा गदिनी चक्रिणी तथा। शङ्खिनी चापिनी बाणभुशुण्डीपरिघायुधा ॥ ९ ॥
सौम्या सौम्यतराशेषसौम्येभ्यस्त्वतिसुन्दरी। परापराणां परमा त्वमेव परमेश्वरी ॥ १० ॥
यच्च किंचित् क्वचिद्वस्तु सदसद्वाखिलात्मिके।
तस्य सर्वस्य या शक्तिः सा त्वं किं स्तूयसे मया ॥ ११ ॥
यया त्वया जगत्स्रष्टा जगत्पात्यत्ति यो जगत्।
सोऽपि निद्रावशं नीतः कस्त्वां स्तोतुमिहेश्वरः ॥ १२ ॥
विष्णुः शरीरग्रहणमहमीशान एव च।
कारितास्ते यतोतऽस्त्वां कः स्तोतुं शक्तिमान् भवेत् ॥ १३ ॥
सा त्वामत्थं प्रभावैः स्वैरुदारैर्देवि संस्तुता। मोहयैतौ दुराधर्षावसुरौ मधुकैटभौ ॥ १४ ॥
प्रबोधं च जगत्स्वामी नीयतामच्युतो लघु। बोधश्च क्रियतामस्य हन्तुमेतौ महासुरौ ॥ १५ ॥

॥ इति रात्रिसूक्तम् ॥

CC-0. Mumukshu Bhawan Varanasi Collection. Digitized by eGangotri

સપ્તશતીન્યાસ

ॐ श्रीगणेशाय नमः ॥ अस्य श्रीसप्तशतीस्तोत्रमालामंत्रस्य ब्रह्मविष्णुरुद्रा ऋषयः श्रीमहाकालीमहालक्ष्मीमहासरस्वत्यो देवताः, गायत्र्युष्णिगनुष्टुभश्छन्दांसि, नन्दाशाकम्भरीभीमाः शक्तयः, रक्तदन्तिकादुर्गाभ्रामर्यो बीजानि, अग्निवायुसूर्यास्तत्त्वानि, ऋग्यजुःसामवेदा ध्यानानि, सकलकामनासिद्धये श्रीमहाकालीमहालक्ष्मीमहासरस्वतीदेवताप्रीत्यर्थे जपे विनियोगः ।

શ્રીગણેશને નમસ્કાર. આ શ્રીસપ્તશતીસ્તોત્રમાલામંત્રના બ્રહ્મા, વિષ્ણુ અને રુદ્ર ઋષિઓ છે; શ્રીમહાકાલી, મહાલક્ષ્મી અને મહાસરસ્વતી દેવતા છે; ગાયત્રી, ઉષ્ણિગ અને અનુષ્ટુપ છંદો છે; નંદા, શાકંભરી અને ભીમા શક્તિઓ છે; રક્તદન્તિકા, દુર્ગા અને ભ્રામરી બીજો છે; અગ્નિ, વાયુ અને સૂર્ય તત્ત્વો છે; ઋગ્વેદ, યજુર્વેદ અને સામવેદ ધ્યાનો છે; સકળ કામનાની સિદ્ધિ સારુ શ્રીમહાકાલી, મહાલક્ષ્મી, મહાસરસ્વતી દેવતાની પ્રીતિ અર્થે જપમાં વિનિયોગ.

ॐ खड्गिनी शूलिनी घोरा गदिनी चक्रिणी तथा। शङ्खिनी चापिनी बाणभुशुण्डीपरिघायुधा ॥
—अङ्गुष्ठाभ्यां नमः ।

ૐ ખડ્ગ અને શૂલ ધારણ કરનારી, ભયંકર, ગદાધારિણી, ચક્રને ધારણ કરનારી, શંખ, ધનુષ્ય, બાણ, ભુશુંડી અને પરિઘ આદિ આયુધને ધારણ કરનારી !—અંગૂઠાઓથી નમસ્કાર.

CC-0. Mumukshu Bhawan Varanasi Collection. Digitized by eGangotri

ॐ शूलेन पाहि नो देवि पाहि खड्गेन चाम्बिके। घण्टास्वनेन नः पाहि चाप-ज्यानिःस्वनेन च ॥–तर्जनीभ्यां नमः।

હે દેવી! તું શૂલથી અમારું રક્ષણ કરજે. હે અંબિકા! તું ખડ્ગથી અમારું રક્ષણ કરજે, તું તારા ઘંટનાદથી અમારું રક્ષણ કરજે. તારા ધનુષ્યના ટંકારવથી અમારું રક્ષણ કરજે–તર્જનીઓથી નમસ્કાર.

ॐ प्राच्यां रक्ष प्रतीच्यां च चण्डिके रक्ष दक्षिणे। भ्रामणेनात्मशूलस्य उत्तरस्यां तथेश्वरि ॥ –मध्यमाभ्यां नमः

હે ચંડિકા! તું અમને પૂર્વમાં રક્ષ, પશ્ચિમમાં રક્ષ, દક્ષિણમાં રક્ષ, હે ઈશ્વરી! તારું શૂલ ભમાવી તું અમને ઉત્તરમાં રક્ષ–મધ્યમાઓથી નમસ્કાર.

ॐ सौम्यानि यानि रूपाणि त्रैलोक्ये विचरन्ति ते। यानि चात्यन्तघोराणि तै रक्षास्मांस्तथा भुवम् ॥–अनामिकाभ्यां नमः।

આ ત્રૈલોક્યમાં તારાં જે સૌમ્ય રૂપો વિચરે છે, તેમ જ તારાં જે અત્યંત ભયંકર સ્વરૂપો છે, તે સર્વથી હે દેવી! તું અમને અને આ પૃથ્વીને રક્ષ—અનામિકાઓથી નમસ્કાર.

ॐ खड्गशूलगदादीनि यानि चास्त्राणि तेऽम्बिके। करपल्लवसङ्गीनि तैरस्मान् रक्ष सर्वतः ॥ –कनिष्ठिकाभ्यां नमः।

હે અંબિકા! તારા કરપલ્લવની સાથે જે ખડ્ગ, શૂલ, ગદા તેમ જ બીજાં

CC-0. Mumukshu Bhawan Varanasi Collection. Digitized by eGangotri

અસ્ત્રો સદાય જોડાયેલાં રહે છે, તેથી તું અમારું સર્વત્ર રક્ષણ કર—કનિષ્ઠિકાઓથી નમસ્કાર.

ॐ सर्वस्वरूपे सर्वेशे सर्वशक्तिसमन्विते। भयेभ्यस्त्राहि नो देवि दुर्गे देवि नमोऽस्तु ते॥

—करतलकरपृष्ठाभ्यां नमः।

ॐ સર્વસ્વરૂપવાળી, સર્વની ઈશ્વરી, સર્વ શક્તિવાળી, હે દેવી દુર્ગા! તું અમારું સર્વ ભયોમાં રક્ષણ કર: તને નમસ્કાર હો—કરતલ અને કરપૃષ્ઠથી નમસ્કાર.

*ॐ खड्गिनी शूलिनी घोरा०–हृदयाय नमः। ॐ शूलेन पाहि नो देवि०–शिरसे स्वाहा। ॐ प्राच्यां रक्ष प्रतीच्यां च०–शिखायै वषट्। ॐ सौम्यानि यानि रूपाणि०–कवचाय हुम्। ॐ खड्गशूलगदादीनि०–नेत्रत्रयाय वौषट्। ॐ सर्वस्वरूपे सर्वेशे०–अस्त्राय फट्।

अथ चंडीपञ्चाक्षरमंत्रन्यासः–ॐ ह्रीं हृदयायः नमः। ॐ चां शिरसे स्वाहा। ॐ डिं शिखायै वषट्। ॐ कां कवचाय हुम्। ॐ यैं नेत्रत्रयाय वौषट्। ॐ ह्रीं चंडिकायै अस्त्राय फट्॥

अथ चक्रन्यासः॥ અથ ચક્રન્યાસ

ॐ शंभुतेजोज्वलज्वालामालिनि पावके ह्रां नंदायै अंगुष्ठाभ्यां नमः॥ (અંગૂઠાઓથી).

ॐ शंभुतेजोज्वलज्वालामालिनि पावके ह्रीं रक्तदंतिकायै तर्जनीभ्यां नमः॥ (તર્જનીઓથી).

ॐ शंभुतेजोज्वलज्वालामालिनि पावके ह्रुं शाकंभर्यै मध्यमाभ्यां नमः (મધ્યમાઓથી).

*મંત્રો પૂરા બોલી હૃદયાદિન્યાસ કરવા.

CC-0. Mumukshu Bhawan Varanasi Collection. Digitized by eGangotri

ॐ शंभुतेजोज्वलज्वालामालिनि पावके ह्रैं दुर्गायै अनामिकाभ्यां नमः ॥
(અનામિકાઓથી).

ॐ शंभुतेजोज्वलज्वालामालिनि पावके ह्रौं भीमायै कनिष्ठिकाभ्यां नमः ॥
(કનિષ્ઠિકાઓથી).

ॐ शंभुतेजोज्वलज्वालामालिनि पावके ह्रः भ्रामर्यै करतलकरपृष्ठाभ्यां नमः ॥
(કરતલ અને કરપૃષ્ઠ).

॥ एवं हृदयादि षडंगन्यासः ॥ એ પ્રમાણે ફરીથી હૃદયાદિન્યાસ પણ કરવા.

ध्यानम् ॥ ધ્યાન

विद्युद्दामसमप्रभां मृगपतिस्कन्धस्थितां भीषणां
कन्याभिः करवालखेटविलसद्धस्ताभिरासेविताम् ।
हस्तैश्चक्रदरालिखेटविशिखांश्चापं गुणं तर्जनीं
विभ्राणामनलात्मिकां शशिधरां दुर्गां त्रिनेत्रां भजे× ॥

આ પછી પ્રથમ ચરિત્રના વિનિયોગ અને ધ્યાન કરી 'માર્કંડેય બોલ્યા' એ વચનથી સપ્તશતીનો આરંભ કરવો. પ્રત્યેક ચરિત્રનો વિનિયોગ મૂળ સપ્તશતી સાથે આપ્યો છે. દરેક અધ્યાયના આરંભમાં અર્થ સાથે ધ્યાન આપ્યું છે. પાઠ કરનારે ભગવતીનું ધ્યાન કરતાં કરતાં પ્રેમપૂર્વક પાઠ કરવો. મીઠો સ્વર, અક્ષરોનું સ્પષ્ટ ઉચ્ચારણ, પદોના વિભાગ, ઉત્તમ સ્વર, ધીરતા અને એક જ પદ્ધતિએ (લયે) બોલવું એ પાઠકોના ગુણ છે.

× આનો અર્થ બારમા અધ્યાયના ધ્યાનમાં જુઓ.

CC-0. Mumukshu Bhawan Varanasi Collection. Digitized by eGangotri

શ્રી ચંડી પાઠ

અધ્યાય ૧ લો

મેધાઋષિ ભગવતીના મહિમા વર્ણવે છે

विनियोगः ॥ વિનિયોગ

प्रथमचरित्रस्य ब्रह्मा ऋषिः, महाकाली देवता, गायत्री छन्दः, नन्दा शक्तिः, रक्तदन्तिका बीजम्, अग्निस्तत्त्वम्, ऋग्वेदः स्वरूपम्, श्रीमहाकालीप्रीत्यर्थे प्रथमचरित्र-जपे विनियोगः ।

પ્રથમ ચરિત્રના બ્રહ્મા ઋષિ, મહાકાલી દેવતા, ગાયત્રી છંદ, નંદા શક્તિ, રક્તદન્તિકા બીજ, અગ્નિ તત્ત્વ અને ઋગ્વેદ સ્વરૂપ છે: શ્રીમહાકાલીની પ્રીતિ માટે પ્રથમ ચરિત્રના જપમાં વિનિયોગ કરવામાં આવે છે.

ध्यानम् । ધ્યાન

खड्गं चक्रगदेषुचापपरिघाञ्छूलं भुशुण्डीं शिरः
शङ्खं संदधतीं करैस्त्रिनयनां सर्वाङ्गभूषावृताम् ।
नीलाश्मद्युतिमास्यपाददशकां सेवे महाकालिकां
यामस्तौत्स्वपिते हरौ कमलजो हन्तुं मधुं कैटभम् ॥

ભગવાન શ્રીહરિ સૂઈ રહ્યા હતા, ત્યારે કમલયોનિ બ્રહ્માજીએ મધુ ને કૈટભને

CC-0. Mumukshu Bhawan Varanasi Collection. Digitized by eGangotri

હણવા માટે જેની સ્તુતિ કરી હતી, તે મહાકાલિકાનું હું ભજન-સેવન કરું છું. એ મહાકાલિએ પોતાના દશ હાથમાં ખડ્ગ, ચક્ર, ગદા, બાણ, ધનુષ, પરિઘ, શૂલ, ભુશુંડી, મસ્તક અને શંખ ધારણ કર્યાં છે. એ ત્રણ નયનવાળાં છે. સર્વાંગે એ સુંદર આભૂષણોથી ઢંકાયેલાં છે. એમની કાંતિ નીલમણિ જેવી છે. એમને દશ મોં અને દશ પગ છે.

ॐ नमश्चण्डिकायै ॥

ॐ ऍं मार्कण्डेय उवाच ॥ १ ॥ માર્કંડેય બોલ્યા :

सावर्णिः सूर्यतनयो यो मनुः कथ्यतेऽष्टमः । निशामय तदुत्पत्तिं विस्तराद् गदतो मम ॥ २ ॥

સૂર્યપુત્ર સાવર્ણિને આઠમો મનુ કહેવામાં આવે છે. હું તેની ઉત્પત્તિની કથા વિસ્તારપૂર્વક કહું છું, તમે તે સાંભળો. ૨

महामायानुभावेन यथा मन्वन्तराधिपः । स बभूव महाभागः सावर्णिस्तनयो रवेः ॥ ३ ॥

મહામાયાની કૃપાથી તે મહાભાગ્યશાળી સૂર્યકુમાર સાવર્ણિ શી રીતે મન્વન્તરનો અધિપતિ થયો, તે હું કહું છું. ૩

स्वारोचिषेऽन्तरे पूर्वं चैत्रवंशसमुद्भवः । सुरथो नाम राजाभूत्समस्ते क्षितिमण्डले ॥ ४ ॥

પૂર્વે સ્વારોચિષ મન્વન્તરમાં સુરથ નામનો એક રાજા હતો. તે ચૈત્રવંશમાં જન્મ્યો હતો અને સમસ્ત પૃથ્વીમંડળમાં એની આણ ચાલતી હતી. ૪

तस्य पालयतः सम्यक् प्रजाः पुत्रानिवौरसान् । बभूवुः शत्रवो भूपाः कोलाविध्वंसिनस्तदा ॥ ५ ॥

CC-0. Mumukshu Bhawan Varanasi Collection. Digitized by eGangotri

તે પોતાની પ્રજાને પેટની પ્રજાની જેમ રૂડી પેરે પાળતો હતો. આમ છતાં કોલાવિધ્વંસી[1] નામના ક્ષત્રિયો તેના શત્રુ થયા હતા. ૫

तस्य तैरभवद्युद्धमतिप्रबलदण्डिनः । न्यूनैरपि स तैर्युद्धे कोलाविध्वंसिभिर्जितः ॥६॥

સુરથ રાજાની દંડનીતિ અત્યંત પ્રબળ હતી; તેને કોલાવિધ્વંસીઓ સાથે યુદ્ધ થયું. આ કોલાવિધ્વંસીઓ સંખ્યામાં થોડા હતા, છતાં તેમણે સુરથને યુદ્ધમાં હરાવ્યો. ૬

ततः स्वपुरमायातो निजदेशाधिपोऽभवत् । आक्रान्तः स महाभागस्तैस्तदा प्रबलारिभिः ॥ ७ ॥

પછી (યુદ્ધભૂમિમાંથી) સુરથ રાજા પોતાના નગરમાં પાછો ફર્યો. એનું આધિપત્ય હવે એના દેશ પૂરતું જ રહ્યું હતું; છતાં પ્રબળ શત્રુઓએ એ મહાભાગ પર ત્યારે ય આક્રમણ કર્યું. ૭

अमात्यैर्बलिभिर्दुष्टैर्दुर्बलस्य दुरात्मभिः । कोशो बलं चापहृतं तत्रापि स्वपुरे ततः ॥ ८ ॥

રાજાનું બળ હવે તૂટતું હતું. એના મંત્રીઓ બળવાન હતા, પણ દુષ્ટ ને દુરાત્મા હતા. તેમણે એ પાટનગરમાંની સેનાને તથા ત્યાંના ધનભંડારને હાથ કર્યા. ૮

ततो मृगयाव्याजेन हृतस्वाम्यः स भूपतिः । एकाकी हयमारुह्य जगाम गहनं वनम् ॥ ९ ॥

આમ સુરથ રાજા પોતાનું સઘળું પ્રભુત્વ હારી ગયો હતો એટલે તે મૃગયાના

---

૧ કોલાવિધ્વંસી એ અમુક કુળના ક્ષત્રિયોનું નામ છે. દક્ષિણમાં 'કોલા' નામની પ્રસિદ્ધ નગરી છે. પ્રાચીન કાળમાં એ એક રાજધાની હતી. જે ક્ષત્રિયોએ આ કોલા ઉપર ચડાઈ કરી તેનો વિધ્વંસ (નાશ) કર્યો, તે 'કોલાવિધ્વંસી' કહેવાયા.

CC-0. Mumukshu Bhawan Varanasi Collection. Digitized by eGangotri

બહાને ઘોડા ઉપર બેસી એકલો ગહન જંગલમાં ચાલ્યો ગયો. ૯

स तत्राश्रममद्राक्षीद् द्विजवर्यस्य मेधसः । प्रशान्तश्वापदाकीर्णं मुनिशिष्योपशोभितम् ॥ १० ॥

ત્યાં તેણે દ્વિજવર્ય મેધાઋષિનો આશ્રમ દીઠો. તે આશ્રમ પ્રશાંત બનેલા અનેક હિંસક જીવોથી ભરપૂર અને મુનિઓ તેમ જ શિષ્યોથી શોભી રહ્યો હતો. ૧૦

तस्थौ कंचित्स कालं च मुनिना तेन सत्कृतः । इतश्चेतश्च विचरंस्तस्मिन्मुनिवराश्रमे ॥ ११ ॥

ત્યાં જતાં મુનિએ તેનો સત્કાર કર્યો અને એ ત્યાં થોડોક કાળ રહ્યો. શ્રેષ્ઠ મુનિના એ આશ્રમમાં તે આમતેમ ઘૂમતો રહ્યો. ૧૧

सोऽचिन्तयत्तदा तत्र ममत्वाकृष्टमानसः ।[1] मत्पूर्वैः पालितं पूर्वं मया हीनं पुरं हि तत् ॥ १२ ॥
मद्भृत्यैस्तैरसद्वृत्तैर्धर्मतः पाल्यते न वा । न जाने स प्रधानो मे शूरो हस्ती सदामदः ॥ १३ ॥
मम वैरिवशं यातः कान् भोगानुपलप्स्यते । ये ममानुगता नित्यं प्रसादधनभोजनैः ॥ १४ ॥
अनुवृत्तिं ध्रुवं तेऽद्य कुर्वन्त्यन्यमहीभृताम् । असम्यग्व्ययशीलैस्तैः कुर्वद्भिः सततं व्ययम् ॥ १५ ॥
संचितः सोऽतिदुःखेन क्षयं कोशो गमिष्यति । एतच्चान्यच्च सततं चिन्तयामास पार्थिवः ॥ १६ ॥

ત્યાં ક્યારેક એનું મન મમતામાં ખૂંપી જતું. તે વિચારવા લાગતો : 'મારા વડવાઓએ જે નગરીનું પાલન કર્યું છે, તે આજે મારા વિનાની થઈ ગઈ છે. મારા સેવકોનાં આચરણ ભૂંડાં છે. ખબર નથી કે તેઓ મારી એ નગરીનું ધર્મપૂર્વક પાલન કરતા હશે કે કેમ? મારો પેલો મુખ્ય અને સદાય મદઝરતો શૂર હાથી વેરીને વશ થઈને શા શા ભોગ પામતો હશે? મારી કૃપા, મારું ધન અને મારાં ભોજન પામીને

१. पा० ममत्वाकृष्टचेतनः ।

CC-0. Mumukshu Bhawan Varanasi Collection. Digitized by eGangotri

જેઓ નિત્ય મને અનુસરતા હતા, તેઓ હવે ચોક્કસ બીજા રાજાઓની પૂંઠેપૂંઠે ચાલતા હશે. અરે! એ ધનભંડાર મેં અતિકષ્ટે એકઠો કર્યો છે, તેને આ ફાવે તેમ ખરચ કરનારાઓ સતત ખરચો કરી ખાલી કરી નાખશે.' આ તથા બીજી બાબતોની રાજા સતત ચિંતા કરી રહ્યો. ૧૨–૧૬

तत्र विप्राश्रमाभ्याशे वैश्यमेकं ददर्श सः। पृष्टस्तेन कस्त्वं भो हेतुश्चागमनेऽत्र कः ॥ १७ ॥
सशोक इव कस्मात्त्वं दुर्मना इव लक्ष्यसे। इत्याकर्ण्य वचस्तस्य भूपतेः प्रणयोदितम् ॥ १८ ॥
प्रत्युवाच स तं वैश्यः प्रश्रयावनतो नृपम् ॥ १९ ॥

એવામાં રાજાએ એ આશ્રમની નજીકમાં એક વૈશ્યને જોયો. તેણે એ વૈશ્યને પૂછ્યું: 'તમે કોણ છો? અહીં આવવામાં તમારો શો હેતુ છે? તમને શોક કેમ છે? તમારું મન કેમ બહાવરા જેવું લાગે છે?' રાજાનાં આ પ્રેમભર્યાં વચન સાંભળીને તે વૈશ્યે રાજાને લળીને પ્રણામ કર્યા અને આ ઉત્તર આપ્યો. ૧૭–૧૯

वैश्य उवाच ॥ २० ॥ વૈશ્ય બોલ્યો:

समाधिर्नाम वैश्योऽहमुत्पन्नो धनिनां कुले ॥ २१ ॥

હું વૈશ્ય છું. મારું નામ સમાધિ છે. હું ધનવાનના કુળમાં જન્મ્યો છું. ૨૧

पुत्रदारैर्निरस्तश्च धनलोभादसाधुभिः। विहीनश्च धनैर्दारैः पुत्रैरादाय मे धनम् ॥ २२ ॥

પુત્ર અને પત્નીએ મને હાંકી કાઢ્યો છે. તેઓ દુષ્ટ છે અને ધનના લોભથી તેમણે મને રઝળતો કર્યો છે. મારું ધન હરાઈ ગયું છે. આમ હું ધન, પુત્ર અને પત્નીથી વિહીન છું. ૨૨

CC-0. Mumukshu Bhawan Varanasi Collection. Digitized by eGangotri

वनमभ्यागतो दुःखी निरस्तश्चाप्तबन्धुभिः । सोऽहं न वेद्मि पुत्राणां कुशलाकुशलात्मिकाम् ॥ ૬૯

સગાંવહાલાંએ મને ખંખેરી મૂક્યો છે. હું દુઃખી છું, તેથી આ વનમાં આવ્યો છું. આવી મારી સ્થિતિ છે. મને ખબર નથી, મારા પુત્રોની શી સ્થિતિ હશે? તેઓ કુશળ હશે કે અકુશળ હશે? ૨૩

प्रवृत्तिं स्वजनानां च दाराणां चात्र संस्थितः । किं नु तेषां गृहे क्षेममक्षेमं किं नु साम्प्रतम् ॥

વળી મારાં સ્વજનો અને મારી પત્નીની શી પ્રવૃત્તિ હશે, તેની મને અહીં રહે રહે ચિંતા થાય છે. તેઓ અત્યારે ઘરમાં ક્ષેમકુશળ હશે કે કેમ? ૨૪

कथं ते किं नु सद्वृत्ताः दुर्वृत्ताः किं नु मे सुताः ॥ २५ ॥

અરે મારા પુત્રો સદાચારી હશે કે દુરાચારી? ૨૫

राजोवाच ॥ २६ ॥ રાજા બોલ્યો :

यैर्निरस्तो भवाँल्लुब्धैः पुत्रदारादिभिर्धनैः ॥ २७ ॥
तेषु किं भवतः स्नेहमनुबध्नाति मानसम् ॥ २८ ॥

અરે! જે પુત્ર, પત્નીએ ધનમાં લોભાઈને તમને તગેડી મૂક્યા છે, તેમને વિશે તમારા મનમાં કેમ આવો સ્નેહ બંધાઈ રહે છે? ૨૭,૨૮

वैश्य उवाच ॥ २९ ॥ વૈશ્ય બોલ્યો :

एवमेतद्यथा प्राह भवानस्मद्गतं वचः । किं करोमि न बध्नाति मम निष्ठुरतां मनः ॥ ३० ॥ ૩૦

વાત તો તમે વેણુ કહ્યાં તેવી જ છે; પરંતુ શું કરું? મારું મન કઠોર થઈ શકતું નથી. ૧

CC-0. Mumukshu Bhawan Varanasi Collection. Digitized by eGangotri

यैः संत्यज्य पितृस्नेहं धनलुब्धैर्निराकृतः । पतिस्वजनहार्दं च हार्दितेष्वेव मे मनः ॥ ३१ ॥
किमेतन्नाभिजानामि जानन्नपि महामते । यत्प्रेमप्रवणं चित्तं विगुणेष्वपि बन्धुषु ॥ ३२ ॥
तेषां कृते मे निःश्वासो दौर्मनस्यं च जायते ॥ ३३ ॥

ધનના લોભમાં ગળકીને જેમણે પિતાના સ્નેહને, પતિના પ્રેમને તથા સ્વજનના હિતને છેહ દીધો અને જેમણે મને હડસેલી મૂકયો, તેમને માટે પણ મને અંતરમાં આટલું હેત છે. હે મહામતિમાન! ગુણહીન બંધુઓ તરફ પણ આમ મારું ચિત્ત પ્રેમભરપૂર રહે છે. આ શું હશે, એ જાણવા છતાં હું જાણી શકતો નથી. એમને જ કારણે આ મારા નિસાસા છે અને એથી જ મારું મન અત્યંત દળાઈ રહ્યું છે. ૩૧–૩૩

करोमि किं यन्न मनस्तेष्वप्रीतिषु निष्ठुरम् ॥ ३४ ॥

તેમનામાં તો પ્રીતિની છાંટ પણ નથી, છતાં મારું મન તેમને વિશે કઠોર થઈ શકતું નથી. તો હું શું કરું? ૩૪

मार्कण्डेय उवाच ॥ ३५ ॥ માર્કંડેય બોલ્યા :

ततस्तौ सहितौ विप्र तं मुनिं समुपस्थितौ ॥ ३६ ॥
कृत्वा तु तौ यथान्यायं यथार्हं तेन संविदम् । उपविष्टौ कथाः काश्चिच्चक्रतुर्वैश्यपार्थिवौ ॥३८॥

પછી હે વિપ્ર! તે નૃપતિશ્રેષ્ઠ સુરથ અને સમાધિ વૈશ્ય બન્ને મેધામુનિની સેવામાં હાજર થયા. બન્નેએ મુનિને ન્યાયપૂર્વક અને સવિનય વંદન કર્યાં અને બેઠક લીધી. હવે રાજાએ અને વૈશ્યે કંઈક કથા આદરી. ૩૬–૩૮

CC-0. Mumukshu Bhawan Varanasi Collection. Digitized by eGangotri

राजोवाच ॥ ३९ ॥ રાજા બોલ્યા :

भगवंस्त्वामहं प्रष्टुमिच्छाम्येकं वदस्व तत् ॥ ४० ॥

હે ભગવન્! હું આપને એક વાત પૂછવા ઇચ્છું છું. આપ એનો ઉકેલ બતાવશો. ૪૦

दुःखाय यन्मे मनसः स्वचित्तायत्ततां विना ॥ ४१ ॥
ममत्वं गतराज्यस्य राज्याङ्गेष्वखिलेष्वपि । जानतोऽपि यथाज्ञस्य किमेतन्मुनिसत्तम ॥ ४२ ॥
अयं च निकृतः[1] पुत्रैर्दारैर्भृत्यैस्तथोज्झितः । स्वजनेन च संत्यक्तस्तेषु हार्दी तथाप्यति ॥ ४३ ॥

મારું ચિત્ત મને અધીન નથી; તેથી મારા મનમાં આ એક ઊંડું દુઃખ શૂળ મારી રહ્યું છે. મારું રાજ્ય ચાલ્યું ગયું છે, તોપણ એ રાજ્યમાં અને એનાં સકળ અંગોમાં મારી મમતા ચિટકાઈ રહી છે. હે મુનિવર! હવે એ મારું નથી એની મને જાણ છે; છતાં અજ્ઞાનીની જેમ મને આ વેદના કેમ સતાવી રહી છે? આ વૈશ્ય છે: પુત્ર પત્ની અને સેવકોએ એને ખંખેરી હડસેલી મૂક્યો છે. આમ સ્વજનોએ એનો ત્યાગ કર્યો છે, છતાં એ સ્વજનો માટે એના હૈયામાં બળ્યા કરે છે.

एवमेष तथाहं च द्वावप्यत्यन्तदुःखितौ । दृष्टदोषेऽपि विषये ममत्वाकृष्टमानसौ ॥ ४४ ॥

આ પ્રમાણે એ વૈશ્ય અને હું—અમે બન્ને જણ—અત્યંત દુઃખી છીએ. હે મહાભાગ્યશાળી! વિષયમાં પ્રત્યક્ષ દોષ દેખાયા છતાં કેમ અમારાં મન મમતાએ કરી ખેંચાય છે? ૪૪

---

१ पा० निष्कृतः ।

CC-0. Mumukshu Bhawan Varanasi Collection. Digitized by eGangotri

तत्किमेतन्महाभाग यन्मोहो ज्ञानिनोरपि। ममास्य च भवत्येषा विवेकान्धस्य मूढता ॥ ४५ ॥

અમે સમજદાર છીએ, છતાં કેમ અમને આ મોહ થાય છે? આ તો વિવેક-રહિત મનુષ્યના જેવી મને અને આ વૈશ્યને મૂઢતા થયેલી જણાય છે. ૪૫

ऋषिरुवाच ॥ ४६ ॥ ઋષિ બોલ્યા :

ज्ञानमस्ति समस्तस्य जन्तोर्विषयगोचरे। विषयाश्च[1] महाभाग यान्ति[2] चैवं पृथक् पृथक् ॥ ४७ ॥

જીવમાત્રને વિષયમાર્ગનું જ્ઞાન સમાન હોય છે. હે મહાભાગ! તેમ જ સર્વને જુદા જુદા વિષયો હોય છે. ૪૭

दिवान्धाः प्राणिनः केचिद्रात्रावन्धास्तथापरे। केचिद्दिवा तथा रात्रौ प्राणिनस्तुल्यदृष्टयः ॥ ४८ ॥

કેટલાક પ્રાણીઓ દિવસે આંધળા હોય છે, તો કેટલાક રતાંધળા હોય છે. વળી કેટલાક દિવસે ને રાતે સરખી દૃષ્ટિવાળા હોય છે. ૪૮

ज्ञानिनो मनुजाः सत्यं किंतु[3] ते न हि केवलम्। यतो हि ज्ञानिनः सर्वे पशुपक्षिमृगादयः ॥ ४९ ॥

સાચી વાત છે, મનુષ્યો સમજદાર છે; પણ તેઓ એકલા જ સમજદાર છે એમ પણ નથી; કારણ કે સર્વે પશુઓ, પંખીઓ અને મૃગ આદિ પણ સમજદાર છે. જે સમજ મૃગ અને પક્ષીઓને છે, તે જ સમજ મનુષ્યોને પણ છે. ૪૯

ज्ञानं च तन्मनुष्याणां यत्तेषां मृगपक्षिणाम्। मनुष्याणां च यत्तेषां तुल्यमन्यत्तथोभयोः ॥ ५० ॥
ज्ञानेऽपि सति पश्यैतान् पतङ्गाञ्छावचञ्चुषु। कणमोक्षादृतान्मोहात्पीड्यमानानपि क्षुधा ॥ ५१ ॥

---

१ પા૦ यश्च। २ પા૦ याति। ३ પા૦ किंतु ते।

CC-0. Mumukshu Bhawan Varanasi Collection. Digitized by eGangotri

मानुषा मनुजव्याघ्र साभिलाषाः सुतान् प्रति। लोभात्प्रत्युपकाराय नन्वेतान् किं न पश्यसि॥५२
तथापि ममतावर्त्ते मोहगर्ते निपातिताः। महामायाप्रभावेण संसारस्थितिकारिणा॥५३॥
तन्नात्र विस्मयः कार्यो योगनिद्रा जगत्पतेः। महामाया हरेश्चैषा तया संमोह्यते जगत्॥५४॥
ज्ञानिनामपि चेतांसि देवी भगवती हि सा। बलादाकृष्य मोहाय महामाया प्रयच्छति॥५५॥
तया विसृज्यते विश्वं जगदेतच्चराचरम्। सैषा प्रसन्ना वरदा नृणां भवति मुक्तये॥५६॥
सा विद्या परमा मुक्तेर्हेतुभूता सनातनी॥५७॥ संसारबन्धहेतुश्च सैव सर्वेश्वरेश्वरी॥५८॥

મનુષ્યોમાં જે સમજ છે તે મૃગપક્ષીઓમાં પણ છે: આમ બન્નેમાં સરખી સમજ છે. વળી બીજી બાબતમાં પણ બન્ને સરખાં છે. આ પક્ષીઓ જુઓ. પોતે ભૂખથી પીડાઈ રહ્યાં છે, છતાં સમજ હોવા છતાંય તેઓ મોહવશ થઈને પોતાનાં બચ્ચાંની ચાંચમાં અનાજના દાણા મૂકી રહ્યાં છે! હે માનવવર! મનુષ્યો પણ પોતાના પુત્રો પ્રત્યે આવી જ અભિલાષાવાળા હોય છે. પોતાના કરેલા ઉપકારનો બદલો મેળવવા સારુ તેઓ આવી અભિલાષા કરે છે એ તું નથી જોતો? આમ સમજદાર હોવા છતાં મનુષ્યો મમતાના વમળવાળા મોહના ખાડામાં ગળકી જાય છે. આ થાય છે મહામાયાના પ્રભાવથી. એ મહામાયા સંસારની સ્થિતિ (જન્મમરણની પરંપરા) કરાવનારી–રાખનારી છે. આમાં આશ્ચર્ય પામવાની જરૂર નથી. જગત્પતિ ભગવાન વિષ્ણુની યોગનિદ્રારૂપી જે મહામાયા છે, તે ભગવતીથી જ આ જગત મોહ પામે છે. તે દેવી મહામાયા જ જ્ઞાનીઓનાં ચિત્તને પણ બળપૂર્વક ખેંચીને મોહમાં નાખે છે. તે જ આ ચરાચર જગતને સર્જે છે. તે જ પ્રસન્ન થઈને મનુષ્યોને મુક્તિનાં વરદાન

CC-0. Mumukshu Bhawan Varanasi Collection. Digitized by eGangotri

આપે છે, તેજ પરમ વિદ્યા છે, તેજ સંસાર-બંધન અને મોક્ષની હેતુરૂપ સનાતની દેવી છે અને તેજ સર્વ ઈશ્વરોનીય ઈશ્વરી છે. ૫૧-૫૮

राजोवाच ॥ ५९ ॥ રાજા બોલ્યો :

भगवन् का हि सा देवी महामायेति यां भवान् ॥ ६० ॥
ब्रवीति कथमुत्पन्ना सा कर्मास्याश्च किं द्विज । यत्प्रभावा च सा देवी यत्स्वरूपा यदुद्भवा ॥६१॥
तत्सर्वं श्रोतुमिच्छामि त्वत्तो ब्रह्मविदां वर ॥ ६२ ॥

હે ભગવન્! આપ જેને મહામાયા કહો છો, તે દેવી કોણ છે? હે દ્વિજ! તેનું પ્રાકટ્ય કેવી રીતે થયું? તેનાં ચારિત્ર શાં? તેનો પ્રભાવ શો? તેનું સ્વરૂપ શું? તેનો ઉદ્ભવ કેવો? હે શ્રેષ્ઠ બ્રહ્મવેત્તા! આ બધું હું આપની પાસેથી સાંભળવા ઇચ્છું છું.

ऋषिरुवाच ॥ ६३ ॥ ઋષિ બોલ્યા :

नित्यैव सा जगन्मूर्तिस्तया सर्वमिदं ततम् ॥६४॥ तथापि तत्समुत्पत्तिर्बहुधा श्रूयतां मम ॥ ६५ ॥
देवानां कार्यसिद्ध्यर्थमाविर्भवति सा यदा । उत्पन्नेति तदा लोके सा नित्याप्यभिधीयते ॥ ६६ ॥
योगनिद्रां यदा विष्णुर्जगत्येकार्णवीकृते । आस्तीर्य शेषमभजत्कल्पान्ते भगवान् प्रभुः ॥ ६७ ॥
तदा द्वावसुरौ घोरौ विख्यातौ मधुकैटभौ । विष्णुकर्णमलोद्भूतौ हन्तुं ब्रह्माणमुद्यतौ ॥ ६८ ॥
स नाभिकमले विष्णोः स्थितो ब्रह्मा प्रजापतिः । दृष्ट्वा तावसुरौ चोग्रौ प्रसुप्तं च जनार्दनम् ॥६९॥
तुष्टाव योगनिद्रां तामेकाग्रहृदयस्थितः । विबोधनार्थाय हरेर्हरिनेत्रकृतालयाम् ॥ ७० ॥
विश्वेश्वरीं जगद्धात्रीं स्थितिसंहारकारिणीम् । निद्रां भगवतीं विष्णोरतुलां तेजसः प्रभुः ॥ ७१ ॥

આમ તો એ નિત્યસ્વરૂપા છે. સંપૂર્ણ જગત એની મૂર્તિ છે. સકળ વિશ્વમાં એ

CC-0. Mumukshu Bhawan Varanasi Collection. Digitized by eGangotri

વ્યાપી રહી છે, છતાં એનું પ્રાકટ્ય વિવિધ પ્રકારે થાય છે, તમે તે સાંભળો. તે નિત્ય છે, અજન્મા છે; તોપણ દેવોનાં કાર્ય સિદ્ધ કરવા સારુ તે પ્રગટ થાય છે. તેવા વખતે લોકમાં તે 'ઉત્પન્ન થયેલી' કહેવાય છે. કલ્પને અંતે સકળ જગત એક અર્ણવરૂપ થઈ ગયું હતું, ત્યારે સર્વના પ્રભુ ભગવાન વિષ્ણુ શેષનાગની શય્યા બિછાવી યોગનિદ્રા લઈ રહ્યા હતા, તે સમયે મધુ ને કૈટભ નામના બે પ્રસિદ્ધ અસુરો બ્રહ્માને હણવા માટે તૈયાર થઈ ગયા. આ અસુરો વિષ્ણુના કાનના મેલમાંથી ઉત્પન્ન થયા હતા અને મહાભયંકર હતા. હવે વિષ્ણુના નાભિકમલમાં બિરાજેલા પ્રજાપતિ બ્રહ્માએ આ બન્ને ભયંકર અસુરોને પોતાની પાસે આવતા જોયા અને ભગવાન જનાર્દનને પોઢેલ દીઠા; એટલે તેમણે શ્રીહરિને જગાડવા સારુ શ્રીહરિના નેત્રમાં નિવાસ કરી રહેલી યોગનિદ્રાની એકચિત્ત થઈને સ્તુતિ કરી. વિશ્વેશ્વરી, જગદ્ધાત્રી, સંસારનાં સર્જન, સંરક્ષણ અને સંહાર કરનારી, તેજસ્વરૂપ ભગવાન વિષ્ણુની એ ભગવતી નિદ્રાદેવીની બ્રહ્માએ આ સ્તુતિ કરવા માંડી. ૬૪–૭૧

ब्रह्मोवाच ॥ ७२ ॥ બ્રહ્મા બોલ્યા:

त्वं स्वाहा त्वं स्वधा त्वं हि वषट्कारः स्वरात्मिका। सुधा त्वमक्षरे नित्ये त्रिधा मात्रात्मिका स्थिता ॥
अर्धमात्रास्थिता नित्या यानुच्चार्या विशेषतः। त्वमेव संध्या सावित्री त्वं देवि जननी परा ॥७४॥

તું સ્વાહા છે, તું સ્વધા છે અને તું જ વષટ્કાર છે. સ્વર પણ તારું જ સ્વરૂપ છે. તું સુધા છે. નિત્ય અક્ષર પ્રણવમાં અકાર, ઉકાર અને મકાર એ ત્રણ માત્રાઓના

CC-0. Mumukshu Bhawan Varanasi Collection. Digitized by eGangotri

રૂપમાં તું જ રહી છે. વળી એ ત્રણ માત્રાઓથી અતિરિક્ત જે બિંદુરૂપ નિત્ય અર્ધમાત્રા છે અને જે વિશેષરૂપે ઉચ્ચારી શકાતી નથી, તે પણ તું જ છે. તું જ સંધ્યા ને સાવિત્રી છે. હે દેવી! તું જ પરમ જનની છે. ૭૩,૭૪

त्वयैतद्धार्यते विश्वं त्वयैतत्सृज्यते जगत्। त्वयैतत्पाल्यते देवि त्वमत्स्यन्ते च सर्वदा ॥ ७५ ॥
विसृष्टौ सृष्टिरूपा त्वं स्थितिरूपा च पालने। तथा संहृतिरूपान्ते जगतोऽस्य जगन्मये ॥ ७६ ॥
महाविद्या महामाया महामेधा महास्मृतिः। महामोहा च भवती महादेवी महेश्वरी[1] ॥ ७७ ॥

આ વિશ્વને તું જ ધારણ કરે છે, આ જગતને તું જ સર્જે છે. હે દેવી! તું જ એનું પાલન કરે છે અને તું જ કલ્પાન્તે એનો સદા કોળિયો કરી જાય છે. હે જગન્મયિ! આ જગતની ઉત્પત્તિના સમયે તું સૃષ્ટિરૂપ છે, પાલનસમયે તું સ્થિતિરૂપ છે અને કલ્પના અંતસમયે તું સંહારરૂપ છે. તું મહાવિદ્યા, મહામાયા, મહામેધા અને મહાસ્મૃતિ છે. હે ભગવતી! તું મહામોહરૂપ છે, મહાદેવી છે અને મહેશ્વરી છે. ૭૫–૭૭

प्रकृतिस्त्वं च सर्वस्य गुणत्रयविभाविनी। कालरात्रिर्महारात्रिर्मोहरात्रिश्च दारुणा ॥ ७८ ॥

તું જ ત્રણે ગુણ ઉત્પન્ન કરનારી સર્વની પ્રકૃતિ છે. તું ભયંકર કાલરાત્રિ મહારાત્રિ અને મોહરાત્રિ છે. ૭૮

त्वं श्रीस्त्वमीश्वरी त्वं ह्रीस्त्वं बुद्धिर्बोधलक्षणा। लज्जा पुष्टिस्तथा तुष्टिस्त्वं शान्तिः क्षान्तिरेव च ॥

તું શ્રી છે, તું ઈશ્વરી છે, તું હ્રી છે અને તું જ બોધરૂપ બુદ્ધિ છે. લજ્જા તું છે; પુષ્ટિ, તુષ્ટિ અને શાંતિ તું છે અને તું જ ક્ષમા છે. ૭૯

---

૧ પા૦ महाश्रुरी।

CC-0. Mumukshu Bhawan Varanasi Collection. Digitized by eGangotri

खड्गिनी शूलिनी घोरा गदिनी चक्रिणी तथा। शङ्खिनी चापिनी बाणभुशुण्डीपरिघायुधा ॥८०
सौम्या सौम्यतराशेषसौम्येभ्यस्त्वतिसुन्दरी। परापराणां परमा त्वमेव परमेश्वरी ॥ ८१ ॥

તું ખડ્ગધારિણી છે અને શૂલધારિણી છે; ને તું ઘોરરૂપ છે અને તેં ગદા ધારણ કરી છે. તેં શંખ, ચક્ર અને ધનુષ ધારણ કર્યાં છે. બાણ, ભુશુંડી અને પરિઘ તારાં આયુધ છે. તું સૌમ્ય છે. સૌમ્યતર છે. અરે! સર્વ સૌમ્ય સુંદરોમાં તું અતીવ સુંદર છે. પર અને અપર એ સૌથી તું પરમ છે; તું જ પરમેશ્વરી છે. ૮૦,૮૧

यच्च किंचित्क्वचिद्वस्तु सदसद्वाखिलात्मिके। तस्य सर्वस्य या शक्तिः सा त्वं किंस्तूयसे मया[1] ॥८२
यया त्वया जगत्स्रष्टा जगत्पात्यत्ति यो जगत्। सोऽपि निद्रावशं नीतः कस्त्वां स्तोतुमिहेश्वरः ॥८३

ક્યાંયે સદ્ અને અસદ્રૂપ જે કોઈ વસ્તુઓ હોય, તે સર્વની તું જ શક્તિ છે. તું આવી છે, તો તારી સ્તુતિ કેવી રીતે કરી શકાય? કેમ કે તું જ આ જગતને સર્જે છે, તું જ એને સંરક્ષે છે અને તું જ એનો કોળિયો કરી જાય છે. આ ભગવાન વિષ્ણુને પણ તેં નિદ્રામાં પોઢાડ્યા છે, તો તારી સ્તુતિ કરવાને કોણ સમર્થ છે? ૮૨,૮૩

विष्णुः शरीरग्रहणमहमीशान एव च। कारितास्ते यतोऽतस्त्वां कः स्तोतुं शक्तिमान् भवेत् ॥८४
सा त्वमित्थं प्रभावैः स्वैरुदारैर्देवि संस्तुता। मोहयैतौ दुराधर्षावसुरौ मधुकैटभौ ॥ ८५ ॥
प्रबोधं च जगत्स्वामी नीयतामच्युतो लघु ॥८६॥ बोधश्च क्रियतामस्य हन्तुमेतौ महासुरौ ॥८७॥

મને, ભગવાન શંકરને અને ભગવાન વિષ્ણુને શરીર ધારણ કરવાને તેં જ સમર્થ કર્યા છે; એટલે તારી સ્તુતિ કરવાની શક્તિ કોનામાં હોય? હે દેવી! તારા આ

---

१ पा० तदा०।

CC-0. Mumukshu Bhawan Varanasi Collection. Digitized by eGangotri

પ્રભાવોથી જ તું આવી સ્તુતિ પામે છે. આ મધુ ને કૈટભ નામના મહાભયંકર અસુરો છે, તું તેમને મોહમાં નાખ. જગતના સ્વામી ભગવાન અચ્યુતને તું ઝટ લઈને જગાડ અને તું આ બન્ને મહાન અસુરોને મારવા માટેની બુદ્ધિ ભગવાનમાં જગાવ.

ऋषिरुवाच ॥ ८८ ॥ ઋષિ બોલ્યા :

एवं स्तुता तदा देवी तामसी तत्र वेधसा ॥ ८९ ॥
विष्णोः प्रबोधनार्थाय निहन्तुं मधुकैटभौ । नेत्रास्यनासिकाबाहुहृदयेभ्यस्तथोरसः ॥ ९० ॥
निर्गम्य दर्शने तस्थौ ब्रह्मणोऽव्यक्तजन्मनः । उत्तस्थौ च जगन्नाथस्तया मुक्तो जनार्दनः ॥ ९१ ॥
एकार्णवेऽहिशयनात्ततः स ददृशे च तौ । मधुकैटभौ दुरात्मानावतिवीर्यपराक्रमौ ॥ ९२ ॥
क्रोधरक्तेक्षणावत्तुं ब्रह्माणं जनितोद्यमौ । समुत्थाय ततस्ताभ्यां युयुधे भगवान् हरिः ॥ ९३ ॥
पञ्चवर्षसहस्राणि बाहुप्रहरणो विभुः । तावप्यतिबलोन्मत्तौ महामायाविमोहितौ ॥ ९४ ॥
उक्तवन्तौ वरोऽस्मत्तो व्रियतामिति केशवम् ॥ ९५ ॥

આમ મધુ-કૈટભને મારવા માટે વિષ્ણુને જગાડવા સારુ બ્રહ્માજીએ તમોગુણની અધિષ્ઠાત્રી દેવી યોગમાયાની સ્તુતિ કરી, ત્યારે એ દેવી નેત્ર, મોં, નાસિકા, હાથ, હૃદય અને છાતીમાંથી બહાર નીકળી, અવ્યક્તજન્મા બ્રહ્માજીની દૃષ્ટિ સન્મુખ આવી ઊભી. આમ યોગનિદ્રાથી મુક્ત થયેલા જગતના નાથ જનાર્દન એકાર્ણવમાં શેષશય્યામાંથી જાગી ઊઠ્યા, ત્યાં એ ભગવાને મધુ ને કૈટભ એ બે દુરાત્માઓને જોયા. તેઓ અત્યંત વીર્યવાન હતા અને તેઓ અતીવ પરાક્રમી હતા. ક્રોધથી તેમની આંખો લાલ થઈ ગઈ હતી અને તેઓ બ્રહ્માજીને મારવા માટે પ્રયત્ન કરતા હતા; એટલે ભગવાન

CC-0. Mumukshu Bhawan Varanasi Collection. Digitized by eGangotri

શ્રીહરિ ઊઠીને તે બન્ને સાથે યુદ્ધ કરવા લાગ્યા. એ સર્વશક્તિમાન પ્રભુએ તેમની સાથે પાંચ હજાર વર્ષો સુધી બાહુયુદ્ધ કર્યું. આ અતીવ બળવાન અને અત્યંત મદવાળા બન્ને અસુરોને મહામાયાએ મોહમાં નાંખ્યા હતા, એટલે તેમણે શ્રીકેશવને કહ્યું : 'તમે અમારી પાસેથી કોઈ વરદાન માગી લો. ૮૯—૯૫

श्रीभगवानुवाच ॥ ९६ ॥ શ્રીભગવાન બોલ્યા :

भवेतामद्य मे तुष्टौ मम वध्यावुभावपि ॥ ९७ ॥ किमन्येन वरेणात्र एतावद्धि वृतं मया ॥ ९८ ॥[1]

તમે બન્ને જો મારા ઉપર પ્રસન્ન થયા હો, તો તમે બન્ને મારે હાથે વધ પામો. બસ, મારે આટલું જ વરદાન જોઈએ છે. બીજા કોઈ વરદાનની મારે શી જરૂર છે? ૮૭,૯૮

ऋषिरुवाच ॥ ९९ ॥ ઋષિ બોલ્યા :

वञ्चिताभ्यामिति तदा सर्वमापोमयं जगत्। विलोक्य ताभ्यां गदितो भगवान्कमलेक्षणः॥१००॥
आवां जहि न यत्रोर्वी सलिलेन परिप्लुता ॥ १०१ ॥

આ રીતે એ બન્ને અસુરો છેતરાયા. તેમણે સર્વ જગતને પાણીમય જોઈ ભગવાન કમલનયનને કહ્યું : 'જ્યાં પૃથ્વી પાણીથી ઢંકાઈ ન હોય, એવે સ્થાને તમે અમારો વધ કરજો.' ૧૦૦,૧૦૧

ऋषिरुवाच ॥ १०२ ॥ ઋષિ બોલ્યા:

तथेत्युक्त्वा भगवता शङ्खचक्रगदाभृता। कृत्वा चक्रेण वै च्छिन्ने जघने शिरसी तयोः ॥ १०३ ॥

શંખ, ચક્ર અને ગદાને ધારણ કરેલા ભગવાન વિષ્ણુએ 'તથાસ્તુ' કહ્યું અને

---

૧ પા૦ મમ।

CC-0. Mumukshu Bhawan Varanasi Collection. Digitized by eGangotri

બન્નેને પોતાની જાંઘ ઉપર નાખી ચક્રથી તેમનાં માથાં છેદી નાખ્યાં. ૧૦૩

एवमेषा समुत्पन्ना ब्रह्मणा संस्तुता स्वयम्। प्रभावमस्या देव्यास्तु भूयः शृणु वदामि तेॐ॥१०४

આ પ્રમાણે બ્રહ્માજીએ સ્તુતિ કર્યાથી એ દેવી મહામાયા સ્વયં પ્રકટ થયાં. એ દેવીના પ્રભાવ વિશે હું હવે કહીશ. તમે તે સાંભળો. ૧૦૪

श्रीमार्कण्डेयपुराणे सावर्णिके मन्वन्तरे देवीमाहात्म्ये मधुकैटभवधो नाम प्रथमोऽध्यायः॥ १॥

उवाच १४, अर्द्धश्लोकाः २४, श्लोकाः ६६ ॥ एवम् १०४ ॥

શ્રીમાર્કંડેયપુરાણે, સાવર્ણિક મન્વન્તરે; દેવીમાહાત્મ્યે,
મધુકૈટભવધ નામનો પહેલો અધ્યાય

અધ્યાય ૨જો

દેવોના તેજથી દેવીનો પ્રાદુર્ભાવ અને મહિષાસુરની સેનાનો વધ

विनियोगः। વિનિયોગ

ॐ मध्यमचरितस्य विष्णुर्ऋषिर्महालक्ष्मीर्देवता उष्णिक् छन्दः शाकम्भरी शक्तिः दुर्गा बीजं वायुस्तत्त्वं यजुर्वेदः स्वरूपं श्रीमहालक्ष्मीप्रीत्यर्थं अर्थार्थे जपे विनियोगः॥

ૐ મધ્યમ ચરિત્રના વિષ્ણુ ઋષિ છે, મહાલક્ષ્મી દેવતા છે, ઉષ્ણિક છંદ છે, શાકંભરી શક્તિ છે, દુર્ગા બીજ છે, વાયુ તત્ત્વ છે અને યજુર્વેદ સ્વરૂપ છે: શ્રી મહાલક્ષ્મીની પ્રીતિ માટે અર્થને માટે જપમાં આનો વિનિયોગ છે.

CC-0. Mumukshu Bhawan Varanasi Collection. Digitized by eGangotri

ॐ अक्षस्रक्परशूं गदेषुकुलिशं पद्मं धनुष्कुण्डिकां
दण्डं शक्तिमसिं च चर्म जलजं घण्टां सुराभाजनम् ।
शूलं पाशसुदर्शने च दधतीं हस्तैः प्रवालप्रभां
सेवे सैरिभमर्दिनीमिह महालक्ष्मीं सरोजस्थिताम् ॥

કમલના આસન ઉપર બેઠેલી, મહિષાસુરનું મર્દન કરનારી એ ભગવતી મહાલક્ષ્મીનું હું ભજન–સેવન કરું છું. એ મહાલક્ષ્મીએ હાથોમાં અક્ષમાળા, ફરસી, ગદા, બાણ, વજ્ર, પદ્મ, ધનુષ, કુંડિકા, દંડ, શક્તિ, ખડ્ગ, ઢાલ, શંખ, ઘંટા, સુરાપાત્ર, શૂલ, પાશ અને સુદર્શનચક્ર ધારણ કર્યાં છે અને એની કાંતિ પરવાળાં જેવી છે.

'ॐ' ह्रीं ऋषिरुवाच ॥ १ ॥ ઋષિ બોલ્યા:

देवासुरमभूद्युद्धं पूर्णमब्दशतं पुरा । महिषेऽसुराणामधिपे देवानां च पुरंदरे ॥ २ ॥

પૂર્વે દેવો અને અસુરો વચ્ચે પૂરાં સો વરસ સુધી યુદ્ધ ચાલ્યું હતું. એમાં અસુરોનો અધિપતિ મહિષાસુર હતો અને દેવોનો નાયક ઇંદ્ર હતો. ૨

तत्रासुरैर्महावीर्यैर्देवसैन्यं पराजितम् । जित्वा च सकलान् देवानिन्द्रोऽभून्महिषासुरः ॥ ३ ॥

એ યુદ્ધમાં મહાવીર્યવાન અસુરોએ દેવોના સૈન્યને હરાવ્યું હતું અને સર્વ દેવોને જીતીને એ મહિષાસુર હવે ઇંદ્ર બન્યો હતો. ૩

ततः पराजिता देवाः पद्मयोनिं प्रजापतिम् । पुरस्कृत्य गतास्तत्र यत्रेशगरुडध्वजौ ॥ ४ ॥

CC-0. Mumukshu Bhawan Varanasi Collection. Digitized by eGangotri

ત્યારે પરાજય પામેલા દેવો પદ્મયોનિ પ્રજાપતિ બ્રહ્માને આગળ કરીને જ્યાં ભગવાન શંકર તથા ભગવાન ગરુડધ્વજ વિષ્ણુ વિરાજતા હતા ત્યાં ગયા. ૪

यथावृत्तं तयोस्तद्वन्महिषासुरचेष्टितम् । त्रिदशाः कथयामासुर्देवाभिभवविस्तरम् ॥ ५ ॥
सूर्येन्द्राग्न्यनिलेन्दूनां यमस्य वरुणस्य च । अन्येषां चाधिकारान् सः स्वयमेवाधितिष्ठति ॥ ६ ॥
स्वर्गान्निराकृताः सर्वे तेन देवगणा भुवि । विचरन्ति यथा मर्त्या महिषेण दुरात्मना ॥ ७ ॥

ત્યાં દેવોએ એ બન્ને ભગવાન આગળ મહિષાસુરનાં કૃત્યો તથા દેવોને મળેલો પરાજય એ બધું વિસ્તારપૂર્વક યથાવત્ કહી સંભળાવ્યું. એ મહિષાસુર સૂર્ય, ઇંદ્ર, અગ્નિ, વાયુ, ચંદ્રમા, યમ, વરુણ અને અન્ય દેવોના અધિકારો છીનવીને પોતે જ અધિષ્ઠાતા થઈ બેઠો છે. એ દુરાત્માએ સર્વ દેવોને સ્વર્ગમાંથી હડસેલી મૂક્યા છે અને તેઓ હવે પૃથ્વી ઉપર મર્ત્ય માનવીઓની જેમ વિચરે છે. ૫–૭

एतद्वः कथितं सर्वममरारिविचेष्टितम् । शरणं च प्रपन्नाः स्मो वधस्तस्य विचिन्त्यताम् ॥ ८ ॥

આ અમે દેવોના શત્રુની સર્વ કૃત્યકથા કહી છે. અમે આપને શરણે આવ્યા છીએ. આપ એ મહિષાસુરના વધનો ઉપાય વિચારશો. ૮

इत्थं निशम्य देवानां वचांसि मधुसूदनः । चकार कोपं शम्भुश्च भ्रुकुटीकुटिलाननौ ॥ ९ ॥

દેવોનાં આ વચનો સાંભળી ભગવાન શંકર અને ભગવાન મધુસૂદનને ક્રોધ ઊછળી આવ્યો. તેમની ભ્રૂકુટી ટેઢી થઈ ગઈ અને તેમનાં મોં વાંકાં થઈ ગયાં. ૯

ततोऽतिकोपपूर्णस्य चक्रिणो वदनात्ततः । निश्चक्राम महत्तेजो ब्रह्मणः शंकरस्य च ॥ १० ॥
अन्येषां चैव देवानां शक्रादीनां शरीरतः । निर्गतं सुमहत्तेजस्तच्चैक्यं समगच्छत ॥ ११ ॥

CC-0. Mumukshu Bhawan Varanasi Collection. Digitized by eGangotri

ત્યારે અત્યંત ક્રોધે ભરાયેલા ભગવાન ચક્રપાણિના મોંમાંથી એક મહાન તેજ બહાર આવ્યું. તેજ પ્રમાણે ભગવાન શંકર અને ભગવાન બ્રહ્માજીના શરીરમાંથી પણ મહાન તેજો બહાર આવ્યાં. તે વખતે ઇંદ્ર આદિ અન્ય દેવોનાં શરીરમાંથી ય સુમહાન તેજો બહાર પ્રકટ્યાં અને એ સઘળાં તેજો એકરૂપ થઈ ગયાં. ૧૦,૧૧

अतीव तेजसः कूटं ज्वलन्तमिव पर्वतम् । ददृशुस्ते सुरास्तत्र ज्वालाव्याप्तदिगन्तरम् ॥१२॥

આમ ત્યાં દેવોએ મહાન તેજનો કૂટ જોયો. તે જાણે ઝળહળ જલતો પર્વત હતો અને દશે દિશામાં એની જ્વાલાઓ વ્યાપી રહી હતી. ૧૨

अतुलं तत्र तत्तेजः सर्वदेवशरीरजम् । एकस्थं तदभून्नारी व्याप्तलोकत्रयं त्विषा ॥ १३ ॥

સર્વ દેવોના શરીરમાંથી પ્રકટેલું તે તેજ અતુલ હતું. તે એકઠું થઈને નારીરૂપ થઈ ગયું અને પોતાના પ્રકાશથી ત્રણે લોકમાં વ્યાપી રહ્યું. ૧૩

यदभूच्छाम्भवं तेजस्तेनाजायत तन्मुखम् । याम्येन चाभवन् केशा बाहवो विष्णुतेजसा ॥ १४ ॥

જે શંભુનું તેજ હતું, તેનાથી તે દેવીનું મુખ થયું, યમના તેજથી તેના કેશ થયા અને વિષ્ણુના તેજથી તેના બાહુઓ થયા. ૧૪

सौम्येन स्तनयोर्युग्मं मध्यं चैन्द्रेण चाभवत् । वारुणेन च जङ्घोरू नितम्बस्तेजसा भुवः ॥ १५ ॥

ચંદ્રમાના તેજથી તેનાં સ્તન થયાં અને ઇંદ્રના તેજથી તેનો કટિભાગ થયો; વરુણના તેજથી તેની જાંઘ અને સાથળ થઈ અને પૃથ્વીના તેજથી તેના નિતમ્બ થયા. ૧૫

CC-0. Mumukshu Bhawan Varanasi Collection. Digitized by eGangotri

ब्रह्मणस्तेजसा पादौ तदङ्गुल्योऽर्कतेजसा। वसूनां च कराङ्गुल्यः कौबेरेण च नासिका ॥ १६॥

બ્રહ્માના તેજથી તેના પગ થયા અને સૂર્યના તેજથી તેની આંગળીઓ થઈ. વસુઓના તેજથી તેની કરાંગુલિઓ થઈ અને કુબેરના તેજથી તેની નાસિકા થઈ. ૧૬

तस्यास्तु दन्ताः सम्भूताः प्राजापत्येन तेजसा। नयनत्रितयं जज्ञे तथा पावकतेजसा ॥ १७॥

તે દેવીના દાંત પ્રજાપતિના તેજથી થયા અને તેનાં ત્રણ નયન અગ્નિના તેજથી થયાં. ૧૭

भ्रुवौ च संध्ययोस्तेजः श्रवणावनिलस्य च। अन्येषां चैव देवानां सम्भवस्तेजसां शिवा ॥ १८॥

તેની ભમ્મર સંધ્યાના તેજથી થઈ અને તેના કાન પવનના તેજથી થયા. આમ અન્ય દેવોનાં તેજોથી એ કલ્યાણકારી દેવી આવિર્ભાવ પામ્યાં. ૧૮

ततः समस्तदेवानां तेजोराशिसमुद्भवाम्। तां विलोक्य मुदं प्रापुरमरा महिषार्दिताः[1] ॥ १९॥

સમસ્ત દેવોનાં તેજસમૂહથી પ્રકટ થયેલાં આ દેવીને જોઈ મહિષાસુરથી પીડાયેલા સર્વ દેવો આનંદ પામ્યા. ૧૯

ततो देवा ददुस्तस्यै स्वानि स्वान्यायुधानि च। शूलं शूलाद्विनिष्कृष्य ददौ तस्यै पिनाकधृक् ॥२०

ત્યાર પછી દેવોએ તેમને પોતપોતાનાં આયુધો આપ્યાં. પિનાકપાણિ ભગવાન

---

૧. કોઈ કોઈ પ્રતમાં આટલું વિશેષ છે:

ततो देवा ददुस्तस्यै स्वानि स्वान्यायुधानि च। ऊचुर्जयजयेत्युच्चैर्जयन्तीं ते जयैषिणः ॥ પછી દેવોએ તેને પોતપોતાનાં આયુધો આપ્યાં. તે જયેચ્છુઓએ જયની દેવીનો ઊંચેથી જયજયકાર બોલાવ્યો.

CC-0. Mumukshu Bhawan Varanasi Collection. Digitized by eGangotri

શંકરે પોતાના શૂલમાંથી તેને એક શૂલ કાઢી આપ્યું. ૨૦

चक्रं च दत्तवान् कृष्णः समुत्पाट्य स्वचक्रतः। शङ्खं च वरुणः शक्तिं ददौ तस्यै हुताशनः॥ २१॥

ભગવાન વિષ્ણુએ પોતાના ચક્રમાંથી તેને એક ચક્ર કાઢી આપ્યું. વરુણે તેને શંખ આપ્યો અને અગ્નિએ તેને શક્તિ આપી. ૨૧

मारुतो दत्तवांश्चापं बाणपूर्णे तथेषुधी। वज्रमिन्द्रः समुत्पाट्य कुलिशादमराधिपः॥ २२॥

વાયુએ તેને ધનુષ્ય અને બાણથી ભરેલો ભાથો આપ્યાં. અમરોના અધિપતિ ઇંદ્રે પોતાના વજ્રમાંથી એક વજ્ર કાઢી તેને આપ્યું. ૨૨

ददौ तस्यै सहस्राक्षो घण्टामैरावताद् गजात्। कालदण्डाद्यमो दण्डं पाशं चाम्बुपतिर्ददौ॥ २३॥

વળી એ સહસ્રાક્ષે ઐરાવત હાથી ઉપરથી એક ઘંટા ઉતારી તેને આપી. યમે કાલદંડમાંથી તેને દંડ આપ્યો. જળસ્વામી વરુણે તેને પાશ આપ્યો. ૨૩

प्रजापतिश्चाक्षमालां ददौ ब्रह्मा कमण्डलुम्। समस्तरोमकूपेषु निजरश्मीन् दिवाकरः॥ २४॥

પ્રજાપતિએ તેને સ્ફટિકમાલા આપી અને બ્રહ્માએ તેને કમંડલ આપ્યું. અને તેના સકળ રોમકૂપો(રૂંવાડાં છિદ્રો)માં સૂર્યે પોતાનાં કિરણો સિંચ્યાં. ૨૪

कालश्च दत्तवान् खड्गं तस्यै चर्म च निर्मलम्॥ क्षीरोदश्चामलं हारमजरे च तथाम्बरे॥ २५॥

કાલે એને ખડ્ગ તથા નિર્મળ ઢાલ અર્પણ કર્યાં તથા સમુદ્રે તેને એક ઉજ્જવળ હાર આપ્યો અને સાથે કદીય જરે નહિ એવાં બે વસ્ત્ર આપ્યાં. ૨૫

---

१ पा० तस्याश्चर्म।

CC-0. Mumukshu Bhawan Varanasi Collection. Digitized by eGangotri

चूडामणिं तथा दिव्यं कुण्डले कटकानि च। अर्धचन्द्रं तथा शुभ्रं केयूरान् सर्वबाहुषु ॥२६॥
नूपुरौ विमलौ तद्वद् ग्रैवेयकमनुत्तमम्। अङ्गुलीयकरत्नानि समस्तास्वङ्गुलीषु च ॥२७॥
विश्वकर्मा ददौ तस्यै परशुं चातिनिर्मलम्। अस्त्राण्यनेकरूपाणि तथा भेद्यं च दंशनम् ॥२८॥

વળી તેણે તેને દિવ્ય ચૂડામણિ, બે કુંડળ, કડાં, શુભ્ર અર્ધચંદ્ર, સર્વ બાહુઓ માટે કેયૂરો, બે વિમલ ઝાંઝર, ગળાની એક અનુત્તમ હાંસડી, તેમ જ સર્વ અંગુલીઓમાં પહેરવાની રત્નમઢી અંગૂઠીઓ આપી. વિશ્વકર્માએ તેને અતિનિર્મલ ફરશી આપી. એ સાથે જલસાગરે તેને અનેક પ્રકારનાં અસ્ત્ર અને અભેદ્ય કવચ આપ્યાં. ૨૬–૨૮

अम्लानपङ्कजां मालां शिरस्युरसि चापराम्। अददज्जलधिस्तस्यै पङ्कजं चातिशोभनम् ॥२९॥
हिमवान् वाहनं सिंहं रत्नानि विविधानि च। ददावशून्यं सुरया पानपात्रं धनाधिपः ॥३०॥

વળી મસ્તક ઉપર તેમ જ ઉરમંડલ ઉપર પહેરવા માટે સદાય લીલાં એવાં કમળોની માળા આપી. સાથે સાથે સમુદ્રે તેને અત્યંત શોભાવાળું કમળ આપ્યું. હિમાલયે તેને સિંહનું વાહન આપ્યું, તેમ જ ભાતભાતનાં રત્નો આપ્યાં અને ધનપતિ કુબેરે તેને છલોછલ ભરેલું સુરાનું મધુપાત્ર આપ્યું. ૨૯,૩૦

शेषश्च सर्वनागेशो महामणिविभूषितम्। नागहारं ददौ तस्यै धत्तेयः पृथिवीमिमाम् ॥३१॥
अन्यैरपि सुरैर्देवी भूषणैरायुधैस्तथा। सन्मानिता ननादोच्चैः साट्टहासं मुहुर्मुहुः ॥३२॥
तस्या नादेन घोरेण कृत्स्नमापूरितं नभः। अमायतातिमहता प्रतिशब्दो महानभूत् ॥३३॥
चुक्षुभुः सकला लोकाः समुद्राश्च चकम्पिरे। चचाल वसुधा चेलुः सकलाश्च महीधराः ॥३४॥

CC-0. Mumukshu Bhawan Varanasi Collection. Digitized by eGangotri

આ પૃથ્વીને ધારણ કરી રહેલા સર્વ નાગોના અધિપતિ એવા શેષનાગે તેને મહામણિઓથી શોભી રહેલો એક નાગહાર આપ્યો. બીજા દેવોએ પણ એ દેવીને ભૂષણો તથા આયુધો આપી સન્માન્યાં, ત્યાર પછી એ દેવીએ વારંવાર અટ્ટહાસ્ય કરી ઉચ્ચ સ્વરે ગર્જના કરી. તેના ઘોર નાદથી સમસ્ત આકાશ ભરાઈ ગયું. દેવીનો તે સિંહનાદ ક્યાંય સમાતો નહોતો, આકાશ પણ તેને માટે અધૂરું લાગતું હતું, એટલો એ મહાન હતો. એ સિંહનાદનો જોરથી મહાન પડઘો પડ્યો અને સકળ લોકો તેથી ખળભળી ઊઠ્યા અને સમુદ્રો કંપી રહ્યા તેથી પૃથ્વી ડોલવા લાગી અને સર્વ પર્વતો હાલવા લાગ્યા. ૩૧–૩૪

जयेति देवाश्च मुदा तामूचुः सिंहवाहिनीम् । तुष्टुवुर्मुनयश्चैनां भक्तिनम्रात्ममूर्तयः ॥ ३५ ॥
दृष्ट्वा समस्तं संक्षुब्धं त्रैलोक्यममरारयः । संनद्धाखिलसैन्यास्ते समुत्तस्थुरुदायुधाः ॥ ३६ ॥
ताः किमेतदिति क्रोधादाभाष्य महिषासुरः । अभ्यधावत तं शब्दमशेषैरसुरैर्वृतः ॥ ३७ ॥
स ददर्श ततो देवीं व्याप्तलोकत्रयां त्विषा । पादाक्रान्त्या नतभुवं किरीटोल्लिखिताम्बराम् ॥ ३८ ॥

ત્યારે દેવો અત્યંત આનંદમાં આવી ગયા અને એ સિંહવાહિની ભવાનીનો જયજયકાર બોલવા લાગ્યા. મુનિઓ પણ ભક્તિથી વિનમ્ર થઈ એ દેવીનું ભાવપૂર્વક સ્તવન કરવા મંડ્યા. આમ સમસ્ત ત્રૈલોક્યને ખળભળેલું જોઈ દેવોના શત્રુ અસુરો પોતાની સર્વ સેનાઓને સજ્જ રાખી આયુધો ઊંચાં કરી ઊભા થયા. ત્યારે મહિષાસુરે ક્રોધથી હાક મારી: 'આહ! આ શું છે બધું?' આમ કહીને પોતાના સર્વ

CC-0. Mumukshu Bhawan Varanasi Collection. Digitized by eGangotri

અસુરોથી વીંટળાઈ તે સિંહનાદની દિશામાં દોડ્યો. ત્યાં તેણે પોતાના તેજથી ત્રણે લોકને વ્યાપી રહેલાં દેવીને જોયાં. એ દેવીના ચરણદાબથી પૃથ્વી નમી ગઈ હતી અને એના મુકુટે આકાશમાં જાણે ઉજ્જવળ રેખા પાડી હતી. ૩૫–૩૮

क्षोभिताशेषपातालां धनुर्ज्यानिःस्वनेन ताम्। दिशो भुजसहस्रेण समन्ताद् व्याप्य संस्थिताम् ॥३९

એના ધનુષની પણછના ટંકારવે સમસ્ત પાતાળ ક્ષોભ પામ્યું હતું. એ દેવી પોતાના હજાર હાથથી સર્વ દિશાઓને વ્યાપીને ઊભાં હતાં. ૩૯

ततः प्रववृते युद्धं तया देव्या सुरद्विषाम्। शस्त्रास्त्रैर्बहुधा मुक्तैरादीपितदिगन्तरम् ॥४०॥
महिषासुरसेनानीश्चिक्षुराख्यो महासुरः। युयुधे चामरश्चान्यैश्चतुरङ्गबलान्वितः ॥४१॥
रथानामयुतैः षड्भिरुदग्राख्यो महासुरः। अयुध्यतायुतानां च सहस्रेण महाहनुः ॥४२॥

પછી એ દેવી અને દેવાદિ દૈત્યો વચ્ચે યુદ્ધ મંડાયું. ત્યાં અનેકાનેક શસ્ત્રાસ્ત્રો છૂટ્યાં અને દિશાઓ ભડભડી ઊઠી. મહિષાસુરનો સેનાનાયક ચિક્ષુર નામનો મહાન અસુર હતો, તે દેવીની સાથે યુદ્ધ કરવા લાગ્યો. તે વખતે ચતુરંગિણી સેનાવાળો ચામર પણ બીજા અસુરો સાથે રહી યુદ્ધ ખેલવા મંડ્યો. ઉદગ્ર નામનો એક બીજો મહાન અસુર સાઠ હજાર રથીઓ અને મહાહનુ એક કરોડ રથીઓ લઈને જંગ ખેલવા લાગ્યો. ૪૦–૪૨

पञ्चाशद्भिश्च नियुतैरसिलोमा महासुरः। अयुतानां शतैः षड्भिर्बाष्कलो युयुधे रणे ॥४३॥
गजवाजिसहस्रौघरनेकैः परिवारितः। वृतो रथानां कोट्या च युद्धे तस्मिन्नयुध्यत ॥४४॥

CC-0. Mumukshu Bhawan Varanasi Collection. Digitized by eGangotri

बिडालाख्योऽयुतानां च पञ्चाशद्भिरथायुतैः । युयुधे संयुगे तत्र रथानां परिवारितः[1] ॥ ४५॥
अन्ये च तत्रायुतशो रथनागहयैर्वृताः । युयुधुः संयुगे देव्या सह तत्र महासुराः ॥ ४६॥
कोटिकोटिसहस्रैस्तु रथानां दन्तिनां तथा । हयानां च वृतो युद्धे तत्राभून्महिषासुरः ॥४७॥
तोमरैर्भिन्दिपालैश्च शक्तिभिर्मुसलैस्तथा । युयुधुः संयुगे देव्या खड्गैः परशुपट्टिशैः ॥ ४८॥

અસિલોમા મહાદૈત્ય પાંચ કરોડ રથીઓ સાથે યુદ્ધમાં રમવા લાગ્યો. ત્યારે સાઠ લાખ રથીઓથી વીંટળાયેલો બાષ્કલ રણમાં ઊતર્યો. સાથે પરિવારિત પણ તે જંગમાં ખેલવા લાગ્યો. તેની પાસે હાથીઘોડાઓના અનેક સહસ્ર સમૂહો હતા અને તે એક કરોડ રથીઓથી વીંટાયેલો હતો. બિડાલ નામનો દૈત્ય પાંચ અબજ રથીઓ સાથે રહી જંગ ખેલવા લાગ્યો. ત્યાં તે વખતે હજારો ને લાખો રથીઓ હાથીઘોડા સાથે એ રણજંગમાં ઝઝવા મંડ્યા. આમ ત્યાં અનેકાનેક મહાન અસુરો કરોડો ને લાખો રથીઓ તથા હાથીઓ સાથે તે દેવીની સાથે યુદ્ધ કરવા લાગ્યા. પોતે મહિષાસુર પણ દેવીની સાથે દ્વંદ્વ ભીડી રહ્યો હતો; એ યુદ્ધમાં એ અસુર ઘોડાઓથી ઘેરાયેલો હતો અને એ તોમર, ભિંદિપાલ, શક્તિ, મુસલ, ખડ્ગ, પરશુ અને પટ્ટિશ આદિ હથિયારોથી યુદ્ધ કરતો હતો. ૪૩-૪૮

केचिच्च चिक्षिपुः शक्तिः केचित्पाशांस्तथापरे । देवीं खड्गप्रहारैस्तु ते तां हन्तुं प्रचक्रमुः ॥ ४९॥

---

[1] કોઈ કોઈ પ્રતમાં આ પછી આટલો પાઠ વધુ છે: 'वृत्तो काली रथानां च रणे पंचाशतायुतैः । युयुधे संयुगे तत्र तावद्भिः परिवारितः' [ત્યારે રણમાં પાંચ કરોડ રથીઓથી વીંટાયેલો કાળ ત્યાં દ્વંદ્વ ધમસાણમાં જંગ ખેલવા લાગ્યો.]

CC-0. Mumukshu Bhawan Varanasi Collection. Digitized by eGangotri

सापि देवी ततस्तानि शस्त्राण्यस्त्राणि चण्डिका। लीलयैव प्रचिच्छेद निजशस्त्रास्त्रवर्षिणी ॥५०॥
अनायस्तानना देवी स्तूयमाना सुरर्षिभिः। मुमोचासुरदेहेषु शस्त्राण्यस्त्राणि चेश्वरी॥५१॥
सोऽपि क्रुद्धो धुतसटो देव्या वाहनकेसरी। चचारासुरसैन्येषु वनेष्विव हुताशनः ॥५२॥
निःश्वासान् मुमुचे यांश्च युद्धमाना रणेऽम्बिका। त एव सद्यः सम्भूता गणाः शतसहस्रशः ॥५३॥

ત્યાં કેટલાક દૈત્યો શક્તિ ફેંકતા હતા, તો બીજા કેટલાક પાશ વીંઝતા હતા. કેટલાક અસુરો દેવી ઉપર ખડ્ગપ્રહાર કરી તેમને હણવાને મથતા હતા, ત્યારે એ ચંડિકાદેવી પણ પોતાનાં શસ્ત્રાસ્ત્રોની વર્ષા વરસાવી દૈત્યોનાં શસ્ત્રાસ્ત્રોને રમતવાતમાં સહેજે છેદી નાખતાં હતાં. તે સમયે એ મહાદેવીના મુખ ઉપર થાકની નિશાની સરખીયે નહોતી અને દેવો તથા ઋષિઓ તેમની સ્તુતિ કરી રહ્યા હતા. આમ તે ઈશ્વરી અસુરોના દેહ ઉપર શસ્ત્રાસ્ત્રો વરસાવી રહ્યાં હતાં, ત્યારે દેવીનું વાહન થયેલો સિંહ પણ કેશવાળી કંપાવતો ક્રોધે ભરાયો અને વનમાં ઘૂમતા દાવાનળની જેમ તે અસુર સૈન્યોમાં ઘૂમવા લાગ્યો. રણાંગણમાં દેવી અંબિકાએ યુદ્ધ કરતાં કરતાં જે જે નિઃશ્વાસો છોડ્યા, તેમાંથી તરત જ સેંકડો ને હજારો ગણો પ્રકટ થયા. ૪૯—૫૩

युयुधुस्ते परशुभिर्भिन्दिपालासिपट्टिशैः। नाशयन्तोऽसुरगणान् देवीशक्त्युपबृंहिताः ॥५४॥
अवादयन्तः पटहान् गणाः शङ्खांस्तथापरे। मृदङ्गांश्च तथैवान्ये तस्मिन् युद्धमहोत्सवे ॥५५॥
ततो देवी त्रिशूलेन गदया शक्तिवृष्टिभिः। खड्गादिभिश्च शतशो निजघानमहासुरान् ॥५६॥

તે ગણો પરશુ, ભિંદિપાલ, તલવાર તેમ જ પટ્ટિશોથી યુદ્ધ કરવા લાગ્યા. આમ

CC-0. Mumukshu Bhawan Varanasi Collection. Digitized by eGangotri

દેવીની શક્તિથી વૃદ્ધિ પામેલા એ ગણો અસુરોના સમૂહોનો નાશ કરવા મંડ્યા. આવા કેટલાક ગણો ઢોલ વગાડતા હતા, તો બીજા કેટલાક શંખો બજાવતા હતા. વળી તે યુદ્ધમહોત્સવમાં કંઈક ગણો મૃદંગો વગાડતા હતા. ત્યારે તે દેવીએ ત્રિશૂલથી, ગદાથી, શક્તિવર્ષાથી અને ખડ્ગ આદિથી સેંકડો દૈત્યોનો ઘાણ કાઢ્યો. ૫૪–૫૬

पातयामास चैवान्यान् घण्टास्वनविमोहितान्। असुरान् भुवि पाशेन बद्ध्वा चान्यानकर्षयत् ॥५७

કેટલાકને દેવીએ ઢાળી દીધા, તો કેટલાકને ઘંટાના નાદથી મૂર્ચ્છિત કર્યા. કેટલાક અસુરોને દેવીએ પાશથી બાંધી દીધા, તો કેટલાકને ઢસડી નાખ્યા. ૫૭

केचिद् द्विधा कृतास्तीक्ष्णैः खड्गपातैस्तथापरे। विपोथिता निपातेन गदया भुवि शेरते ॥५८॥

કેટલાકને તેણે બે ભાગમાં કાપી નાખ્યા, તો કેટલાકને તાતી તલવાર વીંઝી ચીરી નાખ્યા. કેટલાય અસુરો ગદાની ચોટથી ભૂમિ ઉપર લથડી પડ્યા. ૫૮

वेमुश्च केचिद्रुधिरं मुसलेन भृशं हताः। केचिन्निपतिता भूमौ भिन्नाः शूलेन वक्षसि ॥५९॥

કેટલાય અસુરો મુસલનો સખત માર ખાઈ લોહી ઓકવા લાગ્યા. કેટલાકને છાતીમાં શૂલ વાગ્યાં હતાં અને તેઓ ભોંય ઉપર પટકાઈ પડ્યા હતા. ૫૯

निरन्तराः शरौघेण कृताः केचिद्रणाजिरे। सेनानुकारिणः[1] प्राणान् मुमुचुस्त्रिदशार्दनाः ॥६०॥
केषांचिद् बाहवश्छिन्नाश्छिन्नग्रीवास्तथापरे। शिरांसि पेतुरन्येषामन्ये मध्ये विदारिताः ॥६१॥

બીજા કેટલાક નિરંતર બાણસમૂહ વાગ્યાથી રણાંગણમાં કપાઈને પડ્યા હતા.

---

૧ પા૦ श्येनानु० ।

CC-0. Mumukshu Bhawan Varanasi Collection. Digitized by eGangotri

દેવોને પીડનારા એ દૈત્યો આમ તો બાજની જેમ ઝપટ મારનારા હતા, પણ હવે તેઓ પ્રાણ ગુમાવતા હતા: કોઈના હાથ કપાયા હતા, કોઈની ડોક કપાઈ હતી, કોઈનાં માથાં લબડ્યાં હતાં; તો કોઈના મધ્યભાગ ચિરાઈ ગયા હતા. ૬૦,૬૧

विच्छिन्नजङ्घास्त्वपरे पेतुरुर्व्यां महासुराः । एकबाह्वक्षिचरणाः केचिद्देव्या द्विधा कृताः ॥६२॥
छिन्नेऽपि चान्ये शिरसि पतिताः पुनरुत्थिताः । ननृतुश्चापरे तत्र युद्धे तूर्यलयाश्रिताः ॥६३॥

વળી કોઈની જાંઘ ફાટી ગઈ હતી, તો કોઈ મહાદૈત્યો ધરણી ઉપર ઢળ્યા હતા. કોઈ એકપગા થયા હતા, કોઈ એક હાથવાળા થયા હતા, તો કોઈ એકાક્ષી થયા હતા. કોઈના બે ભાગ થયા હતા, તો કોઈ માથાં વઢાયાથી નીચે પડ્યા છતાં પાછા ઊભા થતા હતા; તો એવા બીજા કેટલાક અસુરો યુદ્ધમાં તૂરિના લય ઉપર નૃત્ય કરતા હતા. ૬૨,૬૩

कबन्धाश्छिन्नशिरसः खड्गशक्त्यृष्टिपाणयः । तिष्ठ तिष्ठेति भाषन्तो देवीमन्ये महासुराः ॥६४॥

માથાં કપાઈ ગયેલા આ ધડરૂપી મહાન અસુરો હાથમાં ખડ્ગ, શક્તિ અને ખંજર લઈને દેવીને પડકારતા હતા: 'ઊભી રહે, ઊભી રહે.' ૬૪

पातितै रथनागश्वैरसुरैश्च वसुंधरा । अगम्या साऽभवत्तत्र यत्राभूत्स महारणः ॥६५॥

તે મહાન રણભૂમિમાં દેવીએ રથ, હાથી, ઘોડા અને અસુરોને એટલાં બધાં ઢાળી દીધાં કે ધરતી ઉપર ચાલવાની જરા સરખીય જગા રહી નહિ. ૬૫

शोणितौघा महानद्यः सद्यस्तत्र प्रसुस्रुवुः । मध्ये चासुरसैन्यस्य वारणासुरवाजिनाम् ॥६६॥

CC-0. Mumukshu Bhawan Varanasi Collection. Digitized by eGangotri

ત્યાં દૈત્યસેનાના અસુરો, હાથીઓ તથા ઘોડાઓનાં શરીરમાંથી લોહીનાં ખાબડાં ભરાયાં અને તરત જ તેમાંથી મહાનદીઓ વહેવા લાગી. ૬૬

क्षणेन तन्महासैन्यमसुराणां तथाम्बिका । निन्ये क्षयं यथा वह्निस्तृणदारुमहाचयम् ॥ ६७ ॥

અગ્નિ જેમ લાકડાના મોટા સંચયને ખાખ કરી દે છે, તેમ એ મહાદેવી અંબિકાએ એક ક્ષણમાં અસુરોના એ મહાસૈન્યને ખલાસ કરી નાખ્યું. ૬૭

स च सिंहो महानादमुत्सृजन्धुतकेसरः । शरीरेभ्योऽमरारीणामसूनिव विचिन्वति ॥ ६८ ॥

તે વખતે કેશવાળી ધુણાવી રહેલો દેવીનો સિંહ પણ મહાનાદ કરવા લાગ્યો– જાણે દેવશત્રુઓનાં શરીરમાંથી તે પ્રાણની શોધ કરતો હોય. ૬૮

देव्या गणैश्च तैस्तत्र कृतं युद्धं महासुरैः । यथैषां[1] तुतुषुर्देवाः[2] पुष्पवृष्टिमुचो दिवि ॥ ॐ ॥ ६९ ॥

આમ દેવીના ગણોએ ત્યાં મહાન દૈત્યો સાથે આવો સંગ્રામ ખેલ્યો, તેથી દેવગણો પરમ સંતોષ પામી આકાશમાંથી તેમના ઉપર પુષ્પવૃષ્ટિ કરવા લાગ્યા. ૬૯

श्रीमार्कण्डेयपुराणे सावर्णिके मन्वन्तरे देवीमाहात्म्ये महिषासुरसैन्यवधो नाम द्वितीयोऽध्यायः ॥ २ ॥

उवाच १, श्लोकाः ६८, एवम् ६९, एवमादितः ॥ १७३ ॥

શ્રીમાર્કંડેયપુરાણે, સાવર્ણિક મન્વન્તરે, દેવીમાહાત્મ્યે,
મહિષાસુરની સેનાનો વધ નામનો બીજો અધ્યાય

---

૧ પા૦ યથૈનાં । ૨ પા૦ તુષ્ટુવુર્દેવાઃ ।

CC-0. Mumukshu Bhawan Varanasi Collection. Digitized by eGangotri

અધ્યાય ૩ જો

સેનાપતિઓ અને મહિષાસુરનો વધ

ध्यानम् । ધ્યાન

ॐ उद्यद्भानुसहस्रकान्तिमरुणक्षौमां शिरोमालिकां ।
रक्तालिप्तपयोधरां जपवटीं विद्यामभीतिं वरम् ॥
हस्ताब्जैर्दधतीं त्रिनेत्रविलसद्वक्त्रारविन्दश्रियं ।
देवीं बद्धहिमांशुरत्नमुकुटां वन्देऽरविन्दस्थिताम् ॥

કમલાસના એ જગદંબાને મારાં વંદન હો : એમની કાંતિ ઉદયકાળના સહસ્ર સૂર્યો જેવી છે. એમણે અરુણ રંગની રેશમી સાડી પહેરી છે. એમને ગળે મુંડની માળા છે. એમનાં સ્તન ઉપર રક્તચંદનના લેપ છે, કરકમળમાં એમને જપમાળા, વિદ્યા, અભય તથા વર એ મુદ્રાઓ છે. ત્રણ આંખથી વિલસી રહેલું એમનું વદન-કમળ અપૂર્વ શોભાવાળું છે. એ દેવીએ મસ્તકે ચંદ્રમાની સાથે રત્નમય મુકુટ બાંધ્યો છે.

ऋषिरुवाच ॥ १ ॥ ઋષિ બોલ્યા :

'ॐ' निहन्यमानं तत्सैन्यमवलोक्य महासुरः । सेनानीश्चिक्षुरः कोपाद्ययौ योद्धुमथाम्बिकाम् ॥२

ॐ પોતાના સૈન્યનો આ પ્રમાણે નાશ થયેલો જોઈને, મહાન અસુર સેનાનાયક ચિક્ષુર ક્રોધમાં આવી ગયો અને શ્રીઅંબિકા સાથે યુદ્ધ કરવા માટે દોડ્યો. ૨

CC-0. Mumukshu Bhawan Varanasi Collection. Digitized by eGangotri

स देवीं शरवर्षेण ववर्ष समरेऽसुरः । यथा मेरुगिरेः शृङ्गं तोयवर्षेण तोयदः ॥ ३ ॥

એ અસુરે દેવી ઉપર શરવર્ષા છોડી–માનો કે વાદળાંએ મેરુપર્વતના શિખર ઉપર જળવર્ષા છોડી. ૩

तस्य छित्त्वा ततो देवी लीलयैव शरोत्करान् । जघान तुरगान् बाणैर्यन्तारं चैव वाजिनाम् ॥

ત્યારે દેવીએ બાણો છોડીને જાણે રમતવાતમાં તેની એ બાણઝડીને કાપી નાખી અને તેના ઘોડાઓ તથા ઘોડેસવારોનેય હણી નાખ્યા. ૪

चिच्छेद च धनुः सद्यो ध्वजं चातिसमुच्छ्रितम् । विव्याध चैव गात्रेषु छिन्नधन्वानमाशुगैः ॥५॥

વળી દેવીએ ઝપટમાં તેનું ધનુષ કાપી નાખ્યું, તેમ જ તેનો અતિ ઊંચો ઊડતો ધ્વજ પણ છેદી નાખ્યો. આમ તેનું ધનુષ્ય કપાઈ ગયું એટલે તીવ્ર બાણો મૂકીને દેવીએ એનાં ગાત્રોને વીંધી નાખ્યાં. ૫

सच्छिन्नधन्वा विरथो हताश्वो हतसारथिः । अभ्यधावत तां देवीं खड्गचर्मधरोऽसुरः ॥६॥

હવે એ અસુરનું ધનુષ્ય કપાયું, એ રથવિહોણો થયો, એના ઘોડાઓ હણાયા અને એનો સારથિ પણ માર્યો ગયો; એટલે ઢાલતરવાર લઈને એ દેવીની સામે ધસ્યો.

सिंहमाहत्य खड्गेन तीक्ष्णधारेण मूर्धनि । आजघान भुजे सव्ये देवीमप्यतिवेगवान् ॥ ७ ॥

એ અતિ વેગવાળાએ તીક્ષ્ણ ધારવાળા ખડ્ગથી દેવીના સિંહના માથા ઉપર હલ્લો કર્યો અને દેવીની જમણી ભુજા પર પણ પ્રહાર કર્યો. ૭

तस्याः खड्गो भुजं प्राप्य पफाल नृपनन्दन । ततो जग्राह शूलं स कोपादरुणलोचनः ॥८॥

પણ હે રાજનંદન! એની એ તલવાર દેવીની ભુજા આગળ પહોંચી ન પહોંચી,

CC-0. Mumukshu Bhawan Varanasi Collection. Digitized by eGangotri

ત્યાં તો એ તૂટી ગઈ; એટલે લાલ આંખવાળા એ સેનાનાયકે ક્રોધમાં આવીને શૂલ પકડ્યું. ૮

चिक्षेप च ततस्तत्तु भद्रकाल्यां महासुरः । जाज्वल्यमानं तेजोभी रविबिम्बमिवाम्बरात् ॥९॥

એ મહાદૈત્યે આમ રવિબિંબની જેમ તેજથી ઝળહળી રહેલું એ શૂલ ભદ્રકાલી ઉપર આકાશમાંથી ફેંક્યું. ૯

दृष्ट्वा तदापतच्छूलं देवी शूलममुञ्चत । तेन तच्छतधा नीतं शूलं स च महासुरः ॥१०॥

તે શૂલને પડતું જોઈને દેવીએ પણ પોતાનું શૂલ છોડ્યું અને તેથી મહા અસુરના શૂલના સો કટકા થઈ ગયા તેમ જ તે પોતે પણ પ્રાણરહિત થયો. ૧૦

हते तस्मिन्महावीर्ये महिषस्य चमूपतौ । आजगाम गजारूढश्चामरस्त्रिदशार्दनः ॥ ११ ॥

આમ મહિષાસુરનો મહાવીર્યવાન સેનાનાયક ચિક્ષુર હણાયો; એટલે દેવપીડક ચામર ગજસવાર થઈને ત્યાં આવી રહ્યો. ૧૧

सोऽपि शक्तिं मुमोचाथ देव्यास्तामम्बिका द्रुतम् । हुंकाराभिहतां भूमौ पातयामास निष्प्रभाम् ॥

તેણે પણ અંબિકાદેવી ઉપર શક્તિ છોડી. ત્યાં તો દેવીએ એક હુંકારમાત્ર કરીને એ શક્તિને જૂઠી પાડી દીધી. તે શક્તિ નિર્વીર્ય થઈ જમીન ઉપર પટકાઈ ગઈ. ૧૨

भग्नां शक्तिं निपतितां दृष्ट्वा क्रोधसमन्वितः । चिक्षेप चामरः शूलं बाणैस्तदपि साच्छिनत् ॥

પોતાની શક્તિને આ રીતે ભાંગી ગયેલી જોઈને ચામર ક્રોધે ભરાયો. તેણે શૂલ ફેંક્યું. દેવીએ એ શૂલનેય બાણોથી કાપી નાખ્યું. ૧૩

CC-0. Mumukshu Bhawan Varanasi Collection. Digitized by eGangotri

ततः सिंहः समुत्पत्य गजकुम्भान्तरे स्थितः । बाहुयुद्धेन युयुधे तेनोच्चैस्त्रिदशारिणा ॥ १४ ॥

એટલામાં દેવીના સિંહે કૂદકો માર્યો અને હાથીના મસ્તક ઉપર તે ચંડી બેઠો. આમ ઊંચે ચડીને તે દેવશત્રુ ચામર સાથે જોરથી બાહુયુદ્ધ કરવા લાગ્યો. ૧૪

युद्ध्यमानौ ततस्तौ तु तस्मान्नागान्महीं गतौ । युयुधातेऽतिसंरब्धौ प्रहारैरतिदारुणैः ॥ १५ ॥

આ પ્રમાણે લડતાં લડતાં તે બન્ને એ હાથી ઉપરથી ભોંય ઉપર આવી ગયા અને અત્યંત ક્રોધમાં આવીને તેઓ દારુણ પ્રહારો કરીને લડવા લાગ્યા. ૧૫

ततो वेगात्खमुत्पत्य निपत्य च मृगारिणा । करप्रहारेण शिरश्चामरस्य पृथक्कृतम् ॥ १६ ॥

હવે સિંહે વેગથી ઊંચે આકાશમાં ઉછાળો માર્યો અને ત્યાંથી કૂદીને પંજો મારી ચામરના મસ્તકને અળગું કરી દીધું. ૧૬

उदग्रश्च रणे देव्या शिलावृक्षादिभिर्हतः । दन्तमुष्टितलैश्चैव करालश्च निपातितः ॥ १७ ॥

આ બાજુ દેવીએ રણાંગણમાં શિલા અને વૃક્ષ આદિથી ઉદગ્રને હણી નાખ્યો. વળી એણે દાંત, મૂઠી અને થપાટ મારીને કરાલને ય ગબડાવી પાડ્યો. ૧૭

देवी क्रुद्धा गदापातैश्चूर्णयामास चोद्धतम् । बाष्कलं भिन्दिपालेन बाणैस्ताम्रं तथान्धकम् ॥१८॥

ક્રોધમાં આવેલાં દેવીએ ગદાના ઘા કરીને ઉદ્ધતને ચીરી નાખ્યો. વળી એણે બાષ્કલને ભિન્દિપાલથી અને તામ્ર તથા અંધકને બાણોથી પૂરા કર્યા. ૧૮

उग्रास्यमुग्रवीर्यं च तथैव च महाहनुम् । त्रिनेत्रा च त्रिशूलेन जघान परमेश्वरी ॥ १९ ॥

પછી ત્રિનયના પરમેશ્વરીએ ત્રિશૂલનો પ્રહાર કરી ઉગ્રાસ્ય, ઉગ્રવીર્ય તેમ જ

CC-0. Mumukshu Bhawan Varanasi Collection. Digitized by eGangotri

મહાહનુને મૃત્યુશરણ કર્યા. ૧૯

बिडालस्यासिना कायात्पातयामास वै शिरः । दुर्धरं दुर्मुखं चोभौ शरैर्निन्ये यमक्षयम्[1] ॥२०॥

દેવીએ તલવારનો ઝાટકો મારી બિડાલાસ્યનું માથું ધડથી જુદું પાડી નાખ્યું. તે જ પ્રમાણે એણે બાણો મારી દુર્ધર ને દુર્મુખને યમમંદિરે પહોંચાડી દીધા. ૨૦

एवं संक्षीयमाणे तु स्वसैन्ये महिषासुरः । माहिषेण स्वरूपेण त्रासयामास तान् गणान् ॥२१॥

આ પ્રમાણે પોતાનું સૈન્ય ગળાઈ જતું હતું, તે જોઈને મહિષાસુર પાડાનું રૂપ લઈને એ ગણોને ત્રાસ આપવા લાગ્યો. ૨૧

कांश्चित्तुण्डप्रहारेण खुरक्षेपैस्तथापरान् । लाङ्गूलताडितांश्चान्यान्छृङ्गाभ्यां च विदारितान् ॥२२

કેટલાકને માથું મારીને, કેટલાકને ખરી લગાડીને, કેટલાકને પૂંછડું પટકાવીને, તો કેટલાકને શિંગડાં ભેરવીને એણે મારી નાખ્યા. ૨૨

वेगेन कांश्चिदपरान्नादेन भ्रमणेन च । निःश्वासपवनेनान्यान् पातयामास भूतले ॥ २३ ॥

વળી કેટલાકને એણે સપાટા લગાવીને, કેટલાકને બરાડા પાડીને, કેટલાકને ચક્કર ચક્કર ફેરવીને, તો કેટલાકને નિઃશ્વાસની ઝપટ મારીને ભૂતલ ઉપર ગબડાવી પાડ્યા. ૨૩

---

૧ આ પછી કોઈ કોઈ પ્રતમાં નીચેના બે શ્લોકો વધુ છે:

कालं च कालदण्डेन कालरात्रिरपातयत् । उग्रदर्शनमत्युग्रैः खड्गपातैरताडयत् ॥

असिनैवासिलोमानमच्छिदत्सा रणोत्सवे । गणैः सिंहेन देव्या च जयक्ष्वेडाकृतोत्सवैः ॥

[ત્યાં દેવી કાળરાત્રિએ કાળને કાળદંડથી, ઉગ્રદર્શનને ઉગ્ર ખડ્ગપાતથી અને અસિલોમાને તલવારથી છેદી નાખ્યા; ત્યારે દેવીની સાથે સિંહ અને ગણોએ રણોત્સવમાં જયજયકાર કર્યો.]

CC-0. Mumukshu Bhawan Varanasi Collection. Digitized by eGangotri

निपात्य प्रमथानीकमभ्यधावत सोऽसुरः। सिंहं हन्तुं महादेव्याः कोपं चक्रे ततोऽम्बिका॥

આમ ગણસમૂહને ગબડાવીને તે અસુર મહાદેવીના સિંહને હણવા માટે ધસમસતો ગયો; એટલે અંબિકા ક્રોધે ભરાયાં. ૨૪

साऽपि कोपान्महावीर्यं खुरक्षुण्णमहीतलः। शृङ्गाभ्यां पर्वतानुच्चांश्चिक्षेप च ननाद च॥ २५॥

મહાવીર્યવાન મહિષાસુર ક્રોધમાં આવીને પૃથ્વીના તળને ખરીથી ખોદવા લાગ્યો અને શિંગડાંથી પર્વતો ઉછાળી ગર્જના કરવા મંડ્યો. ૨૫

वेगभ्रमणविक्षुण्णा मही तस्य व्यशीर्यत। लाङ्गूलेनाहतश्चाब्धिः प्लावयामास सर्वतः॥ २६॥

એના વેગના ચક્કરથી ધરતી ખળભળી ઊઠી અને તેમાં ફાટ પડી. એના પૂંછડાની પછાડથી સમુદ્ર ચારે બાજુએ પૃથ્વીને ભીંજવવા લાગ્યો. ૨૬

धुतशृङ्गविभिन्नाश्च खण्डं खण्डं ययुर्घनाः। श्वासानिलास्ताः शतशो निपेतुर्नभसोऽचलाः॥

એનાં ડોલતાં શિંગડાંના આઘાતથી વાદળાં વેરાઈ ગયાં અને ટુકડેટુકડા થઈ ગયાં. એના શ્વાસના પવનને ઝપાટે ઊડેલા સેંકડો પહાડો આકાશમાંથી નીચે ગબડ્યા. ૨૭

इति क्रोधसमाध्मातमापतन्तं महासुरम्। दृष्ट्वा सा चण्डिका कोपं तद्वधाय तदाकरोत्॥

આમ ક્રોધથી ધમધમી રહેલો તે મહાદૈત્ય ફૂદકા ભરતો હતો, એ જોઈ દેવી ચંડિકાએ એનો વધ કરવા ક્રોધ કર્યો. ૨૮

सा क्षिप्त्वा तस्य वै पाशं तं बबन्ध महासुरम्। तत्याज माहिषं रूपं सोऽपि बद्धो महामृधे॥

હવે દેવીએ પાશ ફેંક્યો અને તે મહાદૈત્યને બાંધી દીધો. આમ રણયુદ્ધમાં એ બંધાઈ ગયો, એટલે એણે પાડાનું રૂપ છોડી દીધું. ૨૯

CC-0. Mumukshu Bhawan Varanasi Collection. Digitized by eGangotri

ततः सिंहोऽभवत्सद्यो यावत्तस्याम्बिका शिरः । छिनत्ति तावत्पुरुषः खड्गपाणिरदृश्यत ॥३०॥

પછી તે સિંહરૂપ થયો; એટલે અંબિકાએ તરત જ તેનું માથું વાઢી નાખ્યું. ત્યાં તો એ હાથમાં ખડ્ગ ધારણ કરેલા પુરુષરૂપે દેખાયો. ૩૦

तत एवाशु पुरुषं देवी चिच्छेद सायकैः । तं खड्गचर्मणा सार्द्धं ततः सोऽभून्महागजः ॥३१॥

દેવીએ ઢાલતલવારવાળા એ પુરુષને બાણોથી તરત જ છેદી નાખ્યો, એટલે તે મહાગજ થયો. ૩૧

करेण च महासिंहं तं चकर्ष जगर्ज च । कर्षतस्तु करं देवी खड्गेन निरकृन्तत ॥ ३२ ॥

એ મહાન ગજ સૂંઢથી મહાન સિંહને ખેંચવા લાગ્યો અને ગર્જવા મંડ્યો. આમ તે ખેંચતો હતો, તે વખતે દેવીએ તલવારનો ઝાટકો મારી તેની સૂંઢ કાપી નાખી. ૩૨

ततो महासुरो भूयो माहिषं वपुरास्थितः । तथैव क्षोभयामास त्रैलोक्यं सचराचरम् ॥ ३३ ॥

ફરીથી એ મહાન દૈત્યે પાડાનું રૂપ ધારણ કર્યું અને એ રીતે તેણે સચરાચર ત્રણે લોકને વ્યાકુળ કરી મૂક્યા. ૩૩

ततः क्रुद्धा जगन्माता चण्डिका पानमुत्तमम् । पपौ पुनः पुनश्चैव जहासारुणलोचना ॥ ३४ ॥

એટલે જગન્માતા ચંડિકા ક્રોધે ભરાયાં. તેમણે વારંવાર ઉત્તમ પ્રકારનું મધુપાન કરવા માંડ્યું. તેમની આંખ લાલ લાલ થઈ ગઈ અને તેમણે હાસ્ય કરવા માંડ્યું. ૩૪

ननर्द चासुरः सोऽपि बलवीर्यमदोद्धतः । विषाणाभ्यां च चिक्षेप चण्डिकां प्रति भूधरान् ॥

ત્યારે બળ અને વીર્યના મદમાં ઉદ્ધત થયેલો એ અસુર પણ ગર્જના કરવા

CC-0. Mumukshu Bhawan Varanasi Collection. Digitized by eGangotri

લાગ્યો અને પર્વતોને શિંગડાંથી ઊંચકી ઊંચકીને ચંડિકા તરફ ફેંકવા મંડ્યો. ૩૫

सा च तान् प्रहितांस्तेन चूर्णयन्ती शरोत्करैः। उवाच तं मदोद्धूतमुखरागाकुलाक्षरम् ॥ ३६ ॥

પણ દેવીએ આ ફગાવવામાં આવેલા પહાડોને બાણવૃષ્ટિથી ચૂર્ણ કરી નાખ્યા અને એ અસુરને આ પ્રમાણે કહેવા માંડ્યું. તે વખતે દેવીનું મુખ મધુપાનના મદથી લાલ થઈ ગયું હતું અને વાણી આકુળ થઈ ગઈ હતી. ૩૬

देव्युवाच ॥ ३७ ॥ દેવી બોલ્યાં:

गर्ज गर्ज क्षणं मूढ मधु यावत्पिबाम्यहम्। मया त्वयि हतेऽत्रैव गर्जिष्यन्त्याशु देवताः ॥ ३८ ॥

ઓ મૂઢ! આ હું મધુપાન કરું છું, ત્યાં સુધી ક્ષણવાર તું ગર્જી લે–ભલે તું ગર્જના કર; હું તને હમણાં જ હણી નાખીશ, એટલે દેવતાઓ પછી ગર્જના કરશે. ૩૮

ऋषिरुवाच ॥ ३९ ॥ ઋષિ બોલ્યા:

एवमुक्त्वा समुत्पत्य साऽऽरूढा तं महासुरम्। पादेनाक्रम्य कण्ठे च शूलेनैनमताडयत् ॥ ४० ॥

આમ કહીને દેવી ઊછળ્યાં અને એ મહાન અસુર ઉપર ચડ્યાં. પછી એમણે પગથી દબાવીને એના ગળામાં શૂલનો પ્રહાર કર્યો. ૪૦

ततः सोऽपि पदाऽऽक्रान्तस्तया निजमुखात्तदा। अर्धनिष्क्रान्त एवासीद् देव्या वीर्येण संवृतः ॥ ४१ ॥

આ પ્રમાણે દેવીએ એને પગથી દબાવ્યો, ત્યારે એ પોતાના મુખમાંથી અડધો બહાર આવી રહ્યો. ત્યાં દેવીએ પોતાના પ્રભાવથી એને રોક્યો. ૪૧

अर्धनिष्क्रान्त एवासौ युध्यमानो महासुरः। तया महासिना देव्या शिरच्छित्त्वा निपातितः ॥ ४२ ॥

CC-0. Mumukshu Bhawan Varanasi Collection. Digitized by eGangotri

આમ અડધો બહાર આવીનેય તે મહાન દૈત્ય યુદ્ધ કરવા લાગ્યો, એટલે દેવીએ મોટી તલવારથી એનું માથું છેદી નાખી એને પટકી પાડ્યો.[1] ૪૨

ततो हाहाकृतं सर्वं दैत्यसैन्यं ननाश तत्। प्रहर्षं च परं जग्मुः सकला देवतागणाः ॥ ४३ ॥

હવે દૈત્યની સકળ સેનામાં હાહાકાર વર્તી રહ્યો અને તે તરત જ નાસવા લાગી, ત્યારે સકળ દેવસમૂહો આનંદમાં આવી ગયા. ૪૩

तुष्टुवुस्तां सुरा देवीं सह दिव्यैर्महर्षिभिः। जगुर्गन्धर्वपतयो ननृतुश्चाप्सरोगणाः ॥ ४४ ॥

ત્યાં દેવોએ અને દિવ્ય મહર્ષિઓએ દેવીની સ્તુતિ કરી, ગંધર્વરાજાએ ગાયન કર્યાં અને અપ્સરાના સમૂહોએ નૃત્ય કર્યાં. ૪૪

श्रीमार्कंडेयपुराणे सावर्णिके मन्वन्तरे देवीमाहात्म्ये महिषासुरवधो नाम तृतीयोऽध्यायः ॥ ३ ॥

उवाच ३, श्लोकाः ४१, एवम् ४४, एवमादितः ॥ २१७ ॥

શ્રીમાર્કંડેયપુરાણે, સાવર્ણિક મન્વન્તરે, દેવીમાહાત્મ્યે,
મહિષાસુરવધ નામનો ત્રીજો અધ્યાય

---

૧ કોઈ કોઈ પ્રતમાં આ પછી નીચેના બે શ્લોકો વધુ છે:

एवं स महिषो नाम ससैन्यः सहृद्गणः। त्रैलोक्यं मोहयित्वा तु तया देव्या विनाशितः ॥

त्रैलोक्यस्थैस्तदा भूतैर्महिषे विनिपातिते। जयेत्युक्तं ततः सर्वैः सदेवासुरमानवैः ॥

[આ પ્રમાણે તે મહિષાસુર ત્રૈલોક્યને મોહમાં નાખ્યા પછી દેવીને હાથે માર્યો ગયો. સાથે એનાં સૈન્ય તથા મિત્રસમૂહો પણ વિનાશ પામ્યાં. મહિષાસુર આમ વિનાશ પામ્યો ત્યારે ત્રણે લોકમાં રહેનારા દેવો, અસુરો અને માનવો એ સર્વ ભૂતોએ જયજયકાર લલકાર્યો.]

CC-0. Mumukshu Bhawan Varanasi Collection. Digitized by eGangotri

અધ્યાય ૪ થો

ઇંદ્ર આદિ દેવોએ કરેલી દેવીની સ્તુતિ

ध्यानम् ॥ ધ્યાન

ॐ कालाभ्राभां कटाक्षैररिकुलभयदां मौलिबद्धेन्दुरेखां
शङ्खं चक्रं कृपाणं त्रिशिखमपि करैरुद्वहन्तीं त्रिनेत्राम् ।
सिंहस्कन्धाधिरूढां त्रिभुवनमखिलं तेजसा पूरयन्तीं
ध्यायेद् दुर्गां जयाख्यां त्रिदशपरिवृतां सेवितां सिद्धिकामैः ॥

તે જયા નામવાળી દુર્ગાનું ધ્યાન ધરવું–તેની આભા કાળનાં વાદળ જેવી છે. તે કટાક્ષોથી શત્રુકુળને ભય આપનારી છે. તેણે મસ્તક ઉપર ચંદ્રલેખા બાંધી છે. તે ત્રણ નેત્રવાળી છે અને તે પોતાના હાથોમાં શંખ, ચક્ર, કૃપાણ તથા ત્રિશૂળ ધારણ કરે છે. તે સિંહના ખભા ઉપર બિરાજમાન છે અને તેજથી તે અખિલ ત્રિભુવનને પૂરી રહી છે. તે દેવતાઓથી સર્વ બાજુથી ઘેરાયેલી છે અને સિદ્ધિની ઇચ્છાવાળાઓ તેની સેવા કરે છે.

ऋषिरुवाच ॥ १ ॥ ઋષિ બોલ્યા :

'ॐ' शक्रादयः सुरगणा निहतेऽतिवीर्ये तस्मिन्दुरात्मनि सुरारिबले च देव्या ।
तां तुष्टुवुः प्रणतिनम्रशिरोधरांसा वाग्भिः प्रहर्षपुलकोद्गमचारुदेहाः ॥ २ ॥

CC-0. Mumukshu Bhawan Varanasi Collection. Digitized by eGangotri

ૐ દેવીએ અતિવીર્યવાન દુરાત્મા મહિષાસુરને અને તેની દૈત્યસેનાને હણી નાખ્યાં, ત્યારે ઇંદ્ર આદિ દેવોના સમૂહોનાં સુંદર શરીરોને અત્યંત આનંદથી રોમાંચ થયાં અને તેઓ પ્રણામમાં ડોક તથા માથાં નમાવી દેવીનું આ વચનોથી સ્તવન કરી રહ્યા. ૨

देव्या यया ततमिदं जगदात्मशक्त्या निःशेषदेवगणशक्तिसमूहमूर्त्या ।
तामम्बिकामखिलदेवमहर्षिपूज्यां भक्त्या नताः स्म विदधातु शुभानि सा नः ॥ ३ ॥

આત્મશક્તિથી જે દેવીએ આ સમસ્ત જગતને વ્યાપ્ત કર્યું છે, જે સમસ્ત દેવગણોના શક્તિસમૂહની મૂર્તિ છે અને જે સર્વ દેવો તથા મહર્ષિઓની પૂજ્ય છે, તે અંબિકાને અમે ભક્તિપૂર્વક નમન કરીએ છીએ: તે અમારું કલ્યાણ કરો. ૩

यस्याः प्रभावमतुलं भगवाननन्तो ब्रह्मा हरश्च न हि वक्तुमलं बलं च ।
सा चण्डिकाखिलजगत्परिपालनाय नाशाय चाशुभभयस्य मतिं करोतु ॥ ४ ॥

જેનાં અતુલ પ્રભાવ તથા બળને વર્ણવવાને ભગવાન શેષનાગ, બ્રહ્મા તેમ જ શંભુ પણ સમર્થ નથી, તે ચંડિકા અખિલ જગતનું પરિપાલન કરવાની અને અશુભ ભયનો નાશ કરવાની મતિ કરો. ૪

---

૧ કેટલીક પ્રતોમાં ઋષિ બોલ્યા પછી આ શ્લોક વધુ છે:

ततः सुरगणाः सर्वे देव्या इन्द्रपुरोगमाः । स्तुतिमारेभिरे कर्तुं निहते महिषासुरे ॥

[મહિષાસુર હણાયો એટલે સર્વ દેવગણો ઇંદ્રને આગળ રાખી દેવીની આ પ્રમાણે સ્તુતિ કરવા લાગ્યા.]

CC-0. Mumukshu Bhawan Varanasi Collection. Digitized by eGangotri

या श्रीः स्वयं सुकृतिनां भवनेष्वलक्ष्मीः पापात्मनां कृतधियां हृदयेषु बुद्धिः ।
श्रद्धा सतां कुलजनप्रभवस्य लज्जा तां त्वां नताः स्म परिपालय देवि विश्वम् ॥ ५ ॥

જે સુકર્મીઓનાં ઘરમાં પોતે શ્રીરૂપે રહે છે, જે પાપાત્માઓને ત્યાં દરિદ્રતારૂપે નિવાસ કરે છે, જે શુદ્ધ અંતઃકરણવાળાઓના હૃદયમાં બુદ્ધિરૂપે રહે છે, જે સત્પુરુષોમાં શ્રદ્ધારૂપે રહે છે અને જે કુલીન વંશીઓમાં લજ્જારૂપે રહે છે, તે દેવીને અમે નમન કરીએ છીએ. હે દેવિ! તમે વિશ્વનું પરિપાલન કરો. ૫

किं वर्णयाम तव रूपमचिन्त्यमेतत् किं चातिवीर्यमसुरक्षयकारि भूरि ।
किं चाहवेषु चरितानि तवाति यानि सर्वेषु देव्यसुरदेवगणादिकेषु ॥ ६ ॥

તારા રૂપનાં અમે શાં વર્ણન કરીએ? તે તો ચિંતનમાંય આવે એમ નથી. અસુરોનો વિનાશ લાવનારા તારા અપૂર્વ ને અનંત પરાક્રમનાં અમે શાં વર્ણન કરીએ? હે દેવી! અસુરો અને દેવોના સર્વ ગણો આગળ તેં યુદ્ધોમાં જે ઘણાં ચરિતો કર્યાં છે, તેનાં અમે શાં વર્ણન કરીએ? ૬

हेतुः समस्तजगतां त्रिगुणापि दोषैर्न ज्ञायसे हरिहरादिभिरप्यपारा ।
सर्वाश्रयाखिलमिदं जगदंशभूतमव्याकृता हि परमा प्रकृतिस्त्वमाद्या ॥ ७ ॥

સમસ્ત જગતની તું હેતુરૂપ છે. તું ત્રિગુણરૂપ છે. છતાં દોષનો તને ઓળોય નથી. હરિ અને હર આદિ પણ તારો પાર પામી શકતા નથી. તું જ સર્વના આશ્રયરૂપ છે. આ અખિલ જગત તારા અંશરૂપ છે. તું આદ્ય, અવિકૃત, પરમ પ્રકૃતિ છે. ૭

CC-0. Mumukshu Bhawan Varanasi Collection. Digitized by eGangotri

यस्याः समस्तसुरता समुदीरणेन तृप्तिं प्रयाति सकलेषु मखेषु देवि।
स्वाहासि वै पितृगणस्य च तृप्तिहेतुरुच्चार्यसे त्वमत एव जनैः स्वधा च ॥ ८ ॥

હે દેવિ! સકળ યજ્ઞોમાં જેના ઉચ્ચારણથી સર્વ દેવોને તૃપ્તિ થાય છે, તે સ્વાહા તું છે, પિતૃગણોને જેના ઉચ્ચારણથી તૃપ્તિકારણ છે, તે સ્વધા સર્વ જનો તને કહે છે.

या मुक्तिहेतुरविचिन्त्यमहाव्रता त्वमभ्यस्यसे सुनियतेन्द्रियतत्त्वसारैः।
मोक्षार्थिभिर्मुनिभिरस्तसमस्तदोषैर्विद्यासि सा भगवती परमा हि देवि ॥ ९ ॥

હે દેવિ! જે મુક્તિના હેતુરૂપ છે, જે અચિંત્ય મહાવ્રતસ્વરૂપા છે અને જિતેંદ્રિય, તત્ત્વસાર, મોક્ષાર્થી તેમ જ સકળ દોષોથી મુક્ત એવા મુનિઓ જેનો અભ્યાસ કરે છે, તે ભગવતી પરાવિદ્યા તું જ છે. ૯

शब्दात्मिका सुविमलर्ग्यजुषां निधानमुद्गीथरम्यपदपाठवतां च साम्नाम्।
देवी त्रयी भगवती भवभावनाय वार्त्तासि सर्वजगतां परमार्त्तिहन्त्री ॥ १० ॥

તું શબ્દરૂપા છે. તું સુવિમલ, ઋગ્વેદ, યજુર્વેદ અને ઉદ્ગીથના રમ્ય પાઠવાળા સામવેદના આધારરૂપ છે. તું ત્રણે વેદ છે, ષડ્ઐશ્વર્યયુક્ત ભગવતી છે. તું વાર્તા, વિશ્વની ઉત્પત્તિ તથા તેના માટે ખેતી તથા આજીવિકારૂપ છે અને તું જ સર્વ જગતના પરમ દુઃખને હણનારી છે. ૧૦

मेधासि देवि विदिताखिलशास्त्रसारा दुर्गासि दुर्गभवसागरनौरसङ्गा।
श्रीः कैटभारिहृदयैककृताधिवासा गौरी त्वमेव शशिमौलिकृतप्रतिष्ठा ॥ ११ ॥

હે દેવિ! તું મેધા છે–તને સર્વ સમસ્ત શાસ્ત્રોના સારનું જ્ઞાન છે. તું દુર્ગા છે–

CC-0. Mumukshu Bhawan Varanasi Collection. Digitized by eGangotri

તું દુર્ગમ ભવસાગરમાં પાર ઉતારનારી નૌકા છે, તું અસંગ છે, તું કૈટભના શત્રુ એવા ભગવાન વિષ્ણુના હૃદયમાં વસનારી શ્રી છે. તું જ ચંદ્રમૌલિ ભગવાન શંકરથી પ્રતિષ્ઠા પામેલી ગૌરી છે. ૧૧

ईषत्सहासममलं परिपूर्णचन्द्रबिम्बानुकारि कनकोत्तमकांतिकान्तम् ।
अत्यद्भुतं प्रहृतमात्तरुषा तथापि वक्त्रं विलोक्य सहसा महिषासुरेण ॥ १२ ॥

તારું મુખ નિર્મળ છે, કંઈક સ્મિતભર્યું છે, પૂર્ણ ચંદ્રના બિંબને અનુસરતું છે અને એની કાંતિ ઉત્તમ કનકના જેવી કમનીય છે. આમ છતાં એ મુખને જોઈને મહિષાસુરને રોષ ચડ્યો અને એના ઉપર તેણે તરત પ્રહાર કર્યો, એ ખરેખર ભારે આશ્ચર્ય છે. ૧૨

दृष्ट्वा तु देवि कुपितं भ्रुकुटीकरालमुद्यच्छशाङ्कसदृशच्छवि यन्न सद्यः ।
प्राणान्मुमोच महिषस्तदतीव चित्रं कैर्जीव्यते हि कुपितान्तकदर्शनेन ॥ १३ ॥

હે દેવિ! તારું એ વદન કોપી ઊઠ્યું, તેની ભમ્મર ભયંકર થઈ ગઈ અને ઊગતા ચંદ્રના જેવું તેનું સ્વરૂપ લાલ થઈ ગયું, ત્યારે મહિષાસુરના પ્રાણ તે જ વખતે કેમ ન રમી ગયા, એ એથીય ભારે આશ્ચર્યની વાત છે; કેમ કે કોપેલા યમરાજને જોઈને કોણ જીવ ટકાવી શકે? ૧૩

देवी प्रसीद परमा भवती भवाय सद्यो विनाशयसि कोपवती कुलानि ।
विज्ञातमेतदधुनैव यदस्तमेतन्नीतं बलं सुविपुलं महिषासुरस्य ॥ १४ ॥

CC-0. Mumukshu Bhawan Varanasi Collection. Digitized by eGangotri

હે દેવિ! તું પ્રસન્ન થા. તું પરમાત્મસ્વરૂપા છે અને તું પ્રસન્ન થાય છે, તો જગતનું કલ્યાણ થાય છે. તું ક્રોધમાં આવે છે, તો તરત જ સર્વ કુળોનો વિનાશ થાય છે. આ વાત હમણાં જ જાણમાં આવી છે; કેમ કે મહિષાસુરની એ સુવિશાળ સેના પલકવારમાં નાશ પામી છે. ૧૪

ते सम्मता जनपदेषु धनानि तेषां तेषां यशांसि न च सीदति बन्धुवर्गः[1] ।
धन्यास्त एव निभृतात्मजभृत्यदारा येषां सदाभ्युदयदा भवती प्रसन्ना ॥ १५ ॥

સદૈવ ચડતી આપનારી તું જેના ઉપર પ્રસન્ન થાય છે, તેઓ દેવલોકમાં સન્માન પામે છે. તેમને ધન મળે છે, યશ મળે છે. તેમનો બંધુવર્ગ કદીય ગળાતો નથી અને તેઓ હૃષ્ટપુષ્ટ પુત્ર, પત્ની અને સેવકો સાથે ધન્ય (થઈને) રહે છે. ૧૫

धर्म्याणि देवि सकलानि सदैव कर्माण्यत्यादृतः प्रतीदिनं सुकृती करोति ।
स्वर्गं प्रयाति च ततो भवतीप्रसादाल्लोकत्रयेऽपि फलदा ननु देवि तेन ॥ १६ ॥

હે દેવિ! તારા પ્રસાદે કરીને પુણ્યવાન મનુષ્યો રોજ રોજ સદૈવ અતિ આદરપૂર્વક સર્વ ધર્મકૃત્યો કરે છે અને પછી સ્વર્ગલોકમાં જાય છે. હે દેવિ! ખરેખર! તું ત્રણે લોકમાં ફળ આપનારી છે. ૧૬

दुर्गे स्मृता हरसि भीतिमशेषजन्तोः स्वस्थैः स्मृता मतिमतीव शुभां ददासि ।
दारिद्र्यदुःखभयहारिणि का त्वदन्या सर्वोपकारकरणाय सदाऽऽर्द्रचित्ता ॥ १७ ॥

હે દુર્ગા! તારું સ્મરણ થતાં જ તું સકળ જીવોના ભયને હરી લે છે. સ્વસ્થ

---

1 पा० धर्मवर्गः ।

CC-0. Mumukshu Bhawan Varanasi Collection. Digitized by eGangotri

મનુષ્યો તારું ચિંતન કરે છે એટલે તું તેમને અત્યંત શુભ મતિ આપે છે. તું દારિદ્રય, દુઃખ અને ભયને હરનારી છે. તારા સિવાય બીજું કોણ હોઈ શકે? સર્વનો ઉપકાર કરવા માટે તારું જ ચિત્ત સદૈવ આર્દ્ર છે. ૧૭

एभिर्हतैर्जगदुपैति सुखं तथैते कुर्वन्तु नाम नरकाय चिराय पापम्।
संग्राममृत्युमधिगम्य दिवं प्रयान्तु मत्वेति नूनमहितान् विनिहंसि देवि॥१८॥

આ અસુરો હણાશે એટલે જગત સુખ પામશે; નરકમાં ચિરવાસ થાય તેટલા સારુ આ અસુરો ભલે પાપ કરે, પણ સંગ્રામમાં મૃત્યુ પામીને આ અસુરો સ્વર્ગ મેળવશે. ખરેખર આમ માનીને જ હે દેવિ! તું આ અસુરોને હણે છે. ૧૮

दृष्ट्वैव किं न भवती प्रकरोति भस्म सर्वासुरानरिषु यत्प्रहिणोषि शस्त्रम्।
लोकान् प्रयान्तु रिपवोऽपि हि शस्त्रपूता इत्थं मतिर्भवति तेष्वहितेषु साध्वी॥१९॥

તું માત્ર એક દૃષ્ટિ નાખીને આ સર્વ અસુરોને કેમ ખાખ કરી દેતી નથી? હં. તું એ શત્રુઓને વિશે જે શસ્ત્રો ફેંકે છે, તે શસ્ત્રોથી પવિત્ર થઈને એ શત્રુઓ પણ શુભ લોક પામે એવો તારો એમને વિષેનો ઉત્તમ વિચાર છે. ૧૯

खड्गप्रभानिकरविस्फुरणैस्तथोग्रैः शूलाग्रकान्तिनिवहेन दृशोऽसुराणाम्।
यन्नागता विलयमंशुमदिन्दुखण्डयोग्याननं तव विलोकयतां तदेतत्॥२०॥

તારી તલવારના તેજસમૂહના ઉગ્ર ચમકારાથી અને તારા ત્રિશૂલની અણીએ ધન્ય થયેલી કાંતિના ઝગારાથી અસુરોની આંખો નાશ ન પામી; તે એટલા સારુ કે હવે

CC-0. Mumukshu Bhawan Varanasi Collection. Digitized by eGangotri

તે તારું કિરણવાળા ચંદ્રખંડ જેવું પ્રસન્ન મુખ જુએ. ૨૦

दुर्वृत्तवृत्तशमनं तव देवि शीलं रूपं तथैतदविचिन्त्यमतुल्यमन्यैः ।
वीर्यं च हन्तृ हृतदेवपराक्रमाणां वैरिष्वपि प्रकटितैव दया त्वयेत्थम् ॥ २१ ॥

હે દેવિ ! તારું શીલ દુરાચારીઓના દુષ્ટ વર્તાવને શમાવનારું છે; તારું આ રૂપ અચિંત્ય છે અને બીજાઓ સાથે એની તુલના પણ થઈ શકે એમ નથી; તારું વીર્ય-બળ દેવોનાં પરાક્રમોને પણ હરી લેનારા દૈત્યોને હણનારું છે અને તેં વૈરીઓ પ્રત્યે પણ આવી દયા પ્રકટાવી છે. ૨૧

केनोपमा भवतु तेऽस्य पराक्रमस्य रूपं च शत्रुभयकार्यतिहारि कुत्र ।
चित्ते कृपा समरनिष्ठुरता च दृष्टा त्वय्येव देवि वरदे भुवनत्रयऽपि ॥ २२ ॥

તારા એ પરાક્રમને શાની ઉપમા આપવી ? શત્રુને ભય કરનારું તારું એ અતિ-સુંદર રૂપ બીજે ક્યાં હોય ? તારા ચિત્તમાં કૃપા છે અને રણજુદ્ધમાં તારામાં નિષ્ઠુરતા છે. આ બન્ને વાતો, હે વરદા દેવિ ! ત્રણે લોકમાં એક તારામાં જ દીઠી. ૨૨

त्रैलोक्यमेतदखिलं रिपुनाशनेन त्रातं त्वया समरमूर्धनि तेऽपि हत्वा ।
नीता दिवं रिपुगणा भयमप्यपास्तमस्माकमुन्मदसुरारिभवं नमस्ते ॥ २३ ॥

રિપુઓનો નાશ કરીને તેં આ અખિલ ત્રિલોકનું રક્ષણ કર્યું છે. એ શત્રુગણોને રણાંગણમાં હણીને તેં એમને પણ સ્વર્ગે પહોંચાડ્યા છે. ઉન્મત્ત દૈત્યોને લીધે અમને જે ભય થતો હતો, તેને પણ તેં દૂર કર્યો છે. તને નમસ્કાર. ૨૩

CC-0. Mumukshu Bhawan Varanasi Collection. Digitized by eGangotri

शूलेन पाहि नो देवि पाहि खड्गेन चाम्बिके । घण्टास्वनेन नः पाहि चापज्यानिःस्वनेन च ॥२४॥

હે દેવિ! તું ત્રિશૂળથી અમારું રક્ષણ કર. હે ચંડિકા! તું ખડ્ગથી અમારું રક્ષણ કર. તું તારા ઘંટાનાદથી અમારું રક્ષણ કર. તું તારા ધનુષ્યની પણછના ટંકારથી અમારું રક્ષણ કર. ૨૪

प्राच्यां रक्ष प्रतीच्यां च चण्डिके रक्ष दक्षिणे । भ्रामणेनात्मशूलस्य उत्तरस्यां तथेश्वरि ॥ २५ ॥

હે ચંડિકા! તું અમને પૂર્વમાં રક્ષ, પશ્ચિમમાં રક્ષ અને દક્ષિણમાં રક્ષ. હે ઈશ્વરી! તું તારું શૂલ ભમાવી અમને ઉત્તરમાં રક્ષ. ૨૫

सौम्यानि यानि रूपाणि त्रैलोक्ये विचरन्ति ते ।
यानि चात्यन्तघोराणि तै रक्षास्मांस्तथा भुवम् ॥ २६ ॥

આ ત્રૈલોક્યમાં તારાં જે સૌમ્ય રૂપો વિચરી રહ્યાં છે અને તારાં જે અત્યંત ભયંકર રૂપો છે, તે રૂપોથી તું અમારું અને ભૂલોકનું રક્ષણ કર. ૨૬

खड्गशूलगदादीनि यानि चास्त्राणि तेऽम्बिके । करपल्लवसङ्गीनि तैरस्मान् रक्ष सर्वतः ॥२७॥

હે અંબિકા! તારા કરપલ્લવમાં ખડ્ગ, શૂલ અને ગદા આદિ જે તારાં અસ્ત્રો છે તેથી તું અમારું સર્વ બાજુથી રક્ષણ કર. ૨૭

ऋषिरुवाच ॥ २८ ॥ ઋષિ બોલ્યા :

एवं स्तुता सुरैर्दिव्यैः कुसुमैर्नन्दनोद्भवैः । अर्चिता जगतां धात्री तथा गन्धानुलेपनैः ॥ २९ ॥

આ પ્રમાણે દેવોએ જગન્માતાની સ્તુતિ કરી અને નંદનવનમાં ઊગેલાં દિવ્ય

CC-0. Mumukshu Bhawan Varanasi Collection. Digitized by eGangotri

પુષ્પોથી તેમ જ ગંધચંદનથી તેની પૂજા કરી. ૨૯

भक्त्या समस्तैस्त्रिदशैर्दिव्यैर्धूपैः[1] सुधूपिता । प्राह प्रसादसुमुखी समस्तान् प्रणतान् सुरान् ॥३०

આમ સમસ્ત દેવોએ ભક્તિપૂર્વક દિવ્ય ધૂપોથી સુગંધ સમર્પી, ત્યારે દેવીએ પ્રણામ કરી રહેલા એ સર્વ દેવોને આ પ્રમાણે કહ્યું. ૩૦

देव्युवाच ॥ ३१ ॥ દેવી બોલ્યાં :

व्रियतां त्रिदशाः सर्वे यदस्मत्तोऽभिवाञ्छितम्[2] ॥ ३२ ॥

હે દેવો ! તમે સૌ મારી પાસેથી જે કાંઈ ઇચ્છા રાખતા હો, તે માગી લો. ૩૨

देवा उचुः ॥ ३३ ॥ દેવો બોલ્યા :

भगवत्या कृतं सर्वं न किंचिदवशिष्यते । यदयं निहतः शत्रुरस्माकं महिषासुरः ॥ ३४ ॥
यदि चापि वरो देयस्त्वयास्माकं महेश्वरी । संस्मृताऽसंस्मृता त्वं नो हिंसेथाः परमापदः ॥३५॥

ભગવતીએ અમારું ઇચ્છયું બધું જ કરી દીધું છે. હવે કાંઈ બાકી નથી; કેમ કે

---

૧ 'માર્કંડેય પુરાણ'ની આધુનિક પ્રતોમાં આટલો પાઠ વિશેષ છે: ददाम्यहमसिप्रीत्यां स्तवैरेभिः सुपूजिता । [આ સ્તવનોથી તમે મારી સારી પૂજા કરી છે. હું અત્યંત પ્રીતિપૂર્વક એ આપીશ.]

૨ કોઈ કોઈ પ્રતમાં આટલું વધારે છે. कर्तव्यमपरं यच्च दुष्करं तन्न विद्महे । इत्याकर्ण्य वचो देव्याः प्रत्यूचुस्ते दिवौकसः [બીજું જે કાંઈ કરવાનું હોય તે કહો. મને એ દુષ્કર નથી.] દેવીનાં આ વચનો સાંભળી દેવોએ આ ઉત્તર આપ્યો.

CC-0. Mumukshu Bhawan Varanasi Collection. Digitized by eGangotri

અમારો એ શત્રુ મહિષાસુર હણાયો છે. હે મહેશ્વરી! આટલું છતાં તમે અમને વધુ વરદાન આપવા ઇચ્છો છો. તો હે કમલવદના! અમે જ્યારે જ્યારે તમારું સ્મરણ કરીએ, ત્યારે ત્યારે તમે અમારી મહાન આપત્તિનો નાશ કરજો. ૩૪,૩૫

यश्च मर्त्यः स्तवैरेभिस्त्वां स्तोष्यत्यमलानने । तस्य वित्तर्द्धिविभवैर्धनदारादिसम्पदाम् ॥३६॥
वृद्धयेऽस्मत्प्रसन्ना त्वं भवेथाः सर्वदाम्बिके ॥ ३७ ॥

હે અંબિકા! તમે અમારા ઉપર પ્રસન્ન થયાં છો, તો જે કોઈ મનુષ્ય આ સ્તોત્રોથી તમારાં સ્તવન કરે, તેને વિત્ત, ઋદ્ધિ અને વૈભવની સાથે ધન તેમ જ સ્ત્રી આદિ સંપત્તિની પણ વૃદ્ધિ થાઓ. ૩૬,૩૭

ऋषिरुवाच ॥ ३८ ॥ ઋષિ બોલ્યા :

इति प्रसादिता देवैर्जगतोऽर्थे तथाऽऽत्मनः । तथेत्युक्त्वा भद्रकाली बभूवान्तर्हिता नृप ॥३९॥

દેવોએ જ્યારે પોતાના તેમ જ જગતના કલ્યાણ સારુ દેવીને આ પ્રકારે પ્રસન્ન કર્યાં, ત્યારે હે રાજન્! એ ભદ્રકાલી 'તથાસ્તુ' કહી અંતર્ધાન થયાં. ૩૯

इत्येतत्कथितं भूप सम्भूता सा यथा पुरा । देवी देवशरीरेभ्यो जगत्त्रयहितैषिणी ॥ ४० ॥

હે રાજા! જગતનું હિત ઇચ્છનારી દેવી પૂર્વે દેવોનાં શરીરમાંથી જે રીતે પ્રગટ્યાં, તે મેં તમને કહ્યું. ૪૦

पुनश्च गौरीदेहात्सा समुद्भूता यथाभवत् । वधाय दुष्टदैत्यानां तथा शुम्भनिशुम्भयोः ॥४१॥
रक्षणाय च लोकानां देवानामुपकारिणी ।
तच्छृणुष्व मयाऽऽख्यातं यथावत्कथयामि ते ॥ ४२ ॥ ह्रीं ॐ ॥

CC-0. Mumukshu Bhawan Varanasi Collection. Digitized by eGangotri

ફરીથી શુંભ અને નિશુંભ એ બે દુષ્ટ દૈત્યોનો વધ કરવા સારુ એ દેવી ગૌરીના દેહમાં પ્રકટ્યાં હતાં. દેવોને ઉપકાર કરનારાં એ દેવી લોકના રક્ષણ માટે પ્રકટ થયાં, તે કથા હું તને હવે યથાવત્ કહું છું; તે તું સાંભળ. ૪૧,૪૨ હ્રીં ૐ

श्रीमार्कण्डेयपुराणे सावर्णिके मन्वन्तरे देवीमाहात्म्ये शक्रादिस्तुतिर्नाम चतुर्थोऽध्यायः ॥ ४ ॥

उवाच ५, अर्धश्लोकौ २, श्लोकाः ३५, एवम् ४२, एवमादितः ॥ २५९ ॥

શ્રીમાર્કંડેયપુરાણે, સાવર્ણિક મન્વન્તરે, દેવીમાહાત્મ્યે
ઇંદ્ર આદિએ કરેલી સ્તુતિ નામનો ચોથો અધ્યાય

અધ્યાય પમો

દેવી અને દૂતનો સંવાદ

विनियोगः ॥ વિનિયોગ

ॐ अस्य श्रीउत्तमचरितस्य रुद्र ऋषिः, महासरस्वती देवता, अनुष्टुप् छन्दः, भीमा शक्तिः, भ्रामरी बीजं, सूर्यस्तत्त्वं, सामवेदः स्वरूपं, महासरस्वतीप्रीत्यर्थे कामार्थे जपे विनियोगः।

ૐ આ ઉત્તમચરિત્રના રુદ્ર ઋષિ છે, મહાસરસ્વતી દેવતા છે, અનુષ્ટુપ છંદ છે, ભીમા શક્તિ છે, ભ્રામરી બીજ છે, સૂર્ય તત્ત્વ છે અને સામવેદ સ્વરૂપ છે. મહાસરસ્વતીની પ્રીતિ અર્થે કામની સિદ્ધિને અર્થે જપમાં વિનિયોગ.

CC-0. Mumukshu Bhawan Varanasi Collection. Digitized by eGangotri

ॐ घण्टाशूलहलानि शङ्खमुसले चक्रं धनुः सायकं
हस्ताब्जैर्दधतीं घनान्तविलसच्छीतांशुतुल्यप्रभाम् ।
गौरीदेहसमुद्भवां त्रिजगतामाधारभूतां महा-
पूर्वामत्रसरस्वतीमनुभजे शुम्भादिदैत्यार्दिनीम् ॥

શુંભ આદિ દૈત્યોનો નાશ કરવાવાળી એ અપૂર્વ મહાસરસ્વતીનું હું નિત્ય ભજન કરું છું : તેમણે કરકમળોમાં ઘંટા, શૂલ, હળ, શંખ, મુસળ, ચક્ર, ધનુષ્ય અને બાણ ધારણ કર્યાં છે. શરદમાં વિલસતા ચંદ્રના જેવી તેમની પ્રભા છે. તે ગૌરીના દેહમાંથી પ્રકટ્યાં છે અને ત્રણે જગતનાં તે આધારરૂપ છે.

ॐ क्लीं ऋषिरुवाच ॥ १ ॥ ॐ ક્લીં ઋષિ બોલ્યા :

पुरा शुम्भनिशुम्भाभ्यामसुराभ्यां शचीपतेः । त्रैलोक्यं यज्ञभागाश्च हृता मदबलाश्रयात् ॥२॥

પૂર્વે શુંભ અને નિશુંભ એ બે અસુરો મદ અને બળમાં ઘૂમીને ઇંદ્રના ત્રણે લોક અને યજ્ઞનો ભાગ હરી ગયા હતા. ૨

तावेव सूर्यतां तद्वदधिकारं तथैन्दवम् । कौबेरमथ याम्यं च चक्राते वरुणस्य च ॥ ३ ॥

તે બન્નેએ સૂર્યના, ચંદ્રના, કુબેરના, યમના તેમ જ વરુણના તે તે અધિકારો પોતાને અધીન કર્યા હતા. ૩

तावेव पवनर्द्धिं च चक्रतुर्वह्निकर्म च । ततो देवा विनिर्धूता भ्रष्टराज्याः पराजिताः ॥ ४ ॥

CC-0. Mumukshu Bhawan Varanasi Collection. Digitized by eGangotri

તેઓ વાયુનાં અને અગ્નિનાં કામો સુદ્ધાં પોતે જ કરતા હતા. આમ દેવો હડધૂત હતા, તેમનાં રાજ્ય ચાલ્યાં ગયાં હતાં અને તેઓ પરાજય પામ્યા હતા.[1] ૪

हताधिकारास्त्रिदशास्ताभ्यां सर्वे निराकृताः । महासुराभ्यां तां देवीं संस्मरन्त्यपराजिताम् ॥५॥

અધિકાર ઝૂંટવાયેલા એ સર્વ દેવોને તે મહાદૈત્યોએ સ્વર્ગમાંથી તગેડી મૂક્યા, એટલે તેઓ અપરાજિતા દેવીનું સ્મરણ કરવા લાગ્યા. ૫

तयास्माकं वरो दत्तो यथाऽऽपत्सु स्मृताखिलाः । भवतां नाशयिष्यामि तत्क्षणात्परमापदः ॥६॥

દેવીએ આપણને વરદાન આપ્યું છે : તમે સૌ આપત્તિવેળાએ મારું સ્મરણ કરશો, તે જ ક્ષણે તમારી મહાન વિપત્તિનો હું નાશ કરી દઈશ. ૬

इति कृत्वा मतिं देवा हिमवन्तं नगेश्वरम् । जग्मुस्तत्र ततो देवीं विष्णुमायां प्रतुष्टुवुः ॥७॥

આમ વિચાર કરી, દેવો નગાધિરાજ હિમાલય ઉપર ગયા અને ત્યાં ભગવતી વિષ્ણુમાયાની સ્તુતિ કરવા લાગ્યા. ૭

देवा ऊचुः ॥ ८ ॥ દેવો બોલ્યા :

नमो देव्यै महादेव्यै शिवायै सततं नमः । नमः प्रकृत्यै भद्रायै नियताः प्रणताः स्म ताम् ॥९॥

દેવીને નમસ્કાર, મહાદેવી શિવાને સતત નમસ્કાર, ભદ્રા પ્રકૃતિને નમસ્કાર; નિયમપૂર્વક લળીલળીને, તેને અમારા નમસ્કાર. ૯

---

૧ કોઈ કોઈ પ્રતમાં 'अन्येषां चाधिकारान् स स्वयमेवाधितिष्ठति–બીજાઓના અધિકારો પણ તેમણે પોતે જ સ્વાધીન કર્યા હતા.' આટલો પાઠ અધિક છે.

CC-0. Mumukshu Bhawan Varanasi Collection. Digitized by eGangotri

रौद्रायै नमो नित्यायै गौर्यै धात्र्यै नमो नमः । ज्योत्स्नायै चेन्दुरूपिण्यै सुखायै सततं नमः ॥ १० ॥

રૌદ્રાને નમસ્કાર, નિત્યાને નમસ્કાર, ગૌરી ધાત્રીને નમસ્કાર; જ્યોત્સ્નાને, ચંદ્ર-રૂપિણીને, સુખાને સદૈવ નમસ્કાર. ૧૦

कल्याण्यै प्रणतां वृद्ध्यै सिद्ध्यै कुर्मो नमो नमः । नैर्ऋत्यै भूभृतां लक्ष्म्यै शर्वाण्यै ते नमो नमः ॥ ११ ॥

નમસ્કાર એ સિદ્ધિરૂપાને, શરણાગતનું કલ્યાણ કરનારીને નમસ્કાર. નમસ્કાર એ નૈર્ઋતી (રાક્ષસોની લક્ષ્મી)ને નમસ્કાર એ રાજલક્ષ્મીને અને નમસ્કાર એ શિવ-પત્ની શર્વાણીને. ૧૧

दुर्गायै दुर्गपारायै सारायै सर्वकारिण्यै । ख्यात्यै तथैव कृष्णायै धूम्रायै सततं नमः ॥ १२ ॥

સદૈવ નમસ્કાર હો એ દુર્ગાને, દુર્ગપારા (દુર્ગમ સંકટોમાંથી પાર લઈ જનારી)ને, સારા (સર્વની સારભૂત)ને, સર્વકારિણીને, ખ્યાતિને, કૃષ્ણાને અને ધૂમ્રાને. ૧૨

अतिसौम्यातिरौद्रायै नतास्तस्यै नमो नमः । नमो जगत्प्रतिष्ठायै देव्यै कृत्यै नमो नमः ॥ १३ ॥

અમારા નમસ્કાર હો એ અતિસુંદર અને અતિરૌદ્ર દેવીને, એને અમારાં લળી-લળીને નમન હો. નમન હો જગતની આધારરૂપ દેવીને, નમન હો 'એ કૃતિને. ૧૩

या देवी सर्वभूतेषु विष्णुमायेति शब्दिता । नमस्तस्यै १४ नमस्तस्यै १५ नमस्तस्यै नमो नमः ॥ १६ ॥

જે દેવી પ્રાણીમાત્રમાં વિષ્ણુમાયા નામે ઓળખાય છે, તેને નમસ્કાર હો, તેને નમસ્કાર હો, નમસ્કાર હો તેને, નમસ્કાર હો તેને. ૧૪–૧૬

या देवी सर्वभूतेषु चेतनेत्यभिधीयते । नमस्तस्यै १७ नमस्तस्यै १८ नमतस्यै नमो नमः ॥ १९ ॥

જે દેવી પ્રાણીમાત્રમાં ચેતના નામે ઓળખાય છે, તેને નમસ્કાર હો, તેને નમ-

CC-0. Mumukshu Bhawan Varanasi Collection. Digitized by eGangotri

સ્કાર હો; નમસ્કાર હો તેને, નમસ્કાર હો તેને. ૧૭–૧૯

या देवी सर्वभूतेषु बुद्धिरूपेण संस्थिता। नमस्तस्यै २० नमस्तस्यै २१ नमस्तस्यै नमो नमः॥ २२॥

જે દેવી પ્રાણીમાત્રમાં બુદ્ધિરૂપે રહી તેને નમસ્કાર હો, તેને નમસ્કાર હો; નમસ્કાર હો તેને, નમસ્કાર હો તેને. ૨૦–૨૨

या देवी सर्वभूतेषु निद्रारूपेण संस्थिता। नमस्तस्यै २३ नमस्तस्यै २४ नमस्तस्यै नमो नमः॥ २५॥

જે દેવી પ્રાણીમાત્રમાં નિદ્રારૂપે રહી છે, તેને નમસ્કાર હો, તેને નમસ્કાર હો; નમસ્કાર હો તેને, નમસ્કાર હો તેને. ૨૩–૨૫

या देवी सर्वभूतेषु क्षुधारूपेण संस्थिता। नमस्तस्यै २६ नमस्तस्यै २७ नमस्तस्यै नमो नमः॥२८॥

જે દેવી પ્રાણીમાત્રમાં ક્ષુધારૂપે રહી છે, તેને નમસ્કાર હો, તેને નમસ્કાર હો; નમસ્કાર હો તેને, નમસ્કાર હો તેને. ૨૬–૨૮

या देवी सर्वभूतेषु छायारूपेण संस्थिता। नमस्तस्यै २९ नमस्तस्यै ३० नमस्तस्यै नमो नमः॥३१॥

જે દેવી પ્રાણીમાત્રમાં છાયારૂપે રહી છે, તેને નમસ્કાર હો, તેને નમસ્કાર હો; નમસ્કાર હો તેને, નમસ્કાર હો તેને. ૨૯–૩૧

या देवी सर्वभूतेषु शक्तिरूपेण संस्थिता। नमस्तस्यै ३२ नमस्तस्यै ३३ नमस्तस्यै नमो नमः॥ ३४॥

જે દેવી પ્રાણીમાત્રમાં શક્તિરૂપે રહી છે, તેને નમસ્કાર હો, તેને નમસ્કાર હો; નમસ્કાર હો તેને, નમસ્કાર હો તેને. ૩૨–૩૪

या देवी सर्वभूतेषु तृष्णारूपेण संस्थिता। नमस्तस्यै ३५ नमस्तस्यै ३६ नमस्तस्यै नमो नमः॥ ३७॥

જે દેવી પ્રાણીમાત્રમાં તૃષ્ણારૂપે રહી છે, તેને નમસ્કાર હો, તેને નમસ્કાર હો;

CC-0. Mumukshu Bhawan Varanasi Collection. Digitized by eGangotri

નમસ્કાર હો તેને, નમસ્કાર હો તેને. ૩૫-૩૭

या देवी सर्वभूतेषु क्षान्तिरूपेण संस्थिता। नमस्तस्यै ३८ नमस्तस्यै ३९ नमस्तस्यै नमो नमः ॥४०॥

જે દેવી પ્રાણીમાત્રમાં ક્ષાન્તિ(ક્ષમા)રૂપે રહી છે, તેને નમસ્કાર હો, તેને નમસ્કાર હો; નમસ્કાર હો તેને, નમસ્કાર હો તેને. ૩૮-૪૦

या देवी सर्वभूतेषु जातिरूपेण संस्थिता। नमस्तस्यै ४१ नमस्तस्यै ४२ नमस्तस्यै नमो नमः ॥४३॥

જે દેવી પ્રાણીમાત્રમાં જાતિરૂપે રહી છે, તેને નમસ્કાર હો, તેને નમસ્કાર હો; નમસ્કાર હો તેને, નમસ્કાર હો તેને. ૪૧-૪૩

या देवी सर्वभूतेषु लज्जारूपेण संस्थिता। नमस्तस्यै ४४ नमस्तस्यै ४५ नमस्तस्यै नमो नमः ॥४६॥

જે દેવી પ્રાણીમાત્રમાં લજ્જારૂપે રહી છે, તેને નમસ્કાર હો, તેને નમસ્કાર હો; નમસ્કાર હો તેને, નમસ્કાર હો તેને. ૪૪-૪૬

या देवी सर्वभूतेषु शान्तिरूपेण संस्थिता। नमस्तस्यै ४७ नमस्तस्यै ४८ नमस्तस्यै नमो नमः ॥४९॥

જે દેવી પ્રાણીમાત્રમાં શાન્તિરૂપે રહી છે, તેને નમસ્કાર હો, તેને નમસ્કાર હો; નમસ્કાર હો તેને, નમસ્કાર હો તેને. ૪૭-૪૯

या देवी सर्वभूतेषु श्रद्धारूपेण संस्थिता। नमस्तस्यै ५० नमस्तस्यै ५१ नमस्तस्यै नमो नमः ॥५२॥

જે દેવી પ્રાણીમાત્રમાં શ્રદ્ધારૂપે રહી છે, તેને નમસ્કાર હો, તેને નમસ્કાર હો; નમસ્કાર હો તેને, નમસ્કાર હો તેને. ૫૦-૫૨

या देवी सर्वभूतेषु कान्तिरूपेण संस्थिता। नमस्तस्यै ५३ नमस्तस्यै ५४ नमस्तस्यै नमो नमः ॥५५॥

CC-0. Mumukshu Bhawan Varanasi Collection. Digitized by eGangotri

જે દેવી પ્રાણીમાત્રમાં કાન્તિરૂપે રહી છે, તેને નમસ્કાર હો, તેને નમસ્કાર હો; નમસ્કાર હો તેને, નમસ્કાર હો તેને. ૫૩–૫૫

या देवी सर्वभूतेषु लक्ष्मीरूपेण संस्थिता । नमस्तस्यै ५६ नमस्तस्यै ५७ नमस्तस्यै नमो नमः ॥५८॥

જે દેવી પ્રાણીમાત્રમાં લક્ષ્મીરૂપે રહી છે, તેને નમસ્કાર હો, તેને નમસ્કાર હો; નમસ્કાર હો તેને, નમસ્કાર હો તેને ૫૬–૫૮

या देवी सर्वभूतेषु वृत्तिरूपेण संस्थिता । नमस्तस्यै ५९ नमस्तस्यै ६० नमस्तस्यै नमो नमः ॥६१॥

જે દેવી પ્રાણીમાત્રમાં વૃત્તિરૂપે રહી છે, તેને નમસ્કાર હો, તેને નમસ્કાર હો; નમસ્કાર હો, તેને, નમસ્કાર હો તેને. ૫૯–૬૧

या देवी सर्वभूतेषु स्मृतिरूपेण संस्थिता । नमस्तस्यै ६२ नमस्तस्यै ६३ नमस्तस्यै नमो नमः ॥६४॥

જે દેવી પ્રાણીમાત્રમાં સ્મૃતિરૂપે રહી છે, તેને નમસ્કાર હો, તેને નમસ્કાર હો; નમસ્કાર હો તેને, નમસ્કાર હો તેને. ૬૨–૬૪

या देवी सर्वभूतेषु दयारूपेण संस्थिता । नमस्तस्यै ६५ नमस्तस्यै ६६ नमस्तस्यै नमो नमः ॥६७॥

જે દેવી પ્રાણીમાત્રમાં દયારૂપે રહી છે, તેને નમસ્કાર હો, તેને નમસ્કાર હો; નમસ્કાર હો તેને, નમસ્કાર હો તેને. ૬૫–૬૭

या देवी सर्वभूतेषु तुष्टिरूपेण संस्थिता । नमस्तस्यै ६८ नमस्तस्यै ६९ नमस्तस्यै नमो नमः ॥७०॥

જે દેવી પ્રાણીમાત્રમાં તુષ્ટિરૂપે રહી છે, તેને નમસ્કાર હો, તેને નમસ્કાર હો; નમસ્કાર હો તેને, નમસ્કાર હો તેને. ૬૮–૭૦

CC-0. Mumukshu Bhawan Varanasi Collection. Digitized by eGangotri

या देवी सर्वभूतेषु मातृरूपेण संस्थिता । नमस्तस्यै ७१ नमस्तस्यै ७२ नमस्तस्यै नमो नमः ॥७३॥

જે દેવી પ્રાણીમાત્રમાં માતારૂપે રહી છે, તેને નમસ્કાર હો, તેને નમસ્કાર હો; નમસ્કાર હો તેને, નમસ્કાર હો તેને. ૭૧–૭૩

या देवी सर्वभूतेषु भ्रान्तिरूपेण संस्थिता । नमस्तस्यै ७४ नमस्तस्यै ७५ नमस्तस्यै नमो नमः॥७६॥

જે દેવી પ્રાણીમાત્રમાં ભ્રાંતિરૂપે રહી છે, તેને નમસ્કાર હો, તેને નમસ્કાર હો; નમસ્કાર હો તેને, નમસ્કાર હો તેને. ૭૪–૭૬

इन्द्रियाणमधिष्ठात्री भूतानां चाखिलेषु या । भूतेषु सततं तस्यै व्याप्तिदेव्यै नमो नमः ॥७७॥

જે દેવી પ્રાણીમાત્રની ઇંદ્રિયોની અધિષ્ઠાત્રી છે અને જે સકળ ભૂતોમાં વ્યાપ્ત છે, તે વ્યાપ્તિદેવીને નમસ્કાર, તેને સતત નમસ્કાર. ૭૭

चितिरूपेण या कृत्स्नमेतद् व्याप्य स्थिता जगत् ।
नमस्तस्यै ७८ नमस्तस्यै ७९ नमस्तस्यै नमो नमः ॥ ८० ॥

જે દેવી ચિતિ(ચૈતન્ય)રૂપે આ સમસ્ત જગતને વ્યાપી રહી છે, તેને નમસ્કાર હો. નમસ્કાર હો તેને, નમસ્કાર હો તેને. ૭૮–૮૦

स्तुता सुरैः पूर्वमभीष्टसंश्रयात्तथा सुरेन्द्रेण दिनेषु सेविता ।
करोतु सा नः शुभहेतुरीश्वरी शुभानि भद्राण्यभिहन्तु चापदः ॥८१॥

પૂર્વે પોતાનું ઇચ્છિત સિદ્ધ થવાથી દેવોએ જેની સ્તુતિ કરી હતી અને દેવરાજ ઇંદ્રે કેટલાય દિવસો સુધી જેની સેવા કરી હતી, તે શુભહેતુ ઈશ્વરી અમારાં કલ્યાણ–

CC-0. Mumukshu Bhawan Varanasi Collection. Digitized by eGangotri

મંગલ કરો, અમારી આપત્તિઓને હણી નાખો. ૮૧

या साम्प्रतं चोद्धतदैत्यतापितैरस्माभिरीशा च सुरैर्नमस्यते ।
या च स्मृता तत्क्षणमेव हन्ति नः सर्वापदो भक्तिविनम्रमूर्तिभिः ॥ ८२ ॥

આ અમે દેવો ઉદ્ધત દૈત્યોથી ત્રાસી રહ્યા છીએ. અમે અત્યારે એ ઈશ્વરીને નમી રહ્યા છીએ. ભક્તિથી વિનમ્ર થયેલાઓ સ્મરણ કરે છે. ત્યાં જે દેવી સર્વ વિપત્તિઓને તત્કાળ હણી નાખે છે, તે અમારું સંકટ દૂર કરો. ૮૨

ऋषिरुवाच ॥ ८३ ॥ ઋષિ બોલ્યા :

एवं स्तवाभियुक्तानां देवानां तत्र पार्वती । स्नातुमभ्याययौ तोये जाह्नव्या नृपनन्दन ॥ ८४ ॥

હે નૃપનંદન ! દેવો જ્યારે આ પ્રમાણે સ્તુતિ કરી રહ્યા હતા, ત્યારે પાર્વતીદેવી ત્યાં ગંગાજળમાં સ્નાન કરવાને આવી. ૮૪

साब्रवीत्तान् सुरान् सुभ्रूर्भवद्भिः स्तूयतेऽत्र का ।
शरीरकोशतश्चास्याः समुद्भूताब्रवीच्छिवा ॥ ८५ ॥
स्तोत्रं ममैतत् क्रियते शुम्भदैत्यनिराकृतैः । देवैः समेतैः[1] समरे निशुम्भेन पराजितैः ॥ ८६ ॥
शरीरकोशाद्यत्तस्याः पार्वत्या निःसृताम्बिका । कौशिकीति समस्तेषु ततो लोकेषु गीयते ॥ ८७ ॥

સુંદર ભ્રૂવાળી એ પાર્વતીએ તે દેવોને કહ્યું : 'તમે અહીં કોની સ્તુતિ કરી રહ્યા છો ?' એટલે એના જ શરીરકોશમાંથી પ્રકટ થયેલી શિવાએ કહ્યું : 'શુંભ દૈત્યથી

---

૧ પા૦ समस्तैः ।

CC-0. Mumukshu Bhawan Varanasi Collection. Digitized by eGangotri

તિરસ્કાર પામેલા અને રણજંગમાં નિશુંભથી પરાજિત થયેલા આ સર્વ દેવો અહીં મારી સ્તુતિ કરી રહ્યા છે.' આમ અંબિકા એ પાર્વતીના શરીરકોશમાંથી પ્રગટ્યાં છે, તેથી સમસ્ત લોકમાં એને કૌશિકી કહેવામાં આવે છે. ૮૫–૮૭

तस्यां विनिर्गतायां तु कृष्णाऽभूत्सापि पार्वती। कालिकेति समाख्याता हिमाचलकृताश्रया॥८८॥

કૌશિકી પ્રકટ થઈ એ પછી પાર્વતી પણ કાળી થઈ ગઈ; આથી હિમાચલ પર રહેતી કાલિકાને નામે એ પ્રસિદ્ધ થઈ. ૮૮

ततोऽम्बिकां परं रूपं बिभ्राणां सुमनोहरम्। ददर्श चण्डो मुण्डश्च भृत्यौ शुम्भनिशुम्भयोः॥८९

ત્યાં શુંભ અને નિશુંભના ચંડ અને મુંડ નામના બે સેવકોએ પરમ મનોહર રૂપવાળી અંબિકાને જોયાં ૮૯

ताभ्यां शुम्भाय चाख्याता साऽतीव सुमनोहरा।
काप्यास्ते स्त्री महाराज भासयन्ती हिमाचलम्॥९०॥

તે બન્નેએ શુંભને કહ્યું: 'મહારાજ! હિમાલય ઉપર કોઈ એક સ્ત્રી દેખાય છે. તે અતીવ સુમનોહર છે. ૯૦

नैव तादृक् क्वचिद्रूपं दृष्टं केनचिदुत्तमम्। ज्ञायतां काप्यसौ देवी गृह्यतां चासुरेश्वर॥९१॥

આવું ઉત્તમ રૂપ ક્યાંય ને કોઈએ પણ જોયું નથી. હે અસુરરાજ! એ સ્ત્રીની ભાળ મેળવો, એને પકડી લાવો. ૯૧

स्त्रीरत्नमतिचार्वङ्गी द्योतयन्ती दिशस्त्विषा। सा तु तिष्ठति दैत्येन्द्र तां भवान् द्रष्टुमर्हति॥९२॥

એ સ્ત્રીઓમાં રત્નરૂપ છે. એનાં સકળ અંગો સુંદર છે. એની પ્રભાથી સમસ્ત

CC-0. Mumukshu Bhawan Varanasi Collection. Digitized by eGangotri

દિશાઓ ઝળહળી રહી છે. હે દૈત્યેન્દ્ર! એ હિમાલય ઉપર છે. આપે એને જોવી જોઈએ. ૯૨

यानि रत्नानि मणयो गजाश्वादीनि वै प्रभो। त्रैलोक्ये तु समस्तानि साम्प्रतं भान्ति ते गृहे ॥९३॥

હે પ્રભુ! ત્રિલોકમાં રત્ન, મણિ, હાથી અને અશ્વ આદિ જે કાંઈ છે, તે અત્યારે આપના ગૃહમાં શોભી રહ્યું છે. ૯૩

ऐरावतः समानीतो गजरत्नं पुरन्दरात्। पारिजाततरुश्चायं तथैवोच्चैःश्रवा हयः ॥९४॥

હાથીઓમાં રત્નરૂપ એવો ઐરાવત, આ પારિજાતકનું વૃક્ષ અને આ ઉચ્ચૈઃશ્રવા અશ્વ એ આપે ઇંદ્ર પાસેથી આણ્યાં છે. ૯૪

विमानं हंससंयुक्तमेतत्तिष्ठति तेऽङ्गणे। रत्नभूतमिहानीतं यदासीद्वेधसोऽद्भुतम् ॥ ९५ ॥

આપણા આંગણામાં આ હંસ જોડેલું વિમાન ઊભું છે; બ્રહ્માનું આ અદ્ભુત અને રત્નરૂપ વિમાન આપ અહીં લાવ્યા છો. ૯૫

निधिरेष महापद्मः समानीतो धनेश्वरात्। किञ्जल्किनीं ददौ चाब्धिर्मालामम्लानपङ्कजाम् ॥९६॥

આ મહાપદ્મ નામનો નિધિ આપ કુબેર પાસેથી લઈ આવ્યા છો. સમુદ્રે પણ આપને કિંજલ્કિની માળા આપી છે અને એ માળાનાં કમળો ક્યારેય કરમાતાં નથી. ૯૬

छत्रं ते वारुणं गेहे काञ्चनस्रावि तिष्ठति। तथायं स्यन्दनवरो यः पुराऽऽसीत्प्रजापतेः ॥ ९७ ॥

વરુણનું સુવર્ણ વરસાવતું છત્ર પણ આપને ઘેર છે, તેમ જ પૂર્વે જે પ્રજાપતિનો હતો તે આ શ્રેષ્ઠ રથ સુદ્ધાં અહીં આપની પાસે છે. ૯૭

CC-0. Mumukshu Bhawan Varanasi Collection. Digitized by eGangotri

मृत्योरुत्क्रान्तिदा नाम शक्तिरीश त्वया हृता । पाशः सलिलराजस्य भ्रातुस्तव परिग्रहे ॥९८॥
निशुम्भस्याब्धिजाताश्च समस्ता रत्नजातयः । वह्निरपि ददौ तुभ्यमग्निशौचे च वाससी ॥९९॥

હે ઈશ ! મૃત્યુની ઉત્ક્રાંતિદા નામની શક્તિ આપે હરી લીધી છે અને જળસ્વામી વરુણનો પાશ તેમ જ સમુદ્રમાં પાકેલાં સર્વ પ્રકારનાં રત્નો આપના ભાઈ નિશુંભના અધિકારમાં છે. અગ્નિએ પણ આપને બે વસ્ત્રો આપ્યાં છે—એ વસ્ત્રો એણે જાતે જ પવિત્ર કર્યાં છે. ૯૮,૯૯

एवं दैत्येन्द्र रत्नानि समस्तान्याहृतानि ते । स्त्रीरत्नमेषा कल्याणी त्वया कस्मान्न गृह्यते ॥१००॥

આમ હે દૈત્યેન્દ્ર ! આપે સર્વસમસ્ત રત્નો હાથ કર્યાં છે, તો પછી આ કલ્યાણમયી સ્ત્રીરત્નને શા માટે આપે ઝડપવું નહિ ?' ૧૦૦

ऋषिरुवाच ॥ १०१ ॥ ઋષિ બોલ્યા :

निशम्येति वचः शुम्भः स तदा चण्डमुण्डयोः । प्रेषयामास सुग्रीवं दूतं देव्या महासुरम् ॥१०२॥

ચંડ અને મુંડનાં આ વચનો સાંભળીને શુંભે સુગ્રીવ નામના એક મહાન અસુરને દૂત તરીકે દેવી પાસે મોકલ્યો. ૧૦૨

इति चेति च वक्तव्या सा गत्वा वचनान्मम ।
यथा चाभ्येति सम्प्रीत्या यथा कार्यं त्वया लघु ॥ १०३ ॥

તેને કહ્યું : મારે કહે તું ત્યાં જા. તેને આમતેમ સમજાવ. એવું કહેજે કે તે પ્રસન્ન થઈને તરત જ તારી સાથે અહીં આવવા નીકળે. ૧૦૩

CC-0. Mumukshu Bhawan Varanasi Collection. Digitized by eGangotri

ચં
ડી
પા
ઠ

स तत्र गत्वा यत्रास्ते शैलोद्देशेऽतिशोभने। तां[1] च देवीं ततः प्राह श्लक्ष्णं मधुरया गिरा॥१०४॥

એ દૂત પર્વતના એ અત્યંત રમણીય પ્રદેશમાં ગયો. દેવી ત્યાં જ બિરાજતી હતી. દૂતે દેવીને મધુર વચનોમાં નીચે પ્રમાણે કહ્યું. ૧૦૪

दूत उवाच ॥ १०५॥ દૂત બોલ્યો :

देवि दैत्येश्वरः शुम्भस्त्रैलोक्ये परमेश्वरः। दूतोऽहं प्रेषितस्तेन त्वत्सकाशमिहागतः॥ १०६॥

હે દેવિ! દૈત્યેશ્વર શુંભ ત્રૈલોક્યનો પરમેશ્વર છે. મને તેણે દૂત તરીકે મોકલ્યો છે, એટલે હું તમારી પાસે આવ્યો છું. ૧૦૬

अव्याहताज्ञः सर्वासु यः सदा देवयोनिषु निर्जिताखिलदैत्यारिः स यदाह शृणुष्व तत्॥१०७॥

સકળ દેવલોકમાં એની આજ્ઞા સર્વદા અખંડ રીતે પળાય છે. એણે સર્વ દૈત્યારિ દેવોને હરાવી દીધા છે. તો એ જે કહેવડાવે છે તે તમે સાંભળો. ૧૦૭

मम त्रैलोक्यमखिलं मम देवा वशानुगाः। यज्ञभागानहं सर्वानुपाश्नामि पृथक् पृथक्॥१०८॥

સમસ્ત ત્રિલોક મારી આણમાં છે. દેવો મને વશ રહીને વર્તે છે. સર્વ યજ્ઞ-ભાગોને હું અલગ અલગ ભોગવું છું. ૧૦૮

त्रैलोक्ये वररत्नानि मम वश्यान्यशेषतः। तथैव गजरत्नं[2] च हृतं[3] देवेन्द्रवाहनम्॥ १०९॥

ત્રિલોકમાં જે શ્રેષ્ઠ રત્નો છે. તે અશેષે મારા વશમાં છે. તે જ પ્રમાણે દેવરાજ ઇંદ્રનું વાહન એવો ઐરાવત નામનો શ્રેષ્ઠ હાથી મેં હરી લીધો છે. ૧૦૯

---

૧. પા૦ સા દેવી તાં ततः। ૨. પા૦ गजरत्नानि। ૩. પા૦ हत्वा।

CC-0. Mumukshu Bhawan Varanasi Collection. Digitized by eGangotri

क्षीरोदमथनोद्भूतमश्वरत्नं ममामरैः । उच्चैःश्रवससंज्ञं तत्प्रणिपत्य समर्पितम् ॥ ११० ॥

સમુદ્રમંથનમાંથી ઉચ્ચૈઃશ્રવા નામનો જે શ્રેષ્ઠ અશ્વ નીકળ્યો હતો, તે દેવોએ મને પ્રણામપૂર્વક અર્પણ કર્યો છે. ૧૧૦

यानि चान्यानि देवेषु गन्धर्वेषूरगेषु च । रत्नभूतानि भूतानि तानि मय्येव शोभने ॥ १११ ॥

હે શોભના ! આ ઉપરાંત દેવો, ગંધર્વો અને નાગો પાસે જે કંઈ બીજા રત્નરૂપ પદાર્થો હતા, તે બધા મારી પાસે જ છે. ૧૧૧

स्त्रीरत्नभूतां त्वां देवि लोके मन्यामहे वयम् । सा त्वमस्मानुपागच्छ यतो रत्नभुजो वयम् ॥ ११२ ॥

હે દેવિ ! અમે તને લોકસમસ્તની સ્ત્રીઓમાં રત્નરૂપ માનીએ છીએ, તો તું અમારી પાસે આવ; કેમ કે અમે રત્નભોજી છીએ. ૧૧૨

मां वा ममानुजं वापि निशुम्भमुरुविक्रमम् । भज त्वं चञ्चलापाङ्गि रत्नभूतासि वै यतः ॥ ११३ ॥

હે ચંચળ કટાક્ષવાળી ! જોઈએ તો તું મારી પાસે આવ અથવા વિશાળ પરાક્રમવાળા મારા ભાઈ નિશુંભ પાસે જા; કેમ કે તું ખરેખર રત્નરૂપ છે. ૧૧૩

परमैश्वर्यमतुलं प्राप्स्यसे मत्परिग्रहात् । एतद् बुद्ध्या समालोच्य मत्परिग्रहतां व्रज ॥ ११४ ॥

મારી પાસે આવવાથી તને અતુલ અને પરમ ઐશ્વર્ય મળશે. બુદ્ધિથી આનો તોલ કરીને, તું મારી થઈ જા. ૧૧૪

ऋषिरुवाच ॥ ११५ ॥ ઋષિ બોલ્યા :

इत्युक्ता सा तदा देवी गम्भीरान्तः स्मिता जगौ ।
दुर्गा भगवती भद्रा ययेदं धार्यते जगत् ॥ ११६ ॥

CC-0. Mumukshu Bhawan Varanasi Collection. Digitized by eGangotri

ઇતે આ પ્રમાણે કહ્યું એટલે આ જગતને ધારણ કરનારી એ કલ્યાણમયી ભગવતી દુર્ગાએ ગંભીર રીતે મનમાં ને મનમાં સ્મિત કર્યું અને પછી દેવી આ પ્રમાણે બોલી. ૧૧૬

देव्युवाच ॥ ११७ ॥ દેવી બોલ્યાં :

सत्यमुक्तं त्वया नात्र मिथ्या किंचित्त्वयोदितम् ।
त्रैलोक्याधिपतिः शुम्भो निशुम्भश्चापि तादृशः ॥ ११८ ॥

તું અહીં સાચું જ બોલ્યો છે. તારા કહેવામાં કંઈ પણ મિથ્યા નથી. શુંભ ત્રૈલોક્યનો અધિપતિ છે અને નિશુંભ પણ તેવો જ છે. ૧૧૮

किं त्वत्र यत्प्रतिज्ञातं मिथ्या तत्क्रियते कथम् । श्रूयतामल्पबुद्धित्वात्प्रतिज्ञा या कृता पुरा ॥ ११९ ॥

પણ આ સંબંધમાં મેં જે પ્રતિજ્ઞા લીધી છે; તેને મારાથી કેમ મિથ્યા કરી શકાય ? મેં પહેલાં અલ્પ બુદ્ધિથી જે પ્રતિજ્ઞા લીધી છે, તે તું સાંભળ. ૧૧૯

यो मां जयति संग्रामे यो मे दर्पं व्यपोहति । यो मे प्रतिबलो लोके स मे भर्ता भविष्यति ॥ १२० ॥

જે મને સંગ્રામમાં જીતશે, જે મારા અભિમાનને ઓગાળી નાખશે અને લોકમાં જે મારો સમબળિયો થશે, તે જ મારો સ્વામી થશે. ૧૨૦

तदागच्छतु शुम्भोऽत्र निशुम्भो वा महासुरः ।
मां जित्वा किं चिरेणात्र पाणिं गृह्णातु मे लघु ॥ १२१ ॥

તો શુંભ કે મહાદૈત્ય નિશુંભ અહીં આવે, મને જીતી લે અને તરત જ મારું પાણિગ્રહણ કરે, આમાં વિલંબ શો કરવો ? ૧૨૧

CC-0. Mumukshu Bhawan Varanasi Collection. Digitized by eGangotri

दूत उवाच ॥ १२२ ॥ દૂત બોલ્યો :

अवलिप्तासि मैवं त्वं देवि ब्रूहि ममाग्रतः । त्रैलोक्ये कः पुमांस्तिष्ठेदग्रे शुम्भनिशुम्भयोः ॥ १२३ ॥

હે દેવિ ! તું ઘમંડે ભરાયેલી છે. મારી આગળ તું આવી વાત ન કર. ત્રૈલોક્યમાં એવો કયો પુરુષ છે કે તે શુંભ અને નિશુંભના મોઢા આગળ ઊભો રહી શકે ? ૧૨૩

अन्येषामपि दैत्यानां सर्वे देवा न वै युधि ।
तिष्ठन्ति सम्मुखे देवि किं पुनः स्त्री त्वमेकिका ॥ १२४ ॥

અરે ! બીજા દૈત્યોની સામે પણ દેવો યુદ્ધમાં ઊભી શકતા નથી, તો હે દેવિ ! તું એકલી સ્ત્રી તે શું ઊભવાની ? ૧૨૪

इन्द्राद्याः सकला देवास्तस्थुर्येषां न संयुगे ।
शुम्भादीनां कथं तेषां स्त्री प्रयास्यसि सम्मुखम् ॥ १२५ ॥

ઇંદ્ર આદિ સર્વ દેવો પણ જે શુંભાદિની સામે સંગ્રામમાં ઊભી શકતા નથી, તેમની સામે તું એક સ્ત્રી તે શું જવાની ? ૧૨૫

सा त्वं गच्छ मयैवोक्ता पार्श्वं शुम्भनिशुम्भयोः । केशाकर्षणनिर्धूतगौरवामागमिष्यसि ॥ १२६

આથી તું મારું કહ્યું માની શુંભ અને નિશુંભની પાસે ચાલી જા. નહિ તો પછી તને ચોટલો ખેંચી ઘસડી જશે, એટલે ગૌરવહીન થઈને તારે જવું પડશે. ૧૨૬

देव्युवाच ॥ १२७ ॥ દેવી બોલ્યાં :

एवमेतद् बली शुम्भो निशुम्भश्चापि तादृशः । किं करोमि प्रतिज्ञा मे यदनालोचिता पुरा ॥ १२८

ખરી વાત છે, શુંભ બળવાન છે અને નિશુંભ પણ અત્યંત વીર્યવાન છે; પણ

CC-0. Mumukshu Bhawan Varanasi Collection. Digitized by eGangotri

શું કરું ? મેં પહેલાં વગરસમજ્યે પ્રતિજ્ઞા કરી દીધી છે ! ૧૨૮

स त्वं गच्छ मयोक्तं ते यदेतत्सर्वमादृतः ।
तदाचक्ष्वासुरेन्द्राय स च युक्तं करोतु यत् ॥ ॐ ॥ ॥ १२९ ॥

તેથી તું હવે જા. મેં તને જે કહ્યું છે, તે બધું તું એ અસુરરાજને આદરપૂર્વક કહેજે. એટલે પછી એને જે યોગ્ય લાગે તે ભલે કરે. ૧૨૯

श्रीमार्कण्डेयपुराणे सावर्णिके मन्वन्तरे देवीमाहात्म्ये देव्या दूतसंवादो नाम पञ्चमोऽध्यायः ॥ ५ ॥
उवाच ९, त्रिपान्मन्त्राः ६६, श्लोकाः ५४, एवम् १२९, एवमादितः ॥ ३८८ ॥

શ્રીમાર્કંડેયપુરાણે, સાવર્ણિક મન્વન્તરે, દેવીમાહાત્મ્યે,
દેવી–દૂત–સંવાદ નામનો પાંચમો અધ્યાય

અધ્યાય ૬ ઠ્ઠો

ધૂમ્રલોચનનો વધ

ध्यानम् ॥ ધ્યાન

ॐ नागाधीश्वरविष्टरां फणिफणोत्तंसारुरत्नावली-
भास्वद्देहलतां दिवाकरनिभां नेत्रत्रयोद्भासिताम् ।
मालाकुम्भकपालनीरजकरां चन्द्रार्धचूडां परां
सर्वज्ञेश्वरभैरवाङ्कनिलयां पद्मावतीं चिन्तये ॥

હું સર્વજ્ઞેશ્વર ભૈરવના ખોળામાં નિવાસ કરી રહેલી પરમ પદ્માવતીદેવીનું ચિંતન

CC-0. Mumukshu Bhawan Varanasi Collection. Digitized by eGangotri.

કરું છું. એ નાગરાજના આસન ઉપર બિરાજી છે. નાગોની ફેણોમાં શોભતાં રત્નોની વિશાળ માળાથી એની દેહલતા ઝળકી રહી છે. સૂર્યના જેવું એનું તેજ છે. એનાં ત્રણે નયનોથી એની શોભા વધી રહી છે. એણે હાથોમાં માળા, કુંભ, કપાલ અને કમળ રાખ્યાં છે અને એના મસ્તક ઉપર અર્ધચંદ્રનો મુકુટ છે.

ऋषिरुवाच ॥ १ ॥ ઋષિ બોલ્યા :

'ॐ' इत्याकर्ण्य वचो देव्याः स दूतोऽमर्षपूरितः ।
समाचष्ट समागम्य दैत्यराजाय विस्तरात् ॥ २ ॥

ૐ દેવીનાં એ વચનો સાંભળી એ દૂતને અત્યંત રોષ ભરાયો. દૈત્યરાજની પાસે જઈને એણે સર્વ સમાચાર વિસ્તારથી કહ્યા. ૨

तस्य दूतस्य तद्वाक्यमाकर्ण्यासुरराट् ततः । सक्रोधः प्राह दैत्यानामधिपं धूम्रलोचनम् ॥ ३ ॥

તે દૂતનાં એ વાકયો સાંભળી અસુરરાજને ક્રોધ આવ્યો. તેણે દૈત્યોના અધિપતિ ધૂમ્રલોચનને કહ્યું : ૩

हे धूम्रलोचनाशु त्वं स्वसैन्यपरिवारितः । तामानय बलाद् दुष्टां केशाकर्षणविह्वलाम् ॥ ४ ॥

હે ધૂમ્રલોચન ! તું ઝટઝટ આપણી સેનાઓ ભેગી કરી નીકળ–જા, એ દુષ્ટાને ચોટલે ખેંચી, વિહ્વળ કરી, બળપૂર્વક અહીં લઈ આવ. ૪

तत्परित्राणदः कश्चिद्यदि वोत्तिष्ठते परः । स हन्तव्योऽमरो वापि यक्षो गन्धर्व एव वा ॥५॥

એને બચાવવા જો કોઈ કદી ઊભો થાય, તો તેને જરૂર હણી નાખજે–પછી ભલે તે દેવ હોય, યક્ષ હોય કે ગંધર્વ હોય. ૫

CC-0. Mumukshu Bhawan Varanasi Collection. Digitized by eGangotri

ऋषिरुवाच ॥ ६ ॥ ઋષિ બોલ્યા :

तेनाज्ञप्तस्ततः शीघ्रं स दैत्यो धूम्रलोचनः । वृतः षष्ट्या सहस्राणामसुराणां द्रुतं ययौ ॥७॥

આમ આજ્ઞા મળતાં, એ ધૂમ્રલોચન દૈત્ય તરત જ સાઠ હજાર અસુર સૈનિકોને સાથે લઈ વેગપૂર્વક ચાલવા લાગ્યો. ૭

स दृष्ट्वा तां ततो देवीं तुहिनाचलसंस्थिताम् । जगादोच्चैः प्रयाहीति मूलं शुम्भनिशुम्भयोः ॥८॥

ત્યાં હિમાચળ ઉપર રહેલી દેવીને એણે દીઠી અને તરત જ તે ઊંચે સાદે બોલ્યો : ચાલ, શુંભ અને નિશુંભની પાસે ચાલ. ૮

न चेत्प्रीत्याद्य भवती मद्भर्तारमुपैष्यति । ततो बलान्नयाम्येष केशाकर्षणविह्वलाम् ॥ ९ ॥

તું જો પ્રસન્નતાપૂર્વક મારા સ્વામીની પાસે આવશે નહિ, તો પછી હું તને ચોટલે ખેંચી, વિહ્વળ કરી, બળપૂર્વક તાણી જઈશ. ૯

देव्युवाच ॥ १० ॥ દેવી બોલ્યાં :

दैत्येश्वरेण प्रहितो बलवान् बलसंवृतः । बलान्नयसि मामेवं ततः किं ते करोम्यहम् ॥ ११ ॥

દૈત્યોના સ્વામીએ તને મોકલ્યો છે. તું પોતે બળવાન છે. તારી પાસે સેના છે. આથી તું બળાત્કારે ઘસડી જશે, તો હું તને શું કરી શકવાની હતી ? ૧૧

ऋषिरुवाच ॥ १२ ॥ ઋષિ બોલ્યા :

इत्युक्तः सोऽभ्यधावत्तामसुरो धूम्रलोचनः । हुंकारेणैव तं भस्म सा चकाराम्बिका तदा ॥१३॥

દેવીએ આ પ્રમાણે કહ્યું, એટલે ધૂમ્રલોચન અસુર એના તરફ ધસમસતો દોડ્યો,

CC-0. Mumukshu Bhawan Varanasi Collection. Digitized by eGangotri

પણ અંબિકાએ તો તેજ વખતે એને હુંકારમાત્રથી ભસ્મ કરી દીધો. ૧૩

अथ क्रुद्धं महासैन्यमसुराणां तथाम्बिका[1] । ववर्ष सायकैस्तीक्ष्णैस्तथा शक्तिपरश्वधैः ॥ १४ ॥

હવે ક્રોધમાં આવેલી અસુરોની મહાન સેનાએ અને અંબિકાદેવીએ એકબીજા ઉપર તીક્ષ્ણ બાણો, શક્તિઓ તેમજ પરશુઓની વૃષ્ટિ કરવા માંડી. ૧૪

ततो धुतसटः कोपात्कृत्वा नादं सुभैरवम् । पपातासुरसेनायां सिंहो देव्याः स्ववाहनः ॥ १५ ॥

ત્યારે દેવીના વાહન ધુતસટ સિંહે કોપમાં આવીને ભયંકર ગર્જના કરી અને અસુરોની સેનામાં છલંગ મારી. ૧૫

कांश्चित् करप्रहारेण दैत्यानास्येन चापरान् ।
आक्रांत्या[2] चाधरेणान्यान्[3] जघान[4] स महासुरान् ॥ १६ ॥

તેણે કેટલાક મહાદૈત્યોને હાથનો પંજો મારીને, કેટલાક અસુરોને જડબાં મારીને, તો કેટલાકને હોઠની દાઢો મારીને હણી નાખ્યા. ૧૬

केषांचित्पाटयामास नखैः कोष्ठानि केसरी[5] । तथा तलप्रहारेण शिरांसि कृतवान् पृथक् ॥ १७ ॥

એ કેસરીએ કેટલાયનાં પેટ નખથી ચીરી નાખ્યાં, તો કેટલાયનાં માથાં થાપટ મારીને અળગાં કરી દીધાં. ૧૭

---

૧. પા० तथाम्बिकाम् । ૨. પા० आक्रम्य । ૩. પા० चरणेनान्यान् । ૪. અહીં ત્રણ જાતનાં પાઠાંતરો છે: संजघान, निजघान, जघान सुमहा० । ૫. પા० केशरी । બંગાળી પ્રતમાં બધી જગ્યાએ 'केशरी' અને 'केशर' શબ્દમાં તાલવ્ય 'श'નો પ્રયોગ છે.

CC-0. Mumukshu Bhawan Varanasi Collection. Digitized by eGangotri

विच्छिन्नबाहुशिरसः कृतास्तेन तथापरे । पपौ च रुधिरं कोष्ठादन्येषां धुतकेसरः ॥ १८ ॥

વળી ધુતકેસરે (હાલતી કેશવાળીવાળાએ) કેટલાયનાં હાથ અને માથાં છેદી નાખ્યાં અને વળી બીજા કેટલાયના પેટમાંથી લોહી પીધાં. ૧૮

क्षणेन तद्बलं सर्वं क्षयं नीतं महात्मना । तेन केसरिणा देव्या वाहनेनातिकोपिना ॥ १९ ॥

આમ એ દેવીનું વાહન સિંહ અત્યંત કોપમાં આવી ગયો અને તે મહાત્માએ ક્ષણવારમાં એ સકળ સેનાનો ઘાણ કાઢી નાખ્યો. ૧૯

श्रुत्वा तमसुरं देव्या निहतं धूम्रलोचनम् । बलं च क्षयितं कृत्स्नं देवीकेसरिणा ततः ॥२०॥
चुकोप दैत्याधिपतिः शुम्भः प्रस्फुरिताधरः । आज्ञापयामास च तौ चण्डमुण्डौ महासुरौ ॥२१॥
हे चण्ड हे मुण्ड बलैर्बहुभिः[1] परिवारितौ । तत्र गच्छत गत्वा च सा समानीयतां लघु ॥२२॥

દેવીએ ધૂમ્રલોચન અસુરને હણી નાખ્યો છે અને દેવીના સિંહે આખી સેનાનો ઘાણ કાઢ્યો છે, એ સાંભળી દૈત્યોના અધિપતિ શુંભને ક્રોધ ચડ્યો. તેનો નીચલો હોઠ ફડફડી રહ્યો. તેણે ચંડ અને મુંડ નામના બે મહાદૈત્યોને આ પ્રમાણે આજ્ઞા કરી: હે ચંડ! હે મુંડ! ખૂબ મોટું સૈન્ય લઈને તમે ત્યાં જાઓ. પેલીને તરત જ અહીં ખેંચી લાવો. ૨૦–૨૨

केशेष्वाकृष्य बद्ध्वा वा यदि वः संशयो युधि । तदाशेषायुधैः सर्वैरसुरैर्विनिहन्यताम् ॥ २३ ॥

એને ચોટલે ખેંચી લાવો અથવા એને બાંધીને લાવો. જો યુદ્ધમાં કાંઈ સંશય

---

१. पा० बहुलैः ॥

CC-0. Mumukshu Bhawan Varanasi Collection. Digitized by eGangotri

પડે, તો તમે સર્વ આયુધો અને સર્વ અસુરો સાથે યુદ્ધ કરી એને હણી નાખજો. ૨૩

तस्यां हतायां दुष्टायां सिंहे च विनिपातिते ।
शीघ्रमागम्यतां बद्ध्वा गृहीत्वा तामथाम्बिकाम् ॥ ॐ २४ ॥

એ દુષ્ટા આમ હણાશે અને એનો સિંહ પટકાઈ પડશે, એટલે તરત જ તમે એ અંબિકાને બાંધી–પકડીને અહીં આવી રહેજો. ૐ ૨૪

श्रीमार्कण्डेयपुराणे सावर्णिके मन्वन्तरे देवीमाहात्म्ये शुम्भसेनानीधूम्रलोचनवधो नाम षष्ठोऽध्यायः ॥ ६ ॥

उवाच ४, श्लोकाः २०, एवम् २४, एवमादितः ॥ ४१२ ॥

શ્રીમાર્કંડેયપુરાણે, સાવર્ણિક મન્વન્તરે, દેવીમાહાત્મ્યે,
ધૂમ્રલોચનનો વધ નામનો છઠ્ઠો અધ્યાય

અધ્યાય ૭ મો

ચંડ અને મુંડનો વધ

ध्यानम् ॥ ધ્યાન

ॐ ध्यायेयं रत्नपीठे शुककलपठितं शृण्वतीं श्यामलाङ्गीं
न्यस्तैकाङ्घ्रिं सरोजे शशिशकलधरां वल्लकीं वादयन्तीम् ।
कह्लारावद्धमालां नियमितविलसच्चोलिकां रक्तवस्त्रां
मातङ्गीं शङ्खपात्रां मधुरमधुमदां चित्रकोद्भासिभालाम् ॥

હું માતંગી દેવીનું ધ્યાન કરું છું. તે શ્યામલ અંગવાળી છે અને રત્નપીઠ ઉપર

CC-0. Mumukshu Bhawan Varanasi Collection. Digitized by eGangotri

બેઠી બેઠી તે પોપટના કલકલ અવાજ સાંભળે છે. તેનો એક પગ કમળ ઉપર મંડાયો છે; તેણે અર્ધચંદ્રને મસ્તક ઉપર ધારણ કર્યો છે; અને તે વીણા બજાવી રહી છે. તેણે કલ્હાર પુષ્પોની માળા પહેરી છે; તેની કસકસતી ચોળી શોભા આપી રહી છે; તેણે રક્ત વસ્ત્ર ધારણ કર્યું છે; અને તેના હાથમાં શંખપાત્ર છે. તેણે મધુર મધુનો મદ કર્યો છે અને તેના લલાટ ઉપર બિંદી ઝળકી રહી છે.

ऋषिरुवाच ॥ १ ॥ ઋષિ બોલ્યા :

'ॐ' आज्ञप्तास्ते ततो दैत्याश्चण्डमुण्डपुरोगमाः। चतुरङ्गबलोपेता ययुरभ्युद्यतायुधाः ॥ २ ॥

ૐ આ પ્રમાણે આજ્ઞા થતાં, ચંડ અને મુંડની આગેવાની નીચે અનેક દૈત્યો ચતુરંગિણી સેના લઈ અને આયુધોથી સુસજ્જ થઈ, ત્યાં જવા નીકળ્યા. ૨

ददृशुस्ते ततो देवीमीषद्धासां व्यवस्थिताम्। सिंहस्योपरि शैलेन्द्रशृङ्गे महति काञ्चने ॥ ३ ॥

ત્યાં તેમણે નગાધિરાજના કાંચનવર્ણા મહાન શિખર ઉપર દેવીને બેઠેલી જોઈ. તે સિંહ ઉપર બિરાજમાન હતી અને મંદમંદ હાસ્ય કરતી હતી. ૩

ते दृष्ट्वा तां समादातुमुद्यमं चक्रुरुद्यताः। आकृष्टचापासिधरास्तथान्ये तत्समीपगाः ॥ ४ ॥

તેને જોઈને દૈત્યો તેને પકડવાનો તત્કાલ ઉદ્યમ કરવા મંડી પડ્યા : કેટલાકે ધનુષ્ય ખેંચ્યાં, કેટલાકે તલવાર સંભાળી તો કેટલાક દેવીની પાસે જઈને ઊભા રહ્યા. ૪

ततः कोपं चकारोच्चैरम्बिका तानरीन् प्रति। कोपेन चास्य वदनं मषी[1]वर्णमभूत्तदा ॥ ५ ॥

१. पा० मसी

CC-0. Mumukshu Bhawan Varanasi Collection. Digitized by eGangotri

એટલે અંબિકાએ એ શત્રુઓ પ્રત્યે ભારે ક્રોધ કર્યો, ત્યારે કોપથી એનું વદન મેશ જેવું થઈ ગયું. ૫

भ्रुकुटीकुटिलात्तस्या ललाटफलकाद्द्रुतम्। कालीकरालवदना विनिष्क्रान्तासिपाशिनी ॥ ६ ॥

એના લલાટફલક ઉપરની ભમ્મર વાંકી થઈ ગઈ અને એમાંથી એકદમ ભયંકર મુખવાળી કાલી પ્રકટ થઈ આવી; તેણે તલવાર અને પાશ ધારણ કર્યાં હતાં. ૬

विचित्रखट्वाङ्गधरा नरमालाविभूषणा। द्वीपिचर्मपरीधाना शुष्कमांसातिभैरवा ॥ ७ ॥

તેણે વિચિત્ર ખટ્વાંગ ધારણ કર્યું હતું, તેણે નરમાલાનું આભૂષણ સજ્યું હતું, ચિત્તાની ચામડીનું અંબર પહેર્યું હતું અને તેનું માંસ સુકાઈ ગયું હતું; તેથી તે અતિ ભયંકર લાગતી હતી. ૭

अतिविस्तारवदना जिह्वाललनभीषणा। निमग्ना रक्तनयना नादापूरितदिङ्मुखा ॥ ८ ॥

તેનું મોં અત્યંત વિસ્તરેલું હતું અને તેની જીભ લપલપતી હતી, તેથી એ ભીષણ જણાતી હતી. તેની આંખ લાલ હતી અને તે ઊંડી પેસી ગઈ હતી. નાદથી તેણે દિશાઓનાં મોં ભરી દીધાં હતાં. ૮

सा वेगेनाभिपतिता घातयन्ती महासुरान्। सैन्ये तत्र सुरारीणामभक्षयत तद्बलम् ॥ ९ ॥

તેણે વેગથી ઝટ છલંગ મારી અને તે મહાદૈત્યોને હણવા મંડી; ત્યાં દૈત્યોની એ સેનામાં, તે એ સૈન્યને ભક્ષી ગઈ. ૯

पार्ष्णिग्राहाङ्कुशग्राहयोधघण्टासमन्वितान्। समादायैकहस्तेन मुखे चिक्षेप वारणान् ॥ १० ॥

તે એક હાથે હાથીઓને પકડીપકડીને મોંમાં મૂકવા લાગી! એ હાથીઓ સાથે

CC-0. Mumukshu Bhawan Varanasi Collection. Digitized by eGangotri

પાર્શ્વરક્ષકો, અંકુશધારી મહાવતો, યોદ્ધાઓ અને ઘંટાઓ પણ હતાં. ૧૦

तथैव योधं तुरगै रथं सारथिना सह। निक्षिप्य वक्त्रे दशनैश्चर्वयत्यतिभैरवम् ॥ ११ ॥

તે જ પ્રમાણે તેણે યોદ્ધાઓને, અશ્વોને, રથોને, તેમ જ સારથિઓને ઊચકી ઊચકીને મોંમાં નાખ્યાં; અને તેમને અત્યંત ભયંકર રીતે તે દાંતથી ચાવવા મંડી. ૧૧

एकं जग्राह केशेषु ग्रीवायामथ चापरम्। पादेनाक्रम्य चैवान्यमुरसान्यमपोथयत् ॥ १२ ॥

કોઈને તેણે કેશથી પકડ્યો, તો કોઈને તેણે ગરદનથી ઝાલ્યો. વળી કોઈને તેણે પગથી કચર્યો, તો કોઈને તેણે છાતીથી લોથપોથ કર્યો. ૧૨

तैर्मुक्तानि च शस्त्राणि महास्त्राणि तथासुरैः। मुखेन जग्राह रुषा दशनैर्मथितान्यपि ॥ १३ ॥

એ મહાદૈત્યોએ જે કંઈ શસ્ત્રો અને મહાન અસ્ત્રો છોડ્યાં, તેમને દેવીએ મોંએ પકડી લીધાં તેમ જ દાંત કચકચાવીને તેમને રોષપૂર્વક પીસી નાખ્યાં. ૧૩

बलिनां तद्बलं सर्वमसुराणां दुरात्मनाम्। ममर्दाभक्षयच्चान्यानन्यांश्चाताडयत्तथा ॥ १४ ॥

આમ એ બળવાન દુરાત્મા અસુરોના તે સર્વ સૈન્યને દેવીએ મરડી નાખ્યું, તથા હડપ કરી દીધું. વળી બીજા કેટલાકને તેણે પ્રહારો કર્યા. ૧૪

असिना निहताः केचित्केचित्खट्वाङ्गताडिताः। जग्मुर्विनाशमसुरा दन्ताग्राभिहतास्तथा ॥ १५ ॥

કેટલાકને દેવીએ તલવારથી હણ્યા, કેટલાકને તેણે ખટ્વાંગથી માર્યા, તો કેટલાકને તેણે દાંતની અણીઓ ભેરવી કચર્યા. આમ અસુરો વિનાશ પામ્યા. ૧૫

क्षणेन तद् बलं सर्वमसुराणां निपातितम्। दृष्ट्वा चण्डोऽभिदुद्राव तां कालीमतिभीषणाम् ॥ १६ ॥

આ રીતે અસુરોનું તે અખિલ સૈન્ય એક ક્ષણમાં ઢળી પડ્યું; એ જોઈને ચંડે

CC-0. Mumukshu Bhawan Varanasi Collection. Digitized by eGangotri

અતિભયંકર કાલીદેવી ઉપર ધસારો કર્યો. ૧૬

शरवर्षैर्महाभीमैर्भीमाक्षीं तां महासुरः। छादयामास चक्रैश्च मुण्डः क्षिप्तैः सहस्रशः॥१७॥

એ મહાદૈત્ય ચંડે મહાભયંકર બાણવૃષ્ટિ કરીને અને મુંડ દૈત્યે પણ હજારો ચક્ર છોડીને એ ભીમાક્ષીદેવીને ઢાંકી દીધી. ૧૭

तानि चक्राण्यनेकानि विशमानानि तन्मुखम्। बभुर्यथार्कबिम्बानि सुबहूनि घनोदरम्॥१८॥

એ અનેકાનેક ચક્રો દેવીનાં મુખમાં જવા માંડ્યાં—જાણે અનેકાનેક સૂર્યબિંબો વાદળાંના પેટાળમાં પેસવા લાગ્યાં. ૧૮

ततो जहासातिरुषा भीमं भैरवनादिनी। काली करालवदना दुर्दर्शदशनोज्ज्वला॥१९॥

હવે ભયંકર નાદવાળી એ કાલીએ અત્યંત રોષ કરી અતિભીષણ હાસ્ય કર્યું, ત્યારે એના વિકરાળ વદનની ભીતરમાંના દેખ્યા ન જાય એવા એના દાંતોથી એ ઝગમગ થઈ રહી. ૧૯

उत्थाय च महासिं हं देवी चण्डमधावत। गृहीत्वा चास्य केशेषु शिरस्तेनासिनाच्छिनत्॥२०॥

દેવી મહાન તલવાર પકડીને ઊતરી અને 'હું' કરીને ચંડની સામે ધસી. તેણે તેને વાળથી પકડ્યો અને એ જ તલવારથી તેનું મસ્તક છેદી નાખ્યું.[1] ૨૦

---

૧. શાન્તનવી ટીકાકારે અહીં એક વધુ શ્લોક મન્યો છે:

छिन्नं शिरसि दैत्येन्द्रश्चक्रं नादं सुभैरवम्। तेन नादेन महता त्रासितं भुवनत्रयम्॥

[દૈત્યેન્દ્ર ચંડનું માથું છેદાઈ ગયું, એટલે તેણે મહાભયંકર નાદ કર્યો. એ મહાન નાદથી ત્રણે ભુવનો ત્રાસી ઊઠયાં.]

CC-0. Mumukshu Bhawan Varanasi Collection. Digitized by eGangotri

अथ मुण्डोऽभ्यधावत्तां दृष्ट्वा चण्डं निपातितम् ।
तमप्यपातयद् भूमौ सा खड्गाभिहतं रुषा ॥ २१ ॥

ચંડને આમ પટકી પડાયેલો જોઈને, મુંડે દેવીની સામે ધસારો કર્યો. પણ દેવીએ રોષમાં આવીને એને તલવારનો ઝાટકો મારી ભૂમિ ઉપર સુવડાવી દીધો. ૨૧

हतशेषं ततः सैन्यं दृष्ट्वा चण्डं निपातितम् । मुण्डं च सुमहावीर्यं दिशो भेजे भयातुरम् ॥ २२ ॥

ચંડ પડયો અને મહાવીર્યવાન મુંડ પણ પડ્યો. આ જોઈને બાકીનું સૈન્ય ભયથી વિહ્વળ થઈને ચારે દિશામાં દોટ મૂકવા લાગ્યું. ૨૨

शिरश्चण्डस्य काली च गृहीत्वा मुण्डमेव च । प्राह प्रचण्डाट्टहासमिश्रमभ्येत्य चण्डिकाम् ॥ २३ ॥

પછી કાલીદેવી ચંડ અને મુંડનાં મસ્તકો હાથમાં પકડીને ચંડિકાની પાસે ગઈ અને પ્રચંડ અટ્ટહાસ્ય સાથે તેને આ પ્રમાણે કહેવા લાગી : ૨૩

मया तवात्रोपहृतौ चण्डमुण्डौ महापशू । युद्धयज्ञे स्वयं शुम्भं निशुम्भं च हनिष्यसि ॥ २४ ॥

આ હું મહાપશુ જેવા ચંડ અને મુંડને અહીં ભેટરૂપે રજૂ કરું છું. હવે યુદ્ધ-રૂપી યજ્ઞમાં તમે જ શુંભ અને નિશુંભને હણજો. ૨૪

ऋषिरुवाच ॥ २५ ॥ ઋષિ બોલ્યા :

तावानीतौ ततो दृष्ट्वा चण्डमुण्डौ महासुरौ ।
उवाच कालीं कल्याणी ललितं चण्डिका वचः ॥ २६ ॥

આમ ચંડ અને મુંડ એ મહાદૈત્યોને ત્યાં લાવવામાં આવ્યા, એ જોઈને કલ્યાણી

CC-0. Mumukshu Bhawan Varanasi Collection. Digitized by eGangotri

ચંડિકાએ કાલીને આ મધુર વચન કહ્યાં : ૨૬

यस्माच्चण्डं च मुण्डं च गृहीत्वा त्वमुपागता ।
चामुण्डेति ततो लोके ख्याता देवि भविष्यसि ॥ ॐ ॥ ॥ २७ ॥

તું આ ચંડ અને મુંડને લઈને અહીં આવી છે; માટે હે દેવિ ! તું હવે લોકમાં 'ચામુંડા' નામે ખ્યાતિ પામશે. ૨૭

श्रीमार्कण्डेयपुराणे सावर्णिके मन्वन्तरे देवीमाहात्म्ये चण्डमुण्डवधो नाम सप्तमोऽध्यायः ॥ ७ ॥
उवाच २, श्लोकाः २५, एवमादितः ॥ ४३९ ॥

શ્રીમાર્કંડેયપુરાણે, સાવર્ણિક મન્વન્તરે, દેવીમાહાત્મ્યે,
ચંડ અને મુંડનો વધ નામનો સાતમો અધ્યાય

અધ્યાય ૮ મો

રક્તબીજનો વધ

ધ્યાનમ્ ॥ ધ્યાન

ॐ अरुणां करुणातरङ्गिताक्षीं धृतपाशाङ्कुशबाणचापहस्ताम् ।
अणिमादिभिरावृतां मयूखैरहमित्येव विभावये भवानीम् ॥

હું અણિમાદિ સિદ્ધિઓનાં કિરણોથી આવૃત્ત ભવાનીનું ધ્યાન કરું છું. તેનો દેહ લાલ છે, તેની આંખો કરુણારૂપી તરંગોથી ભરેલી છે અને તેના હાથમાં પાશ, અંકુશ, બાણ તેમજ ધનુષ્ય છે.

CC-0. Mumukshu Bhawan Varanasi Collection. Digitized by eGangotri

'ॐ' चण्डे च निहते दैत्ये मुण्डे च विनिपातिते । बहुलेषु च सैन्येषु क्षयितेष्वसुरेश्वरः ॥ २ ॥
ततः कोपपराधीनचेताः शुम्भः प्रतापवान् । उद्योगं सर्वसैन्यानां दैत्यानामादिदेश ह ॥ ३ ॥

ૐ ચંડ દૈત્ય હણાયો, મુંડ મરાયો અને અણગણ સેના નાશ પામી, એટલે પ્રતાપી અસુરેશ્વર શુંભનું ચિત્ત કોપથી પરવશ થઈ ગયું. તેણે દૈત્યોની સકળ સેનાઓને યુદ્ધ માટે ઉદ્યોગ કરવાનો આવો આદેશ આપ્યો : ૨,૩

अद्य सर्वबलैर्दैत्याः षडशीतिरुदायुधाः । कम्बूनां चतुराशीतिर्निर्यान्तु स्वबलैर्वृताः ॥ ४ ॥

આજે ઉદાયુધ નામના છ્યાશી દૈત્યો પોતાની સર્વ સેનાઓ સાથે નીકળે. વળી કમ્બુ નામના ચોરાશી દૈત્યો પોતપોતાનાં સૈન્યોથી વીંટળાઈને બહાર પડે. ૪

कोटिवीर्याणि पञ्चाशदसुराणां कुलानि वै । शतं कुलानि धौम्राणां निर्गच्छन्तु ममाज्ञया ॥५॥

કોટિવીર્ય કુળના પચાસ અસુરો અને ધૌમ્રનાં સો કુળો સુદ્ધાંત મારી આજ્ઞાએ કૂચ કરો. ૫

कालका दौहृदा मौर्याः कालकेयास्तथासुराः । युद्धाय सज्जा निर्यान्तु आज्ञया त्वरिता मम ॥६॥

કાલક, દૌહૃદ, મૌર્ય અને કાલકેય અસુરો મારા આદેશે એકદમ યુદ્ધ માટે સજ્જ થઈને યાત્રા કરે. ૬

इत्याज्ञाप्यासुरपतिः शुम्भो भैरवशासनः । निर्जगाम महासैन्यसहस्रैर्बहुभिर्वृतः ॥ ७ ॥

ભયંકર શાસનવાળા અસુરરાજ શુંભે આ પ્રમાણે આજ્ઞા આપી અને પોતે હજારો

CC-0. Mumukshu Bhawan Varanasi Collection. Digitized by eGangotri

મહાન સૈન્યો સાથે યુદ્ધપ્રસ્થાન કર્યું. ૭

आयान्तं चण्डिका दृष्ट्वा तत्सैन्यमतिभीषणम् । ज्यास्वनैः पूरयामास धरणीगगनान्तरम् ॥ ८ ॥

એ અત્યંત ભીષણ સૈન્યને આવતું જોઈને ચંડિકાએ ધનુષ્યનો ટંકાર કર્યો અને આકાશ તથા પૃથ્વી વચ્ચેના ભાગને ભરી દીધો. ૮

ततः सिंहो महानादमतीव कृतवान् नृप । घण्टास्वनेन तान्नादानमम्बिका[1] चोपबृंहयत् ॥ ९ ॥

હે રાજા! ત્યારે દેવીના સિંહે અતીવ મહાનાદ કર્યો અને અંબિકાએ પોતે ઘંટાનો નાદ ગજવીને એ નાદને ઘેરો ગજવ્યો. ૯

धनुर्ज्यासिंहघण्टानां नादापूरितदिङ्मुखा । निनादैर्भीषणैः काली जिग्ये विस्तारितानना ॥ १० ॥

આ પ્રમાણે ધનુષ્યનો ટંકારવ, સિંહનાદ અને ઘંટારવ એ ત્રણે નાદથી દિશાઓનાં મુખ ભરાઈ ગયાં. આ ભીષણ નિનાદોથી કાલીએ પોતાનું મોં વિસ્તારિત કર્યું અને પોતે જયવતી બની. ૧૦

तं निनादमुपश्रुत्य दैत्यसैन्यैश्चतुर्दिशम् । देवी सिंहस्तथा काली सरोषैः परिवारिताः ॥ ११ ॥

એ ભયંકર નિનાદ સાંભળીને દૈત્યસૈન્યોએ ચંડિકાદેવીને, સિંહને અને કાલીદેવીને રોષપૂર્વક ઘેરી લીધાં. ૧૧

एतस्मिन्नन्तरे भूप विनाशाय सुरद्विषाम् । भवायामरसिंहानामतिवीर्यबलान्विताः ॥ १२ ॥
ब्रह्मेशगुहविष्णूनां तथेन्द्रस्य च शक्तयः । शरीरेभ्यो विनिष्क्रम्य तद्रूपैश्चण्डिकां ययुः ॥ १३ ॥

---

१ पा० तन्नादमम्बिका ।

CC-0. Mumukshu Bhawan Varanasi Collection. Digitized by eGangotri

હે રાજન્! એ સમયે દેવશત્રુ દૈત્યોના વિનાશ માટે અને અમરવરોના કલ્યાણ સારુ ત્યાં અતિવીર્યવતી અને બળશાળી શક્તિઓ પ્રકટી. એ શક્તિઓ બ્રહ્મા, શંકર, કાર્તિકેય, વિષ્ણુ તેમજ ઇંદ્રની હતી અને તે તે દેવોનાં શરીરોમાંથી નીકળી તે તે રૂપે જ ચંડિકા પાસે ગઈ. ૧૨,૧૩

यस्य देवस्य यद्रूपं यथाभूषणवाहनम् । तद्वदेव हि तच्छक्तिरसुरान् योद्धुमाययौ ॥ १४ ॥

જે દેવીનું જે રૂપ હતું, જે આભૂષણ હતું અને જે વાહન હતું, તેજ રૂપ, આભૂષણ અને વાહન સાથે તે શક્તિઓ અસુરો સાથે યુદ્ધ કરવા આવી. ૧૪

हंसयुक्तविमानाग्रे साक्षसूत्रकमण्डलुः । आयाता ब्रह्मणः शक्तिर्ब्रह्माणी साभिधीयते ॥ १५ ॥

સૌથી મોખરે જે શક્તિ હતી, તે હંસવાળા વિમાનમાં બેઠી હતી. તેના હાથમાં અક્ષસૂત્ર અને કમંડલ હતાં. તે બ્રહ્માની શક્તિ હતી. તેને બ્રહ્માણી કહેવામાં આવે છે. ૧૫

माहेश्वरी वृषारूढा त्रिशूलवरधारिणी । महाहिवलया प्राप्ता चन्द्ररेखा विभूषणा ॥ १६ ॥

બીજી માહેશ્વરી શક્તિ આવી હતી. તે વૃષભ ઉપર વિરાજિત હતી. તેણે ઉત્તમ ત્રિશૂળ ધારણ કર્યું હતું. મહાનાગનાં તેને કંકણ હતાં અને ચંદ્રરેખાથી તે વિભૂષિત હતી. ૧૬

कौमारी शक्तिहस्ता च मयूरवरवाहना । योद्धुमभ्याययौ दैत्यानम्बिका गुहरूपिणी ॥ १७ ॥

કાર્તિકેયરૂપિણી કૌમારી શક્તિ અંબિકા શ્રેષ્ઠ મયૂર ઉપર આરૂઢ થઈ હતી, તેના

CC-0. Mumukshu Bhawan Varanasi Collection. Digitized by eGangotri

હાથમાં શક્તિ હતી. તે દૈત્યોની સાથે યુદ્ધ કરવા આવી હતી. ૧૭

तथैव वैष्णवी शक्तिर्गरुडोपरि संस्थिता । शङ्खचक्रगदाशार्ङ्गखड्गहस्ताभ्युपाययौ ॥ १८ ॥

તેજ પ્રમાણે વૈષ્ણવી શક્તિ ત્યાં આવી હતી. તે ગરુડ ઉપર બિરાજી હતી અને તેના હાથમાં શંખ, ચક્ર, ગદા, શાર્ઙ્ગ ધનુષ્ય તેમજ ખડ્ગ હતાં. ૧૮

यज्ञवाराहमतुलं रूपं या बिभ्रतो हरेः । शक्तिः साप्याययौ तत्र वाराहीं बिभ्रती तनुम् ॥ १९ ॥

યજ્ઞવારાહનું અતુલ રૂપ ધારણ કરવાવાળા શ્રીહરિની જે શક્તિ છે, તે પણ ત્યાં વારાહીનું રૂપ ધારણ કરી આવી હતી. ૧૯

नारसिंही नृसिंहस्य बिभ्रती सदृशं वपुः । प्राप्ता तत्र सटाक्षेपक्षिप्तनक्षत्रसंहतिः ॥ २० ॥

નૃસિંહની નારસિંહ શક્તિ એવું જ રૂપ લઈને ત્યાં આવી હતી. તેની યાળના ફફડાટથી નક્ષત્રમંડળ ખરી ગયાં હતાં. ૨૦

वज्रहस्ता तथैवैन्द्री गजराजोपरि स्थिता । प्राप्ता सहस्रनयना यथा शक्रस्तथैव सा ॥ २१ ॥

ઇંદ્રની ઐંદ્રી શક્તિ હાથમાં વજ્ર ધારણ કરી, ગજરાજ ઐરાવત ઉપર બેસી ત્યાં આવી હતી. તેને પણ સહસ્ર નયનો હતાં અને ઇંદ્રના જેવું જ તેનું રૂપ હતું. ૨૧

ततः परिवृतस्ताभिरीशानो देवशक्तिभिः । हन्यतामसुराः शीघ्रं मम प्रीत्याह चण्डिकाम् ॥ २२ ॥

હવે એ દેવીશક્તિઓથી વીંટળાયેલા મહેશ્વર ઇશાને ચંડિકાને કહ્યું : મારી પ્રસન્નતા માટે આ અસુરોને ઝટ હણી નાખો. ૨૨

ततो देवीशरीरात्तु विनिष्क्रान्तातिभीषणा । चण्डिकाशक्तिरत्युग्रा शिवाशतनिनादिनी ॥ २३ ॥

ત્યારે દેવીના શરીરમાંથી અત્યંત ઉગ્ર એવી ચંડિકા શક્તિ બહાર આવી. તે

CC-0. Mumukshu Bhawan Varanasi Collection. Digitized by eGangotri

અતીવ ભીષણ હતી અને સેંકડો શિયાળવી જેવી તેની રાડ હતી. ૨૩

सा चाह धूम्रजटिलमीशानमपराजिता। दूत त्वं गच्छ भगवन् पार्श्वं शुम्भनिशुम्भयोः ॥ २४॥

તે અપરાજિતા દેવીએ ધૂમ્રજટાવાળા ઈશાન મહાદેવજીને કહ્યું: હે ભગવન્! આપ શુંભ અને નિશુંભની પાસે દૂત તરીકે પધારો. ૨૪

ब्रूहि शुम्भं निशुम्भं च दानवावतिगर्वितौ। ये चान्ये दानवास्तत्र युद्धाय समुपस्थिताः ॥ २५॥

એ શુંભ અને નિશુંભ અતિ ગર્વિત છે. તેમને અને યુદ્ધને માટે ત્યાં જે બીજા દાનવો ઊભા રહ્યા છે, તે સર્વને આપ આ પ્રમાણે કહેજો. ૨૫

त्रैलोक्यमिन्द्रो लभतां देवाः सन्तु हविर्भुजः। यूयं प्रयात पातालं यदि जीवितुमिच्छथ ॥ २६॥

ઇંદ્રને એનું ત્રૈલોક્ય મળો, દેવો હવિભોગ પામો અને તમે બધા પાતાળમાં ચાલ્યા જાઓ. તમારે જીવતા રહેવું હોય, તો આ પ્રમાણે કરો. ૨૬

बलावलेपादथ चेद्भवन्तो युद्धकाङ्क्षिणः। तदागच्छत तृप्यन्तु मच्छिवाः पिशितेन वः ॥ २७॥

તમે જો બળથી ગર્વિત થઈને યુદ્ધની જ ઇચ્છા રાખતા હો, તો આવી જાઓ! મારી શિવાઓ (યોગિનીઓ) તમારા કાચા માંસથી તૃપ્ત થાઓ. ૨૭

यतो नियुक्तो दौत्येन तया देव्या शिवाः स्वयम्।
शिवदूतीति लोकेऽस्मिंस्ततः साख्यातिमागता ॥ २८॥

આમ એ દેવીએ સ્વયં ભગવાન શિવને દૂતનું કામ સોંપ્યું; તેથી એ દેવી આ લોકમાં 'શિવદૂતી' એ નામે ખ્યાતિ પામી. ૨૮

CC-0. Mumukshu Bhawan Varanasi Collection. Digitized by eGangotri

तेऽपि श्रुत्वा वचो देव्याः शर्वाख्यातं महासुराः। अमर्षापूरिता जग्मुर्यत्र कात्यायनी स्थिता ॥२९॥

તે મહાન અસુરો પણ ભગવાન શર્વે (શિવે) કહેલાં વચનો સાંભળી રોષથી રાતાપીળા થઈ ગયા અને જ્યાં દેવી કાત્યાયની ઊભી હતી, ત્યાં તેઓ પહોંચ્યા. ૨૯

ततः प्रथममेवाग्रे शरशक्त्यृष्टिवृष्टिभिः। ववर्षुरुद्धतामर्षास्तां देवीममरारयः ॥ ३० ॥

ત્યાં ક્રોધમાં ઉદ્ધત થઈ ગયેલા એ દૈત્યોએ શરૂઆતમાં જ એ દેવી ઉપર બાણ, શક્તિ અને ઋષ્ટિની વર્ષા વરસાવવા માંડી. ૩૦

सा च तान् प्रहितान् बाणाञ्छूलशक्तिपरश्वधान्। चिच्छेद लीलयाऽऽधूतधनुर्मुक्तैर्महेषुभिः॥३१

ત્યારે દેવીએ ધનુષ્ય ટંકારીને મોટાં મોટાં બાણો છોડ્યાં અને દૈત્યોએ છોડેલાં બાણ, શૂલ, શક્તિ તેમ જ પરશુઓને રમતવાતમાં છેદી નાંખ્યાં. ૩૧

तस्याग्रतस्तथा काली शूलपातविदारितान्। खट्वाङ्गपोथितांश्चारीन् कुर्वती व्यचरत्तदा ॥३२॥

આમ કાલીએ પોતાની આગળ શત્રુઓને ત્રિશૂળ મારીને ચીરી નાખ્યા અને ખટ્વાંગથી તેમનો ચૂરો કરી નાખ્યો. આવી રીતે ઘાણ કાઢતી તે ત્યાં ઘૂમવા લાગી. ૩૨

कमण्डलुजलाक्षेपहतवीर्यान् हतौजसः। ब्रह्माणी चाकरोच्छत्रून् येन येन स्म धावति ॥ ३३ ॥

બ્રહ્માણી પોતે જે જે દિશામાં દોડતી, તે તે દિશામાં શત્રુઓ ઉપર કમંડલુજળ છાંટી તેમનાં વીર્ય અને ઓજને હણી નાખતી હતી. ૩૩

माहेश्वरी त्रिशूलेन तथा चक्रेण वैष्णवी। दैत्याञ्जघान कौमारी तथा शक्त्यातिकोपना ॥ ३४ ॥

માહેશ્વરીએ ત્રિશૂળથી અને વૈષ્ણવીએ ચક્રથી તેમ જ કૌમારીએ અત્યંત તાતી

CC-0. Mumukshu Bhawan Varanasi Collection. Digitized by eGangotri

શક્તિથી દૈત્યોનો ઘાણ કાઢવા માંડ્યો. ૩૪

ऐन्द्रीकुलिशपातेन शतशो दैत्यदानवाः । पेतुर्विदारिताः पृथ्व्यां रुधिरौघप्रवर्षिणः ॥ ३५ ॥

ઇંદ્રની ઐંદ્રી શક્તિએ વજ્રનો પ્રહાર કરીને સેંકડો દૈત્યો ને દાનવોને ચીરી નાખ્યા અને તેઓ લોહીના ધોધ વહાવતા પૃથ્વી ઉપર પડ્યા. ૩૫

तुण्डप्रहारविध्वस्ता दंष्ट्राग्रक्षतवक्षसः । वाराहमूर्त्या न्यपतंश्चक्रेण च विदारिताः ॥ ३६ ॥

વારાહી શક્તિએ કેટલાય દૈત્યોને જડબાં મારી ઉખેડી નાખ્યા. દાંતની અણીઓ મારી કેટલાયની છાતી વહેતી કરી અને કેટલાયને ચક્રથી ચીરી નાખ્યા. આમ તેઓ ધરણીશરણ થયા. ૩૬

नखैर्विदारितांश्चान्यान् भक्षयन्ती महासुरान् । नारसिंही चचाराजौ नादापूर्णदिगम्बरा ॥ ३७ ॥

નારસિંહી શક્તિ ત્યાં બીજા મહાન અસુરોને નખોથી ફાડીને ખાઈ જતી હતી અને પોતાના સિંહનાદથી દિશાઓને ભરી દેતી તે રણક્ષેત્રમાં ઘૂમતી હતી. ૩૭

चण्डाट्टहासैरसुराः शिवदूत्यभिदूषिताः । पेतुः पृथिव्यां पतितांस्तांश्चखादाथ सा तदा ॥ ३८ ॥

ત્યારે કેટલાય દૈત્યો શિવદૂતીના પ્રચંડ હાસ્યથી ભડકીને પૃથ્વી ઉપર લોટી જતા હતા અને એમ ઢળી પડેલાઓને તે દેવી ત્યાં હડપી જતી હતી. ૩૮

इति मातृगणं क्रुद्धं मर्दयन्तं महासुरान् । दृष्ट्वाभ्युपायैर्विविधैर्नेशुर्देवारिसैनिकाः ॥ ३९ ॥

આ પ્રમાણે ક્રોધમાં આવેલા માતૃગણો વિવિધ ઉપાયોથી મહાદૈત્યોનું મર્દન કરતા હતા, એ જોઈને દૈત્યોના સૈનિકો ઊભા થઈ ગયા. ૩૯

पलायनपरान् दृष्ट्वा दैत्यान् मातृगणार्दितान् । योद्धुमभ्याययौ क्रुद्धो रक्तबीजो महासुरः ॥ ४० ॥

CC-0. Mumukshu Bhawan Varanasi Collection. Digitized by eGangotri

આમ માતૃગણોથી પીડાઈને કેટલાક દૈત્યો પલાયન થતા હતા, એ જોઈને રક્તબીજ નામનો મહાદૈત્ય ક્રોધપૂર્વક યુદ્ધમાં આવ્યો. ૪૦

रक्तबिन्दुर्यदा भूमौ पतत्यस्य शरीरतः। समुत्पतति मेदिन्यां तत्प्रमाणो महासुरः॥४१॥

એના શરીરમાંથી જ્યારે લોહીનું બિંદુ પૃથ્વી ઉપર પડતું, ત્યારે પૃથ્વી ઉપર એના જ પ્રમાણનો એક બીજો અસુર પ્રકટ થતો. ૪૧

युयुधे स गदापाणिरिन्द्रशक्त्या महासुरः। ततश्चैन्द्री स्ववज्रेण रक्तबीजमताडयत्॥४२॥

હાથમાં ગદા લઈને એ મહાદૈત્ય રક્તબીજ ઇંદ્રશક્તિ સાથે યુદ્ધ કરવા લાગ્યો, ત્યારે એ ઐંદ્રીએ પોતાના વજ્રથી એ રક્તબીજને પ્રહાર કર્યો. ૪૨

कुलिशेनाहतस्याशु बहु सुस्राव शोणितम्। समुत्तस्थुस्ततो योधास्तद्रूपास्तत्पराक्रमाः॥४३॥

આમ વજ્રપ્રહારથી એ દૈત્યને પુષ્કળ લોહી વહેવા લાગ્યું, એટલે એ લોહીકણમાંથી એના જેવા જ અને જેટલા જ પરાક્રમી યોદ્ધાઓ પ્રકટ થયા. ૪૩

यावन्तः पतितास्तस्य शरीराद्रक्तबिन्दवः। तावन्तः पुरुषा जातास्तद्वीर्यबलविक्रमाः॥४४॥

એના શરીરમાંથી જેટલાં રક્તબિંદુઓ પડ્યાં, તેટલાં ત્યાં વીર્ય, બળ અને પરાક્રમવાળા પુરુષો પ્રકટ થયા. ૪૪

ते चापि युयुधुस्तत्र पुरुषा रक्तसम्भवाः। समं मातृभिरत्युग्रशस्त्रपातातिभीषणम्॥४५॥

લોહીમાંથી ઉત્પન્ન થયેલા એ પુરુષો પણ ત્યાં ભયાનક અને અતીવ ઉગ્ર શસ્ત્રોનો પ્રહાર કરીને માતૃગણો સાથે અતિભયંકર યુદ્ધ કરવા લાગ્યા. ૪૫

पुनश्च वज्रपातेन क्षतमस्य शिरो यदा। ववाह रक्तं पुरुषास्ततो जाताः सहस्रशः॥४६॥

CC-0. Mumukshu Bhawan Varanasi Collection. Digitized by eGangotri

ફરી વજ્રપાત થયો અને એનું માથું ફાટી ગયું. ત્યાં લોહી વહેવા લાગ્યું અને તેમાંથી હજારો પુરુષો ઉત્પન્ન થયા. ૪૬

वैष्णवी समरे चैनं चक्रेणाभिजघान ह। गदया ताडयामास ऐन्द्री तमसुरेश्वरम् ॥ ४७ ॥

ત્યારે વૈષ્ણવીએ યુદ્ધમાં એને ચક્રનો પ્રહાર કર્યો અને ઐંદ્રીએ એ અસુરરાજને ગદાથી માર્યો. ૪૭

वैष्णवीचक्रभिन्नस्य रुधिरस्रावसम्भवैः। सहस्रशो जगद्व्याप्तं तत्प्रमाणैर्महासुरैः ॥ ४८ ॥

વૈષ્ણવીના ચક્રે એ રક્તબીજને ભેદી નાખ્યો, તો એને લોહીના ધોધ વહેવા માંડ્યા. એ લોહીનાં બિંદુઓમાંથી એટલા જ પ્રમાણના હજારો મહાન અસુરો પ્રકટ્યા અને તેથી જગત વ્યાપ્ત થઈ ગયું. ૪૮

शक्त्या जघान कौमारी वाराही च तथासिना। माहेश्वरी त्रिशूलेन रक्तबीजं महासुरम् ॥४९॥

ત્યાં કૌમારીએ શક્તિથી, વારાહીએ તલવારથી અને માહેશ્વરીએ ત્રિશૂળથી મહાદૈત્ય રક્તબીજને પ્રહાર કર્યા. ૪૯

स चापि गदया दैत्यः सर्वा एवाहनत् पृथक्। मातृःकोपसमाविष्टो रक्तबीजो महासुरः ॥ ५० ॥

એ મહાદૈત્ય રક્તબીજ પણ કોપથી ધૂંવાંપૂવાં થઈ ગયો. એ દૈત્યે સર્વ માતૃ-શક્તિઓને અલગ અલગ ગદાથી ઘા કર્યા. ૫૦

तस्याहतस्य बहुधा शक्तिशूलादिभिर्भुवि। पपात यो वै रक्तौघस्तेनासञ्छतशोऽसुराः ॥ ५१ ॥

રક્તબીજ ઉપર શક્તિ અને શૂળ આદિથી જે પ્રહારો થયા, તેથી ધરતી ઉપર લોહીનો જાણે કે પ્રવાહ ચાલ્યો અને એ પ્રવાહમાંથી સેંકડો અસુરો પ્રકટ થયા. ૫૧

CC-0. Mumukshu Bhawan Varanasi Collection. Digitized by eGangotri

तैश्चासुरासृक्सम्भूतैरसुरैः सकलं जगत् । व्याप्तमासीत्ततो देवा भयमाजग्मुरुत्तमम् ॥५२॥

આમ લોહીથી ઉત્પન્ન થયેલા એ અસુરોએ આખા જગતને ઘેરી લીધું; એટલે દેવોને ભારે ભય ઉત્પન્ન થયો. ૫૨

तान् विषण्णान् सुरान् दृष्ट्वा चण्डिका प्राह सत्वरम् ।
उवाच कालीं चामुण्डे विस्तीर्णं वदनं कुरु ॥५३॥

દેવોને આ રીતે ખેદમાં પડેલા જોઈને ચંડિકાદેવીએ સત્વર કાલીને આ વચન કહ્યાં: હે ચામુંડા! તારું મોં હજી વધુ પહોળું કર. ૫૩

मच्छस्त्रपातसम्भूतान् रक्तबिन्दून्महासुरान् । रक्तबिन्दोः प्रतीच्छ त्वं वक्त्रेणानेन वेगिना ॥५४॥

હું આ શસ્ત્રો છોડું છું, તેથી રક્તબિંદુમાંથી ઉત્પન્ન થતા મહાદૈત્યોને તેમ જ એ રક્તબિંદુઓને તું તારા વેગીલા મોંથી એકદમ ભક્ષી જા. ૫૪

भक्षयन्ती चर रणे तदुत्पन्नान्महासुरान् । एवमेष क्षयं दैत्यः क्षीणरक्तो गमिष्यति ॥५५॥

આમ લોહીમાંથી ઉત્પન્ન થતા એ મહાદૈત્યને ચપચપ ભક્ષી જતી તું રણમાં ઘૂમ, એટલે આ દૈત્યનું લોહી ક્ષીણ થઈ જશે અને એ નાશ પામશે. ૫૫

भक्ष्यमाणास्त्वया चोग्रा न चोत्पत्स्यन्ति चापरे । इत्युक्त्वा तां ततो देवी शूलेनाभिजघान् तम् ॥५६

તું આ પ્રમાણે ભયંકર થઈને ચપોચપ ખાઈ જશે, એટલે બીજા દૈત્યો ઉત્પન્ન થશે નહિ.[1] આમ એ દેવીએ કહ્યા પછી ચંડિકાએ રક્તબીજને ત્રિશૂળથી ઘા કર્યો. ૫૬

---

૧. આ પછી કેટલીક પ્રતોમાં ऋषि उवाच–'ઋષિ બોલ્યા' એટલું વધુ છે.

CC-0. Mumukshu Bhawan Varanasi Collection. Digitized by eGangotri

मुखेन काली जगृहे रक्तबीजस्य शोणितम् ॥ ५७ ॥

ત્યાં તરત જ કાલીએ મોંથી રક્તબીજનું લોહી ઝીલી લીધું. ૫૭

ततोऽसावाजघानाथ गदया तत्र चण्डिकाम् । न चास्या वेदनां चक्रे गदापातोऽल्पिकामपि ॥५८

એટલે રક્તબીજે તે જ વખતે ચંડિકાને ગદાથી પ્રહાર કર્યો; પણ એ ગદાપ્રહારથી દેવીને જરાય વેદના ન થઈ. ૫૮

तस्याहतस्य देहात्तु बहु सुस्राव शोणितम् । यतस्ततस्तद्वक्त्रेण चामुण्डा सम्प्रतीच्छति ॥ ५९ ॥

ઊલટું રક્તબીજના પ્રહાર પામેલા શરીરમાંથી લોહી વહેવા લાગ્યું. એ લોહી જ્યાં ને જ્યારે પડ્યું, ત્યાં ને ત્યારે ચામુંડાએ પોતાના વદનથી તેને ઝીલી લીધું. ૫૯

मुखे समुद्गता येऽस्या रक्तपातान्महासुराः । तांश्चखादाथ चामुण्डा पपौ तस्य च शोणितम् ॥ ६० ॥

આમ એ રક્તબિંદુઓથી જે મહાદૈત્યો ઉત્પન્ન થયા, તે ચામુંડાદેવીના મુખમાં જ ગયા. એમ દેવી તેમને સાફ કરી ગઈ અને વળી તેનું લોહી ગટગટાવી ગઈ. ૬૦

देवी शूलेन वज्रेण बाणैरसिभिर्ऋष्टिभिः । जघान रक्तबीजं तं चामुण्डापीतशोणितम् ॥ ६१ ॥

આ પ્રમાણે ચામુંડાએ જેનું લોહી પીધું છે, એવા એ રક્તબીજને દેવીએ શૂળ, વજ્ર, બાણો, તલવારો અને ઋષ્ટિઓથી મારી નાખ્યો. ૬૧

स पपात महीपृष्ठे शस्त्रसङ्घसमाहतः । नीरक्तश्च महीपाल रक्तबीजो महासुरः ॥ ६२ ॥

હે રાજા! આમ લોહી વિનાનો થઈ ગયેલો એ મહાદૈત્ય રક્તબીજ શસ્ત્રોના સમૂહોથી પ્રહાર પામી પૃથ્વીના પડ ઉપર પડ્યો. ૬૨

CC-0. Mumukshu Bhawan Varanasi Collection. Digitized by eGangotri

ततस्ते हर्षमतुलमवापुस्त्रिदशा नृप। तेषां मातृगणो जातो ननर्तासृङ्मदोद्धतः ॥ ॐ ॥ ६३ ॥

હે નૃપતિ! ત્યારે તે દેવોને અતુલ આનંદ થયો અને એ માતૃગણ પણ એ દૈત્યોના લોહીથી મદોન્મત્ત થઈને નૃત્ય કરવા લાગ્યો. ૐ ૬૩

श्रीमार्कंडेयपुराणे सावर्णिके मन्वन्तरे देवीमाहात्म्ये रक्तबीजवधो नामाष्टमोऽध्यायः ॥ ८ ॥

उवाच १, अर्धश्लोकः १, श्लोकाः ६१, एवम् ६३, एवमादितः ॥ ५०२ ॥

શ્રીમાર્કંડેયપુરાણે, સાવર્ણિક મન્વન્તરે, દેવીમાહાત્મ્યે,
રક્તબીજનો વધ નામનો આઠમો અધ્યાય

અધ્યાય ૯ મો

નિશુંભનો વધ

ध्यानम् । ધ્યાન

ॐ बन्धूककाञ्चननिभं रुचिराक्षमालां पाशाङ्कुशौ च वरदां निजबाहुदण्डैः।
बिभ्राणमिन्दुशकलाभरणं त्रिनेत्रमर्धाम्बिकेशमनिशं वपुराश्रयामि ॥

હું અર્ધઅંબિકેશની શ્રીમૂર્તિને નિત્યનિરંતર શરણે જાઉં છું. તેની કાંતિ બંધૂક-પુષ્પ અને સુવર્ણ જેવી છે. તેણે તેના બાહુદંડોમાં સુંદર અક્ષમાળા, પાશ, અંકુશ તેમ જ વરદા મુદ્રા ધારણ કર્યાં છે. અર્ધચંદ્રના આભૂષણથી તે ઝળહળી રહી છે. તેને ત્રણ નયનો છે.

CC-0. Mumukshu Bhawan Varanasi Collection. Digitized by eGangotri

राजोवाच ॥ १ ॥ રાજા બોલ્યો:

'ॐ' विचित्रमिदमाख्यातं भगवन् भवता मम । देव्याश्चरितमाहात्म्यं रक्तबीजवधाश्रितम् ॥ २ ॥

ૐ હે ભગવન્! તમે મને રક્તબીજના વધને લગતું દેવીચરિત્રનું અદ્ભુત માહાત્મ્ય કહી સંભળાવ્યું છે. ૨

भूयश्चेच्छाम्यहं श्रोतुं रक्तबीजे निपातिते । चकार शुम्भो यत्कर्म निशुम्भश्चातिकोपनः ॥ ३ ॥

હવે રક્તબીજના પડવા પછી, અતિકોપ પામેલા શુંભ અને નિશુંભે જે કર્મ કર્યું હોય, તે સાંભળવાની મને ઇચ્છા છે. ૩

ऋषिरुवाच ॥ ४ ॥ ઋષિ બોલ્યા:

चकार कोपमतुलं रक्तबीजे निपातिते । शुम्भासुरो निशुम्भश्च हतेष्वन्येषु चाहवे ॥ ५ ॥

રક્તબીજ માર્યો ગયો અને બીજાઓ રણમાં પોઢી ગયા, ત્યારે શુંભ અને નિશુંભ દૈત્યોને ભારે ક્રોધ ચડ્યો. ૫

हन्यमानं महासैन्यं विलोक्यामर्षमुद्वहन् । अभ्यधावन्निशुम्भोऽथ मुख्ययासुरसेनया ॥ ६ ॥

પોતાની મહાન સેનાને કપાઈ જતી જોઈને નિશુંભને અત્યંત રોષ ઊછળી આવ્યો: તે મુખ્ય અસુરસેનાને લઈને આગળ ધપી ગયો. ૬

तस्याग्रतस्तथा पृष्ठे पार्श्वयोश्च महासुराः । सदंष्टौष्ठपुटाः क्रुद्धा हन्तुं देवीमुपाययुः ॥ ७ ॥

તેની આગળ, પાછળ અને બાજુમાં મહાદૈત્યો હતા. તેઓ ક્રોધથી લાલ લાલ થઈ ગયા હતા અને હોઠ ચાવીચાવીને દેવીને હણવા માટે ધસતા આવ્યા. ૭

CC-0. Mumukshu Bhawan Varanasi Collection. Digitized by eGangotri

आजगाम महावीर्यः शुम्भोऽपि स्वबलैर्वृतः। निहन्तुं चण्डिकां कोपात्कृत्वा युद्धं तु मातृभिः ॥८॥

ત્યાં ચંડિકાને હણવા માટે તથા માતૃગણો સાથે યુદ્ધ કરવા માટે મહાપરાક્રમી શુંભ પણ પોતાની સેનાથી વીંટાઈને ક્રોધ કરીને આવ્યો. ૮

ततो युद्धमतीवासीद्देव्या शुम्भनिशुम्भयोः। शरवर्षमतीवोग्रं मेघयोरिव वर्षतोः ॥९॥

પછી શુંભ અને નિશુંભ તેમ જ દેવી, એ બે પક્ષો વચ્ચે મહાભયંકર ઘમસાણ મચ્યું. ત્યાં જાણે મેઘ વરસતા હોય તેમ બાણની ઉગ્ર વર્ષા થવા માંડી. ૯

चिच्छेदस्ताञ्छरांस्ताभ्यां चण्डिका स्वशरोत्करैः। ताडयामास चाङ्गेषु शस्त्रौघैरसुरेश्वरौ ॥१०॥

તે બે મહાદૈત્યોએ જે શરવર્ષા કરી, તેને ચંડિકાએ પોતાના બાણસમૂહોથી છેદી નાખી. વળી તેણે એ બન્નેનાં અંગો ઉપર શસ્ત્રસમૂહોથી પ્રહાર કર્યો. ૧૦

निशुम्भो निशितं खड्गं चर्म चादाय सुप्रभम्। अताडयन्मूर्ध्नि सिंहं देव्या वाहनमुत्तमम् ॥११॥
ताडिते वाहने देवी क्षुरप्रेणासिमुत्तमम्। निशुम्भस्याशु चिच्छेद चर्म चाप्यष्टचन्द्रकम् ॥१२॥

ત્યારે નિશુંભે તીણી ચકચકતી તલવાર ખેંચી અને દેવીના ઉત્તમ વાહનરૂપ સિંહને માથામાં ઝાટકી. આ પ્રમાણે પોતાના વાહનને ઝાટકો લાગ્યો એટલે દેવીએ ક્ષુરપ્ર બાણથી તરત જ નિશુંભની ઉત્તમ તલવાર કાપી નાખી. વળી તેણે તેની આઠ ચાંદવાળી ઢાલનેય છેદી નાખી. ૧૧,૧૨

छिन्ने चर्मणि खड्गे च शक्तिं चिक्षेप सोऽसुरः। तामप्यस्य द्विधा चक्रे चक्रेणाभिमुखागताम् ॥१३॥

આ પ્રમાણે ઢાલ અને તલવાર કપાઈ ગયાં, ત્યારે એ દૈત્યે શક્તિ વીંઝી; પણ

CC-0. Mumukshu Bhawan Varanasi Collection. Digitized by eGangotri

દેવીએ સામે મોંએ આવેલી એ શક્તિના ચક્રથી બે ટુકડા કરી નાખ્યા. ૧૩

कोपाध्मातो निशुम्भोऽथ शूलं जग्राह दानवः। आयातं[1] मुष्टिपातेन देवी तच्चाप्यचूर्णयत् ॥१४॥

હવે નિશુંભ ક્રોધથી ધમધમી ઊઠ્યો. એ દૈત્યે હવે શૂળ પકડયું. એ જેવી આવવા મંડી કે તરત જ દેવીએ મુષ્ટિ મારીને એનો ચૂરો કરી નાખ્યો. ૧૪

आविध्याथ[2] गदां सोऽपि चिक्षेप चण्डिकां प्रति। सापि देव्या त्रिशूलेन भिन्ना भस्मत्वमागता ॥१५

પછી નિશુંભે ચંડિકા સામે ગદા ઘુમાવીને ફેંકી, પણ દેવીએ તેનેય ત્રિશૂળથી ભેદી ભસ્મ કરી નાખી. ૧૫

ततः परशुहस्तं तमायान्तं दैत्यपुङ्गवम्। आहत्य देवी बाणौघैरपातयत भूतले ॥ १६ ॥

હવે એ દૈત્યવર હાથમાં પરશુ લઈને ધસ્યો એટલે દેવીએ બાણોની ઝડી વરસાવી એને ધરતી ઉપર સુવાડી દીધો. ૧૬

तस्मिन्निपतिते भूमौ निशुम्भे भीमविक्रमे। भ्रातर्यतीव संक्रुद्धः प्रययौ हन्तुमम्बिकाम् ॥ १७ ॥

આમ પોતાનો ભયંકર પરાક્રમી ભાઈ નિશુંભ ભૂમિ પર પોઢ્યો, એટલે શુંભ અતીવ ક્રોધે ભરાઈ અંબિકાને હણવા માટે બહાર પડ્યો. ૧૭

स रथस्थस्तथात्युच्चैर्गृहीतपरमायुधैः। भुजैरष्टाभिरतुलैर्व्याप्याशेषं बभौ नभः ॥ १८ ॥

તે રથમાં બેઠો હતો. તેણે ઉત્તમોત્તમ આયુધો ધારણ કર્યાં હતાં. તેને આઠ અતુલ ભુજાઓ હતી. આથી તે સમસ્ત આકાશને ઘેરી રહ્યો હતો. આવો તે શોભતો હતો. ૧૮

---

૧. પા૦—आयान्तं। ૨. પા૦—अथादाय।

CC-0. Mumukshu Bhawan Varanasi Collection. Digitized by eGangotri

तमायान्तं समालोक्य देवी शङ्खमवादयत् । ज्याशब्दं चापि धनुषश्चकारातीव दुःसहम् ॥१९॥

તેને આવતો જોઈને દેવીએ શંખનાદ કર્યો અને પોતાના ધનુષ્યની પણછ ખેંચીને દુઃસહ ટંકાર ગજવ્યો. ૧૯

पूरयामास ककुभो निजघण्टास्वनेन च । समस्तदैत्यसैन्यानां तेजोवधविधायिना ॥ २०॥

વળી પોતાના ઘંટાના નાદથી તેણે દિશાઓને ભરી દીધી. એ નાદ દૈત્યોની સમસ્ત સેનાનો તેજોવધ કરનારો હતો. ૨૦

ततः सिंहो महानादैस्त्याजितेभमहामदैः । पूरयामास गगनं गां तथैव[1] दिशो दश ॥ २१॥

ત્યાં મહામદમસ્ત હાથીઓ પણ જે સાંભળીને પોતાનો મદ મૂકી દે, એવો મહાનાદ સિંહે કર્યો અને તેથી ગગન, પૃથ્વી તેમ જ દશે દિશાઓ પુરાઈ ગયાં. ૨૧

ततः काली समुत्पत्य गगनं क्ष्मामताडयत् । कराभ्यां तन्निनादेन प्राक्स्वनास्ते तिरोहिताः ॥२२॥

હવે કાલીએ ગગનમાં ફાળ ભરીને પોતાના બે હાથથી પૃથ્વીને પછાડી; એટલે એ નાદ આગળ અગાઉના સર્વ નાદો નીરવ થઈ ગયા. ૨૨

अट्टाट्टहासमशिवं शिवदूती चकार ह । तैः शब्दैरसुरास्त्रेसुः शुम्भः कोपं परं ययौ ॥२३॥

એ સમે શિવદૂતીએ અમંગળ અટ્ટહાસ્ય કર્યું. તે શબ્દોથી અસુરો ત્રાસી ઊઠ્યા અને શુંભને અત્યંત ઝાંઝ ચડી. ૨૩

दुरात्मंस्तिष्ठ तिष्ठेति व्याजहाराम्बिका यदा । तदा जयेत्यभिहितं देवैराकाशसंस्थितैः ॥ २४॥

---

१. पा० तथोपदिशो ।

CC-0. Mumukshu Bhawan Varanasi Collection. Digitized by eGangotri

ત્યાં અંબિકાએ કહ્યું: 'દુરાત્મા! ઊભો રહે, ઊભો રહે.' ત્યારે આકાશમાં રહેલા દેવોએ 'જય હો! જય હો!' પોકાર્યું. ૨૪

शुम्भेनागत्य या शक्तिर्मुक्ता ज्वालातिभीषणा। आयान्ती वह्निकूटाभा सा निरस्ता महोल्कया॥

હવે શુંભે આવીને ભડ ભડ બળતી ભીષણ શક્તિ મૂકી. અગ્નિના પર્વત જેવી એ શક્તિ આવી, એટલે દેવીએ તેને મહાન અગ્નિરેખાથી તરત હઠાવી દીધી. ૨૫

सिंहनादेन शुम्भस्य व्याप्तं लोकत्रयान्तरम्। निर्घातनिस्वनो घोरो जितवानवनीपते॥ २६॥

ત્યારે હે અવનીપતિ! શુંભે જે સિંહનાદ કર્યો, તેથી ત્રણે લોક ગાજી ઊઠ્યા. એના પડઘાથી ભયાનક નાદ ઊઠ્યા અને એણે આગળના સર્વ નાદોને હેઠા પાડી દીધા.

शुम्भमुक्ताञ्छरान्देवी शुम्भस्तत्प्रहिताञ्छरान्। चिच्छेद स्वशरैरुग्रैः शतशोऽथ सहस्रशः॥२७

શુંભે જે બાણ છોડ્યાં તેમને દેવીએ અને દેવીએ જે બાણ મોકલ્યાં તેમને શુંભે છેદી નાખ્યાં. આમ એકબીજાનાં ઉગ્ર બાણોએ સેંકડો ને હજારો ટુકડાઓ કરી નાખ્યા. ૨૭

ततः सा चण्डिका क्रुद्धा शूलेनाभिजघान तम्। स तदाभिहतो भूमौ मूर्च्छितो निपपात ह॥२८

ત્યાં ચંડિકાએ ક્રોધમાં આવીને શુંભને શૂળથી પ્રહાર કર્યો. આમ ઘાયલ થતાં તે મૂર્ચ્છિત થઈ પૃથ્વી ઉપર પટકાઈ પડ્યો. ૨૮

ततो निशुम्भः सम्प्राप्य चेतनामात्तकार्मुकः। आजघान शरैर्देवीं कालीं केसरिणं तथा॥ २९॥

એટલામાં નિશુંભને ફરી ભાન આવ્યું. તેણે ધનુષ પકડ્યું અને બાણો મૂકીને કાલી તથા સિંહને તે ઘાયલ કરવા મંડ્યો. ૨૯

CC-0. Mumukshu Bhawan Varanasi Collection. Digitized by eGangotri

पुनश्च कृत्वा बाहूनामयुतं दनुजेश्वरः। चक्रायुधेन दितिजश्छादयामास चण्डिकाम् ॥ ३० ॥

વળી એ દૈત્યાધિપતિએ પોતાના દશ હજાર હાથ કર્યા. આમ એ દૈત્યે ચક્ર આયુધથી ચંડિકાને છાઈ દીધી. ૩૦

ततो भगवती क्रुद्धा दुर्गा दुर्गार्तिनाशिनी। चिच्छेद तानि चक्राणि स्वशरैः सायकांश्च तान् ॥

ત્યારે દુર્ગમ પીડાને દૂર કરનારી ભગવતી દુર્ગાએ ક્રોધમાં આવીને બાણો મૂક્યાં અને તેથી એ દૈત્યનાં ચક્રો તથા બાણો કપાઈ ગયાં. ૩૧

ततो निशुम्भो वेगेन गदामादाय चण्डिकाम्। अभ्यधावत वै हन्तुं दैत्यसैन्यसमावृतः ॥ ३२ ॥

એટલે દૈત્યોની સેનાથી વીંટાયેલા એ નિશુંભે ઝટઝટ ગદા પકડી અને ચંડિકાને હણવા માટે ધસમસતો ધપ્યો. ૩૨

तस्यापतत एवाशु गदां चिच्छेद चण्डिका। खड्गेन शितधारेण स च शूलं समाददे ॥ ३३ ॥

આમ તે ઊછળતો આવતો હતો, ત્યારે ચંડિકાએ તુરતાતુરત તીણી ધારવાળી તલવારથી એની ગદા કાપી નાખી; ત્યાં દૈત્યે શૂલ પકડ્યું. ૩૩

शूलहस्तं समायान्तं निशुम्भममरार्दनम्। हृदि विव्याध शूलेन वेगाविद्धेन चण्डिका ॥ ३४ ॥

દેવોને પીડનારો નિશુંભ આ પ્રમાણે હાથમાં શૂળ લઈને સામો ધપતો હતો, ત્યારે ચંડિકાએ વેગ પામેલા શૂળથી તેને હૃદયમાં વીંધી દીધો. ૩૪

भिन्नस्य तस्य शूलेन हृदयान्निःसृतोऽपरः। महाबलो महावीर्यस्तिष्ठेति पुरुषो वदन् ॥ ३५ ॥

આમ શૂળથી તે દૈત્યનું હૃદય ભેદાઈ ગયું; એટલે તેમાંથી એક બીજો મહા-

CC-0. Mumukshu Bhawan Varanasi Collection. Digitized by eGangotri

બળિયો ને મહાપરાક્રમી પુરુષ પ્રકટ થઈ આવ્યો. તે બોલવા લાગ્યો: 'ખડી રહે, ખડી રહે.' ૩૫

तस्य निष्क्रामतो देवी प्रहस्य स्वनवत्ततः। शिरश्चिच्छेद खड्गेन ततोऽसावपतद् भुवि॥ ३६॥

આમ બહાર આવતા પુરુષની વાત સાંભળી, દેવીએ જરા સ્મિત કર્યું અને તલવારથી એનું માથું છેદી નાખ્યું; એટલે એ ભોંય પર પડી ગયો. ૩૬

ततः सिंहश्चखादोग्रदंष्ट्राक्षुण्णशिरोधरान्। असुरांस्तांस्तथा काली शिवदूती तथापरान्॥३७॥

પછી સિંહે પોતાની દાઢથી અસુરોની ગરદનને ચૂરીચૂરીને ભયંકર રીતે ખાવા લાગ્યો. વળી કાલી તથા શિવદૂતી બીજા અસુરોનો કોળિયો કરી જવા લાગી. ૩૭

कौमारीशक्तिनिर्भिन्नाः केचिन्नेशुर्महासुराः। ब्रह्माणीमन्त्रपूतेन तोयेनान्ये निराकृताः॥ ३८॥

કેટલાયે દૈત્યો કૌમારીની શક્તિથી ભેદાઈ ગયા અને કેટલાયે મહાદૈત્યોએ પલાયન આદર્યાં. બ્રહ્માણીના મંત્રપૂત જળથી કેટલાય અસુરો નિસ્તેજ થઈને ભાગી ગયા. ૩૮

माहेश्वरीत्रिशूलेन भिन्नाः पेतुस्तथापरे। वाराहीतुण्डघातेन केचिच्चूर्णीकृता भुवि॥ ३९॥

વળી કેટલાક માહેશ્વરીના ત્રિશૂળથી વીંધાઈને ભાગ્યા, તો બીજા કેટલાક વરાહીના જડબાથી પૃથ્વી ઉપર દળાઈને પડ્યા. ૩૯

खण्डं[1] खण्डं च चक्रेण वैष्णव्या दानवाः कृताः। वज्रेण चैन्द्रीहस्ताग्रविमुक्तेन तथापरे॥४०

વૈષ્ણવીએ દાનવોના ટુકડેટુકડા કરી નાખ્યા અને ઐંદ્રીના હાથમાંથી છૂટેલા વજ્રે

---

१. पा० खण्डखण्डं।

CC-0. Mumukshu Bhawan Varanasi Collection. Digitized by eGangotri

કેટલાયના રામ રમાડી દીધા. ૪૦

केचिद्विनेशुरसुराः केचिन्नष्टा महाहवात् । भक्षिताश्चापरे कालीशिवदूतीमृगाधिपैः ॥ॐ॥४१॥

કંઈ અસુરો મહાયુદ્ધમાંથી નાસી છૂટ્યા, કંઈ અસુરો પ્રાણ પરવારી બેઠા, તો કંઈ અસુરો કાલી, શિવદૂતી તેમ જ સિંહના ભક્ષ્ય બની ગયા. ૐ ૪૧

श्रीमार्कण्डेयपुराणे सावर्णिके मन्वन्तरे देवीमाहात्म्ये निशुम्भवधो नाम नवमोऽध्यायः ॥ ९ ॥

उवाच २, श्लोकाः ३९, एवम् ४१, एवमादितः ५४३ ॥

શ્રીમાર્કંડેયપુરાણે, સાવર્ણિક મન્વન્તરે, દેવીમાહાત્મ્યે,
નિશુંભનો વધ નામનો નવમો અધ્યાય

અધ્યાય ૧૦ મો

શુંભનો વધ

ધ્યાનમ્ ॥ ધ્યાન

'ॐ' उत्तप्तहेमरुचिरां रविचन्द्रवह्निनेत्रां धनुश्शरयुताङ्कुशपाशशूलम् ।
रम्यैर्भुजैश्च दधतीं शिवशक्तिरूपां कामेश्वरीं हृदि भजामि धृतेन्दुलेखाम् ॥

એ શિવભક્તિરૂપ કામેશ્વરીને હું હૃદયમાં ભજું છું. તેની કાંતિ તપેલા સુવર્ણ જેવી મનોહર છે. તેને સૂર્ય, શશી અને વહ્નિ એ ત્રણ આંખો છે. પોતાના રમ્ય હાથોમાં તેણે ધનુષ્ય, બાણ, અંકુશ, પાશ અને શૂળ ધારણ કર્યાં છે અને તે ઇંદુ-લેખાધારિણી છે.

CC-0. Mumukshu Bhawan Varanasi Collection. Digitized by eGangotri

ऋषिरुवाच ॥ १ ॥ ઋષિ બોલ્યા :

'ॐ' निशुम्भं निहतं दृष्ट्वा भ्रातरं प्राणसम्मितम् । हन्यमानं बलं चैव शुम्भः क्रुद्धोऽब्रवीद्वचः॥

ૐ પોતાના પ્રાણ સમા ભાઈ નિશુંભને હણાયેલો જોઈને તેમ જ પોતાની સેનાને હણાઈ જતી ભાળીને શુંભે ક્રોધમાં આવીને આ વચનો કાઢ્યાં. ૨

बलावलेपाद्दुष्टे त्वं मा दुर्गे गर्वमावह । अन्यासां बलमाश्रित्य युद्ध्यसे चातिमानिनी ॥ ३ ॥

હે દુષ્ટ દુર્ગા! તું બળમાં છકી ગઈ છે. તું ગર્વ ન કર. તું અભિમાનિની બની ગઈ છે. તું તો બીજી સ્ત્રીઓનાં બળનો આશરો લઈને યુદ્ધ કરે છે. ૩

देव्युवाच ॥ ४ ॥ દેવી બોલ્યાં :

एकैवाहं जगत्यत्र द्वितीया का ममापरा । पश्यैता दुष्ट मय्येव विशन्त्यो मद्विभूतयः ॥५॥

ઓ દુષ્ટ! હું તો એકલી છું. આ સંસારમાં મારા સિવાય બીજું છે જ કોણ? જો, આ મારી વિભૂતિઓ મારામાં જ પ્રવેશ કરી જાય છે.[૧] ૫

ततः समस्तास्ता देव्यो ब्रह्माणीप्रमुखा लयम् । तस्या देव्यास्तनौ जग्मुरेकैवासीत्तदाम्बिका ॥६॥

ત્યાં તો બ્રહ્માણી આદિ તે સર્વ દેવીઓ અંબિકાદેવીના શરીરમાં લીન થઈ ગઈ અને ત્યાં એકમાત્ર એ દેવી જ રહ્યાં. ૬

देव्युवाच ॥ ७ ॥ દેવી બોલ્યાં :

अहं विभूत्या बहुभिरिह रूपैर्यदास्थिता । तत्संहृतं मयैकैव तिष्ठाम्याजौ स्थिरो भव ॥ ८ ॥

---

૧ આ પછી કોઈ કોઈ પ્રતમાં 'ઋષિ બોલ્યા' એવું વધારાનું આવે છે.

CC-0. Mumukshu Bhawan Varanasi Collection. Digitized by eGangotri

હું અહીં મારી વિભૂતિથી અનેકરૂપે ઊભી હતી. હવે મેં એ સર્વ રૂપોને સમેટી લીધાં છે. આ હું અત્યારે રણસંગ્રામમાં એકલી છું, તો તું સ્થિર થઈ જા. ૮

ऋषिरुवाच ॥ ९ ॥ ઋષિ બોલ્યા :

ततः प्रववृते युद्धं देव्याः शुम्भस्य चोभयोः। पश्यतां सर्वदेवानामसुराणां च दारुणम् ॥१०॥

પછી દેવી અને શુંભ એ બે વચ્ચે સંગ્રામ મંડાયો, ત્યારે સર્વ દેવો અને દાનવો એ ભયંકર યુદ્ધને જોઈ રહ્યા હતા. ૧૦

शरवर्षैः शितैः शस्त्रैस्तथा चास्त्रैः सुदारुणैः। तयोर्युद्धमभूद्भूयः सर्वलोकभयङ्करम् ॥ ११ ॥

એ બન્નેનું યુદ્ધ બાણવર્ષાથી, તીખાં શસ્ત્રોથી, તેમ જ દારુણ અસ્ત્રોથી ચાલ્યું હતું. સર્વ લોકને એ અતિશય ભય આપતું હતું. ૧૧

दिव्यान्यस्त्राणि शतशो मुमुचे यान्यथाम्बिका। बभञ्ज तानि दैत्येन्द्रस्तत्प्रतीघातकर्तृभिः ॥१२॥

એમાં અંબિકાએ સેંકડો દિવ્ય અસ્ત્ર છોડ્યાં, પણ દૈત્યરાજ શુંભે વળતા ઘાવ કરનારાં આયુધો મૂકી તેમને ભાંગી નાંખ્યાં. ૧૨

मुक्तानि तेन चास्त्राणि दिव्यानि परमेश्वरी। बभञ्ज लीलयैवोग्रहुङ्कारोच्चारणादिभिः ॥१३॥

હવે શુંભે જે દિવ્ય અસ્ત્રો મૂક્યાં, તેમને પરમેશ્વરીએ માત્ર ભયંકર હુંકાર આદિ ઉચ્ચારીને રમતવાતમાં ભાંગી નાંખ્યાં. ૧૩

ततः शरशतैर्देवीमाच्छादयत सोऽसुरः। सापि[1] तत्कुपिता देवी धनुश्चिच्छेद चेषुभिः ॥१४॥

१. पा० सा च।

CC-0. Mumukshu Bhawan Varanasi Collection. Digitized by eGangotri

પછી તે અસુરે સેંકડો બાણો છોડીને દેવીને ઢાંકી દીધાં અને દેવીએ પણ કુપિત થઈને તેના ધનુષ્યને બાણોથી છેદી નાખ્યું. ૧૪

छिन्ने धनुषि दैत्येन्द्रस्तथा शक्तिमथाददे। चिच्छेद देवी चक्रेण तामप्यस्य करे स्थिताम् ॥१५॥

આમ ધનુષ્ય છેદાઈ ગયું, એટલે એ દૈત્યસ્વામીએ શક્તિ પકડી; પણ એ એના હાથમાં રહી હતી, ત્યાં દેવીએ તેને ચક્રથી કાપી નાખી. ૧૫

ततः खड्गमुपादाय शतचन्द्रं च भानुमत्। अभ्यधावत तां देवीं दैत्यानामधिपेश्वरः ॥१६॥

ત્યારે ચમકતી તલવાર અને સો ચાંદવાળી ઢાલ લઈને તે દૈત્યાધિપતિ શુંભ દેવીની સામે ધસમસ્યો. ૧૬

तस्यापतत एवाशु खड्गं चिच्छेद चण्डिका। धनुर्मुक्तैः शितैर्बाणैश्चर्म चार्ककरामलम् ॥१७॥

પણ ચંડિકાએ ધનુષ્યમાંથી તીખાં બાણો મૂકીને એ તલવારને તેમ જ સૂર્યકિરણ જેવી ચકચકતી ઢાલને આવતાંવેંત જ છેદી નાખી. ૧૭

अश्वांश्च पातयामास रथं सारथिना सह। हताश्वः स तदा दैत्यश्छिन्नधन्वा विसारथिः ॥१८॥

અને ઘોડાઓ તથા સારથિ સહિત રથને એણે પટકી પાડ્યો. હવે શુંભના ઘોડા હણાયા, એનું ધનુષ્ય ભાંગી ગયું અને એ સારથિ વિનાનો થઈ ગયો. ૧૮

जग्राह मुद्गरं घोरमम्बिकानिधनोद्यतः। चिच्छेदापततस्तस्य मुद्गरं निशितैः शरैः ॥१९॥

એટલે અંબિકાને હણવાને તત્પર થઈને એણે ભયંકર મુદ્ગર પકડ્યું. આમ

CC-0. Mumukshu Bhawan Varanasi Collection. Digitized by eGangotri

મુદ્ગર લઈને તે કૂદતો આવતો હતો, ત્યાં દેવીએ તીક્ષ્ણ બાણો મૂકીને એ મુદ્ગરને કાપી નાખ્યું. ૧૯

तथापि सोऽभ्यधावत्तां मुष्टिमुद्यम्य वेगवान्। स मुष्टिं पातयामास हृदये दैत्यपुङ्गवः ॥ २० ॥

હવે તે મુઠ્ઠી ઉગામીને દેવી તરફ વેગપૂર્વક દોડી આવ્યો. એ દૈત્યશ્રેષ્ઠે તે મુઠ્ઠી દેવીની છાતીમાં મારી. ૨૦

देव्यास्तं चापि सा देवी तलेनोरस्यताडयत्। तलप्रहाराभिहतो निपपात महीतले ॥ २१ ॥

એટલે દેવીએ પણ તેને છાતીમાં થપ્પડ ચોડી દીધી. એ પ્રમાણે થપાટ પડવાથી એ દૈત્યરાજ ઘાયલ થયો અને ભોંય ઉપર લથડી પડ્યો. ૨૧

स दैत्यराजः सहसा पुनरेव तथोत्थितः। उत्पत्य च प्रगृह्योच्चैर्देवीं गगनमास्थितः ॥ २२ ॥

પણ ફરી તરત જ એ ઊભો થઈ ગયો. પછી તે ઊછળ્યો અને દેવીને પકડીને આકાશમાં અદ્ધર રહ્યો. ૨૨

तत्रापि सा निराधारा युयुधे तेन चण्डिका ॥ २३ ॥

ત્યાં પણ કશાય આધાર વિના ચંડિકાએ તેની સાથે યુદ્ધ કર્યું. ૨૩

नियुद्धं खे तदा दैत्यश्चण्डिका च परस्परम्। चक्रतुः प्रथमं सिद्धमुनिविस्मयकारकम् ॥ २४ ॥

ત્યા ગગનમાં શુંભ દૈત્ય અને ચંડિકાદેવી વચ્ચે પ્રથમ યુદ્ધ થયું–તે સિદ્ધો અને મુનિઓને વિસ્મય પમાડતું હતું. ૨૪

ततो नियुद्धं सुचिरं कृत्वा तेनाम्बिका सह। उत्पात्य भ्रामयामास चिक्षेप धरणीतले ॥ २५ ॥

CC-0. Mumukshu Bhawan Varanasi Collection. Digitized by eGangotri

આમ અંબિકાએ તે દૈત્ય સાથે લાંબે સુધી યુદ્ધ કર્યું, પછી તેને ઊંચકયો, ચક્કરચક્કર ફેરવ્યો અને પૃથ્વીના તલ ઉપર તેને ઝીંકી દીધો. ૨૫

स क्षितौ धरणीं प्राप्य मुष्टिमुद्यम्य वेगवान् । अभ्यधावत दुष्टात्मा चण्डिकानिधनेच्छया ॥२६॥

હવે ઝીંકાઈને તે દુષ્ટાત્મા ધરતી ઉપર આવ્યો; એટલે ચંડિકાને મારવાની ઇચ્છાથી તે મુઠ્ઠી ઉગામીને વેગપૂર્વક દેવી સામે ધસ્યો. ૨૬

तमायान्तं ततो देवी सर्वदैत्यजनेश्वरम् । जगत्यां पातयामास भित्त्वा शूलेन वक्षसि ॥२७॥

સકળ દૈત્યજનોનો એ સ્વામી આ પ્રમાણે દોડતો હતો, ત્યારે દેવીએ તેને છાતીમાં શૂળ ભોંકી પૃથ્વી ઉપર પટકી નાખ્યો. ૨૭

स गतासुः पपातोर्व्यां देवीशूलाग्रविक्षतः । चालयन् सकलां पृथ्वीं साब्धिद्वीपां सपर्वताम् ॥

આ પ્રમાણે દેવીના શૂળની અણીથી એ ઘાયલ થયો અને એના પ્રાણ પરવારી ગયા. હવે સકળ પૃથ્વી, સમુદ્રો, બેટો અને પર્વતોને કંપાવતો એ પૃથ્વી ઉપર શયન કરી ગયો. ૨૮

ततः प्रसन्नमखिलं हते तस्मिन् दुरात्मनि । जगत्स्वास्थ्यमतीवाप निर्मलं चाभवन्नभः ॥ २९ ॥

આમ તે દુરાત્મા હણાયો એટલે અખિલ જગત પ્રસન્ન ને સ્વસ્થ થઈ ગયું; આકાશ પણ ત્યારે નિર્મળ થઈ ગયું. ૨૯

उत्पातमेघाः सोल्का ये प्रागासंस्ते शमं ययुः । सरितो मार्गवाहिन्यस्तथासंस्तत्र पातिते ॥३०॥

પહેલાં જે મેઘના ઉત્પાતો તેમ જ ઉલ્કાપાતો થતા હતા, તે બધા હવે શમી

CC-0. Mumukshu Bhawan Varanasi Collection. Digitized by eGangotri

ગયા. નદીઓ પણ એ અસુરનો વધ થયા પછી શાંત રીતે પોતાના માર્ગે વહેવા લાગી.

ततो देवगणाः सर्वे हर्षनिर्भरमानसाः। बभूवुर्निहते तस्मिन् गन्धर्वा ललितं जगुः ॥ ३१ ॥

ત્યારે એ દૈત્યના હણાવાથી, સર્વે દેવગણોનાં મન હર્ષથી પ્રફુલ્લ થઈ ગયાં અને ગંધર્વો લલિત ગાન કરવા લાગ્યા. ૩૧

अवादयंस्तथैवान्ये ननृतुश्चाप्सरोगणाः। ववुः पुण्यास्तथा वाताः सुप्रभोऽभूद्दिवाकरः ॥ ॐ ३२ ॥

બીજાઓ વાદન કરવા લાગ્યા અને અપ્સરાવૃંદો નૃત્ય કરવા લાગ્યાં. ત્યારે પુણ્ય-વાયુ વાવા લાગ્યા અને સૂર્ય પણ સુપ્રભાવાળો થઈ ગયો.× ૩૨

श्रीमार्कण्डेयपुराणे सावर्णिके मन्वन्तरे देवीमाहात्म्ये शुम्भवधो नाम दशमोऽध्यायः ॥ १० ॥
उवाच ४, अर्धश्लोकः १, श्लोकाः २७, एवम् ३२, एवमादितः ५७५ ॥

શ્રીમાર્કંડેયપુરાણે, સાવર્ણિક મન્વન્તરે, દેવીમાહાત્મ્યે,
શુંભનો વધ નામનો દશમો અધ્યાય

× जज्वलुश्चाग्नयः शान्ताः शान्त-दिग्जनितस्वनाः ॥ શાંત થયેલા અગ્નિઓ ફરી પ્રજ્વળી ઊઠ્યા અને સર્વ દિશાઓમાં ઊઠતા શબ્દો શાંત પડ્યા.

CC-0. Mumukshu Bhawan Varanasi Collection. Digitized by eGangotri

અધ્યાય ૧૧ મો

દેવોએ કરેલી દેવીની સ્તુતિ અને દેવીએ દેવોને આપેલું વરદાન

ધ્યાનમ્ ॥ ધ્યાન

बालरविद्युतिमिन्दुकिरीटां तुङ्गकुचां नयनत्रययुक्ताम् ।
स्मेरमुखीं वरदाङ्कुशपाशाभीतिकरां प्रभजे भुवनेशीम् ॥

હું એ ભુવનેશ્વરીનું ધ્યાન ધરું છું. તેની કાંતિ બાલ રવિના જેવી છે. તેણે ચંદ્રનો મુકુટ ધારણ કર્યો છે. તેને ઉન્નત સ્તનો છે અને ત્રણ નયનો છે. તે સ્મિતવદના છે. અને તેના કરમાં વરદ, અંકુશ, પાશ તેમ જ અભયમુદ્રા શોભી રહ્યાં છે.

ऋषिरुवाच ॥ १ ॥ ઋષિ બોલ્યા :

'ॐ' देव्या हते तत्र महासुरेन्द्रे सेन्द्राः सुरा वह्निपुरोगमास्ताम् ।
कात्यायनीं तुष्टुवुरिष्टलाभाद् विकाशिवक्त्राब्जविकासिताशाः ॥ २ ॥

ॐ દેવીએ ત્યાં મહાન અસુરરાજને હણી નાખ્યો, ત્યારે ઇંદ્ર આદિ દેવો અગ્નિને આગળ કરીને એ કાત્યાયની દેવીની સ્તુતિ કરવા લાગ્યાં. ઇચ્છિત પ્રાપ્તિ થવાથી એ દેવોનાં મુખકમળ વિલસી રહ્યાં હતાં અને તેથી સર્વ દિશાઓ ઝગઝગી ઊઠી હતી. ૨

देवी प्रपन्नार्त्तिहरे प्रसीद प्रसीद मातर्जगतोऽखिलस्य ।
प्रसीद विश्वेश्वरि पाहि विश्वं त्वमीश्वरी देवि चराचरस्य ॥ ३ ॥

CC-0. Mumukshu Bhawan Varanasi Collection. Digitized by eGangotri

દેવો બોલ્યા : શરણાગતની પીડાને હરનારી હે દેવિ! તમે પ્રસન્ન થાઓ, પ્રસન્ન થાઓ. હે અખિલ જગતની માતા! તમે પ્રસન્ન થાઓ. હે વિશ્વેશ્વરી! તમે પ્રસન્ન થાઓ. તમે વિશ્વનું પાલન કરો, હે દેવિ! તમે જ ચરાચરનાં ઈશ્વરી છો. ૩

आधारभूता जगतस्त्वमेका महीस्वरूपेण यतः स्थितासि ।
अपां स्वरूपस्थितया त्वयैतदाप्यायते कृत्स्नमलङ्घ्यवीर्ये ॥ ४ ॥

તમે એક જ જગતનાં આધારરૂપ છો; કેમ કે તમે પૃથ્વીસ્વરૂપે રહ્યાં છો. તમારું પરાક્રમ કોઈથીય ઓળંગાય એવું નથી. તમે જળરૂપમાં રહીને સકળ જગતને તૃપ્ત કરો છો. ૪

त्वं वैष्णवी शक्तिरनन्तवीर्या विश्वस्य बीजं परमासि माया ।
सम्मोहितं देवी समस्तमेतत् त्वं वै प्रसन्ना भुवि मुक्तिहेतुः ॥ ५ ॥

તમે અનંત બળવીર્યવાળાં વૈષ્ણવી શક્તિ છો. તમે વિશ્વના બીજરૂપ પરમ માયા છો. હે દેવિ! તમે આ સમસ્ત જગતને મોહિત કર્યું છે અને તમે જ પ્રસન્ન થઈને આ પૃથ્વી ઉપર મોક્ષ અપાવો છો. ૫

विद्याः समस्तास्तव देवि भेदाः स्त्रियः समस्ताः सकला जगत्सु ।
त्वयैकया पूरितमम्बयैतत् का ते स्तुतिः स्तव्यपरा परोक्तिः ॥ ६ ॥

હે દેવિ! સર્વ સમસ્ત વિદ્યાઓ તમારાં જ સ્વરૂપો છે. જગતની સર્વ સમસ્ત સ્ત્રીઓ તમારી જ મૂર્તિઓ છે. એક તમે અંબાએ જ આ સઘળું વ્યાપ્ત કર્યું છે. તમારી શી સ્તુતિ કરવી? તમે તો સ્તવનયોગ્યથીયે પર છો–તમે પરાવાણી છો. ૬

CC-0. Mumukshu Bhawan Varanasi Collection. Digitized by eGangotri

सर्वभूता यदा देवी स्वर्गमुक्तिप्रदायिनी। त्वं स्तुता स्तुतये का वा भवन्तु परमोक्तयः॥७॥

હે દેવિ! તમે સર્વરૂપ છો અને તમે સ્વર્ગ તથા મોક્ષ આપવાવાળાં છો. આમાં જ તમારી સ્તુતિ આવી જાય છે, તો પછી બીજી કઈ પરમોક્તિ તમારી સ્તુતિ કરી શકે? ૭

सर्वस्य बुद्धिरूपेण जनस्य हृदि संस्थिते। स्वर्गापवर्गदे देवि नारायणि नमोऽस्तु ते॥८॥

હે દેવિ! તમે સર્વ સકળ જનોનાં હૃદયમાં બુદ્ધિરૂપે રહ્યાં છો. તમે સ્વર્ગ અને મુક્તિ આપનારાં છો. હે નારાયણી! તમને નમસ્કાર હો! ૮

कलाकाष्ठादिरूपेण परिणामप्रदायिनी। विश्वस्योपरतौ शक्ते नारायणि नमोऽस्तु ते॥९॥

તમે કળા અને કાષ્ઠાદિ રૂપે ક્રમશઃ પરિણામ (અવસ્થા-પરિવર્તન) આપનારાં છો. તમે વિશ્વની ઉપરતિ (ઉપસંહાર) કરવાને શક્તિમતી છો. હે નારાયણી! તમને નમસ્કાર હો! ૯

सर्वमङ्गलमाङ्गल्ये[1] शिवे सर्वार्थसाधिके शरण्ये त्र्यम्बके गौरि नारायणि नमोऽस्तु ते॥१०॥

તમે સર્વ મંગલોમાં મંગલમયી છો. તમે કલ્યાણદાયિની શિવા છો. તમે સર્વ અર્થોને સિદ્ધ કરનારાં છો. તમે શરણ્યા (શરણ લેવાવાને યોગ્ય) છો. તમે ત્રણ લોચનવાળાં ગૌરી છો. હે નારાયણી! તમને નમસ્કાર હો! ૧૦

सृष्टिस्थितिविनाशानां शक्तिभूते सनातनि। गुणाश्रये गुणमये नारायणि नमोऽस्तु ते॥११॥

---

१. पा० मङ्गल्ये।

CC-0. Mumukshu Bhawan Varanasi Collection. Digitized by eGangotri

તમે સૃષ્ટિ, પાલન અને સંહારની શક્તિરૂપ છો. તમે સનાતન છો. સર્વ ગુણોના તમે આશ્રય છો અને તમે સર્વ ગુણમય છો. હે નારાયણી! તમને નમસ્કાર હો! ૧૧

शरणागतदीनार्तपरित्राणपरायणे। सर्वस्यार्तिहरे देवि नारायणि नमोऽस्तु ते॥ १२॥

હે દેવિ! તમે શરણાગત, દીન અને દુઃખિયાનાં રક્ષણમાં પરાયણ છો. તમે સર્વની પીડા હરનારાં છો. હે નારાયણી! તમને નમસ્કાર હો! ૧૨

हंसयुक्तविमानस्थे ब्रह्माणीरूपधारिणि। कौशाम्भःक्षरिके देवी नारायणि नमोऽस्तु ते॥ १३॥

હે દેવિ! બ્રહ્માણીરૂપ ધારણ કરીને તમે હંસ જોડેલા વિમાનમાં બેસો છો. તમે કુશમિશ્રિત જળ છાંટો છો. હે નારાયણી! તમને નમસ્કાર હો! ૧૩

त्रिशूलचन्द्राहिधरे महावृषभवाहिनि। माहेश्वरीस्वरूपेण नारायणि नमोऽस्तु ते॥ १४॥

તમે માહેશ્વરીરૂપે મહાવૃષભનું વાહન કરો છો. તમે ત્રિશૂળ, ચંદ્ર અને સર્પને ધારણ કરો છો. હે નારાયણી! તમને નમસ્કાર હો! ૧૪

मयूरकुक्कुटवृते महाशक्तिधरेऽनघे। कौमारीरूपसंस्थाने नारायणि नमोऽस्तु ते॥ १५॥

હે નિષ્પાપ દેવિ! તમે કૌમારીરૂપે રહીને મોર અને કૂકડાથી ઘેરાયેલાં રહો છો, તેમ જ મહાન શક્તિને ધારણ કરો છો. હે નારાયણી! તમને નમસ્કાર હો! ૧૫

शङ्खचक्रगदाशार्ङ्गगृहीतपरमायुधे। प्रसीद वैष्णवीरूपे नारायणि नमोऽस्तु ते॥ १६॥

હે દેવિ વૈષ્ણવીરૂપે તમે શંખ, ચક્ર, ગદા અને શાર્ઙ્ગ આયુધ ધારણ કરો છો. તમે પ્રસન્ન થાઓ. હે નારાયણી! તમને નમસ્કાર હો! ૧૬

गृहीतोग्रमहाचक्रे दंष्ट्रोद्धृतवसुंधरे। वराहरूपिणी शिवे नारायणि नमोऽस्तु ते॥ १७॥

CC-0. Mumukshu Bhawan Varanasi Collection. Digitized by eGangotri

હે વરાહરૂપિણી શિવા! તમે ઉગ્ર મહાચક્ર ધારણ કર્યું છે અને તમે દાઢથી વસુંધરાને ઊચકી નાખી છે. હે નારાયણી! તમને નમસ્કાર હો! ૧૭

नृसिंहरूपेणोग्रेण हन्तुं दैत्यान् कृतोद्यमे। त्रैलोक्यत्राणसहिते नारायणि नमोऽस्तु ते ॥ १८ ॥

ઉગ્ર નૃસિંહરૂપ ધારણ કરીને તમે જ દૈત્યોને હણવાનો ઉદ્યમ કર્યો હતો. તમે જ ત્રણે લોકના રક્ષણમાં મચ્યાં રહ્યાં હતાં. હે નારાયણી! તમને નમસ્કાર હો! ૧૮

किरीटिनि महावज्रे सहस्रनयनोज्ज्वले। वृत्रप्राणहरे चैन्द्रि नारायणि नमोऽस्तु ते ॥ १९ ॥

મુકુટને ધારણ કરનારાં, મહાન વજ્રવાળાં, હજારો આંખોથી ઝળહળાં થઈ રહેલાં, એ ઐંદ્રી(ઇંદ્રશક્તિ)રૂપ તમે જ વૃત્રના પ્રાણ હરનારાં છે. હે નારાયણી! તમને નમસ્કાર હો! ૧૯

शिवदूतीस्वरूपेण हतदैत्यमहाबले। घोररूपे महारावे नारायणि नमोऽस्तु ते ॥ २० ॥

શિવદૂતીના રૂપે તમે દૈત્યોની મહાન સેનાને હણી નાખી છે. તમારું એ રૂપ ભયંકર છે અને તમારી ગર્જના વિકટ છે. હે નારાયણી! તમને નમસ્કાર હો. ૨૦

दंष्ट्राकरालवदने शिरोमालाविभूषणे। चामुण्डे मुण्डमथने नारायणि नमोऽस्तु ते ॥ २१ ॥

દાઢથી તમારું વદન વિકરાળ છે. તમે ખોપરીની માળાનું આભૂષણ સજ્યું છે. એવા તમે મુંડને મર્દનારાં ચામુંડા છો. હે નારાયણી! તમને નમસ્કાર હો! ૨૧

लक्ष्मि लज्जे महाविद्ये श्रद्धे पुष्टि स्वधे ध्रुवे। महारात्रि[1] महामाये[2] नारायणि नमोऽस्तु ते ॥ २२ ॥

---

१. पा० रात्रे । २. पा० महाविद्ये ।

CC-0. Mumukshu Bhawan Varanasi Collection. Digitized by eGangotri

તમે લક્ષ્મી છો, મહાવિદ્યા છો અને શ્રદ્ધા છો. પુષ્ટિ, સ્વધા અને ધ્રુવા તમે જ છો. તમે જ મહારાત્રિ અને મહામાયા છો. હે નારાયણી! તમને નમસ્કાર હો!

मेधे सरस्वति वरे भूति बाभ्रवि तामसि। नियते त्वं प्रसीदेशे नारायणि नमोऽस्तु ते ॥२३॥

તમે મેધા, સરસ્વતી, વરા (શ્રેષ્ઠ), ભૂતિ (ઐશ્વર્ય), બાભ્રવી (ભૂરા રંગવાળી અથવા પાર્વતી), તામસી (મહાકાલી) અને નિયતા (નિયમપરાયણા) છો. હે ઈશા (સર્વની અધીશ્વરી)! તમે પ્રસન્ન થાઓ. હે નારાયણી! તમને નમસ્કાર હો!× ૨૩

सर्वस्वरूपे सर्वेशे सर्वशक्तिसमन्विते। भयेभ्यस्त्राहि नो देवि दुर्गे देवि नमोऽस्तु ते ॥ २४ ॥

સર્વ સ્વરૂપમાં રહેવાવાળાં, સર્વનાં અધીશ્વરી અને સર્વ શક્તિવાળાં હે દેવી દુર્ગા! તમે સર્વ ભયોથી અમારું રક્ષણ કરો. હે દેવિ! તમને નમસ્કાર હો! ૨૪

एतत्ते वदनं सौम्यं लोचनत्रयभूषितम्। पातु नः सर्वभूतेभ्यः कात्यायनि नमोऽस्तु ते ॥२५॥

આ જે તમારું વદન છે, તે સૌમ્ય છે અને ત્રણ લોચનોથી તે વિભૂષિત છે. એ સર્વ ભૂતોથી અમારું રક્ષણ કરો. હે કાત્યાયની! તમને નમસ્કાર હો! ૨૫

× આ પછી શાંતનવી ટીકાકાર નીચેનો એક શ્લોક વધુ કલ્પે છે:

'सर्वतः पाणिपादान्ते सर्वतोऽक्षिशिरोमुखे। सर्वतः श्रवणघ्राणे नारायणि नमोऽस्तु ते ॥

સર્વ સમસ્ત તમારા હાથપગ છે. સર્વ સમસ્ત તમારાં આંખ, મસ્તક અને વદન છે. સર્વ સમસ્ત તમારાં કાનનાક છે. હે નારાયણી! તમને નમસ્કાર હો!'

CC-0. Mumukshu Bhawan Varanasi Collection. Digitized by eGangotri

ज्वालाकरालमत्युग्रमशेषासुरसूदनम्। त्रिशूलं पातु नो भीतेर्भद्रकालि नमोऽस्तु ते ॥२६॥

જ્વાળાએ કરીને ભયંકર, અત્યંત ઉગ્ર અને સર્વ અસુરોનો સંહાર કરનારું એ તમારું ત્રિશૂલ સર્વ ભયોથી અમારું રક્ષણ કરો. હે ભદ્રકાલી! તમને નમસ્કાર હો! ૨૬

हिनस्ति दैत्यतेजांसि स्वनेनापूर्यया जगत्। सा घण्टा पातु नो देवि पापेऽभ्योऽनः सुतानिव ॥२७॥

હે દેવિ! તમારી જે ઘંટા જગતસમસ્તને પોતાના નાદથી ભરી દઈ દૈત્યોનાં તેજ હણી નાખે છે તે ઘંટા માતા જેમ પોતાના પુત્રોનું રક્ષણ કરે છે, તેમ સર્વ પાપોથી અમારું રક્ષણ કરો. ૨૭

असुरासृग्वसापङ्कचर्चितस्ते करोज्ज्वलः। शुभाय खड्गो भवतु चण्डिके त्वां नता वयम् ॥२८॥

હે ચંડિકા! દૈત્યોનાં લોહી, વસા અને મેદથી ખરડાયેલું તમારું જે ખડ્ગ તમારા હાથમાં ઉજ્જ્વળ રીતે શોભી રહ્યું છે, તે અમારું કલ્યાણ કરો. અમે તમને નમન કરીએ છીએ. ૨૮

रोगानशेषानपहंसि तुष्टा रुष्टा[1] तु कामान् सकलानभीष्टान्।
त्वामाश्रितानां न विपन्नराणां त्वामाश्रिता ह्याश्रयतां प्रयान्ति ॥ २९ ॥

હે દેવી! તમે પ્રસન્ન થઈને સર્વ રોગો હરી લો છો. તમે રોષમાં હોઈને સકળ ઇચ્છિત કામોને હણી નાખો છો. તમારે આશ્રયે આવેલાઓને કદી વિપત્તિ આવતી નથી. અરે! તમારે આશ્રયે રહેલાઓ બીજાઓને આશ્રયરૂપ થાય છે. ૨૯

---

૧. પા० ददासि कामान्।

CC-0. Mumukshu Bhawan Varanasi Collection. Digitized by eGangotri

एतत्कृतं यत्कदनं त्वयाद्य धर्मद्विषां देवि महासुराणाम् ।
रूपैरनेकैर्बहुधाऽऽत्ममूर्तिं कृत्वाम्बिके तत्प्रकरोति कान्या ॥ ३० ॥

હે અંબિકાદેવિ! તમે તમારા સ્વરૂપને વિવિધ અને અનેક રૂપમાં કરી આજે ધર્મદ્વેષી મહાદૈત્યોનો આ જે સંહાર કર્યો છે, તે બીજા કોનાથી થાય તેમ છે? ૩૦

विद्यासु शास्त्रेषु विवेकदीपेष्वाद्येषु वाक्येषु च का त्वदन्या ।
ममत्वगर्तेऽतिमहान्धकारे विभ्रामयत्येतदतीव विश्वम् ॥ ३१ ॥

હે દેવિ! સર્વ વિદ્યાઓમાં, સર્વ જ્ઞાનદીપ શાસ્ત્રોમાં અને આદ્યવાક્યો(વેદો)માં તમારા સિવાય બીજા કોનું વર્ણન છે? અને મમત્વના અતીવ મહાન અંધકારવાળા ખાડામાં આ વિશ્વમાં તમારા સિવાય બીજું કોણ નિરંતર ભટકાવે છે? ૩૧

रक्षांसि यत्रोग्रविषाश्च नागा यत्रारयो दस्युबलानि यत्र ।
दावानलो यत्र तथाब्धिमध्ये तत्र स्थिता त्वं परिपासि विश्वम् ॥ ३२ ॥

જ્યાં રાક્ષસો હોય, ભયંકર ઝેરવાળા નાગો હોય, શત્રુઓ હોય, જ્યાં લૂંટારુઓનાં દળ હોય, જ્યાં દાવાનળ હોય, ત્યાં તેમ જ સમુદ્રની મઝધારમાં તમે જ સાથે રહીને વિશ્વનું રક્ષણ કરો છો. ૩૨

विश्वेश्वरि त्वं परिपासि विश्वं विश्वात्मिका धारयसीह विश्वम् ।
विश्वेशवन्द्या भवती भवन्ति विश्वाश्रया ये त्वयि भक्तिनम्राः ॥ ३३ ॥

હે વિશ્વેશ્વરિ! તમે વિશ્વનું પરિપાલન કરો છો. હે વિશ્વાત્મિકા! તમે વિશ્વને

CC-0. Mumukshu Bhawan Varanasi Collection. Digitized by eGangotri

ધારણ કરો છો. હે દેવિ! તમે વિશ્વેશ(શંકર)નાં વંદનયોગ્ય છે. જેઓ ભક્તિથી નમ્ર થઈને તમારે ચરણે ઢળે છે, તેઓ સમસ્ત વિશ્વના આશ્રયરૂપ થાય છે. ૩૩

देवि प्रसीद परिपालय नोऽरिभीतेर्नित्यं यथासुरवधादधुनैव सद्यः।
पापानि सर्वजगतां प्रशमं[1] नयाशु उत्पातपाकजनितांश्च महोपसर्गान् ॥ ३४ ॥

હે દેવિ! તમે પ્રસન્ન થાઓ. તમે જેમ હમણાં અસુરોનો શીઘ્ર વધ કરીને અમને બચાવ્યા છે, તેમ સદૈવ અમને શત્રુની ભીતિથી બચાવો. સર્વ જગતનાં પાપો ક્ષય પામો અને ઉત્પાત તેમ જ પાપના ફળરૂપ મહાન ઉપદ્રવો તુરત જ શમી જાઓ. ૩૪

प्रणतानां प्रसीद त्वं देवि विश्वार्तिहारिणि। त्रैलोक्यवासिनामीड्ये लोकानां वरदा भव ॥३५॥

હે દેવિ! અમે તમારે ચરણે પડીએ છીએ. હે વિશ્વની પીડાને હરનારી! તમે પ્રસન્ન થાઓ. ત્રિલોકમાં વસનારાઓની હે પૂજ્ય દેવી! તમે લોકોને વરદાન આપો. ૩૫

देव्युवाच ॥ ३६ ॥ દેવી બોલ્યાં:

वरदाहं सुरगणा वरं यं मनसेच्छथ। तं वृणुध्वं प्रयच्छामि जगतामुपकारकम् ॥ ३७ ॥

હે દેવો! હું વરદાન આપું છું. તમારા મનમાં જે કાંઈ ઇચ્છા હોય, તે માગી લો. જગતને ઉપકાર કરનારું વરદાન હું જરૂર આપીશ. ૩૭

देवा ऊचुः ॥ ३८ ॥ દેવો બોલ્યા:

सर्वाबाधाप्रशमनं त्रैलोक्यस्याखिलेश्वरि। एवमेव त्वया कार्यमस्मद्वैरिविनाशनम् ॥ ३९ ॥

---

१. पा०—च शमं।

CC-0. Mumukshu Bhawan Varanasi Collection. Digitized by eGangotri

હે અખિલેશ્વરિ! તમે ત્રણે લોકની સર્વ બાધાઓને શાંત કરો અને તમે અમારા વેરીઓનો વિનાશ કરો. ૩૯

देव्युवाच ॥ ४० ॥ દેવી બોલ્યાં:

वैवस्वतेऽन्तरे प्राप्ते अष्टाविंशतिमे युगे। शुम्भो निशुम्भश्चैवान्यावुत्पत्स्येते महासुरौ ॥ ४१ ॥

હે દેવો! વૈવસ્વત મન્વન્તર આવશે, ત્યારે તેના અઠ્ઠાવીસમા યુગમાં શુંભ અને નિશુંભ નામના બીજા બે મહાદૈત્યો ઉત્પન્ન થશે. ૪૧

नन्दगोपगृहे जाता यशोदागर्भसम्भवा। ततस्तौ नाशयिष्यामि विन्ध्याचलनिवासिनी ॥ ४२ ॥

તે વખતે હું નંદગોપને ઘેર, યશોદાના ગર્ભમાં અવતાર લઈશ અને વિંધ્યાચલમાં નિવાસ કરી એ બન્નેનો નાશ કરીશ. ૪૨

पुनरप्यतिरौद्रेण रूपेण पृथिवीतले। अवतीर्य हनिष्यामि वैप्रचित्तांश्च दानवान् ॥ ४३ ॥

ફરી અતિ ભયંકરરૂપે પૃથ્વી ઉપર અવતરીને હું વૈપ્રચિત્ત દાનવોને હણી નાખીશ.

भक्षयन्त्याश्च तानुग्रान् वैप्रचित्तान्महासुरान्। रक्ता दन्ता भविष्यन्ति दाडिमीकुसुमोपमाः ॥ ४४ ॥

એ ઉગ્ર વૈપ્રચિત્ત મહાદૈત્યોનું હું ભક્ષણ કરીશ, તેથી મારા દાંત દાડમનાં ફૂલ જેવા રાતા થશે. ૪૪

ततो मां देवताः स्वर्गे मर्त्यलोके च मानवाः। स्तुवन्तो व्याहरिष्यन्ति सततं रक्तदन्तिकाम् ॥ ४५ ॥

ત્યારે સ્વર્ગમાં દેવો અને મર્ત્યલોકમાં માનવો મારી સતત સ્તુતિ કરતા મને 'રક્તદન્તિકા' કહેશે. ૪૫

CC-0. Mumukshu Bhawan Varanasi Collection. Digitized by eGangotri

भूयश्च शतवार्षिक्यामनावृष्ट्यामनम्भसि । मुनिभिः संस्तुता भूमौ संभविष्याम्ययोनिजा ॥४६॥

ફરી પૃથ્વી ઉપર સો વર્ષ સુધી અનાવૃષ્ટિ થશે–પાણીનું ટીપું ય પડશે નહિ, ત્યારે મુનિઓ મારી સ્તુતિ કરશે એટલે હું અયોનિજરૂપે પ્રકટ થઈશ. ૪૬

ततः शतेन नेत्राणां निरीक्षिष्याम्यहं मुनीम् । कीर्तयिष्यन्ति मनुजाः शताक्षीमिति मां ततः ॥४७॥

ત્યારે હું મુનિઓને સો નેત્રે જોઈશ, એટલે મનુષ્યો ત્યારથી મારું શતાક્ષી નામે કીર્તન કરશે. ૪૭

ततोऽहमखिलं लोकमात्मदेहसमुद्भवैः । भरिष्यामि सुराः शाकैरावृष्टेः प्राणधारकैः ॥४८॥
शाकम्भरीति विख्यातिं तदा यास्याम्यहं भुवि ॥४९॥

હે દેવો ! તે સમયે મારા દેહમાંથી ઉત્પન્ન થયેલાં પ્રાણધારક શાકોથી હું અખિલ જગતનું વૃષ્ટિ થાય ત્યાં સુધી ભરણપોષણ કરીશ–ત્યારે હું પૃથ્વીમાં શાકંભરી નામે વિખ્યાતિ પામીશ. ૪૮,૪૯

तत्रैव च वधिष्यामि दुर्गमाख्यं महासुरम् । दुर्गादेवीति विख्यातं तन्मे नाम भविष्यति ॥
पुनश्चाहं यदा भीमं रूपं कृत्वा हिमाचले । रक्षांसि भक्षयिष्यामि[1] मुनीनां त्राणकारणात् ॥
तदा मां मुनयः सर्वे स्तोष्यन्त्यानम्रमूर्तयः । भीमा देवीति विख्यातं तन्मे नाम भविष्यति ॥
यदारुणाख्यस्त्रैलोक्ये महाबाधां करिष्यति । तदाहं भ्रामरं रूपं कृत्वाऽसंख्येयषट्पदम् ॥
त्रैलोक्यस्य हितार्थाय वधिष्यामि महासुरम् । भ्रामरीति च मां लोकास्तदा स्तोष्यन्ति सर्वतः ॥

---

१. पा० क्षययिष्यामि । (क्षपयिष्यामि इति वा) ।

CC-0. Mumukshu Bhawan Varanasi Collection. Digitized by eGangotri

તે જ વખતે હું દુર્ગમ નામના દૈત્યનો વધ કરીશ. ત્યારથી 'દુર્ગાદેવી' તરીકે મારું નામ વિખ્યાત થશે. ફરી જ્યારે હું ભીમ (ભયંકર) રૂપ ધારણ કરી હિમાચલ ઉપર મુનિઓના રક્ષણ માટે રાક્ષસોનો ભક્ષ કરીશ, ત્યારે સર્વે મુનિઓ પોતાના દેહ ઢાળીને મારી સ્તુતિ કરશે અને ત્યારથી મારું નામ 'ભીમાદેવી' તરીકે વિખ્યાતિ પામશે. જ્યારે અરુણ નામનો દૈત્ય ત્રૈલોક્યમાં મહાઉપદ્રવ મચાવશે, ત્યારે હું અણુગણ છપગા ભ્રમરનું રૂપ ધારણ કરીશ અને ત્રણે લોકના હિતને અર્થે એ મહાન દૈત્યનો વધ કરીશ. ત્યારથી લોકો મને ચારે તરફથી 'ભ્રામરી'ને નામે સ્તવશે. ૫૦–૫૪

इत्थं यदा यदा बाधा दानवोत्था भविष्यति। तदा तदावतीर्याहं करिष्याम्यरिसंक्षयम्॥ॐ५५

આમ જ્યારે જ્યારે દૈત્યોની બાધા ઊભી થશે, ત્યારે ત્યારે હું અવતાર ધારણ કરીશ અને શત્રુઓનો સંહાર કરીશ. ૫૫

श्रीमार्कण्डेयपुराणे सावर्णिके मन्वन्तरे देवीमाहात्म्ये देव्याः स्तुतिर्नामैकादशोऽध्यायः॥

उवाच ४, अर्धश्लोकः १, श्लोकाः ५०, एवम् ५५, एवमादितः॥ ६३०॥

શ્રીમાર્કંડેયપુરાણે, સાવર્ણિક મન્વન્તરે, દેવીમાહાત્મ્યે,
દેવી–સ્તુતિ નામનો અગિયારમો અધ્યાય

CC-0. Mumukshu Bhawan Varanasi Collection. Digitized by eGangotri

અધ્યાય ૧૨ મો

દેવીચરિત્રના પાઠનું માહાત્મ્ય

ધ્યાનમ્ ॥ ધ્યાન

ॐ विद्युद्दामसमप्रभां मृगपतिस्कन्धस्थितां भीषणां
कन्याभिः करवालखेटविलसद्धस्ताभिरासेविताम् ।
हस्तैश्चक्रगदासिखेटविशिखांश्चापं गुणं तर्जनीं
बिभ्राणामनलात्मिकां शशिधरां दुर्गां त्रिनेत्रां भजे ॥

હું ત્રણ નેત્રવાળી દુર્ગાનું ધ્યાન કરું છું. તેની કાંતિ વીજળીના પલકારા જેવી છે. તે સિંહના ખભા ઉપર વિરાજિત છે. તે ભીષણ છે. હાથમાં તલવાર તથા ઢાલ વિલસાવતી કન્યાઓ તેની સેવા કરી રહી છે. પોતાના હાથમાં તેણે ચક્ર, ગદા, તલવાર, ઢાલ, બાણ, ધનુષ્ય, પાશ એને તર્જની મુદ્રા ધારણ કર્યાં છે. તે અગ્નિમય સ્વરૂપથી જળકી રહી છે અને તેણે ચંદ્રનો મુકુટ સજ્યો છે.

देव्युवाच ॥ १ ॥ દેવી બોલ્યાં:

'ॐ' एभिः स्तवैश्च मां नित्यं स्तोष्यते यः समाहितः ।
तस्याहं सकलां बाधां शमयिष्याम्यसंशयम् ॥ २ ॥

ॐ સ્વસ્થચિત્તે જે આ સ્તોત્રોથી મારું નિત્ય સ્તવન કરશે, તેની સર્વ બાધાઓ હું અવશ્ય દૂર કરીશ. ૨

CC-0. Mumukshu Bhawan Varanasi Collection. Digitized by eGangotri

मधुकैटभनाशं च महिषासुरघातनम् । कीर्तयिष्यन्ति ये तद्वद् वधं शुम्भनिशुम्भयोः ॥३॥
अष्टम्यां च चतुर्दश्यां नवम्यां चैकचेतसः । श्रोष्यन्ति चव ये भक्त्या मम माहात्म्यमुत्तमम् ॥
न तेषां दुष्कृतं किञ्चिद् दुष्कृतोत्था न चापदः । भविष्यति न दारिद्र्यं न चैवेष्टवियोजनम् ॥

જે મધુકૈટભના નાશના, મહિષાસુરના ઘાતના અને શુંભનિશુંભના વધના પ્રસંગોનું કીર્તન કરશે, તેમ જ જે એકચિત્ત થઈને આઠમ, નોમ તથા ચૌદશે ભક્તિપૂર્વક મારું ઉત્તમ માહાત્મ્ય સાંભળશે, તેને કોઈ પાપ અડશે નહિ, તેને પાપથી આવતી કોઈ આપત્તિ આવશે નહિ, તેને દરિદ્રતા અડકશે નહિ, તેમ જ ઇષ્ટજનોનો કદી વિયોગ થશે નહિ. ૩–૫

शत्रुतो न भयं तस्य दस्युतो वा न राजतः । न शस्त्रानलतोयौघात्कदाचित्सम्भविष्यति ॥६॥

તેને શત્રુ તરફથી, ચોરડાકુ તરફથી કે રાજા તરફથી કોઈ ભય આવશે નહિ, તેમ જ તેને શસ્ત્ર, અગ્નિ ને જળસમૂહથી કશી ક્યારેય ભીતિ નડશે નહિ. ૬

तस्मान्ममैतन्माहात्म्यं पठितव्यं समाहितैः । श्रोतव्यं च सदा भक्त्या परं स्वस्त्ययनं हि तत् ॥

તેથી મારા આ માહાત્મ્યનો સદૈવ એકચિત્તે ભક્તિપૂર્વક પાઠ કરવો અને તે સાંભળવો, એ પરમ કલ્યાણકર છે. ૭

उपसर्गानशेषांस्तु महामारीसमुद्भवान् । तथा त्रिविधमुत्पातं माहात्म्यं शमयेन्मम ॥८॥

મારું માહાત્મ્ય મહામારીથી થતા સર્વ ઉપદ્રવોને તેમ જ આધ્યાત્મિક આદિ ત્રણે ઉત્પાતોને શમાવનારું છે. ૮

CC-0. Mumukshu Bhawan Varanasi Collection. Digitized by eGangotri

यत्रतैत्पठ्यते सम्यङ्नित्यमायतने मम । सदा न तद्विमोक्ष्यामि सांनिध्यं तत्र मे स्थितम् ॥९॥

મારા જે ધામમાં આ માહાત્મ્યનો વિધિપૂર્વક નિત્યપાઠ થાય છે, તેમાં હું સદૈવ સ્થિતિ કરું છું–હું તેને ક્યારેય છોડતી નથી. ૯

बलिप्रदाने पूजायामग्निकार्ये महोत्सवे सर्वं ममैतन्माहात्म्यमुच्चार्यं श्राव्यमेव च ॥ १० ॥

બલિદાન, પૂજા, હોમ અને મહોત્સવમાં મારા આ માહાત્મ્યનો સમગ્ર પાઠ કરવો જોઈએ, તેમ જ તેનું પૂરું શ્રવણ કરવું જોઈએ. ૧૦

जानताऽजानता वापि बलिपूजां तथा कृताम् । प्रतीक्षिष्याम्यहं[1] प्रीत्या वह्निहोमं तथा कृतम् ॥

વિધિને જાણતાં કે અજાણતાં જે કોઈ બલિદાન, પૂજા અને હોમ કરવામાં આવ્યાં હશે, તે હું પ્રીતિપૂર્વક સ્વીકારીશ. ૧૧

शरत्काले महापूजा क्रियते या च वार्षिकी । तस्यां ममैतन्माहात्म्यं श्रुत्वा भक्तिसमन्वितः ॥१२॥
[2]सर्वाबाधाविनिर्मुक्तो धनधान्यसुतान्वितः । मनुष्यो मत्प्रसादेन भविष्यति न संशयः ॥१३॥

શરદકાળમાં જે વાર્ષિકી મહાપૂજા કરવામાં આવે છે, તેમાં જો કોઈ મનુષ્ય ભક્તિપૂર્વક મારા આ માહાત્મ્યનું શ્રવણ કરે, તો તે મારા પ્રસાદથી સર્વ બાધાઓથી મુક્ત થાય અને ધન, ધાન્ય તથા સુત પામે એમાં જરાય સંશય નથી. ૧૨,૧૩

श्रुत्वा ममैतन्माहात्म्यं तथा चोत्पत्तयः शुभाः । पराक्रमं च युद्धेषु जायते निर्भयः पुमान् ॥१४॥

મારું આ માહાત્મ્ય, મારી ઉત્પત્તિની શુભ કથાઓ અને યુદ્ધોમાં મારાં પરાક્રમો,

---

१. पा० प्रतीच्छिष्यामि । २. पा० सर्ववाधा ।

CC-0. Mumukshu Bhawan Varanasi Collection. Digitized by eGangotri

એ જે કોઈ પુરુષ સાંભળશે તે નિર્ભય થશે. ૧૪

रिपवः संक्षयं यान्ति कल्याणं चोपपद्यते। नन्दते च कुलं पुंसां माहात्म्यं मम शृण्वताम् ॥१५॥

જેઓ મારું માહાત્મ્ય સાંભળશે, તેમના શત્રુઓ નાશ પામશે, તેમને કલ્યાણ સાંપડશે અને તેમનાં કુટુંબ આનંદઓચ્છવ કરશે. ૧૫

शान्तिकर्मणि सर्वत्र तथा दुःस्वप्नदर्शने। ग्रहपीडासु चोग्रासु माहात्म्यं शृणुयान्मम ॥१६॥

શાંતિકર્મમાં દુઃસ્વપ્ન આવ્યું હોય ત્યારે ઉગ્ર અને ગ્રહપીડામાં સર્વત્ર મારા આ માહાત્મ્યનું સ્મરણ કરવું. ૧૬

उपसर्गाः शमं यान्ति ग्रहपीडाश्च दारुणाः। दुःस्वप्नं च नृभिर्दृष्टं सुस्वप्नमुपजायते ॥१७॥

તેથી સર્વ વિઘ્નો શમી જશે, દારુણ ગ્રહપીડા શાંત થઈ જશે અને દુઃસ્વપ્ન પલટાઈને સુસ્વપ્ન થઈ જશે. ૧૭

बालग्रहाभिभूतानां बालानां शान्तिकारकम्। संघातभेदे च नृणां मैत्रीकरणमुत्तमम् ॥१८॥

બાળકો બાલગ્રહથી ઝપટાયાં હોય, તો આ માહાત્મ્ય તેમાં શાંતિ આપનારું છે. સમૂહમૈત્રી તૂટી હોય, તો આ માહાત્મ્ય મનુષ્યોમાં ઉત્તમ મૈત્રી કરાવનારું છે. ૧૮

दुर्वृत्तानामशेषाणां बलहानिकरं परम्। रक्षोभूतपिशाचानां पठनादेव नाशनम् ॥ १९ ॥

આ માહાત્મ્ય સર્વ સકળ દુરાચારીઓના બળની હાનિ કરનારું છે. એનો પાઠ કરતાંની સાથે જ રાક્ષસો, ભૂતો અને પિશાચો નાશ પામે છે. ૧૯

सर्वं ममैतन्माहात्म्यं मम सन्निधिकारकम्। पशुपुष्पार्घधूपैश्च गन्धदीपैस्तथोत्तमैः ॥ २० ॥

CC-0. Mumukshu Bhawan Varanasi Collection. Digitized by eGangotri

विप्राणां भोजनैर्होमैः प्रौक्षणीयरहर्निशम् । अन्यैश्च विविधैर्भोगैः प्रदानैर्वत्सरेण या ॥ २१ ॥
प्रीतिर्मे क्रियते साऽस्मिन् सकृदुच्चरिते श्रुते । श्रुतं हरति पापानि तथाऽऽरोग्यं प्रयच्छति ॥२२॥

આ મારું સર્વ માહાત્મ્ય મારી સંનિધિ કરાવનારું છે. પશુ, પુષ્પ, અર્ઘ્ય, ધૂપ, દીપ અને ગંધ આદિ ઉત્તમ સામગ્રીઓથી મારું પૂજન થાય, બ્રાહ્મણોને ભોજન અપાય, હોમો થાય, રોજ અભિષેક થાય, બીજા વિવિધ ભોગો અપાય અને દાનો દેવાય, એમ એક વર્ષ સુધી મારી આરાધના થાય અને તેથી મને જે પ્રસન્નતા થાય, તે પ્રસન્નતા કોઈ આ સુચરિત્રનું એકવાર પણ શ્રવણ કરે છે તો તેને થાય છે. એ શ્રવણ પાપને હરી લે છે અને આરોગ્યનું દાન કરે છે. ૨૦–૨૨

रक्षां करोति भूतेभ्यो जन्मनां कीर्तनं मम। युद्धेषु चरितं यन्मे दुष्टदैत्यनिबर्हणम् ॥२३॥

મારી ઉત્પત્તિનું કીર્તન ભૂતોથી રક્ષા કરનારું છે. મારું યુદ્ધમાંનું ચરિત્ર દુષ્ટ દૈત્યોનો સંહાર લાવનારું છે. ૨૩

तस्मिञ्छ्रुते वरिकृतं भयं पुंसां न जायते । युष्माभिः स्तुतयो याश्च याश्च ब्रह्मर्षिभिः कृताः ॥२४॥
ब्रह्मणा च कृतास्तास्तु प्रयच्छन्ति शुभां मतिम् । अरण्ये प्रान्तरे वापि दावाग्निपरिवारितः ॥२५॥
दस्युभिर्वा वृतः शून्ये गृहितो वापि शत्रुभिः । सिंहव्याघ्रानुयातो वा वने वा वनहस्तिभिः ॥२६॥
राज्ञा क्रुद्धेन चाज्ञप्तो वध्यो बन्धगतोऽपि वा । आघूर्णितो वा वातेन स्थितः पोते महार्णवे ॥२७॥
पतत्सु चापि शस्त्रेषु संग्रामे भृशदारुणे । सर्वाबाधासु घोरासु वेदनाभ्यर्दितोऽपि वा ॥२८॥
स्मरन्ममैतच्चरितं नरो मुच्येत सङ्कटात् । मम प्रभावात्सिंहाद्या दस्यवो वैरिणस्तथा ॥ २९॥

CC-0. Mumukshu Bhawan Varanasi Collection. Digitized by eGangotri

दूरादेव पलायन्ते स्मरतश्चरितं मम ॥ ३० ॥

એનું શ્રવણ કરનાર મનુષ્યને શત્રુનો ભય થતો નથી. હે દેવો! તમે જે સ્તુતિઓ કરી છે, વળી જે સ્તુતિઓ બ્રહ્મર્ષિઓએ કરી છે, તેમ જ બ્રહ્માએ જે સ્તુતિઓ કરી છે, તે સર્વ શુભ મતિ આપનારી છે. કોઈ મનુષ્ય અરણ્યમાં દાવાગ્નિથી ઘેરાયેલો હોય, નિર્જન સ્થાનમાં ચોરડાકુઓથી ઝડપાયો હોય, શત્રુઓએ તેને પકડ્યો હોય, વનમાં સિંહ તથા વાઘ તેની પાછળ પડ્યા હોય, જંગલી હાથીઓએ એનો પીછો લીધો હોય, રાજાએ કોપમાં આવીને તેને દેહાંતની શિક્ષા ફરમાવી હોય, તેને બંધનમાં લઈ જવાતો હોય, મહાસમુદ્રમાં હોડીમાં બેઠો હોય ત્યારે પવન તેને હચમચાવી મૂકતો હોય, અથવા મહાભીષણ સંગ્રામમાં તેના ઉપર શસ્ત્રોની ઝડી વરસતી હોય–આમ સર્વ ભયંકર પીડાઓ તેના ઉપર આવી ઊતરી હોય અને એ વેદનાથી ત્રાસી રહ્યો હોય, ત્યારે તે મનુષ્ય મારા આ ચરિત્રનું સ્મરણ કરે, તો તે તરત જ સર્વ સંકટોમાંથી મુક્તિ પામે. મારું ચરિત્ર સ્મરવામાં આવે એટલે મારા પ્રભાવથી સિંહાદિ પશુઓ, ચોરલૂંટારાઓ અને શત્રુઓ એ સર્વ દૂરદૂર પલાયન થઈ જાય. ૨૪–૩૦

ऋषिरुवाच ॥ ३१ ॥ ઋષિ બોલ્યા :

इत्युक्त्वा सा भगवती चण्डिका चण्डविक्रमा ॥ ३२ ॥
पश्यतां सर्वदेवानां[1] तत्रैवान्तरधीयत । तेऽपि देवा निरातङ्काः स्वाधिकारान् यथा पुरा ॥३३॥

१. पा० पश्यतामेव देवानां ।

CC-0. Mumukshu Bhawan Varanasi Collection. Digitized by eGangotri

यज्ञभागभुजः सर्वे चक्रुर्विनिहतारयः। दैत्याश्च देव्या निहते शुम्भे देवरिपौ युधि ॥ ३४ ॥
जगद्विध्वंसिनि तस्मिन् महोग्रेऽतुलविक्रमे। निशुम्भे च महावीर्ये शेषाः पातालमाययुः ॥३५॥

આમ કહીને પ્રચંડપરાક્રમી તે ભગવતી ચંડિકા સર્વ દેવોના દેખતાં જ ત્યાં ને ત્યાં અંતર્ધાન થઈ ગયાં. તે દેવો પણ પોતાના શત્રુઓ હણાઈ જવાથી પીડા-મુક્ત થયા; તે સર્વ પૂર્વની જેમ પોતપોતાના અધિકારો પાળવા લાગ્યા, તેમ જ યજ્ઞના ભાગનો ઉપયોગ કરવા મંડ્યા. જગતનો વિનાશ કરનારા, મહાભયંકર અને અતુલ પરાક્રમી એવા દેવરિપુ શુંભને તથા મહાવીર્યવાન નિશુંભને દેવીએ યુદ્ધમાં હણી નાખ્યા એટલે બાકીના દૈત્યો પાતાળમાં ચાલ્યા ગયા. ૩૨–૩૫

एवं भगवती देवी सा नित्यापि पुनः पुनः। सम्भूय कुरुते भूप जगतः परिपालनम् ॥ ३६ ॥

આ પ્રમાણે હે રાજા! એ ભગવતી દેવી ફરીફરીને પ્રકટ થઈ જગતનું પરિપાલન કરે છે. ૩૬

तयैतन्मोह्यते विश्वं सैव विश्वं प्रसूयते। सा याचिता च विज्ञानं तुष्टा ऋद्धिं प्रयच्छति ॥३७॥

તે જ આ વિશ્વને મોહિત કરે છે, તે જ આ વિશ્વને જન્મ આપે છે અને તે જ પ્રાર્થનાથી સંતુષ્ટ થઈને ઋદ્ધિ તથા વિજ્ઞાન આપે છે. ૩૭

व्याप्तं तयैतत्सकलं ब्रह्माण्डं मनुजेश्वर। महादेव्या महाकाले महामारीस्वरूपया ॥ ३८ ॥

હે માનવનાથ! મહાપ્રલયને સમયે એ જ મહામારીસ્વરૂપ છે અને એ જ મહાકાલી આ સકલ બ્રહ્માંડમાં વ્યાપીને રહે છે. ૩૮

CC-0. Mumukshu Bhawan Varanasi Collection. Digitized by eGangotri

सैव काले महामारी सैव सृष्टिर्भवत्यजा । स्थितिं करोति भूतानां सैव काले सनातनी ॥३९॥

કાળેકાળે મહામારી થાય છે અને છતાં એ જ અજન્મા આ સૃષ્ટિ પ્રકટે છે, એ સનાતની દેવી કાળેકાળે સર્વ ભૂતોની રક્ષા કરે છે. ૩૯

भवकाले नृणां सैव लक्ष्मीवृद्धिप्रदा गृहे । सैवाभावे तथा लक्ष्मीर्विनाशायोपजायते ॥ ४०॥

મનુષ્યોની ચડતીના સમયે એ જ દેવી ઘરમાં લક્ષ્મીરૂપે રહી વૃદ્ધિ આપે છે અને પડતીના સમયે એ જ દરિદ્રતારૂપે થઈ વિનાશ લાવે છે. ૪૦

स्तुता सम्पूजिता पुष्पैर्धूपगन्धादिभिस्तथा । ददाति वित्तं पुत्रांश्च मतिं धर्मे तथा[1] शुभाम् ॥४१॥

પુષ્પ, ધૂપ તથા ગંધ આદિથી એની સારે પ્રકારે પૂજા કરી એનું સ્તવન કરવામાં આવે છે, તો એ ધન, પુત્રો, તેમ જ ધર્મમાં શુભ મતિ આપે છે. ૪૧

श्रीमार्कण्डेयपुराणे सावर्णिके मन्वन्तरे देवीमाहात्म्ये फलस्तुतिर्नाम द्वादशोऽध्यायः ॥ १२ ॥

उवाच २, अर्धश्लोकौ २, श्लोकाः ३७, एवम् ४१, एवमादितः ६७१ ॥

શ્રીમાર્કણ્ડેયપુરાણે, સાવર્ણિક મન્વન્તરે દેવીમાહાત્મ્યે
ફલસ્તુતિ નામનો બારમો અધ્યાય

---

१. पा० गतिं ।

CC-0. Mumukshu Bhawan Varanasi Collection. Digitized by eGangotri

અધ્યાય ૧૩ મો

સુરથ અને વૈશ્યને વરદાન

ધ્યાનમ્ । ધ્યાન

ॐ बालार्कमण्डलाभासां चतुर्बाहुं त्रिलोचनाम् । पाशाङ्कुशवराभीतिर्धारयन्तीं शिवां भजे ॥

હું શિવાદેવીનું ધ્યાન ધરું છું. બાલસૂર્યના મંડળ જેવી એની કાંતિ છે. એને ચાર બાહુ છે અને ત્રણ લોચન છે. એણે હાથમાં પાશ, અંકુશ, વર અને અભયની મુદ્રા ધારણ કર્યાં છે.

ऋषिरुवाच ॥ १ ॥ ઋષિ બોલ્યા :

'ॐ' एतत्ते कथितं भूप देवीमाहात्म्यमुत्तमम् ॥ २ ॥

ॐ હે રાજન્! એ પ્રમાણે મેં તમને દેવીનું ઉત્તમ માહાત્મ્ય કહી સંભળાવ્યું છે. ૨

एवंप्रभावा सा देवी ययेदं धार्यते जगत् । विद्या तथैव क्रियते भगवद्विष्णुमायया ॥३॥
तया त्वमेष वैश्यश्च तथैवान्ये विवेकिनः । मोह्यन्ते मोहिताश्चैव मोहमेष्यन्ति चापरे ॥४॥

આ જગતને જે ધારણ કરે છે, તે દેવીનો આવો પ્રભાવ છે. એ જ વિદ્યા–જ્ઞાન કરનારી છે. તમે, આ વૈશ્ય અને બીજા અનેક વિવેકી જનો ભગવાન વિષ્ણુની આ માયાદેવીથી જ મોહ પામશો. ૩,૪

तामुपैहि महाराज शरणं परमेश्वरीम् । आराधिता सैव नृणां भोगस्वर्गापवर्गदा ॥५॥

CC-0. Mumukshu Bhawan Varanasi Collection. Digitized by eGangotri

એ પરમેશ્વરીને શરણે જાઓ તેથી હે મહારાજ! તમે એની આરાધના થતાં, એ મનુષ્યોને ભોગ, સ્વર્ગ તેમ જ મોક્ષ આપે છે. ૫

मार्कण्डेय उवाच ॥ ६ ॥ માર્કણ્ડેય બોલ્યા :

इति तस्य वचः श्रुत्वा सुरथः स नराधिपः । प्रणिपत्य महाभागं तमृषिं शंसितव्रतम् ॥७॥

તેમનાં આ વચનો સાંભળીને તે નરપતિ સુરથે ઉત્તમ વ્રતવાળા એ મહાભાગ્યવેત્તા ઋષિને પ્રણામ કર્યા. ૭

निर्विण्णोऽतिममत्वेन राज्यापहरणेन च । जगाम सद्यस्तपसे स च वैश्यो महामुने ॥८॥

અત્યાર સુધી તે રાજા અતિ મમત્વને લીધે તેમ જ રાજ્ય ખૂંચવાઈ જવાથી અતિશય ખેદ પામી રહ્યો હતો. હે મહામુનિ! હવે તે રાજા તથા તે વૈશ્ય તરત જ તપ માટે નીકળી પડ્યા. ૮

संदर्शनार्थमम्बाया नदीपुलिनसंस्थितः । स च वैश्यस्तपस्तेपे देवीसूक्तं परं जपन् ॥ ९ ॥

અંબાનાં દર્શન માટે તેમણે નદીના તટ ઉપર આસન કર્યું. ત્યાં તે વૈશ્ય પરમ દેવીસૂક્તનો જપ કરતો રહ્યો અને તપ કરવા લાગ્યો. ૯

तौ तस्मिन् पुलिने देव्याः कृत्वा मूर्तिं महीमयीम् । अर्हणां चक्रतुस्तस्याः पुष्पधूपाग्नितर्पणैः ॥
निराहारौ यतात्मानौ[1] तन्मनस्कौ समाहितौ । ददतुस्तौ बलिं चैव निजगात्रासृगुक्षितम् ॥११

બન્નેએ એ તટ ઉપર દેવીની માટીની મૂર્તિ કરી. અને પુષ્પ, ધૂપ તથા હવનથી

---

૧. પા૦ યતાહારૌ ।

CC-0. Mumukshu Bhawan Varanasi Collection. Digitized by eGangotri

તે મૂર્તિની તેઓ પૂજા કરવા લાગ્યા. બન્ને જણે આહારને નિયમિત કર્યો, પછી આહાર સમૂળગો બંધ કર્યો. બન્નેએ એકાગ્ર ચિત્તે ચિંતન કરવા માંડયું. તેઓ પોતાના લોહીથી છાંટેલા બલિ આપતા હતા. ૧૦,૧૧

एवं समाराधयतोस्त्रिभिर्वर्षैर्यतात्मनोः । परितुष्टा जगद्धात्री प्रत्यक्षं प्राह चण्डिका ॥ १२ ॥

આમ ચિત્તને સંયમમાં રાખી તેમણે ત્રણ વર્ષ સુધી આરાધના કરી. ત્યારે જગદ્ધાત્રી ચંડિકા પ્રસન્ન થયાં અને પ્રત્યક્ષ થઈ આ વચનો બોલ્યાં. ૧૨

देव्युवाच ॥ १३ ॥ દેવી બોલ્યાં :

यत्प्रार्थ्यते त्वया भूप त्वया च कुलनन्दन । मत्तस्तत्प्राप्यतां सर्वं परितुष्टा ददामि ते ॥ १४ ॥

હે રાજા! હે કુલનંદન વૈશ્ય! તમને જે કાંઈ ઇચ્છા હોય, તે મારી પાસે માગી લો. હું પરમસંતુષ્ટ થઈ છું. તમને સૌ કંઈ આપીશ. ૧૪

मार्कण्डेय उवाच ॥ १५ ॥ માર્કંડેય બોલ્યા :

ततो वव्रे नृपो राज्यमविभ्रंश्यन्यजन्मनि । अत्रैव च निजं राज्यं हतशत्रुबलं बलात् । १६ ॥

ત્યારે રાજાએ બીજા જન્મમાં અચલ રાજ્ય માગ્યું, તેમ જ આ જન્મમાં શત્રુઓની સેનાઓનો બળપૂર્વક નાશ થઈ પોતાનું રાજ્ય પાછું મળે એવું માગ્યું. ૧૬

सोऽपि वैश्यस्ततो ज्ञानं वव्रे निर्विण्णमानसः । ममेत्यहमिति प्राज्ञः सङ्गविच्युतिकारकम् ॥ १७ ॥

પેલા વૈશ્યનું ચિત્ત સંસારથી વિરક્ત થઈ ગયું હતું અને તે પ્રકૃષ્ટ જ્ઞાની હતો; એટલે તેણે તો મમત્વ અને અહંતારૂપી આસક્તિમાંથી છોડાવનારું જ્ઞાન જ માગ્યું. ૧૭

CC-0. Mumukshu Bhawan Varanasi Collection. Digitized by eGangotri

देव्युवाच ॥ १८ ॥ દેવી બોલ્યાં :

स्वल्पैरहोभिर्नृपते स्वं राज्यं प्राप्स्यते भवान् ॥ १९ ॥

હે રાજા ! થોડા જ દિવસમાં તને તારું રાજ્ય પાછું મળશે. ૧૯

हत्वा रिपूनस्खलितं तव तत्र भविष्यति ॥ २० ॥

શત્રુઓને હણીને તારું તે રાજ્ય અસ્ખલિત રહેશે. ૨૦

मृतश्च भूयः सम्प्राप्य जन्म देवाद्विवस्वतः ॥ २१ ॥
सावर्णिको मनुर्नाम भवान् भुवि भविष्यति ॥ २२ ॥

વળી મૃત્યુ પછી ભગવાન વિવસ્વાન(સૂર્ય)ના અંશથી તારો જન્મ થશે અને પૃથ્વી ઉપર સાવર્ણિક મનુને નામે તું પ્રસિદ્ધ થશે. ૨૧,૨૨

वैश्यवर्य त्वया यश्च वरोऽस्मत्तोऽभिवांछितः ॥ २३ ॥
तं प्रयच्छामि संसिद्ध्यै तव ज्ञानं भविष्यति ॥ २४ ॥

હે વૈશ્યવર ! તેં મારી પાસે જે વરદાન ઇચ્છ્યું છે, તે હું તને આપું છું. તને મોક્ષની સંસિદ્ધિ માટે જ્ઞાન લાધશે. ૨૩,૨૪

मार्कण्डेय उवाच ॥ २५ ॥ માર્કંડેય બોલ્યા :

इति दत्त्वा तयोर्देवी यथाभिलषितं वरम् । बभूवान्तर्हिता सद्यो भक्त्या ताभ्यामभिष्टुता ॥ २६ ॥

આ પ્રમાણે દેવીએ તે બન્નેને ઇચ્છિત વરદાન આપ્યાં. ૨૬

CC-0. Mumukshu Bhawan Varanasi Collection. Digitized by eGangotri

एवं देव्या वरं लब्ध्वा सुरथः क्षत्रियर्षभः। सूर्याज्जन्म समासाद्य सावर्णिर्भविता मनुः ॥२७॥
(पुनः) इति दत्त्वा तयोर्देवी० ॥२८॥ एवं देव्या वरं लब्ध्वा सुरथः क्षत्रियर्षभः ॥२८॥
सूर्याज्जन्म समासाद्य सावर्णिर्भविता मनुः ॥२९॥ क्लींॐ

પછી તેમણે તેમની ભક્તિપૂર્વક સ્તુતિ કરી, એટલે તે તુરત જ અંતર્ધાન થઈ ગયાં. આમ દેવીનું વરદાન મેળવીને તે ક્ષત્રિયશ્રેષ્ઠ સુરથ સૂર્યથી જન્મ પામીને સાવર્ણિક મનુ થશે. ૨૭–૨૯

क्लींॐ श्रीमार्कण्डेयपुराणे सावर्णिके मन्वन्तरे देवीमाहात्म्ये सुरथ–वैश्ययोर्वरप्रदानं नाम त्रयोदशोऽध्यायः ॥१३॥

उवाच ६, अर्द्धश्लोकाः ७, श्लोकाः १६, एवम् २९, एवमादितः ७०० ॥

समस्ता उवाचमन्त्राः ५७, अर्धश्लोकाः ४२, श्लोकाः ५३५ अवदानानि ॥ ६६॥

શ્રીમાર્કંડેયપુરાણે, સાવર્ણિક મન્વન્તરે, દેવીમાહાત્મ્યે,
સુરથ અને વૈશ્યને વરદાન નામનો ૧૩ મો અધ્યાય

CC-0. Mumukshu Bhawan Varanasi Collection. Digitized by eGangotri

[આ પ્રકારે સપ્તશતીનો પાઠ પૂરો થાય, એટલે નીચે જણાવ્યા પ્રમાણે ઉત્તરન્યાસ કરી ધ્યાન કરવું:]

अथ उत्तरन्यासाः ॥ અથ ઉત્તરન્યાસ

ॐ ह्रींहृदयाय नमः। ॐ चंशिरसे स्वाहा। ॐ डिंशिखायै वषट्। ॐ कांकवचाय हुं। ॐ यैंनेत्रत्रयाय वौषट्। ॐ ह्रींचंडिकायै अस्त्राय फट्॥ खड्गिनी शूलिनी घोरा०× हृदयाय नमः। शूलेन पाहि नो देवि० शिरसे स्वाहा। प्राच्यां रक्ष प्रतीच्यां च० शिखायै वषट्। सौम्यानि यानि रूपाणि० कवचाय हुं। खड्गशूलगदादीनि० नेत्रत्रयाय वौषट्। सर्वस्वरूपे सर्वेशे० अस्त्राय फट्॥

ध्यानम् ॥ ધ્યાન

विद्युद्यामसमप्रभां मृगपतिस्कंधस्थितां भीषणां।
कन्याभिः करवालखेटविलसद्धस्ताभिरासेविताम्॥
हस्तैश्चक्रदरालिखेटविशिखांश्चापं गुणं तर्जनीं।
बिभ्राणामनलात्मिका शशिधरां दुर्गां त्रिनेत्रां भजे*॥

× આ શ્લોકો આગળ જણાવ્યા પ્રમાણે પૂરા બોલીને જ ન્યાસ કરવા.
* અર્થ આગળ આપ્યો છે.

CC-0. Mumukshu Bhawan Varanasi Collection. Digitized by eGangotri

ऋग्वेदोक्तं देवीसूक्तम् ॥ ઋગ્વેદોક્ત દેવીસૂક્ત×

ॐ अहं रुद्रेभिरित्यष्टर्चस्य सूक्तस्य वागाम्भृणी ऋषिः, सच्चित्सुखात्मकः सर्वगतः परमात्मा देवता, द्वितीयाया ऋचो जगती छन्दः, शिष्टानां त्रिष्टुप् छन्दः, देवीमाहात्म्य-पाठे विनियोगः।

ॐ अहम्रुद्रेभिरिति આઠ ઋચાના સૂક્તના વાગામ્ભૃણી ઋષિ છે, સચ્ચિત્સુખાત્મક સર્વગત પરમાત્મા દેવતા છે, બીજી ઋચાનો જગતી છંદ છે, બાકીનાનો ત્રિષ્ટુપ છંદ છે. દેવીમાહાત્મ્યના પાઠમાં વિનિયોગ.

પછી નીચેના રૂપનું ધ્યાન કરવું :

ध्यानम् ॥ ધ્યાન

ॐसिंहस्था शशिशेखरा मरकतप्रख्यैश्चतुर्भिर्भुजैः।
शङ्खं चक्रधनुःशरांश्च दधती नेत्रैस्त्रिभिः शोभिता ॥
आमुक्ताङ्गदहारकङ्कणरणत्काञ्चीरणन्नूपुरा।
दुर्गा दुर्गतिहारिणी भवतु नो रत्नोल्लसत्कुण्डला ॥

ભગવતી દુર્ગા અમારી દુર્ગતિને હરનારી થાઓ. તે સિંહ ઉપર બિરાજેલી છે. તેણે ચંદ્રનો મુકુટ પહેર્યો છે. તેણે મરતકમણિ જેવા ચાર હાથોમાં શંખ, ચક્ર,

× આ દેવીસૂક્તના આઠ મંત્રો ઋગ્વેદના દશમા મંડળના દશમા અધ્યાયના ૧૨૫મા સૂક્તમાં આઠ ઋચાઓ છે.

CC-0. Mumukshu Bhawan Varanasi Collection. Digitized by eGangotri

ધનુષ્ય અને બાણ ધારણ કર્યાં છે. તે ત્રણ નેત્રોથી શોભી રહી છે. તેના અંગ ઉપર મોતી, બાજુબંધ, હાર, કંકણ, રણકતો કંદોરો અને ઝમઝૂમ થતાં ઝાંઝરો છે. તેના કાનમાં રત્નકુંડળ ઝળહળી રહ્યાં છે.

પછી નીચેના વેદોક્ત દેવીસૂક્તનો પાઠ કરવો :

ॐ अहं रुद्रेभिर्वसुभिश्चराम्येहमादितैरुत विश्वदेवैः ।
अहं मित्रावरुणोभा विभर्म्यहमिन्द्राग्नी अहमश्विनोभा* ॥ १ ॥

હું સચ્ચિદાનંદમયી સર્વાત્મા દેવી રુદ્રો સાથે, વસુઓ સાથે, આદિત્યો સાથે તેમ જ વિશ્વદેવો સાથે તે તે રૂપોમાં વિચરું છું. મિત્રને અને વરુણને, ઇંદ્રને અને અગ્નિ, તેમ જ બન્ને અશ્વિનીકુમારોને હું ધારણ કરું છું. ૧

अहं सोममाहनसं विभर्म्यहं त्वष्टारमुत पूषणं भगम् ।
अहं दधामि द्रविणं हविष्मते सुप्राव्ये यजमानाय सुन्वते ॥ २ ॥

શત્રુઓનો નાશ કરનાર આકાશચારી સોમને, ત્વષ્ટા પ્રજાપતિને, પૂષાને અને ભગને હું ધારણ કરું છું. હવિષ્યથી સંપન્ન હોઈ જે દેવતાઓને ઉત્તમ હવિષ્ય અપાવે છે અને એમને જે સોમરસ દ્વારા તૃપ્ત કરે છે, તે યજમાનને હું જ ઉત્તમ યજ્ઞફળ અને ધનદાન આપું છું. ૨

---

* મહર્ષિ અમ્ભૃણ કન્યા વાક્ પ્રખર બ્રહ્મજ્ઞાની હતી. તેણે દેવી સાથે અભિન્નતા મેળવી હતી. આ તેના ઉદ્ગારો છે.

CC-0. Mumukshu Bhawan Varanasi Collection. Digitized by eGangotri

अहं राष्ट्री संगमनी वसूनां चिकितुषी प्रथमा यज्ञियानाम् ।
तां मा देवा व्यदधुः पुरुत्रा भूरिस्थात्रां भूर्य्यावेशयन्तीम् ॥ ३॥

સકળ રાષ્ટ્રની હું અધીશ્વરી છું. હું જ ઉપાસકોને ધનપ્રાપ્તિ કરાવું છું. હું સાક્ષાત્કાર યોગ્ય પરબ્રહ્મથી પોતાને અભિન્ન જાણું છું. પૂજનીય દેવોમાં હું પ્રથમ છું. પ્રપંચરૂપે હું અનેક ભાવોમાં રહી છું. સર્વ ભૂતોમાં મારો પ્રવેશ છે. અનેક સ્થાનોમાં રહેવાવાળા દેવો જ્યાં ને જે કાંઈ કરે છે, ત્યાં ને તે કાંઈ સર્વ મારે માટે જ કરે છે.

मया सो अन्नमत्ति यो विपश्यति यः प्राणिति य ईं शृणोत्युक्तम् ।
अमन्तवो मां त उपक्षियन्ति श्रुधिश्रुतश्रद्धिवं ते वदामि ॥ ४॥

જે અન્ન ખાય છે, તે મારાથી ખાય છે. જે દેખે છે, જે શ્વાસ લે છે, જે સાંભળે છે, તે બધું મારાથી જ થાય છે. જેઓ મને આ પ્રમાણે માનતા નથી, તેઓ હીન દશા પામે છે, હે બહુશ્રુત ! હું તને શ્રદ્ધાથી પ્રાપ્ત થનારા બ્રહ્મતત્ત્વનો ઉપદેશ આપું છું. તું સાંભળ. ૪

अहमेव स्वयमिदं वदामि जुष्टं देवेभिरुत मानुषेभिः ।
यं कामये तं तमुग्रं कृणोमि तं ब्रह्माणं तमृषिं तं सुमेधाम् ॥ ५॥

દેવો અને મનુષ્યોથી સેવાયેલા એ દુર્લભ તત્ત્વને હું પોતે જ વર્ણવું છું. હું જેને રક્ષવા ચાહું છું, તેને અધિક શક્તિશાળી બનાવું છું; તેને બ્રહ્મા, પરોક્ષજ્ઞાન-સંપન્ન ઋષિ તેમ જ ઉત્તમ મેધાવી બનાવું છું. ૫

CC-0. Mumukshu Bhawan Varanasi Collection. Digitized by eGangotri

अहं रुद्राय धनुरातनोमि ब्रह्मद्विषे शरवे हन्तवा उ
अहं जनाय समदं कृणोम्यहं द्यावापृथिवी आविवेश ॥ ६ ॥

બ્રહ્મદ્વેષીઓને હણવા સારુ હું જ રુદ્રને ધનુષ્ય ચડાવડાવું છું. શરણાગતજનોની રક્ષા સારુ હું જ શત્રુઓ સાથે યુદ્ધ કરું છું. આકાશ અને પૃથ્વીમાં હું જ વ્યાપીને રહી છું. ૬

अहं सुवे पितरमस्य मूर्द्धन्मम योनिरप्स्वन्तः समुद्रे ।
ततो वितिष्ठे भुवनानि विश्वोतामूं द्यां वर्ष्मणोपस्पृशामि ॥ ७ ॥

આ જગતના પિતારૂપ આકાશને હું જ સર્વાધિષ્ઠાનરૂપ પરમાત્માની ઉપર ઉત્પન્ન કરું છું. સમુદ્ર(સંપૂર્ણ ભૂતોનું ઉત્પત્તિસ્થાન પરમાત્મા)માં તેમ જ જલ(બુદ્ધિની વ્યાપક ઇંદ્રિયો)માં મારું કારણ (કારણસ્વરૂપ ચૈતન્ય બ્રહ્મ) રહેલું છે. આથી હું સમસ્ત ભુવનોમાં વ્યાપ્ત છું અને સ્વર્ગલોકને પણ હું મારા શરીરથી સ્પર્શું છું. ૭

अहमेव वात इव प्रवाम्यारभमाणा भुवनानि विश्वा ।
परो दिवा पर एना पृथिव्यैतावती महिना संबभूव ॥ ८ ॥

કારણરૂપે હું જ્યારે વિશ્વની રચના આરંભું છું. ત્યારે હું સ્વયં વાયુની જેમ વાઉં છું. હું સ્વેચ્છાએ કર્મમાં પ્રવૃત્ત થાઉં છું. આકાશ અને પૃથ્વી એ બંનેથી હું પર છું. મારા પોતાના મહિમાથી હું આવી છું. ૮

CC-0. Mumukshu Bhawan Varanasi Collection. Digitized by eGangotri

अथ तन्त्रोक्तं देवीसूक्तम् ॥ અથ તન્ત્રોક્ત દેવીસૂક્ત×

नमो देव्यै महादेव्यै शिवायै सततं नमः । नमः प्रकृत्यै भद्रायै नियताः प्रणताः स्म ताम् ॥१॥
रौद्रायै नमो नित्यायै गौर्यै धात्र्यै नमो नमः। ज्योत्स्नायै चेन्दुरूपिण्यै सुखायै सततं नमः ॥२॥
कल्याण्यै प्रणतां वृद्ध्यै सिद्ध्यै कुर्मो नमो नमः । नैर्ऋत्यै भूभृतां लक्ष्म्यै शर्वाण्यै ते नमो नमः ॥३॥
दुर्गायै दुर्गपारायै सारायै सर्वकारिण्यै । ख्यात्यै तथैव कृष्णायै धूम्रायै सततं नमः ॥४॥
अतिसौम्यातिरौद्रायै नतास्तस्यै नमो नमः । नम जगत्प्रतिष्ठायै देव्यै कृत्यै नमो नमः ॥५॥
या देवी सर्वभूतेषु विष्णुमायेति शब्दिता । नमस्तस्यै नमस्तस्यै नमस्तस्यै नमो नमः ॥६॥
या देवी सर्वभूतेषु चेतनेत्यभिधीयते । नमस्तस्यै नमस्तस्यै नमस्तस्यै नमो नमः ॥७॥
या देवी सर्वभूतेषु बुद्धिरूपेण संस्थिता । नमस्तस्यै नमस्तस्यै नमस्तस्यै नमो नमः ॥८॥
या देवी सर्वभूतेषु निद्रारूपेण संस्थिता । नमस्तस्यै नमस्तस्यै नमस्तस्यै नमो नमः ॥९॥
या देवी सर्वभूतेषु क्षुधारूपेण संस्थिता । नमस्तस्यै नमस्तस्यै नमस्तस्यै नमो नमः ॥१०॥
या देवी सर्वभूतेषु छायारूपेण संस्थिता । नमस्तस्यै नमस्तस्यै नमस्तस्यै नमो नमः ॥११॥
या देवी सर्वभूतेषु शक्तिरूपेण संस्थिता । नमस्तस्यै नमस्तस्यै नमस्तस्यै नमो नमः ॥१२॥
या देवी सर्वभूतेषु तृष्णारूपेण संस्थिता । नमस्तस्यै नमस्तस्यै नमस्तस्यै नमो नमः ॥१३॥
या देवी सर्वभूतेषु क्षान्तिरूपेण संस्थिता । नमस्तस्यै नमस्तस्यै नमस्तस्यै नमो नमः ॥१४॥
या देवी सर्वभूतेषु जातिरूपेण संस्थिता । नमस्तस्यै नमस्तस्यै नमस्तस्यै नमो नमः ॥१५॥
या देवी सर्वभूतेषु लज्जारूपेण संस्थिता । नमस्तस्यै नमस्तस्यै नमस्तस्यै नमो नमः ॥१६॥

× અર્થ પાંચમા અધ્યાયમાં આપ્યા છે.

CC-0. Mumukshu Bhawan Varanasi Collection. Digitized by eGangotri

या देवी सर्वभूतेषु शान्तिरूपेण संस्थिता । नमस्तस्यै नमस्तस्यै नमस्तस्यै नमो नमः ॥१७॥
या देवी सर्वभूतेषु श्रद्धारूपेण संस्थिता । नमस्तस्यै नमस्तस्यै नमस्तस्यै नमो नमः ॥१८॥
या देवी सर्वभूतेषु कान्तिरूपेण संस्थिता । नमस्तस्यै नमस्तस्यै नमस्तस्यै नमो नमः ॥१९॥
या देवी सर्वभूतेषु लक्ष्मीरूपेण संस्थिता । नमस्तस्यै नमस्तस्यै नमस्तस्यै नमो नमः ॥२०॥
या देवी सर्वभूतेषु वृत्तिरूपेण संस्थिता । नमस्तस्यै नमस्तस्यै नमस्तस्यै नमो नमः ॥२१॥
या देवी सर्वभूतेषु स्मृतिरूपेण संस्थिता । नमस्तस्यै नमस्तस्यै नमस्तस्यै नमो नमः ॥२२॥
या देवी सर्वभूतेषु दयारूपेण संस्थिता । नमस्तस्यै नमस्तस्यै नमस्तस्यै नमो नमः ॥२३॥
या देवी सर्वभूतेषु तुष्टिरूपेण संस्थिता । नमस्तस्यै नमस्तस्यै नमस्तस्यै नमो नमः ॥२४॥
या देवी सर्वभूतेषु मातृरूपेण संस्थिता । नमस्तस्यै नमस्तस्यै नमस्तस्यै नमो नमः ॥२५॥
या देवी सर्वभूतेषु भ्रान्तिरूपेण संस्थिता । नमस्तस्यै नमस्तस्यै नमस्तस्यै नमो नमः ॥२६॥
इन्द्रियाणामधिष्ठात्री भूतानां चाखिलेषु या । भूतेषु सततं तस्यै व्याप्त्यै देव्यै नमो नमः ॥२७॥
चितिरूपेण या कृत्स्नमेतद्व्याप्य स्थिता जगत् । नमस्तस्यै नमस्तस्यै नमस्तस्यै नमो नमः ॥२८॥

स्तुता सुरैः पूर्वमभीष्टसंश्रयात्तथा सुरेन्द्रेण दिनेषु सेविता ।
करोतु सा नः शुभहेतुरीश्वरी शुभानि भद्राण्यभिहन्तु चापदः ॥ २९ ॥
या साम्प्रतं चोद्धतदैत्यतापितैरस्माभिरीशा च सुरैर्नमस्यते ।
या च स्मृता तत्क्षणमेव हन्ति नः सर्वापदो भक्तिविनम्रमूर्तिभिः ॥ ३० ॥

देवीसूक्तम् ।

આ પ્રમાણે દેવીસૂક્તનો પાઠ કર્યા પછી ષડંગન્યાસ કરી ૧૦૮ નવાર્ણમંત્રનો જપ

CC-0. Mumukshu Bhawan Varanasi Collection. Digitized by eGangotri

કરવો. ત્યાર બાદ ષડંગન્યાસ કરીને–

गुह्यातिगुह्यगोप्त्री त्वं गृहाणास्मत्कृतं जपम् । सिद्धिर्भवतु मे देवि त्वत्प्रसादान्महेश्वरि ॥ १ ॥

તું ગુહ્યમાં ગુહ્યનું પણ ગોપન કરનારી છે. તું અમે કરેલા જપને સ્વીકાર. હે દેવિ મહેશ્વરિ! તારી કૃપાથી મને સિદ્ધિ મળો. ૧

આ પ્રમાણે બોલી દેવીના ડાબા હાથમાં જપનું નિવેદન કરવું.

પછીથી 'પ્રાધાનિક' આદિ ત્રણે રહસ્યોનો પાઠ કરવો.

अथ प्राधानिकं रहस्यम् । અથ પ્રાધાનિક રહસ્ય

ॐ अस्य श्रीसप्तशतीरहस्यत्रयस्य ब्रह्मविष्णुरुद्रा ऋषयः, महाकालीमहालक्ष्मीमहासरस्वत्यो देवताः, अनुष्टुप्छन्दः, नवदुर्गामहालक्ष्मीर्बीजं, श्री शक्तिः, ममाभीष्टफलसिद्धये सप्तशतीपाठान्ते जपे विनियोगः।

ૐ શ્રી સપ્તશતીનાં આ ત્રણે રહસ્યોના બ્રહ્મા, વિષ્ણુ, રુદ્ર દેવતાઓ છે અને મહાકાલી, મહાલક્ષ્મી, મહાસરસ્વતી દેવતા છે. અનુષ્ટુપ છંદ, નવદુર્ગા મહાલક્ષ્મી બીજ અને શ્રી શક્તિ છે. મારી અભીષ્ટ સિદ્ધિને માટે સપ્તશતીના પાઠને અંતે જપમાં વિનિયોગ.

राजोवाच ॥ २६ ॥ રાજા બોલ્યો :

भगवन्नवतारा मे चण्डिकायास्त्वयोदिताः । एतेषां प्रकृतिं ब्रह्मन् प्रधानं वक्तुमर्हसि ॥१॥

હે ભગવન્! તમે મને ચંડિકાના અવતારો વિષે કહ્યું. હે બ્રહ્મન્! હવે તમે એ અવતારોની પ્રધાન પ્રકૃતિ વિશે કહો. ૧

CC-0. Mumukshu Bhawan Varanasi Collection. Digitized by eGangotri

आराध्यं यन्मया देव्याः स्वरूपं येन वै द्विज। विधिना ब्रूहि सकलं यथावत्प्रणतस्य मे॥२॥

હે દ્વિજ! હું તમને પ્રણામ કરું છું. તમે મને કહો, મારે દેવીના કયા સ્વરૂપની આરાધના કરવી? તમે મને આ બધું યથાવત્ કહો. ૨

ऋषिरुवाच ॥ ઋષિ બોલ્યા:

इदं रहस्यं परममनाख्येयं प्रचक्षते। भक्तोऽसीति न मे किञ्चित्तवावाच्यं नराधिप॥३॥

હે નરપતિ! આ રહસ્ય પરમ ગુહ્ય છે. એ કોઈનેય કહેવાય નહિ; પરંતુ તું મારો ભક્ત છે, એટલે તને ન કહેવા જેવું કશુંય નથી. ૩

सर्वस्याद्या महालक्ष्मीस्त्रिगुणा पण्मेश्वरी। लक्ष्यालक्ष्यस्वरूपा सा व्याप्य कृत्स्नं व्यवस्थिता॥४॥

ત્રિગુણમયી પરમેશ્વરી મહાલક્ષ્મી સર્વનું આદિકારણ છે. લક્ષ્ય અને અલક્ષ્ય રૂપવાળી તે સકળ વિશ્વને વ્યાપીને રહી છે. ૪

मातुलिङ्गं गदां खेटं पानपात्रं च बिभ्रती। नागं लिङ्गं च योनिं च बिभ्रती नृप मूर्द्धनि॥५॥

હે રાજા! તે પોતાના ચાર હાથોમાં માતુલિંગ (બિજોરાનું ફળ), ગદા, ઢાલ અને પાનપાત્ર ધારણ કરે છે. મસ્તક ઉપર તે નાગ, લિંગ અને યોનિ ધારણ કરે છે. ૫

तप्तकाञ्चनवर्णाभा तप्तकाञ्चनभूषणा। शून्यं तदखिलं स्वेन पूरयामास तेजसा॥६॥

તપેલા સુવર્ણના જેવી તેની અંગકાંતિ છે; તપેલા સુવર્ણનાં તેનાં આભૂષણો છે અને પોતાના તેજથી તેણે આ સર્વ શૂન્યને ભરી દીધું છે. ૬

शून्यं तदखिलं लोकं विलोक्य परमेश्वरी। बभार परमं रूपं तमसा केवलेन हि॥७॥

CC-0. Mumukshu Bhawan Varanasi Collection. Digitized by eGangotri

આ અખિલ લોકને શૂન્ય જોઈને એ પરમેશ્વરીએ કેવળ તમોગુણરૂપ ઉપાધિથી એક પરમ રૂપ ધારણ કર્યું છે. ૭

सा भिन्नाञ्जनसंकाशा दंष्ट्राञ्चितवरानना । विशाललोचना नारी बभूव तनुमध्यमा ॥ ८ ॥

એ રૂપ એક નારીસ્વરૂપે પ્રકટ થયું. તેની શરીરકાંતિ કાલવેલા કાજળ જેવી હતી. તેનું સુંદર મોં દાઢોથી અંકિત થયેલું હતું. તેનાં લોચન વિશાળ હતાં. તેની કમર પાતળી હતી. ૮

खड्गपात्रशिरःखेटैरलंकृतचतुर्भुजा । कबन्धहारं शिरसा बिभ्राणा हि शिरःस्रजम् ॥ ९ ॥

તેના ચાર હાથ ખડ્ગ, પાત્ર, ઢાલ અને કાપેલા મસ્તકથી શોભતા હતા. તેણે છાતી ઉપર ધડની અને માથા ઉપર મુંડની માળાઓ ધારણ કરી હતી. ૯

तां प्रोवाच महालक्ष्मीस्तामसीं प्रमदोत्तमाम् । ददामि तव नामानि यानि कर्माणि तानि ते ॥ १० ॥

ત્યારે સ્ત્રીઓમાં શ્રેષ્ઠ એવી એ તામસીને મહાલક્ષ્મીએ કહ્યું : હું તારાં નામો અને કર્મો કહી બતાવું છું. ૧૦

महामाया महाकाली महामारी क्षुधा तृषा । निद्रा तृष्णा चैकवीरा कालरात्रिर्दुरत्यया ॥ ११ ॥
इमानि तव नामानि प्रतिपाद्यानि कर्मभिः । एभिः कर्माणि ते ज्ञात्वा योऽधीते शाऽश्नुते सुखम् ॥ १२

મહામાયા, મહાકાલી, મહામારી, ક્ષુધા, તૃષા, નિદ્રા, તૃષ્ણા, એકવીરા, કાલરાત્રિ અને દુરત્યયા એ તારાં નામો રહેશે. આ તારાં નામો તારાં કર્મોથી ચરિતાર્થ થશે. જેઓ તારાં કર્મો જાણીને એ નામોનો પાઠ કરશે, તે સુખ પામશે. ૧૧,૧૨

CC-0. Mumukshu Bhawan Varanasi Collection. Digitized by eGangotri

तामित्युक्त्वा महालक्ष्मीः स्वरूपमपरं नृप। सत्त्वाख्येनातिशुद्धेन गुणेनेन्दुप्रभं दधौ ॥ १३॥

હે રાજા! આમ કહી મહાલક્ષ્મીએ અત્યંત શુદ્ધ સત્ત્વગુણથી એક બીજું સ્વરૂપ ધારણ કર્યું. તે સ્વરૂપની કાંતિ ચંદ્ર જેવી હતી. ૧૩

अक्षमालाङ्कुशधरा वीणापुस्तकधारिणी। सा बभूव वरा नारी नामान्यस्ये च सा ददौ ॥१४॥
महाविद्या महावाणी भारती वाक् सरस्वती। आर्या ब्राह्मी कामधेनुर्वेदगर्भा सुरेश्वरी ॥ १५॥

આ સ્વરૂપની શ્રેષ્ઠ નારીએ અક્ષમાળા અને અંકુશ ધારણ કર્યાં હતાં. એના હાથમાં વીણા અને પુસ્તક હતાં. મહાલક્ષ્મીએ એને પણ આ નામો આપ્યાં: મહાવિદ્યા, મહાવાણી, ભારતી, વાક, સરસ્વતી, આર્યા, બ્રાહ્મી, કામધેનુ, વેદગર્ભા અને સુરેશ્વરી. ૧૪,૧૫

अथोवाच महालक्ष्मीर्महाकालीं सरस्वतीम्। युवां जनयतां देव्यौ मिथुने स्वानुरूपतः ॥ १६॥

પછી મહાલક્ષ્મીએ મહાકાલી અને મહાસરસ્વતીને કહ્યું: હે દેવીઓ! તમે પોતપોતાને અનુરૂપ સ્ત્રીપુરુષની જુગલ જોડી ઉત્પન્ન કરો. ૧૬

इत्युक्त्वा ते महालक्ष्मीः ससर्ज मिथुनं स्वयम्। हिरण्यगर्भौ रुचिरौ स्त्रीपुंसौ कमलासनौ ॥ १७॥

આમ કહીને મહાલક્ષ્મીએ પોતે સ્ત્રીપુરુષની એક જોડી ઉત્પન્ન કરી. તે બન્ને સ્ત્રીપુરુષ હિરણ્યગર્ભ (નિર્મળ જ્ઞાનથી સંપન્ન), સુંદર અને કમલાસન પર વિરાજમાન હતાં.

ब्रह्मन् विधे विरिञ्चेति धातरित्याह तं नरम्। श्रीः पद्मे कमले लक्ष्मीत्याह माता च तांस्त्रियम् ॥१८

તેમાંના પુરુષને માતા મહાલક્ષ્મીએ બ્રહ્મન્, વિધિ, વિરંચિ અને ધાતા એવાં

CC-0. Mumukshu Bhawan Varanasi Collection. Digitized by eGangotri

સંબોધન કર્યાં, ત્યારે તેમાંની સ્ત્રીને તેણે શ્રી, કમળા અને લક્ષ્મી એવાં નામો કહ્યાં. ૧૮

महाकाली भारती च मिथुने सृजतः सह। एतयोरपि रूपाणि नामानि च वदामि ते ॥ १९॥

પછી મહાકાલી અને મહાસરસ્વતીએ પણ એક એક સ્ત્રીપુરુષની જોડ સરજી. હું તને તેમનાં નામ અને રૂપ કહી સંભળાવું છું. ૧૯

नीलकण्ठं रक्तबाहुं श्वेताङ्गं चन्द्रशेखरम्। जनयामास पुरुषं महाकाली सितां स्त्रियम् ॥ २०॥

મહાકાલીએ જે પુરુષને જન્મ આપ્યો, તે નીલકંઠ (કંઠે ઉપર લીલા લાંછનવાળો), રક્તબાહુ (લાલ ભુજાવાળો), શ્વેતાંગ (સફેદ અંગવાળો) અને ચંદ્રશેખર (મસ્તક ઉપર ચંદ્રવાળો) હતો. તેણે જે સ્ત્રીને જન્મ આપ્યો તે ગૌરવર્ણા હતી. ૨૦

स रुद्रः शंकरः स्थाणुः कपर्दी च त्रिलोचनः। त्रयी विद्या कामधेनुः सा स्त्री भाषाक्षरा स्वरा ॥ २१
सरस्वती स्त्रियं गौरीं कृष्णं च पुरुषं नृप। जनयामास नामानि तयोरपि वदामि ते ॥ २२॥

આ પુરુષ રુદ્ર, શંકર, સ્થાણુ, કપર્દી અને ત્રિલોચન નામ પામ્યો, તો એ સ્ત્રી ત્રયી, વિદ્યા, કામધેનુ, ભાષા અક્ષરા અને સ્વરા એ નામ પામી. હે રાજન્! મહાસરસ્વતીએ એક ગૌરવર્ણી સ્ત્રી અને એક કૃષ્ણવર્ણો પુરુષ એમ જોડી ઉત્પન્ન કરી. તેમનાં નામ હું તને કહું છું. ૨૧,૨૨

विष्णुः कृष्णो हृषीकेशो वासुदेवो जनार्दनः। उमा गौरी सती चण्डी सुन्दरी सुभगा शिवा ॥२३॥

પુરુષનાં નામ વિષ્ણુ, હૃષીકેશ, વાસુદેવ અને જનાર્દન થયાં, ત્યારે સ્ત્રીનાં નામ ઉમા, ગૌરી, સતી, ચંડી, સુંદરી, સુભગા અને શિવા થયાં. ૨૩

CC-0. Mumukshu Bhawan Varanasi Collection. Digitized by eGangotri

एवं युवतयः सद्यः पुरुषत्वं प्रपेदिरे। चक्षुष्मन्तो नु पश्यन्ति नेतरेऽतद्विदो जनाः ॥ २४ ॥

આ પ્રમાણે એ ત્રણે યુવતીઓ તરત પુરુષત્વને પામી. જ્ઞાનચક્ષુવાળાઓ જ આ જુએ છે; બીજા અજ્ઞાન મનુષ્યો એ જોઈ શકતા નથી. ૨૪

ब्रह्मणे प्रददौ पत्नीं महालक्ष्मीर्नृप त्रयीम्। रुद्राय गौरीं वरदां वासुदेवाय च श्रियम् ॥ २५ ॥

હે રાજા! મહાલક્ષ્મીએ ત્રયી(સરસ્વતી)ને પત્ની તરીકે બ્રહ્માને આપી, વરદા ગૌરીને પત્ની તરીકે રુદ્રને આપી અને શ્રીને પત્ની તરીકે વાસુદેવને આપી. ૨૫

स्वरया सह संभूय विरिञ्चोऽण्डमजीजनत्। बिभेद भगवान् रुद्रस्तद् गौर्या सह वीर्यवान् ॥ २६ ॥

આમ સ્વરા (સરસ્વતી) સાથે જોડાઈને બ્રહ્માએ અંડ(બ્રહ્માંડ)ને જન્મ આપ્યો અને વીર્યવાન ભગવાન રુદ્રે ગૌરીની સાથે જોડાઈ એ બ્રહ્માંડનું ભેદન કર્યું. ૨૬

अण्डमध्ये प्रधानादि कार्यजातमभून्नृप। महाभूतात्मकं सर्वं जगत्स्थावरजङ्गमम् ॥ २७ ॥

હે રાજા! બ્રહ્માંડમાં પ્રધાન (મહત્તત્ત્વ) આદિ કાર્યસમૂહ પંચભૂતાત્મક સમસ્ત સ્થાવરજંગમ જગતરૂપે ઉત્પન્ન થયો. ૨૭

पुपोष पालयामास तल्लक्ष्म्या सह केशवः। महालक्ष्मीरेवमजा राजन् सर्वेश्वरेश्वरी× ॥ २८ ॥

કેશવે લક્ષ્મીની સાથે જોડાઈ એ જગતનું પાલનપોષણ કર્યું. હે રાજન્! આ પ્રમાણે મહાલક્ષ્મી જ છે અને એ જ સર્વની ઈશ્વરી છે. ૨૮

× संजहार जगत्सर्वं सह गौर्या महेश्वरः। મહેશ્વરે ગૌરીની સાથે જોડાઈ એ સર્વ જગતનો સંહાર કર્યો.

CC-0. Mumukshu Bhawan Varanasi Collection. Digitized by eGangotri

निराकारा च साकारा सैव नानाभिधानभृत् । नामान्तरैर्निरूप्यैषा नाम्ना नान्येन केनचित् ॐ ॥२९

એ નિરાકાર છે અને સાકાર રૂપમાં રહીને વિવિધ નામો ધારણ કરે છે. નામાંતરો-(સગુણવાચક સત્ય, જ્ઞાન, ચિત્, મહામાયા આદિ)થી એ મહાલક્ષ્મીનું નિરૂપણ કરવું જોઈએ; કેવળ એક નામ(મહાલક્ષ્મી)થી અથવા અન્ય પ્રત્યક્ષ આદિ પ્રમાણથી એનું વર્ણન થઈ શકે એમ નથી. ૐ ૨૯

(આ પ્રાધાનિક રહસ્યમાં મહાશક્તિ મહાલક્ષ્મીના સ્વરૂપનું પ્રતિપાદન કરવામાં આવ્યું છે. એ રહસ્યમાં જણાવ્યા પ્રમાણે મહાલક્ષ્મી જ સર્વ પ્રપંચો અને અવતારોનું આદિકારણ છે. ત્રણ ગુણોની સામ્યાવસ્થારૂપ પ્રકૃતિ પણ એનાથી જુદી નથી. સ્થૂલ-સૂક્ષ્મ, દૃશ્ય-અદૃશ્ય અથવા વ્યક્ત-અવ્યક્ત એ બધાં એનાં જ સ્વરૂપ છે. એ સર્વ-વ્યાપક છે. અસ્તિ, ભાતિ, પ્રિય, નામરૂપ-સઘળું એ છે. એ સચ્ચિદાનંદમયી પરમેશ્વરી સૂક્ષ્મરૂપે સર્વત્ર વ્યાપેલી છે અને ભક્તો પર અનુગ્રહ કરવા માટે પરમ દિવ્ય ચિન્મય સગુણરૂપે પણ સદા વિરાજે છે. એ નિર્ગુણ સ્વરૂપની કાંતિ તપ્ત કાંચન જેવી છે. એણે માતુલિંગ (કર્મરાશિ), ગદા (ક્રિયાશક્તિ), ખેટ (જ્ઞાનશક્તિ) અને પાનપાત્ર (તુરીયવૃત્તિ) ધારણ કર્યાં છે. નાગ, યોનિ અને લિંગ જે એણે ધાર્યાં છે, તે કાલ, પ્રકૃતિ અને પુરુષનાં સૂચક છે. આમ પ્રકૃતિ, પુરુષ અને કાલની એ અધિષ્ઠાત્રી પરમેશ્વરી છે. રહસ્યમાં ચતુર્ભુજા મહાલક્ષ્મીએ જે રૂપ પ્રકટ કર્યાં અને પછી જે જુગલ જન્માવ્યાં, તેનું વર્ણન આપવામાં આવ્યું છે.)

मार्कण्डेयपुराणे प्राधानिकं रहस्यम् ।

CC-0. Mumukshu Bhawan Varanasi Collection. Digitized by eGangotri

દેવશક્તિઓનું અસુરો પર સામૂહિક આક્રમણ

यस्य देवस्य यद्रूपं यथाभूषणवाहनम् । तद्वदेव हि तच्छक्तिरसुरान् योद्धुमाययौ

CC-0. Mumukshu Bhawan Varanasi Collection. Digitized by eGangotri

CC-0. Mumukshu Bhawan Varanasi Collection. Digitized by eGangotri

अथ वैकृतिकं रहस्यम् ॥ વૈકૃતિક રહસ્ય

ऋषिरुवाच ॥ ઋષિ બોલ્યા :

ॐत्रिगुणा तामसी देवी सात्त्विकी या त्वयोदिता । सा शर्वा चण्डिका दुर्गा भद्रा भगवतीर्यते ॥

હે રાજન્! આગળ સાત્ત્વિકી મહાલક્ષ્મીનાં તામસી આદિ ત્રણ સ્વરૂપ કહ્યાં છે. તે શર્વા, ચંડિકા, દુર્ગા, ભદ્રા અને ભગવતી એ નામે ઓળખાય છે. ૧

योगनिद्रा हरेरुक्ता महाकाली तमोगुणा । मधुकैटभनाशार्थं यां तुष्टावाम्बुजासनः ॥ २ ॥

તમોગુણમયી મહાકાલીને વિષ્ણુની યોગનિદ્રા કહેવામાં આવે છે અને પદ્માસનસ્થ બ્રહ્માએ મધુકૈટભના નાશ માટે એની જ સ્તુતિ કરી હતી. ૨

दशवक्त्रा दशभुजा दशपादाञ्जनप्रभा । विशालया राजमाना त्रिंशल्लोचनमालया ॥ ३ ॥

એને દશ મોં છે, દશ હાથ છે, દશ પગ છે અને એની આભા કાજળ જેવી છે. ત્રીસ લોચનોની વિશાળ માળાથી એ શોભી રહી છે. ૩

स्फुरद्दशनदंष्ट्रा सा भीमरूपापि भूमिप । रूपसौभाग्यकान्तीनां सा प्रतिष्ठा महाश्रियाम् ॥ ४ ॥

હે રાજા! એનાં દાંત અને દાઢ સ્ફુરી રહ્યાં છે, અને એનું રૂપ ભયંકર પણ છે. છતાં એ રૂપ, સૌભાગ્ય, કાંતિ અને મહાન સંપત્તિઓનું પ્રાપ્તિસ્થાન છે. ૪

खड्गबाणगदाशूलशङ्खचक्रभुशुण्डिभृत् । परिघं कार्मुकं शीर्षं निश्च्योतद्रुधिरं दधौ ॥ ५ ॥

એણે પોતાના હાથમાં ખડ્ગ, બાણ, ગદા, શૂલ, ચક્ર, શંખ, ભુશુંડિ, પરિઘ, ધનુષ્ય અને લોહી ટપકતું મસ્તક ધારણ કર્યાં છે. ૫

CC-0. Mumukshu Bhawan Varanasi Collection. Digitized by eGangotri

एषा सा वैष्णवी माया महाकाली दुरत्यया। आराधिता वशीकुर्याद् पूजाकर्तुश्चराचरम् ॥६॥

એ મહાકાલી ભગવાન વિષ્ણુની દુસ્તર માયા છે. એ પ્રસન્ન થાય છે, તો ચરાચર જગત એની પૂજા કરનારને વશ થાય છે. ૬

सर्वदेवशरीरेभ्यो याऽऽविर्भूतामितप्रभा। त्रिगुणा सा महालक्ष्मीः साक्षान्महिषमर्दिनी ॥७॥

સર્વ દેવોનાં શરીરોમાંથી જે આવિર્ભાવ પામી છે, તે અનંત પ્રભાવશાળી સાક્ષાત્ મહાલક્ષ્મી છે. એ જ ત્રિગુણમયી પ્રકૃતિ કહેવાય છે અને એ જ મહિષાસુરનું મર્દન કરનારી છે. ૭

श्वेतानना नीलभुजा सुश्वेतस्तनमण्डला। रक्तमध्या रक्तपादा रक्तजङ्घोरुरुन्मदा ॥८॥

તેનું વદન શ્વેત છે. તેનો કટિપ્રદેશ લાલ છે, તેના પગ રાતા છે અને તેની જાંઘ તથા પિંડલી રક્તવર્ણી છે. અજેય હોવાથી તે ઉન્મદ છે. ૮

सुचित्रजघना चित्रमाल्याम्बरविभूषणा। चित्रानुलेपना कान्तिरूपसौभाग्यशालिनी ॥९॥

તેની કેડનો આગલો ભાગ અત્યંત સુંદર છે. તેની માળા, વસ્ત્ર અને આભૂષણ સુંદર છે. તેનો અંગરાગ સુંદર છે. કાંતિ, રૂપ અને સૌભાગ્યથી એ સુશોભિત છે. ૯

अष्टादशभुजा पूज्या सा सहस्रभुजा सती। आयुधान्यत्र वक्ष्यन्ते दक्षिणाधःकरक्रमात् ॥१०॥

એને હજારો હાથો છે, છતાં પૂજા તો એના અઢાર હાથવાળા સ્વરૂપની જ કરવી ઘટે છે. હવે જમણી બાજુથી નીચેના હાથથી લઈ ડાબી બાજુએ નીચલા હાથ સુધી તેણે જે આયુધો ધારણ કર્યાં છે, તેનું ક્રમપૂર્વક વર્ણન કરવામાં આવે છે. ૧૦

CC-0. Mumukshu Bhawan Varanasi Collection. Digitized by eGangotri

अक्षमाला च कमलं बाणोऽसिः कुलिशं गदा । चक्रं त्रिशूलं परशुः शङ्खो घण्टा च पाशकः ॥
शक्तिर्दण्डश्चर्म चापं पानपात्रं कमण्डलुः । अलंकृतभुजामेभिरायुधैः कमलासनाम् ॥ १२ ॥

એની ભુજાઓ આ આયુધોથી વિભૂષિત છે. અક્ષમાળા, કમળ, બાણ, ખડ્ગ, વજ્ર, ગદા, ચક્ર, ત્રિશૂળ, પરશુ, શંખ, ઘંટા, પાશ, શક્તિ, દંડ, ઢાલ, ધનુષ્ય, પાનપાત્ર અને કમંડળુ : એ કમળના આસન ઉપર બિરાજેલી છે. ૧૧,૧૨

सर्वदेवमयीमीशां महालक्ष्मीमिमां नृप । पूजयेत्सर्वलोकानां स देवानां प्रभुर्भवेत् ॥ १३ ॥

હે રાજા ! એ સર્વ દેવમયી છે, સર્વની ઈશ્વરી છે. જે આ મહાલક્ષ્મીનું પૂજન કરે છે, તે સર્વ લોકો તથા દેવોનો સ્વામી બને છે. ૧૩

गौरीदेहात्समुद्भूता या सत्त्वैकगुणाश्रया । साक्षात्सरस्वती प्रोक्ता शुम्भासुरनिबर्हिणी ॥१४॥

એકમાત્ર સત્ત્વગુણના આશ્રયવાળી જે ગૌરીના દેહમાંથી પ્રકટ થઈ હતી અને જેણે શુંભાસુરનો નાશ કર્યો હતો, તેને સાક્ષાત્ સરસ્વતી કહેવામાં આવી છે. ૧૪

दधौ चाष्टभुजा बाणमुसले शूलचक्रभृत् । शङ्खं घण्टां लाङ्गलं च कार्मुकं वसुधाधिप ॥१५॥

હે વસુપતિ ! તેને આઠ ભુજાઓ છે અને તેણે ક્રમશઃ બાણ, મુસળ, શૂલ, ચક્ર, શંખ, ઘંટ, હળ તેમ જ ધનુષ્ય ધારણ કર્યાં છે. ૧૫

एषा संपूजिता भक्त्या सर्वज्ञत्वं प्रयच्छति । निशुम्भमथिनी देवी शुम्भासुरनिबर्हिणी ॥१६॥

નિશુંભને મારનારી અને શુંભાસુરને હણનારી એ સરસ્વતી દેવીની ભક્તિપૂર્વક પૂજા કરવામાં આવે છે, તો એ પૂજા કરનારને સર્વજ્ઞતા આપે છે. ૧૬

CC-0. Mumukshu Bhawan Varanasi Collection. Digitized by eGangotri

इत्युक्तानि स्वरूपाणि मूर्तीनां तव पार्थिव। उपासनं जगन्मातुः पृथगासां निशामय ॥१७॥

હે પૃથ્વીપતિ! આ મેં તને મહાકાળી આદિ ત્રણે મૂર્તિઓનાં સ્વરૂપ કહ્યાં છે. હવે જગન્માતા મહાલક્ષ્મીની તેમ જ મહાકાલી આદિ તેની ત્રણ મૂર્તિઓની અલગ અલગ ઉપાસના વિશે સાંભળ. ૧૭

महालक्ष्मीर्यदा पूज्या महाकाली सरस्वती। दक्षिणोत्तरयोः पूज्ये पृष्ठतो मिथुनत्रयम् ॥१८॥

જ્યારે મહાલક્ષ્મીની પૂજા કરવી હોય, ત્યારે મધ્યમાં મહાલક્ષ્મી સ્થાપવાં અને તેને જમણે તથા ડાબે ક્રમશઃ મહાકાલી તથા મહાસરસ્વતી સ્થાપવાં. પાછળના ભાગમાં ત્રણે જુગલ દેવતાઓની પૂજા કરવી. ૧૮

विरञ्चिः स्वरया मध्ये रुद्रो गौर्या च दक्षिणे। वामे लक्ष्म्या हृषीकेशः पुरतो देवतात्रयम् ॥१९॥
अष्टादशभुजा मध्ये वामे चास्या दशानना। दक्षिणेऽष्टभुजा लक्ष्मीर्महतीति समर्चयेत् ॥२०॥

મહાલક્ષ્મીની ઠીકઠીક પાછળ મધ્યભાગમાં, સરસ્વતીની સાથે બ્રહ્માનું પૂજન કરવું, તેની જમણી બાજુએ ગૌરીની સાથે રુદ્રનું પૂજન કરવું, તેની ડાબી બાજુએ લક્ષ્મીની સાથે વિષ્ણુનું પૂજન કરવું અને મહાલક્ષ્મી આદિ ત્રણે દેવીઓની સામે નીચેની ત્રણે દેવીઓની પૂજા કરવી: મધ્યમાં રહેલી મહાલક્ષ્મીની આગળ મધ્યભાગમાં અઢાર હાથવાળી મહાલક્ષ્મીનું પૂજન કરવું; એની ડાબી બાજુએ દશ મુખવાળી મહાકાલીનું પૂજન કરવું અને એની જમણી બાજુએ આઠ હાથવાળી મહાસરસ્વતીનું પૂજન કરવું. ૧૯,૨૦

CC-0. Mumukshu Bhawan Varanasi Collection. Digitized by eGangotri

अष्टादशभुजा चैषा यदा पूज्या नराधिप । दशानना चाष्टभुजा दक्षिणोत्तरयोस्तदा ॥ २१ ॥
कालमृत्यु च सम्पूज्यौ सर्वारिष्टप्रशान्तये । यदा चाष्टभुजा पूज्या शुम्भासुरनिबर्हिणी ॥ २२ ॥
नवास्याः शक्तयः पूज्यास्तदा रुद्रविनायकौ । नमो देव्या इति स्तोत्रैर्महालक्ष्मीं समर्चयेत् ॥ २३ ॥

હે નરપતિ ! જો કેવળ અઢાર હાથવાળી મહાલક્ષ્મીનું અથવા દશ મુખવાળી કાલીનું અથવા આઠ હાથવાળી સરસ્વતીનું જ પૂજન કરવું હોય, તો સર્વ અરિષ્ટોની શાંતિ અર્થે તે તે દેવીની જમણી બાજુએ કાળની તથા ડાબી બાજુએ મૃત્યુની ભલીભાંતે પૂજા કરવી જોઈએ. જો શુંભાસુરને હણનારી અષ્ટભુજાની પૂજા કરવી હોય, તો એની સાથે એની નવ શક્તિઓ(બ્રહ્મા, માહેશ્વરી, કૌમારી, વૈષ્ણવી, વારાહી, નારસિંહી, ઐંદ્રી, શિવદૂતી તથા ચામુંડા)ની તેમ જ તેની જમણી બાજુએ રુદ્રની તથા ડાબી બાજુએ ગણપતિની પૂજા કરવી જોઈએ. 'नमो देव्यै' એ સ્તોત્રથી મહાલક્ષ્મીની પૂજા કરવી. ૨૧-૨૩

अवतारत्रयार्चायां स्तोत्रमन्त्रास्तदाश्रयाः । अष्टादशभुजा चैषा पूज्या महिषमर्दिनी ॥ २४ ॥
महालक्ष्मीर्महाकालो सैव प्रोक्ता सरस्वती । ईश्वरी पुण्यपापानां सर्वलोकमहेश्वरी ॥ २५ ॥

મહાલક્ષ્મીના ત્રણ અવતારોની પૂજામાં તે તે ચરિત્રોમાં આવેલાં સ્તોત્ર તથા મંત્રોનો ઉપયોગ કરવો. અઢાર ભુજાઓવાળી મહિષાસુરમર્દિની મહાલક્ષ્મી જ વિશેષરૂપે પૂજ્ય છે; કેમ કે તેને જ મહાલક્ષ્મી, મહાકાલી અને મહાસરસ્વતી કહેવામાં આવે છે. તે પાપપુણ્યોની અધીશ્વરી છે અને સર્વ લોકની મહેશ્વરી છે. ૨૪,૨૫

महिषान्तकरी येन पूजिता स जगत्प्रभुः । पूजयेज्जगतां धात्रीं चण्डिकां भक्तवत्सलाम् ॥ २६ ॥

CC-0. Mumukshu Bhawan Varanasi Collection. Digitized by eGangotri

મહિષાસુરને મારનારી મહાલક્ષ્મીની જેણે ભક્તિપૂર્વક આરાધના કરી હોય છે, તે જગતનો સ્વામી થાય છે; આથી જગતને ધારણ કરનારી ભક્તવત્સલા ચંડિકાની અવશ્ય પૂજા કરવી ઘટે છે. ૨૬

अर्घ्यादिभिरलंकारैर्गन्धपुष्पैस्तथाक्षतैः । धूपैर्दीपैश्च नैवेद्यैर्नानाभक्ष्यसमन्वितैः ॥ २७ ॥

અર્ઘ્ય આદિથી, અલંકારોથી, ગંધપુષ્પોથી, ધૂપદીપથી, નૈવેદ્યથી તેમ જ વિવિધ પ્રકારના ભક્ષ્ય પદાર્થોથી દેવીનું પૂજન કરવું. ૨૭

रुधिराक्तेन बलिना मांसेन सुरया नृप । प्रणामाचमनीयेन चन्दनेन सुगन्धिना ॥ २८ ॥
सकर्पूरैश्च ताम्बूलैर्भक्तिभावसमन्वितैः । वामभागेऽग्रतो देव्याच्छिन्नशीर्षं महासुरम् ॥ २९ ॥
पूजयेन्महिषं येन प्राप्तं सायुज्यमीशया । दक्षिणे पुरतः सिंहं समग्रं धर्ममीश्वरम् ॥ ३० ॥
वाहनं पूजयेद्देव्या धृतं येन चराचरम् । ततः कृताञ्जलिर्भूत्वा स्तुवीत चरितैरिमैः* ॥ ३१ ॥

વળી હે રાજા ! લોહીછાંટ્યા બલિથી, માંસથી તેમ જ સુરાથી એનું પૂજન કરવું. પ્રણામ, આચમનયોગ્ય જળ, સુગંધિત ચંદન, કપૂર અને તામ્બૂલ આદિ સામગ્રીઓથી દેવીની ભક્તિપૂર્વક પૂજા કરવી. દેવીની સામે, ડાબી બાજુએ, કપાયેલા મસ્તકવાળા મહાદૈત્ય મહિષાસુરની પૂજા કરવી; કેમ કે એણે ભગવતીની સાથે સાયુજ્ય મેળવ્યું છે. એ જ પ્રમાણે દેવીની સામે, જમણી બાજુએ, એના વાહન સિંહની પણ પૂજા કરવી. તે

* कुर्याच्च स्तवनं धीमांस्तस्या एकाग्रमानसः । એ પછી બુદ્ધિમાન મનુષ્યે એકચિત્ત થઈ દેવીનું સ્તવન કરવું.

CC-0. Mumukshu Bhawan Varanasi Collection. Digitized by eGangotri

સમગ્ર ધર્મનું પ્રતીક છે અને ષડ્વિધ ઐશ્વર્યથી યુક્ત છે. તેણે આ ચરાચર જગતને ધારણ કર્યું છે. પછી હાથ જોડી, ત્રણે પૂર્વોક્ત ચરિત્રોથી દેવીનું સ્તવન કરવું. ૨૮–૩૧

एकेन वा मध्यमेन नैकेनेतरयोरिह । चरितार्धं तु न जपेज्जपञ्छिद्रमवाप्नुयात् ॥ ३२ ॥

જો એક જ ચરિત્રથી સ્તવન કરવું હોય તો માત્ર મધ્યમ ચરિત્રનો પાઠ કરવો– પ્રથમ ને ઉત્તર ચરિત્રમાંથી કોઈનો એકલો પાઠ ન કરવો. વળી અરધા ચરિત્રનો પાઠ ન કરવો. એમ કરવાથી વિઘ્ન આવે છે. ૩૨

स्तोत्रमंत्रैः स्तुवीतेमां यदि वा जगदम्बिकाम् । प्रदक्षिणानमस्कारान् कृत्वा मूर्ध्नि कृताञ्जलिः ॥३३

क्षमापयेज्जगद्धात्रीं मुहुर्मुहुरतन्द्रितः । प्रतिश्लोकं च जुहुयात्पायसं तिलसर्पिषा ॥ ३४ ॥

પાઠ પૂરો થયે આ જગદંબાની સ્તોત્ર–મંત્રોથી સ્તુતિ કરવી. એ પછી પ્રદક્ષિણા તથા નમસ્કાર કરવાં; આળસ છોડી શિર ઢાળી પ્રણામ કરવા અને વારંવાર જગદ્ધાત્રીની ક્ષમા યાચવી. સપ્તશતીનો પ્રત્યેક શ્લોક મંત્રરૂપ છે. તેનાથી તલ અને ઘી મેળવેલ ખીરની આહુતિ આપવી. ૩૩,૩૪

जुहुयात्स्तोत्रमन्त्रैर्वा चण्डिकायै शुभं हविः । भूयो नामपदैर्देवीं पूजयेत्सुसमाहितः ॥ ३५ ॥

અથવા સપ્તશતીમાં જે સ્તોત્ર છે, તેના મંત્રોથી ચંડિકાને અર્થે પવિત્ર હવિષ્યનો હવન કરવો. હોમ કર્યા પછી, એકચિત્ત થઈ દેવીનાં નામપદોથી દેવીની ફરી પૂજા કરવી. ૩૫

प्रयतः प्राञ्जलिः प्रह्वः प्राणानाऽऽरोप्य चात्मनि । सुचिरं भावयेद् देवीं चण्डिकां तन्मयो भवेत् ॥३६

પછી મન ને ઇંદ્રિયોને સંયમમાં રાખી, હાથ જોડી, વિનમ્ર બની, પ્રાણોને આત્મામાં આરોપિત કરી, એ દેવી ચંડિકાનું દીર્ઘ ચિંતન કરવું–એ મય થઈ જવું. ૩૬

CC-0. Mumukshu Bhawan Varanasi Collection. Digitized by eGangotri

एवं यः पूजयेद्भक्त्या प्रत्यहं परमेश्वरीम्। भुक्त्वा भोगान् यथाकामं देवीसायुज्यमाप्नुयात् ॥३७

જે મનુષ્ય ભક્તિપૂર્વક એ પરમેશ્વરીનું પ્રતિદિન પૂજન કરે છે, તે યથેચ્છ ભોગ ભોગવી દેવીનું સાયુજ્ય પામે છે. ૩૭

यो न पूजयते नित्यं चण्डिकां भक्तवत्सलाम्। भस्मीकृत्यास्य पुण्यानि निर्दहेत्परमेश्वरी ॥३८॥

જે મનુષ્ય ભક્તવત્સલ ચંડિકાનું નિત્ય પૂજન કરતો નથી, તેનાં સર્વ પુણ્યોને એ પરમેશ્વરી બાળીને ખાખ કરી દે છે. ૩૮

तस्मात्पूजय भूपाल सर्वलोकमहेश्वरीम्। यथोक्तेन विधानेन चण्डिकां सुखमाप्स्यसि ॥३९॥

તેથી હે ભૂપતિ! સર્વ લોકની મહેશ્વરી એ ચંડિકાનું તું યથોક્ત વિધિએ પૂજન કરજે–તને સુખ સાંપડશે. ૩૯

[પ્રાધાનિક રહસ્યમાં કારણાત્મક પ્રકૃતિરૂપ મહાલક્ષ્મીનાં સ્વરૂપ તથા તેના અવતારોનું વર્ણન કરવામાં આવ્યું છે, ત્યારે આ વૈકૃતિક રહસ્યમાં વિશેષરૂપ પ્રકૃતિ સાથે વિકૃતિઓનાં ધ્યાન, પૂજન, પૂજોપચાર અને પૂજનમહિમા બતાવવામાં આવ્યાં છે. સપ્તશતીનાં ત્રણ ચરિત્રોમાં વર્ણવવામાં આવેલી મહાકાલી, મહાલક્ષ્મી અને મહાસરસ્વતીના ધ્યાનનું આમાં પહેલું વર્ણન છે. અહીં મહાકાલી દશ હાથવાળી, મહાલક્ષ્મી અઢાર હાથવાળી અને મહાસરસ્વતી આઠ હાથવાળી છે. એમાં જે આયુધોનો ક્રમ છે, તે દક્ષિણ બાજુના નીચલા હાથથી આરંભી ઉપલા હાથ સુધી અને ફરી ડાબી બાજુના ઉપલા હાથથી આરંભી નીચલા હાથ સુધી છે. આ પ્રમાણે જમણી બાજુએ નીચેથી ઉપર પાંચ હાથમાં ખડ્ગ, બાણ, ગદા, શૂળ અને ચક્ર છે અને ડાબી બાજુએ

CC-0. Mumukshu Bhawan Varanasi Collection. Digitized by eGangotri

ઉપરથી નીચે પાંચ હાથમાં શંખ, ભૂશુંડિ, પરિઘ, ધનુષ્ય અને મસ્તક છે. આ મહાકાલીના દશ હાથનાં આયુધો થયાં. તેજ પ્રમાણે મહાલક્ષ્મીના નવ નવ હાથોમાં અને મહાસરસ્વતીના ચાર ચાર હાથોમાં આયુધોનો ક્રમ છે. એમના ધ્યાનની વાત આ રહસ્યમાં સ્પષ્ટતાથી બતાવી છે. ઉપાસનાનો ક્રમ નીચેના કોઠાથી સમજાશે.]

સમષ્ટિ-ઉપાસના

રુદ્ર-ગૌરી	બ્રહ્મા-સરસ્વતી	વિષ્ણુ-લક્ષ્મી
ચતુર્ભુજા મહાકાલી	ચતુર્ભુજા મહાલક્ષ્મી	ચતુર્ભુજા મહાસરસ્વતી
દશાનના દશભુજા	અષ્ટાદશભુજા	અષ્ટભુજા

વ્યષ્ટિ-ઉપાસના

અષ્ટાદશભુજા-પૂજા				દશાનના-પૂજા			અષ્ટભુજા-પૂજા		
કાલ	અષ્ટાદશ-ભુજા દેવી		મૃત્યુ	કાલ	દશાનના દેવી	મૃત્યુ	કાલ રુદ્ર	અષ્ટભુજા દેવી / નવ શક્તિઓ	મૃત્યુ વિનાયક
	સિંહ	મહિષ							

[રહસ્યપાઠમાં જે વિધાન આપ્યું છે, તેને અનુસરી આ કોઠો બનાવ્યો છે.]

मार्कण्डेयपुराणे वैकृतिकं रहस्यम् ।

CC-0. Mumukshu Bhawan Varanasi Collection. Digitized by eGangotri

ऋषिरुवाच ॥ ઋષિ બોલ્યા :

ॐ नन्दा भगवती नाम या भविष्यति नन्दजा।
स्तुता सा पूजिता भक्त्या वशीकुर्याज्जगत्त्रयम् ॥ १ ॥

હે રાજન્! નંદથી ઉત્પન્ન થનારી નંદા નામની ભગવતીની જો ભક્તિપૂર્વક સ્તુતિ અને પૂજા કરવામાં આવે, તો તે ઉપાસકને ત્રણે લોક વશ કરી આપે. ૧

कनकोत्तमकान्तिः सा सुकान्तिकनकाम्बरा। देवी कनकवर्णाभा कनकोत्तमभूषणा ॥ २ ॥

તે નંદાની કાંતિ ઉત્તમ કાંચન જેવી છે. તેણે સુકાંતિવાળા સુવર્ણનાં અંબર પહેર્યાં છે. તે દેવીની આભા કનકવર્ણી છે અને તેણે કનકનાં ઉત્તમ આભૂષણો સજ્યાં છે. ૨

कमलाङ्कुशपाशाब्जैरलंकृतचतुर्भुजा। इन्दिरा कमला लक्ष्मीः सा श्री रुक्माम्बुजासना ॥ ३ ॥

તેના ચાર હાથો કમળ, અંકુશ, પાશ અને શંખથી સુશોભિત છે. તે ઇંદિરા, કમલા, લક્ષ્મી, શ્રી અને રુકમાંબુજાસના (સોનાના કમલાસન ઉપર બિરાજેલી) છે. ૩

या रक्तदन्तिका नाम देवी प्रोक्ता मयानघ। तस्याः स्वरूपं वक्ष्यामि शृणु सर्वभयापहम् ॥ ४ ॥

મેં તને પહેલાં રક્તદંતિકા દેવીનું નામ કહ્યું હતું, તો હવે સર્વ ભયોને હરી લેનારું એનું સ્વરૂપ હું તને કહું છું, તે તું સાંભળ. ૪

रक्ताम्बरा रक्तवर्णा रक्तसर्वाङ्गभूषणा। रक्तायुधा रक्तनेत्रा रक्तकेशातिभीषणा ॥ ५ ॥

CC-0. Mumukshu Bhawan Varanasi Collection. Digitized by eGangotri

તેણે લાલ વસ્ત્ર પહેર્યાં છે, તેનો વર્ણ લાલ છે, સર્વ અંગ ઉપર તેણે લાલ આભૂષણો સજ્યાં છે, તેનાં આયુધ લાલ છે, તેનાં નેત્ર લાલ છે, તેના શિરકેશ લાલ છે અને તે અતિભીષણ છે. ૫

रक्ततीक्ष्णनखा रक्तदशना रक्तदन्तिका । पतिं नारीवानुरक्ता देवी भक्तं भजेज्जनम् ॥६॥

તેના નખ તીણા ને લાલ છે અને તેના દાંત લાલ છે. આથી તે રક્ત(લાલ)-દંતિકા કહેવાય છે. જેમ સ્ત્રી પતિમાં અનુરક્ત રહે છે, તેમ એ દેવી ભક્તજનોમાં ભાવ રાખે છે–માની જેમ ભક્તજનોની સેવા કરે છે. ૬

वसुधेव विशाला सा सुमेरुयुगलस्तनी । दीर्घौ लम्बावतिस्थूलौ तावतीव मनोहरौ ॥७॥

તે વસુધા જેવી વિશાળ છે. તેનું સ્તનયુગલ સુમેરુ સમાન છે. તેનાં એ સ્તન મોટાં, લાંબાં, અતિસ્થૂલ અને અતીવ મનોહર છે. ૭

कर्कशावतिकान्तौ तौ सर्वानन्दपयोनिधी । भक्तान् सम्पाययेद्देवी सर्वकामदुघौ स्तनौ ॥८॥

તેનાં સ્તનો કઠોર છતાં અત્યંત કમનીય છે અને તે સર્વાનંદનાં મહેરામણ છે. સર્વ કામનાઓને પૂરનારાં એ સ્તનોથી એ દેવી ભક્તોને પયપાન કરાવે છે. ૮

खड्गं पात्रं च मुसलं लाङ्गलं च बिभर्ति सा । आख्याता रक्तचामुण्डा देवी योगेश्वरीति च ॥९

તે ખડ્ગ, પાનપાત્ર, મુસલ અને હળ ધારણ કરે છે અને તે દેવીને રક્તચામુંડા તથા યોગેશ્વરી કહેવામાં આવે છે. ૯

CC-0. Mumukshu Bhawan Varanasi Collection. Digitized by eGangotri

अनया व्याप्तमखिलं जगत्स्थावरजङ्गमम् । इमां य पूजयेद्भक्त्या स व्याप्नोति चराचरम् ॥१०॥

એણે સ્થાવરજંગમ અખિલ જગતને વ્યાપ્ત કર્યું છે અને જે એની ભક્તિપૂર્વક પૂજા કરે છે, તે ચરાચરમાં વ્યાપી રહે છે. ૧૦

अधीते य इमं नित्यं रक्तदन्त्या वपुःस्तवम् । तं सा परिचरेद्देवी पतिं प्रियमिवाङ्गना ॥११॥

જે કોઈ મનુષ્ય રક્તદંતિકા દેવીના શરીરનું આ સ્તવન પઢે છે, તેની એ દેવી જેમ કોઈ પતિવ્રતા પોતાના પ્રિયતમ પતિની પરિચર્યા કરે તેમ પરિચર્યા કરે છે. ૧૧

शाकम्भरी नीलवर्णा नीलोत्पलविलोचना । गम्भीरनाभिस्त्रिवलीविभूषिततनूदरी ॥ १२ ॥

શાકંભરીદેવી નીલવર્ણા છે, તેનાં લોચન નીલકમળ જેવાં છે. તેની નાભિ નીચી છે. ત્રિવલ્લીથી વિભૂષિત થયેલો તેનો ઉદરભાગ સૂક્ષ્મ છે. ૧૨

सुकर्कशसमोत्तुङ्गवृत्तपीनघनस्तनी । मुष्टिं शिलीमुखैः पूर्णं कमलं कमलालया ॥ १३ ॥
पुष्पपल्लवमूलादिफलाढ्यं शाकसञ्चयम् । काम्यानन्तरसैर्युक्तं क्षुत्तृण्मृत्युजरापहम् ॥ १४ ॥
कार्मुकं च स्फुरत्कान्ति बिभर्ति परमेश्वरी । शाकम्भरी शताक्षी सा सैव दुर्गा प्रकीर्तिता* ॥१५॥

તેનાં સ્તન અત્યંત કઠોર છે, સમ છે, ઉત્તુંગ છે, ગોળ વળેલાં છે, ઘટ્ટ છે અને ઘન છે. તે પરમેશ્વરી કમળમાં રહેનારી છે અને તેના હાથોમાં બાણોથી ભરેલી મૂઠી,

---

* विशोका दुष्टदमनी शमनी दुरितापदाम् । उमा गौरी सती चण्डी कालिका सा च पार्वती ॥

તે શોકરહિત છે, દુષ્ટોને દમનારી છે અને પાપ તથા આપત્તિઓ શમાવનારી છે. તે જ ઉમા, ગૌરી, સતી, ચંડી. કાલિકા અને પાર્વતી છે.

CC-0. Mumukshu Bhawan Varanasi Collection. Digitized by eGangotri

કમળ, શાકસમૂહ તેમ જ ઝળહળતું ધનુષ્ય રહ્યાં છે. શાકનો એ સમૂહ પુષ્પ, પલ્લવ, મૂલ આદિથી ભરેલો છે, મનવાંચ્છયા અનંત રસોથી યુક્ત છે અને ભૂખ, તરસ, જરા તથા મૃત્યુને હરનારો છે. તેથી શાકંભરી, શતાક્ષી અને દુર્ગા નામે કીર્તન થાય છે.

शाकम्भरीं स्तुवन् ध्यायञ्जपन् सम्पूजयन्नमन्। अक्षय्यमश्नुते शीघ्रमन्नपानादि सर्वशः॥ १६॥

જે મનુષ્ય શાકંભરીનું સ્તવન કરે છે, તેનું ધ્યાન કરે છે, તેના જપ કરે છે, તેની પૂજા કરે છે અને તેને નમન કરે છે, તેને તરત જ અન્ન, પાન વગેરે સર્વ પ્રકારનાં ફળ ભોગવવા મળે છે. ૧૬

भीमापि नीलवर्णा सा दंष्ट्रादशनभासुरा। विशाललोचना नारी वृत्तपीनघनस्तनी॥ १७॥

ભીમાદેવીનો વર્ણ પણ નીલો છે, તેનાં દાઢદાંતો અત્યંત ચમકદાર છે. તેનાં લોચન વિશાળ છે. તે નારીરૂપ છે, તેનાં સ્તન ગોળ તથા ઘટ્ટ છે. ૧૭

चन्द्रहासं च डमरुं शिरःपात्रं च बिभ्रती। एकवीरा कालरात्रिः सैवोक्ता कामदा स्तुता॥ १८॥

તેણે પોતાના હાથમાં ચંદ્રહાસ નામની તલવાર, ડમરુ, મસ્તક તેમ જ પાનપાત્ર ધારણ કર્યાં છે, તે એકવીર, કાલરાત્રિ અને કામદા કહેવાય છે અને એમ જ તેનું સ્તવન થાય છે. ૧૮

तेजोमण्डलदुर्धर्षा भ्रामरी चित्रकान्तिभृत्। चित्रभ्रमरसंकाशा महामारीति गीयते॥ १९॥

ભ્રામરીદેવીની કાંતિ અનેકરંગી વિચિત્ર છે. પોતાના તેજોમંડળને લીધે તે દેખાવી

CC-0. Mumukshu Bhawan Varanasi Collection. Digitized by eGangotri

અધરી છે. ચિત્રભ્રમરસંકાશા અને મહામારી એ નામે એનાં મહિમાગાન થાય છે. ૧૯

इत्येता मूर्तयो देव्या व्याख्याता वसुधाधिप। जगन्मातुश्चण्डिकायाः कीर्तिताः कामधेनवः॥ २०॥

હે વસુધાનાથ! આ મેં તને ચંડિકા દેવીની મૂર્તિઓ કહી સંભળાવી. જગન્માતા ચંડિકાની એ મૂર્તિઓનું કીર્તન કરવામાં આવે, તો તે કામધેનુની જેમ સકળ કામનાઓ પૂર્ણ કરે.

इदं रहस्यं परमं न वाच्यं यस्य कस्यचित्। व्याख्यानं दिव्यमूर्तीनामधीश्वावहितः स्वयम्* ॥२१॥

આ રહસ્ય અત્યંત ગોપનીય છે. તારે એ જેવા તેવા માણસને કહેવું નહિ. તું દિવ્ય મૂર્તિઓના આ વ્યાખ્યાનનું સાવધાન થઈને અધ્યયન કર. ૨૧

देव्या ध्यानं तवाख्यातं गुह्याद् गुह्यतरं महत्। तस्मात् सर्वप्रयत्नेन सर्वकामफलप्रदम्× ॥ २२॥

મેં તને આથી દેવીનું ગુહ્યાતિગુહ્ય પરમ ધ્યાન અતિપ્રયત્ને બતાવ્યું છે, તે સર્વ પ્રકારનું મનોવાંચ્છિત ફળ દેનારું છે. ૨૨

मार्कण्डेयपुराणे मूर्तिरहस्यम्।

---

* सप्तजन्मार्जितैर्घोरैर्ब्रह्महत्यासमैरपि। पाठमात्रेण मन्त्राणां मुच्यते सर्वकिल्बिषैः॥ સાત જન્મોથી મનુષ્યે બ્રહ્મહત્યા જેવાં ઘોર પાપો ભલે જમાવ્યાં હોય, પણ તે જો સપ્તશતીના મંત્રોનો પાઠ કરે, તો તરત જ તે મનુષ્ય સર્વ પાપોથી મુક્ત થઈ જાય છે.

× एतस्यास्त्वं प्रसादेन सर्वमान्या भविष्यसि। सर्वरूपमयी देवी सर्वं देवीमयं जगत्। अतोऽहं विश्वरूपां तां नमामि परमेश्वरीम्। એના પ્રસાદથી તું સર્વમાન્ય થશે. દેવી સર્વરૂપમયી છે અને સર્વ જગત દેવીમય છે, આથી તે વિશ્વરૂપા પરમેશ્વરીને હું નમસ્કાર કરું છું.

CC-0. Mumukshu Bhawan Varanasi Collection. Digitized by eGangotri

(મૂર્તિરહસ્યનો પાઠ કર્યા પછી નીચેના મંત્રનો ૨૧ વાર જપ કરવો.)

ॐ श्रीं क्लीं ह्रीं सप्तशतीचंडिके उत्कीलनं कुरु कुरु स्वाहा ।

પછી નીચે પ્રમાણે સંકલ્પ કરવો :

अद्यपूर्वोच्चारित० श्रीमहाकालीमहालक्ष्मीमहासरस्वतीदेवताप्रीत्यर्थं यंत्रस्थदेवतानां पाठोत्तरांगपंचोपचारपूजनं करिष्ये ।

પછી 'ऐं ह्रीं क्लीं चामुंडायै विच्चे' આ મૂળમંત્રથી આવાહિત દેવીનું પૂજન કરી નીચે પ્રમાણે પ્રાર્થના કરવી :

अपराधसहस्राणि क्रियन्तेऽहर्निशं मया । दासोऽयमिति मां मत्वा क्षमस्व परमेश्वरि ॥
आवाहनं न जानामि न जानामि विसर्जनम् । पूजां चैव न जानामि क्षम्यतां परमेश्वरि ॥
मंत्रहीनं क्रियाहीनं भक्तिहीनं सुरेश्वरी । यत्पूजितं मया देवि परिपूर्णं तदस्तु मे ॥
अज्ञानाद्विस्मृतेर्भ्रान्त्या यन्न्यूनमधिकं कृतम् । तत्सर्वं क्षम्यतां देवि प्रसीद परमेश्वरि ॥
कामेश्वरी जगन्मातः सच्चिदानंदविग्रहे । गृहाणार्चामिमां प्रीत्या प्रसीद परमेश्वरि ॥
अपराधशतं कृत्वा जगदम्बेति चोच्चरेत् । यां गतिं समवाप्नोति न तां ब्रह्मादयः सुराः ॥
सापराधोऽस्मि शरणं प्राप्तस्त्वां जगदम्बिके । इदानीमनुकंप्योऽहं यथेच्छसि तथा कुरु ॥
गुह्यातिगुह्यगोप्त्री त्वं गृहाणास्मत्कृतं जपम् । सिद्धिर्भवतु मे देवि त्वत्प्रसादात्सुरेश्वरि ॥

ત્યાર પછી નીચે પ્રમાણે સંકલ્પ મૂકવો :

अनेन पूर्वसंकल्पितशतचंडीसंख्यापरिपूर्तये नवचंडीसंख्यापरिपूर्तये वा कवचार्गला-

CC-0. Mumukshu Bhawan Varanasi Collection. Digitized by eGangotri

कीलकनवार्णमन्त्राष्टोत्तरशतजपरात्रिसूक्तपठनपूर्वकं देवीसूक्तनवार्णमंत्राष्टोत्तरशतजपरहस्यत्रयजपांतं श्रीचंडीसप्तशत्याः पाठाख्येन कर्मणा, अथवा सपल्लवे चंडीसप्तशत्याः प्रतिमंत्रांते अमुक×मंत्रपल्लवितायाः पाठाख्येन कर्मणा, अथवा श्रीचंडीसप्तशत्याः प्रतिमंत्रादौ अमुक× मंत्रयोजितायाः पाठाख्येन कर्मणा, अथवा श्रीचंडीसप्तशत्याः प्रतिमंत्रं आद्यंतयोः अमुक× मंत्रसंपुटितायाः पाठाख्येन कर्मणा भगवती श्रीमहाकाली–महालक्ष्मी–महासरवतीस्वरूपिणी अमुक÷देवता प्रीयताम् ।

સંકલ્પ મૂક્યા પછી નીચે પ્રમાણે એકએક મંત્ર બોલી ચાર વાર આચમન કરવું :

ॐ ऐं आत्मतत्त्वं शोधयामि नमः स्वाहा । ॐ ह्रीं विद्यातत्त्वं शोधयामि नमः स्वाहा । ॐ क्लीं शिवतत्त्व शोधयामि नमः स्वाहा । ॐ ऐं क्लीं सर्वतत्त्वं शोधयामि नमः स्वाहा ।

પછી નીચે પ્રમાણે પ્રાર્થના કરવી :

क्षमापनम् ॥ પ્રાર્થના

अपराधसहस्राणि क्रियन्तेऽहर्निशं मया । दासोऽयमिति मां मत्वा क्षमस्व परमेश्वरि ॥

હે પરમેશ્વરી ! રાતદિવસ મારાથી હજારો અપરાધ થયા કરે છે. 'આ મારો દાસ છે,' એમ સમજી તું મને ક્ષમા આપ !

आवाहनं न जानामि न जानामि विसर्जनम् । पूजां चैव न जानामि क्षम्यतां परमेश्वरि ॥

હું આવાહન જાણતો નથી અને વિસર્જન પણ હું જાણતો નથી. મને પૂજા

× જે મંત્રથી પલ્લવ કે સંપુટ કર્યો હોય તે મંત્ર અમુક શબ્દને બદલે બોલવો.

÷ ઇષ્ટદેવીનું નામ બોલવું.

CC-0. Mumukshu Bhawan Varanasi Collection. Digitized by eGangotri

સુદ્ધાં આવડતી નથી. હે પરમેશ્વરી ! તું મને ક્ષમા આપ !

मन्त्रहीनं क्रियाहीनं भक्तिहीनं सुरेश्वरि । यत्पूजितं मया देवि परिपूर्णं तदस्तु मे ॥

હે સુરેશ્વરી ! મેં મંત્રહીન, ક્રિયાહીન અને ભક્તિહીન આ જે પૂજન કર્યું છે, તે હે દેવિ ! તારી કૃપાથી પૂર્ણ હો !

अपराधशतं कृत्वा जगदम्बेति चोच्चरेत् । यां गतिं समवाप्नोति न तां ब्रह्मादयः सुराः ॥

સેંકડો અપરાધો કરીને 'હે જગદંબા !' એવો જે પોકાર કરે છે, તે બ્રહ્મા આદિ દેવો પણ ન પામે એવી ગતિ પામે છે.

सापराधोऽस्मि शरणं प्राप्तस्त्वां जगदम्बिके । इदानीमनुकम्प्योऽहं यथेच्छसि तथा कुरु ॥

હું તો અપરાધોથી ભરેલો છું. હે જગદંબા ! હું તારે શરણે આવ્યો છું. હું તો અત્યારે અનુકંપાને પાત્ર છું, તો તું ચાહે તે કર.

अज्ञानाद्विस्मृतेर्भ्रान्त्या यन्न्यूनमधिकं कृतम् । तत्सर्वं क्षम्यतां देवि प्रसीद परमेश्वरि ॥

હે પરમેશ્વરી ! અજ્ઞાનથી, વિસ્મૃતિથી કે ભ્રાંતિથી મેં જે કાંઈ ઓછું વત્તું કર્યું હોય, તે સર્વની તું ક્ષમા આપ. હે દેવી ! તું પ્રસન્ન થા.

कामेश्वरी जगन्मातः सच्चिदानन्दविग्रहे । गृहाणार्चामिमां प्रीत्या प्रसीद परमेश्वरि ॥

હે કામેશ્વરી ! હે જગન્માતા ! હે સચ્ચિદાનંદસ્વરૂપિણી ! તું મારી આ પૂજાને પ્રીતિપૂર્વક સ્વીકાર. હે પરમેશ્વરી ! તું પ્રસન્ન થા.

गुह्यातिगुह्यगोप्त्री त्वं गृहाणास्मत्कृतं जपम् । सिद्धिर्भवतु मे देवि त्वत्प्रसादात्सुरेश्वरि ॥

હે સુરેશ્વરી ! તું ગુહ્યાતિગુહ્યને પણ રક્ષનારી છે, તું આ મારા કરેલા જપને

CC-0. Mumukshu Bhawan Varanasi Collection. Digitized by eGangotri

સ્વીકાર. હે દેવી! તારા પ્રસાદથી મને સિદ્ધિ હો!

પ્રાર્થના કર્યા પછી 'ૐ સ્વઃ ભૂવઃ ભૂઃ ૐ' એ પ્રમાણે બોલી આસન નીચે જળ તથા માટી લઈ પોતાના લલાટમાં તિલક કરી મરજી પ્રમાણે વિહરવું.

श्रीदुर्गार्पणमस्तु ॥ શ્રીદુર્ગાને અર્પણ હો!

(નીચે શ્રી દેવી અથર્વશીર્ષ આપ્યું છે. અથર્વવેદમાં એનો મહિમા ભારે બતાવવામાં આવ્યો છે. એ સપ્તશતીના પાઠનું અંગ નથી, છતાં સપ્તશતીના સ્તોત્રનો આરંભ કરતાં પહેલાં એનો પાઠ કરવામાં આવે, તો ઘણો લાભ થાય છે. રાત્રિ-સૂક્ત પછી અમે આનો સમાવેશ કરીએ છીએ.)

श्रीदेव्यथर्वशीर्षम् ॥ શ્રીદેવ્યથર્વશીર્ષ

ॐ सर्वे वै देवा देवीमुपतस्थुः काऽसि त्वं महादेवीति ॥ १ ॥

સર્વ દેવો દેવીની પાસે ઊભા રહ્યા અને પ્રાર્થનાપૂર્વક બોલ્યા: હે મહાદેવી! તમે કોણ છો? ૧

साब्रवीत्–अहं ब्रह्मरूपिणी । मत्तः प्रकृतिपुरुषात्मकं जगत् । शून्यं चाशून्यं च ॥ २ ॥

દેવીએ કહ્યું: હું બ્રહ્મસ્વરૂપિણી છું; પ્રકૃતિ અને પુરુષરૂપ, શૂન્ય અને અશૂન્ય (સદ્રૂપ અને અસદ્રૂપ) જગત મારાથી જ ઉત્પન્ન થયું છે. ૨

अहमानन्दानानन्दौ । अहं विज्ञानाविज्ञाने । अहं ब्रह्माब्रह्मणी वेदितव्ये ।
अहं पञ्चभूतान्यपञ्चभूतानि । अहमखिलं जगत् ॥ ३ ॥

CC-0. Mumukshu Bhawan Varanasi Collection. Digitized by eGangotri

હું આનંદ છું, અનાનંદ છું; હું વિજ્ઞાન છું, અવિજ્ઞાન છું; હું જાણવા યોગ્ય બ્રહ્મ છું, અબ્રહ્મ છું; અને હું જ પંચીકૃત તેમ જ અપંચીકૃત મહાભૂત છું. આ અખિલ જગત હું જ છું. ૩

वेदोऽहमवेदोऽहम् । विद्याहमविद्याहम् । अजाहमनजाहम् । अधश्चोर्ध्वं च तिर्यक्चाहम् ॥ ४ ॥

વેદ હું છું, અવેદ હું છું, વિદ્યા હું છું, અવિદ્યા હું છું, અજા (પ્રકૃતિ) હું છું, અનજા (પ્રકૃતિથી ભિન્ન) હું છું અને નીચે, ઊંચે, તિરકસ, સર્વમાં હું જ છું. ૪

अहं रुद्रेभिर्वसुभिश्चरामि । अहमादित्यैरुत विश्वदेवैः ।
अहं मित्रावरुणावुभौ बिभर्मि । अहमिन्द्राग्नी अहमश्विनावुभौ ॥ ५ ॥

હું રુદ્રો અને વસુઓના રૂપે સંચરું છું, હું આદિત્યો અને વિશ્વેદેવોના રૂપે વિચરું છું. મિત્ર અને વરુણ બન્નેને હું પોષું છું, ઇંદ્ર અને અગ્નિનું તેમ જ બન્ને અશ્વિનીકુમારોનું પોષણ હું જ કરું છું. ૫

अहं सोमं त्वष्टारं पूषणं भगं दधामि । अहं विष्णुमुरुक्रमं ब्रह्माणमुत प्रजापतिं दधामि ॥ ६ ॥

સોમને, ત્વષ્ટાને, પૂષાને અને ભગને હું જ ધારણ કરું છું. વિસ્તીર્ણ પગલાં ભરનારા વિષ્ણુને, બ્રહ્મદેવને અને પ્રજાપતિને હું જ ધારણ કરું છું. ૬

अहं दधामि द्रविणं हविष्मते सुप्राव्ये यजमानाय सुन्वते । अहं राष्ट्री सङ्गमनी वसूनां चिकितुषी प्रथमा यज्ञियानाम् । अहं सुवे पितरमस्य मूर्धन्मम योनिरप्स्वन्तः समुद्रे । य एवं वेद स दैवीं । सम्पदमाप्नोति ॥ ७ ॥

CC-0. Mumukshu Bhawan Varanasi Collection. Digitized by eGangotri

દેવોને ઉત્તમ હવિ પહોંચાડનારા અને સોમરસ કાઢનારા યજમાન માટે હું હવિર્દ્રવ્યોથી યુક્ત ધન ધારણ કરું છું. હું સંપૂર્ણ જગત-રાષ્ટ્રની અધીશ્વરી છું. હું ઉપાસકોને ધન આપનારી છું. બ્રહ્મરૂપ અને યજન કરવા યોગ્ય દેવોમાં હું પ્રથમ છું. હું આત્મસ્વરૂપથી પર આકાશ આદિ નિર્મુ છું. મારું સ્થાન આત્મસ્વરૂપને ધારણ કરવાવાળી બુદ્ધિમાં છે. જે આ પ્રમાણે જાણે છે, તે દૈવી સંપત્તિ પામે છે. ૭

ते देवा अब्रुवन्-नमो देव्यै महादेव्यै शिवायै सततं नमः।
नमः प्रकृत्यै भद्रायै नियताः प्रणताः स्म ताम् ॥ ८ ॥

तामग्निवर्णां तपसा ज्वलन्तीं वैरोचनीं कर्मफलेषु जुष्टाम्।
दुर्गां देवीं शरणं प्रपद्यामहेऽसुरान्नाशयित्र्यै ते नमः ॥ ९ ॥

ત્યારે દેવોએ કહ્યું: દેવીને નમસ્કાર, નમસ્કાર એ મહાદેવી શિવાને! પ્રકૃતિરૂપા ભદ્રાને નમસ્કાર. અમે નિયમયુક્ત થઈને એ દેવીને પ્રણમીએ છીએ. તે દુર્ગાદેવીને શરણે અમે જઈએ છીએ. તે અગ્નિવર્ણા છે, તપથી ઝળહળી રહી છે, કાંતિમતી છે અને કર્મફળોમાં જોડનારી છે. અસુરોનો નાશ કરવાવાળી હે દેવી! તને નમસ્કાર. ૮,૯

देवीं वाचमजनयन्त देवास्तां विश्वरूपाः पशवो वदन्ति।
सा नो मन्द्रेषमूर्जं दुहाना धेनुर्वागस्मानुप सुष्टुतैतु ॥ १० ॥

પ્રાણરૂપ દેવોએ જે પ્રકાશમાન વૈખરી વાણીને જન્મ આપ્યો, તેને વિશ્વનાં સર્વ પ્રાણીઓ બોલે છે. કામધેનુ જેવી આનંદ આપનારી તેમ જ અન્ન ને બળ આપનારી તે વાગ્રૂપિણી દેવી ઉત્તમ સ્તુતિથી સંતુષ્ટ થઈ અમારી પાસે આવો. ૧૦

CC-0. Mumukshu Bhawan Varanasi Collection. Digitized by eGangotri

कालरात्रीं ब्रह्मस्तुतां वैष्णवीं स्कन्दमातरम् ।
सरस्वतीमदितिं दक्षदुहितरं नमामः पावनां शिवाम् ॥ ११ ॥

અમારાં નમન હો એ કાલરાત્રિને, વેદોની સ્તુતિ પામેલીને, વૈષ્ણવીને, સ્કંદમાતા-(શિવશક્તિ)ને, સરસ્વતી(બ્રહ્મશક્તિ)ને, અદિતિ(દેવમાતા)ને, દક્ષકન્યા(સતી)ને અને પાવનકારી શિવાને. ૧૧

महालक्ष्म्यै च विद्महे सर्वशक्त्यै च धीमहि । तन्नो देवी प्रचोदयात् ॥ १२ ॥

અમે મહાલક્ષ્મીને જાણીએ છીએ, એ સર્વશક્તિનું ધ્યાન કરીએ છીએ; એ દેવી અમને આ વિષયમાં (જ્ઞાન-ધ્યાનમાં) પ્રવૃત્ત કરો. ૧૨

अदितिर्ह्यजनिष्ट दक्ष या दुहिता तव । तां देवा अन्वजायन्त भद्रा अमृतबन्धतः ॥ १३ ॥

હે દક્ષ! તમારી પુત્રી અદિતિ પ્રસૂતા થઈ અને એણે સ્તુતિપાત્ર તથા મૃત્યુ-રહિત દેવોને જન્મ આપ્યો. ૧૩

कामो योनिः कमला वज्रपाणिर्गुहाहसा मातरिश्वाभ्रमिन्द्रः ।
पुनर्गुहा सकला मायया च पुरुच्यैषा विश्वमातादिविद्योम् ॥ १४ ॥

કામ (ક), યોનિ (એ), કમલા (ઈ), વજ્રપાણિ-ઇંદ્ર (લ), ગુહા(હ્રીં), હ, સ-વર્ણ માતરિશ્વા-વાયુ (ક), અભ્ર (હ), ઇંદ્ર (લ), પુનઃ ગુહા (હ્રીં), સ, ક, લ-વર્ણ, અને માયા (હ્રીં), આ સર્વાત્મિકા જગન્માતાની મૂલવિદ્યા છે અને તે બ્રહ્મરૂપિણી છે. ૧૪

(શિવશક્તિ અભેદરૂપા, બ્રહ્મવિષ્ણુશિવાત્મિકા, સરસ્વતી લક્ષ્મીગૌરીરૂપા, અશુદ્ધ-

CC-0. Mumukshu Bhawan Varanasi Collection. Digitized by eGangotri

મિશ્ર–શુદ્ધ ઉપાસનાત્મિકા, સમરસીભૂત–શિવશક્ત્યાત્મક બ્રહ્મસ્વરૂપનું નિર્વિકલ્પ જ્ઞાન આપવાવાળી, સર્વ તત્ત્વાત્મિકા ત્રિપુરસુંદરી–આ પ્રમાણે મંત્રાર્થ છે. આ મંત્ર સર્વ મંત્રોનો મુકુટમણિ છે અને મંત્રશાસ્ત્રમાં પંચદશી આદિ શ્રીવિદ્યાને નામે પ્રસિદ્ધ છે. આના છ પ્રકારના અર્થ–ભાવાર્થ, વાચ્યાર્થ, સંપ્રદાયાર્થ, કૌલિકાર્થ, રહસ્યાર્થ અને તત્ત્વાર્થ 'નિત્યાષોડશિકાર્ણવ' ગ્રંથમાં બતાવવામાં આવ્યા છે. વળી 'વરિવસ્યો રહસ્યમ્' આદિ ગ્રંથોમાં આ મંત્રના બીજા પણ અનેક અર્થો બતાવ્યા છે. શ્રુતિમાં પણ આ મંત્ર આ પ્રકારે અથવા ક્યારેક સ્વરૂપોચ્ચાર, ક્યારેક લક્ષણા અને લક્ષિત–લક્ષણાથી અને ક્યાંક વર્ણના પૃથક્ પૃથક્ અવયવ બતાવીને જાણીબૂજીને વિશૃંખલરૂપે કહેવામાં આવ્યો છે–આથી આ મંત્ર કેટલો ગોપનીય અને મહત્ત્વપૂર્ણ છે, તે સમજાશે.)

एषाऽऽत्मशक्तिः । एषा विश्वमोहिनी। पाशाङ्कुशधनुर्बाणधरा ।
एषा श्रीमहाविद्या । य एवं वेद शोकं तरति ॥ १५॥

એ પરમાત્મશક્તિ છે; એ વિશ્વમોહિની છે; એ પાશ, અંકુશ, ધનુષ અને બાણ ધારણ કરનારી છે, એ શ્રીમહાવિદ્યા છે. જે આ જાણે છે, તે શોકને તરી જાય છે. ૧૫

नमस्ते अस्तु भगवति मातरस्मान् पाहि सर्वतः ॥ १६ ॥

હે ભગવતી! તને નમસ્કાર હો! હે મા! તું અમને સર્વ રીતે રક્ષ. ૧૬

सैषाष्टौ वसवः । सैषैकादश रुद्राः । सैषा द्वादशादित्याः । सैषा विश्वेदेवाः सोमपा असोमपाश्च। सैषा यातुधाना असुरा रक्षांसि पिशाचा यक्षाः सिद्धाः। सैषा सत्त्व-रजस्तमांसि । सैषा ब्रह्मविष्णुरुद्ररूपिणी । सैषा प्रजापतीन्द्रमनवः । सैषा ग्रहनक्षत्रज्योतींषि।

CC-0. Mumukshu Bhawan Varanasi Collection. Digitized by eGangotri

कलाकाष्ठादिकालरूपिणी । तामहं प्रणौमि नित्यम् ॥
पापापहारिणीं देवीं भुक्तिमुक्तिप्रदायिनीम् । अनन्तां विजयां शुद्धां शरण्यां शिवदां शिवाम् ॥

(મંત્રદ્રષ્ટા ઋષિ કહે છે:) તે જ આઠ વસુઓ છે, તે જ અગિયાર રુદ્રો છે, તે બાર આદિત્યો છે અને તે સોમપાન કરનારા તથા સોમપાન ન કરનારા વિશ્વદેવો છે. તે જ યાતુધાનો (રાક્ષસો) છે, અસુરો છે, રાક્ષસો છે, પિશાચો છે, યક્ષો છે અને સિદ્ધો છે. તે જ સત્ત્વ, રજ અને તમ છે; અને તે જ બ્રહ્મ-વિષ્ણુ-રુદ્રરૂપિણી છે; તે જ પ્રજાપતિ, ઇંદ્ર અને મનુ છે; તે જ ગ્રહ, નક્ષત્ર અને તારાઓ છે; અને તે જ કલા, કાષ્ઠાદિ કાલરૂપિણી છે. પાપને હરનારી, ભુક્તિ-મુક્તિ આપનારી, અનંત, વિજયાધિષ્ઠાત્રી, શુદ્ધ, શરણ લેવા યોગ્ય, કલ્યાણદાત્રી અને મંગલસ્વરૂપિણી એ ભગવતીને હું નિત્ય પ્રણામ કરું છું. ૧૭

वियदीकारसंयुक्तं वीतिहोत्रसमन्वितम् । अर्धेन्दुलसितं देव्या बीजं सर्वार्थसाधकम् ॥ १८ ॥

દેવીનું બીજ વિયત્-આકાશ (હ) તથા 'ઈ'કારથી યુક્ત છે, વીતિહોત્ર-અગ્નિ-(ર)થી સમન્વિત છે, અર્ધચંદ્ર(ઁ)થી અલંકૃત છે અને સર્વ અર્થને સિદ્ધ કરનારું છે. ૧૮

एवमेकाक्षरं ब्रह्म यतयः शुद्धचेतसः । ध्यायन्ति परमानन्दमया ज्ञानाम्बुराशयः ॥ १९ ॥

શુદ્ધ ચિત્તવાળા, પરમાનંદમાં પરાયણ રહેનારા અને જ્ઞાનના સાગર સમા યતિઓ એ એકાક્ષર બ્રહ્મનું ધ્યાન કરે છે. ૧૯

CC-0. Mumukshu Bhawan Varanasi Collection. Digitized by eGangotri

(આ મંત્રને દેવીપ્રણવ માનવામાં આવ્યો છે. ૐકારની જેમ આ પ્રણવ પણ વ્યાપક અર્થથી ભરેલો છે. સંક્ષેપમાં એનો અર્થ ઇચ્છા-જ્ઞાન-ક્રિયાધાર, અદ્વૈત, અખંડ, સચ્ચિદાનંદ, સમરસીભૂત, શિવશક્તિસ્ફુરણ છે.)

वाङ्माया ब्रह्मसूस्तस्मात् षष्ठं वक्त्रसमन्वितम्। सूर्योऽवामश्रोत्रबिन्दुसंयुक्तष्टात्तृतीयकः॥
नारायणेन संमिश्रो वायुश्चाधरयुक् ततः। विच्चे नवार्णकोऽर्णः स्यान्महदानन्ददायकः॥२०॥

વાક્-વાણી (ऐं), માયા (ह्रीं), બ્રહ્મસૂ-કામ (क्लीं), એની પછી છઠ્ઠો વ્યંજન (च) તે વક્ત્ર અર્થાત્ આકારથી યુક્ત (चा), સૂર્ય (म), 'અવામ શ્રોત્ર'-દક્ષિણ કર્ણ (उ) અને બિન્દુ અર્થાત્ અનુસ્વારથી યુક્ત (मुं), ટકારથી ત્રીજો (ठ), તે જ નારાયણ અર્થાત્ 'આ'થી મિશ્ર (डा), વાયુ (य), તે જ અધર અર્થાત્ 'ै'થી યુક્ત (यै) અને 'विच्चे' આ (ऐं ह्रीं क्लीं चामुंडायै विच्चे) નવાર્ણમંત્ર ઉપાસકોને આનંદ અને બ્રહ્મસાયુજ્ય આપે છે. ૨૦

(આ મંત્રનો અર્થ-હે ચિત્સ્વરૂપિણી મહાસરસ્વતી! હે સદ્રૂપિણી મહાલક્ષ્મી! હે આનંદરૂપિણી મહાકાલી! બ્રહ્મવિદ્યા પામવા સારુ અમે સર્વ સમયે તમારું ધ્યાન કરીએ છીએ. હે મહાકાલી-મહાલક્ષ્મી-મહાસરસ્વતીરૂપિણી ચંડિકા! તને નમસ્કાર હો! અવિદ્યારૂપી દોરડીની ઘેરી ગાંઠને ઉકેલી નાખી તું મને મુક્ત કર!)

हृत्पुण्डरीकमध्यस्थां प्रातःसूर्यसमप्रभाम्। पाशाङ्कुशधरां सौम्यां वरदाभयहस्तकाम्।
त्रिनेत्रां रक्तवसनां भक्तकामदुघां भजे॥२१॥

CC-0. Mumukshu Bhawan Varanasi Collection. Digitized by eGangotri

હૃદયકમળના મધ્યમાં રહેનારી, પ્રાતઃકાળના બાળસૂર્યના જેવી કાંતિવાળી, પાશ તથા અંકુશને ધારણ કરનારી, વરદ તથા અભય મુદ્રાને ધારણ કરેલા હસ્તવાળી, ત્રણ નયનવાળી, સૌમ્ય સુંદર સ્વરૂપવાળી, લાલ વસ્ત્રવાળી અને ભક્તોના મનોરથને પૂરનારી એ દેવીને હું ભજું છું. ૨૧

नमामि त्वां महादेवीं महाभयविनाशिनीम्। महादुर्गप्रशमनीं महाकारुण्यरूपिणीम् ॥२२॥

મહાન ભયોનો નાશ કરનારી, મહાન સંકટોને શમાવનારી, મહાન કરુણાની મૂર્તિ એવી એ મહાદેવીને હું નમન કરું છું. ૨૨

यस्याः स्वरूपं ब्रह्मादयो न जानन्ति तस्मादुच्यते अज्ञेया। यस्या अन्तो न लभ्यते तस्मादुच्यते अनन्ता। यस्या लक्ष्यं नोपलक्ष्यते तस्मादुच्यते अलक्ष्या। यस्या जननं नोपलभ्यते तस्मादुच्यते अजा। एकैव सर्वत्र वर्तते तस्मादुच्यते एका। एकैव विश्वरूपिणी तस्मादुच्यते नैका। अत एवोच्यते अज्ञेयानन्तालक्ष्याजैकानैकेति ॥ २३ ॥

બ્રહ્મા આદિ પણ એના સ્વરૂપને જાણતા નથી, તેથી એ અજ્ઞેયા કહેવાય છે; એનો અંત મળતો નથી, તેથી એ અનંતા કહેવાય છે; એનું લક્ષ્ય પમાતું નથી, તેથી એ અલક્ષ્યા કહેવાય છે. એનો જન્મ સમજાતો નથી, તેથી એ અજા કહેવાય છે. એ એકલી જ સર્વત્ર છે, તેથી એ એકા કહેવાય છે; એ એકલી જ વિશ્વરૂપે છે, તેથી એ નૈકા કહેવાય છે. આમ તે અજ્ઞેયા, અનંતા, અલક્ષ્યા, અજા, એકા અને નૈકા કહેવાય છે. ૨૩

मन्त्राणां मातृका देवी शब्दानां ज्ञानरूपिणी। ज्ञानानां चिन्मयातीता शून्यानां शून्यसाक्षिणी। यस्याः परतरं नास्ति सैषा दुर्गा प्रकीर्तिता ॥ २४॥

CC-0. Mumukshu Bhawan Varanasi Collection. Digitized by eGangotri

સર્વ મંત્રોમાં એ દેવી માતૃકા (મૂળાક્ષરરૂપે રહેનારી) છે; શબ્દોમાં એ અર્થરૂપે છે; જ્ઞાનોમાં એ ચિન્મયાતીતા (અથવા ચિન્મયાનંદા) છે અને શૂન્યોમાં એ શૂન્ય-સાક્ષિણી છે. એનાથી શ્રેષ્ઠ કશું જ નથી. એ દુર્ગા નામે પ્રસિદ્ધ છે. ૨૪

तां दुर्गां दुर्गमां देवीं दुराचारविघातिनीम्। नमामि भवभीतोऽहं संसारार्णवतारिणीम्॥२५॥

એ દુર્વિજ્ઞેય, દુરાચારનાશક અને સંસારસાગરમાંથી પાર લઈ જનારી દુર્ગાદેવીને હું ભવથી ભય પામેલો નમસ્કાર કરું છું. ૨૫

इदमथर्वशीर्षं योऽधीते स पञ्चाथर्वशीर्षजपफलमाप्नोति। इदमथर्वशीर्षमज्ञात्वा योऽर्चां स्थापयति–शतलक्षं प्रजप्त्वापि सोऽर्चासिद्धिं न विन्दति। शतमष्टोत्तरं चास्य पुरश्चर्या-विधिः स्मृतः।

दशवारं पठेद्यस्तु सद्यः पापैः प्रमुच्यते। महादुर्गाणि तरति महादेव्याः प्रसादतः॥ २६॥

જે આ અથર્વશીર્ષનું અધ્યયન કરે છે, એને પાંચ અથર્વશીર્ષના જપનું ફળ મળે છે. આ અથર્વશીર્ષને સમજ્યા વિના જે પ્રતિમાનું સ્થાપન કરે છે, તેને સેંકડો લાખ જપ કર્યા છતાં પૂજાની સિદ્ધિ થતી નથી. ૧૦૮ વાર જપ એ એની પુરશ્ચરણ-વિધિ છે. જે એનો દશ વાર પાઠ કરે છે, તે એ જ ક્ષણે પાપોથી મુક્ત થઈ જાય છે અને મહાદેવીના પ્રસાદથી તે દુસ્તર સંકટોને પાર કરી જાય છે. ૨૬

सायमधीयानो दिवसकृतं पापं नाशयति। प्रातरधीयानो रात्रिकृतं पापं नाशयति। सायंप्रातः प्रयुञ्जानो अपापो भवति। निशीथे तुरीयसन्ध्यायां जप्त्वा वाक्सिद्धिर्भवति। नूतनायां प्रतिमायां जप्त्वा देवतासान्निध्यं भवति। प्राणप्रतिष्ठायां जप्त्वा प्राणानां प्रतिष्ठा

CC-0. Mumukshu Bhawan Varanasi Collection. Digitized by eGangotri

भवति । भौमाश्वन्यां महादेवीसन्निधौ जप्त्वा महामृत्युं तरति । स महामृत्युं तरति य एवं वेद । इत्युपनिषत् ॥

સાયંકાળે એનું અધ્યયન કરનારનાં દિવસે કરેલાં પાપ નાશ પામે છે; પ્રાતઃકાળમાં એનું અધ્યયન કરનારનાં રાત્રે કરેલાં પાપ નાશ પામે છે; બંને સમયે અધ્યયન કરનાર નિષ્પાપ થાય છે. મધરાતે તુરીય સંધ્યાએ જપ કરવાથી વાક્‌સિદ્ધિ મળે છે. નવી પ્રતિમા ઉપર જપ કરવાથી દેવતાનું સાંનિધ્ય મળે છે. ભૌમાશ્વિની (અમૃતસિદ્ધિ) યોગમાં મહાદેવીના સાંનિધ્યમાં જપ કરવાથી મહામૃત્યુથી બચાય છે. જે આ પ્રકારે ભણે છે, તે મહામૃત્યુથી ઊગરે છે. આમ આ અવિદ્યાનો નાશ કરનારી બ્રહ્મવિદ્યા છે.

શ્રીદુર્ગામાનસપૂજા

उद्यच्चन्दनकुङ्कुमारुणपयोधाराभिराप्लावितां
नानानर्घ्यमणिप्रवालघटितां दत्तां गृहाणाम्बिके ।
आमृष्टां सुरसुन्दरीभिरभितो हस्ताम्बुजैर्भक्तितो
मातः सुन्दरि भक्तकल्पलतिके श्रीपादुकामादरात् ॥ १ ॥

હે મા ત્રિપુરસુંદરી ! તું ભક્તજનોની કલ્પલતા છે. હે અંબિકા ! આ પાદુકા તારા ચરણમાં સમર્પું છું. તું તે સ્વીકાર. એ પાદુકાને ઉચ્ચ પ્રકારનાં ચંદન-કંકુ મેળવેલા લાલ જળની ધારાથી ધોઈ છે; વિવિધ પ્રકારનાં અમૂલ્ય મણિઓ અને

CC-0. Mumukshu Bhawan Varanasi Collection. Digitized by eGangotri

પરવાળાંથી તે ઘડેલી છે અને સુરસુંદરીઓએ ભક્તિપૂર્વક પોતાનાં હાથકમળોથી એને બધી બાજુથી ધોઈ લૂછી છે. ૧

देवेन्द्रादीभिरर्चितं सुरगणैरादाय सिंहासनं
चञ्चत्काञ्चनसंचयाभिरचितं चारुप्रभाभास्वरम् ।
एतच्चम्पककेतकीपरिमलं तैलं महानिर्मलं
गन्धोद्वर्तनमादरेण तरुणीदत्तं गृहाणाम्बिके ॥ २ ॥

હે અંબિકા ! દેવગણોએ આ સિંહાસન લાવી મૂક્યું છે. દેવરાજ ઇંદ્ર આદિ એની પૂજા કરે છે; ચમક ચમક થતા કંચનના સમૂહથી એ ઘડાયું છે અને સુંદર કાંતિથી એ ઝળહળી રહ્યું છે, આ ચંપક તથા કેતકીના પરિમલવાળું અતિ નિર્મળ તેલ અને અત્યંત સુગંધીદાર ઉપરણ છે–દિવ્ય તરુણી આદરપૂર્વક એ તને અર્પે છે. હે મા ! તું એનો સ્વીકાર કર. ૨

पश्चाद्देवि गृहाण शम्भुगृहिणि श्रीसुन्दरि प्रायशो
गन्धद्रव्यसमूहनिर्भरतरं धात्रीफलं निर्मलम् ।
तत्केशान् परिशोध्य कङ्कतिकया मन्दाकिनीस्रोतसि
स्नात्वा प्रोज्ज्वलगन्धकं भवतु हे श्रीसुन्दरि त्वन्मुदे ॥ ३ ॥

એ પછી હે દેવિ ! તું આ નિર્મળ આમળું સ્વીકાર. હે શંભુગૃહિણી ! હે શ્રીસુંદરી ! આ ફળ લગભગ બધાંય ગંધદ્રવ્યોના સમૂહોથી નિર્ભર છે. તો એ લગાડી

CC-0. Mumukshu Bhawan Varanasi Collection. Digitized by eGangotri.

તું કાંસકીથી તારા વાળ ચોળી લે અને ગંગાજીના સ્રોતમાં સ્નાન કર. પછી હે ત્રિપુરસુંદરી ! આ પ્રોજ્જ્વલ ગંધ છે, તે તને આનંદદાયી થાઓ. ૩

सुराधिपतिकामिनीकरसरोजनालीधृतां
सचन्दनसकुङ्कुमागुरुभरेण विभ्राजिताम् ।
महापरिमलोज्ज्वलां सरसशुद्धकस्तूरिकां
गृहाण वरदायिनि त्रिपुरसुन्दरि श्रीपदे ॥ ४ ॥

હે ત્રિપુરસુંદરી ! આ રસભરી અને શુદ્ધ કસ્તૂરીને તું સ્વીકાર. હે શ્રીદાયિની ! દેવરાજ ઇંદ્રની પ્રિયા શચીએ એના કરકમળમાં એને ધારી રાખી છે; ચંદન, કુંકુમ અને અગરથી સભર હોવાથી એ અત્યંત શોભી રહી છે. અને હે વરદાયિની ! અધિકાધિક પરિમલથી એ મનોહર છે. ૪

गन्धर्वामरकिन्नरप्रियतमासन्तानहस्ताम्बुज-
प्रस्तारैर्ध्रियमाणमुत्तमत्तरं काश्मीरजापिञ्जरम् ।
मातर्भास्वरभानुमण्डललसत्कान्तिप्रदानोज्ज्वलं
चैतन्निर्मलमातनोतु वसनं श्रीसुन्दरि त्वन्मुदम् ॥ ५ ॥

હે મા ! આ નિર્મળ વસ્ત્ર તારી સેવામાં હો. હે શ્રીસુંદરી ! તને એ આનંદ ઊભરાવો. દેવ, ગંધર્વ અને કિન્નરોની પ્રિયતમાઓ પોતાનાં ફેલાવેલાં કરકમળોમાં એ વસ્ત્રને ધારણ કરી રહી છે. કાશ્મીરકેસરમાં રંગેલું એ પીતામ્બર છે. એમાંથી પરમ પ્રકાશમાન સૂર્યમંડળની દિવ્ય ને મનોહર કાંતિ બહાર ઝળકી રહી છે, તેથી એ

CC-0. Mumukshu Bhawan Varanasi Collection. Digitized by eGangotri

અતીવ સુશોભિત છે. ૫

स्वर्णाकल्पितकुण्डले श्रुतियुगे हस्ताम्बुजे मुद्रिका
मध्ये सारसना नितम्बफलके मञ्जीरमङ्घ्रिद्वये ।
हारा वक्षसि कङ्कणौ क्वणरणत्कारौ करद्वन्द्वके
विन्यस्तं मुकुटं शिरस्यनुदिनं दत्तोन्मदं स्तूयताम् ॥ ६ ॥

તારા કર્ણયુગલમાં સોનાનાં ઘડેલાં કુંડળો ઝળક્યા કરો. તારા કરકમળમાં વીંટી શોભી રહો. તારા મધ્યભાગે નિતંબો ઉપર મેખલા સોહી રહો. તારા પગજોડમાં મંજીર રણક્યા કરો. તારા વક્ષઃસ્થળમાં હાર વિલસી રહો. તારા કરદ્વંદ્વમાં કંકણો ખખડ્યા કરો. તારે માથે મૂકેલા મુગટ રોજ ને રોજ આનંદ આપો. આ બધું સ્તુતિને યોગ્ય છે. ૬

ग्रीवायां धृतकान्तिकान्तपटलं ग्रैवेयकं सुन्दरं
सिन्दूरं विलसल्ललाटफलके सौन्दर्यमुद्राधरम् ।
राजत्कज्जलमुज्ज्वलोत्पलदलश्रीमोचने लोचने
तद्दिव्यौषधिनिर्मितं रचयतु श्रीशाम्भवि श्रीपदे ॥ ७ ॥

હે શ્રીપદા ! તું ગળામાં અત્યંત ઝળકતી સોહામણી હંસલી પહેર; લલાટના મધ્યભાગમાં તું સૌંદર્યની મુદ્રા ધારણ કરનારી સિંદૂરની બિંદી લગાવ અને ઉજ્જવલ પદ્મદળની શોભાનેય ઝાંખી પાડનારાં તારાં નેત્રોમાં તું સુંદર કાજળ લગાડ. હે શ્રીશામ્ભવી ! એ કાજળ દિવ્ય ઔષધિઓથી બનાવેલ છે. ૭

CC-0. Mumukshu Bhawan Varanasi Collection. Digitized by eGangotri

अमन्दतरमन्दरोन्मथितदुग्धसिन्धूद्भवं
निशाकरकरोपमं त्रिपुरसुन्दरि श्रीपदे ।
गृहाण मुखमीक्षितुं मुकुरबिम्बमाविद्रुमै-
र्विनिर्मितमघच्छिदे रतिकराम्बुजस्थायिनम् ॥ ८ ॥

હે પાપનાશિની ! હે શ્રીદાયિની ! હે ત્રિપુરસુંદરી ! મુખ જોવા માટે તું આ દર્પણ સ્વીકાર. સાક્ષાત્ રતિ પોતાના કરકમળમાં એ લઈને ઊભી છે. પ્રચંડવેગી મંદરાચલના વલોણાથી ક્ષીરસમુદ્રનું મંથન થયું, ત્યારે આ દર્પણ ઉદ્ભવ્યું હતું અને ચંદ્રનાં કિરણો જેવું એ ઉજ્જવળ છે, ૮

कस्तूरीद्रवचन्दनागुरुसुधाधाराभिराप्लावितं
चञ्चच्चम्पकपाटलादिसुरभिद्रव्यैः सुगन्धीकृतम् ।
देवस्त्रीगणमस्तकस्थितमहारत्नादिकुम्भव्रजै-
रम्भः शाम्भवि संभ्रमेण विमलं दत्तं गृहाणाम्बिके ॥ ९ ॥

હે અંબિકા ! આ વિમલ જળ સ્વીકાર. હે શામ્ભવી ! દેવાંગનાના સમૂહોએ માથે રાખેલા મહામૂલા રત્નમય કલશોથી એ ઝટપટ અપાઈ રહ્યું છે; એને ચંપક અને પાટલ આદિ સુગંધીદાર દ્રવ્યોથી સુવાસિત કરવામાં આવ્યું છે અને કસ્તૂરી, રસ, ચંદન, અગરુ તેમ જ સુધાની ધારાની ધારાથી તેને ભરપૂર બનાવાયું છે. ૯

कल्हारोत्पलनागकेसरसरोजाख्यावलीमालती-
मल्लीकैरवकेतकादिकुसुमै रक्ताश्वमारादिभिः ।

CC-0. Mumukshu Bhawan Varanasi Collection. Digitized by eGangotri

पुष्पैर्माल्यभरेण वै सुरभिणा नानारसस्रोतसा
ताम्राम्भोजनिवासिनीं भगवतीं श्रीचंडिकां पूजये ॥ १० ॥

કલ્હાર, ઉત્પલ, નાગકેસર, કમળ, માલતી, મલ્લિકા, કુમુદ, કેતકી અને લાલ કરેણનાં ફૂલોથી મઘમઘતી ફૂલમાળાઓથી, તેમ જ વિવિધ પ્રકારના રસોની ધારાઓથી હું રક્તકમળમાં રહેનારી ભગવતી શ્રીચંડિકાનું પૂજન કરું છું. ૧૦

मांसीगुग्गुलचन्दनागुरुरजः कर्पूशैरलेयजै-
र्माध्वीकैः सह कुङ्कुमैः सुरचितै सर्पिभिरामिश्रितैः ।
सौरभ्यस्थितिमन्दिरे मणिमये पात्रे भवेत् प्रीतये
धूपोऽयं सुरकामिनीविरचितः श्रीचण्डिके त्वन्मुदे ॥ ११ ॥

હે શ્રી ચંડિકા! આ ધૂપ તને પ્રસન્નતા આપો! એ દેવાંગનાઓએ તૈયાર કર્યો છે. સુગંધના મંદિર સમા મણિમય પાત્રમાં એ રાખ્યો છે. તને એ પ્રીતિકર થશે. એમાં જટામાંસી, ગૂગળ, ચંદન, અગરુચૂર્ણ, કપૂર, શિલાજિત, મધુ, કુંકુમ તેમ જ ઘી મેળવ્યાં છે અને એને ઉત્તમ રીતે બનાવ્યો છે. ૧૧

घृतद्रवपरिस्फुरद्रुचिररत्नयष्ट्यान्वितो
महातिमिरनाशनः सुरनितम्बिनीतिर्मितः ।
सुवर्णचषकस्थितः सघनसारवर्त्यान्वित-
स्तव त्रिपुरसुन्दरि स्फुरति देवि दीपो मुदे ॥ १२ ॥

હે ત્રિપુરસુંદરી! તારી પ્રસન્નતા માટે આ દીપક સ્ફુરી રહ્યો છે. એમાં ઘી બળે છે

CC-0. Mumukshu Bhawan Varanasi Collection. Digitized by eGangotri

અને એની વાટને સુંદર રત્નની સળી લગાવી છે. દેવસ્ત્રીઓએ એનું નિર્માણ કર્યું છે. સોનાના પાત્રમાં એ જળી રહ્યો છે અને એની સાથે કપૂરની દિવેટ છે. મહાન અંધકારનો એ નાશ કરવાવાળો છે. ૧૨

जातीसौरभनिर्भरं रुचिकरं शाल्योदनं निर्मलं
युक्तं हिङ्गुमरीचजीरसुरभिद्रव्यान्वितैर्व्यञ्जनैः ।
पक्वान्नेन सपायसेन मधुना दध्याज्यसंमिश्रितं
नैवेद्यं सुरकामिनी विरचितं श्रीचण्डिके त्वन्मुदे ॥ १३॥

હે શ્રી ચંડિકા! તારી પ્રસન્નતા માટે સુરકામિનીઓએ આ નૈવેદ્ય બનાવ્યું છે. એમાં સ્વચ્છ શાલીભાત છે, ચમેલીની સુગંધથી એ ભરપૂર સુવાસિત છે, એ રુચિકર છે; હિંગ, મરચાં તથા જીરા આદિ સુગંધભર્યાં દ્રવ્યોથી વઘારેલાં વિવિધ શાકોથી એ યુક્ત છે અને એની સાથે પકવાન્ન, ખીર, મધુ, દહીં તેમ જ ઘી છે. ૧૩

लवङ्गकलिकोज्ज्वलं बहुलनागवल्लीदलं
सजातिफलकोमलं सघनसारपूगीफलम् ।
सुधामधुरिमाकुलं रुचिररत्नपात्रस्थितं
गृहाण मुखपङ्कजे स्फुरितमम्ब ताम्बूलकम् ॥ १४॥

હે અંબા! આ ઉજ્જ્વળ તામ્બૂલ તારા મુખકમળમાં સ્વીકાર. એ સોહામણા રત્નપાત્રમાં રાખેલું છે, લવિંગની કળીથી વાળેલું એનું બીડું અતીવ સુંદર છે; એમાં અનેક પાનનાં પત્તાં છે; એ દરેક બીડામાં કોમળ જાવંત્રી, કપૂર તથા સોપારી મૂક્યાં

CC-0. Mumukshu Bhawan Varanasi Collection. Digitized by eGangotri

છે અને એ સુધાની માધુરીથી પૂર્ણ છે. ૧૪

शरत्प्रभवचन्द्रमःस्फुरितचन्द्रिकासुन्दरं
गलत्सुरतरङ्गिणीललितमौक्तिकाऽम्बरम् ।
गृहाणनवकाञ्चनप्रभवदण्डखण्डोज्ज्वलं
महात्रिपुरसुन्दरि प्रकटमात्तपत्रं महत् ॥ १५ ॥

હે મહાત્રિપુરસુંદરી! આ પ્રગટ થયેલું મહાન છત્ર તું સ્વીકાર! શરદના ચંદ્રની ચમકતી ચાંદની જેવું એ સુંદર છે; એની મોતીની ઝાલર જાણે દેવનદી ગંગાના સ્રોત ઉપરથી ઝૂલી રહી છે અને નવીન કાંચનના બનેલા દંડથી એ ઉજ્જવળ છે. ૧૫

मातस्त्वन्मुदमातुसुंभगस्त्रिभिः सदाऽऽन्दोलितं
शुभ्रं चामरमिन्दुकुन्दसदृशं प्रस्वेददुःखापहम् ।
सद्योऽगस्त्यवसिष्ठनारदशुकव्यासादिवाल्मीकिभिः
स्वे चित्ते क्रियमाण एव कुरुतां शर्माणि वेदध्वनिः ॥ १६ ॥

હે મા! સુંદરીજનો આ જે ઉજ્જવળ ચમ્મર તને ઢાળી રહી છે, તે તને આનંદ આપો. એ ચમ્મર ચંદ્ર અને મોગરા જેવાં ઉજ્જવળ છે અને પરસેવાના કષ્ટને હરનારાં છે. અગસ્ત્ય, વસિષ્ઠ, નારદ, શુક, વ્યાસ અને વાલ્મીકિ આદિ મહામુનિઓ પોતાનાં ચિત્તમાં જે વેદધ્વનિ કરી રહ્યા છે, તે તારા આનંદમાં વધારો કરો. ૧૬

स्वर्गाङ्गणे वेणुमृदङ्गशङ्खभेरीनिनादैरुपगीयमाना ।
कोलाहलैराकलिता तवास्तु विद्याधरीनृत्यकला सुखाय ॥ १७ ॥

CC-0. Mumukshu Bhawan Varanasi Collection. Digitized by eGangotri

સ્વર્ગના આંગણામાં વિદ્યાધરીની જે નૃત્યકળા પ્રકટી રહી છે, તે તને સુખદાયી થાઓ. એ કળામાં વેણુ, મૃદંગ, શંખ તથા ભેરિના નિનાદ સાથે સંગીત ચાલી રહ્યું છે અને એમાં કોલાહલના શબ્દો વ્યાપી રહ્યા છે. ૧૭

देवि भक्तिरसभावितवृत्ते प्रीयतां यदि कुतोऽपि लभ्यते।
तत्र लौल्यमपि सत्फलमेकं जन्मकोटिभिरपीह न लभ्यम्॥ १८॥

હે દેવી! આ ભક્તિરસની ભાવનાવાળું પદ્ય છે. એમાં ભક્તિનો છાંટોય મળે, તો તેનાથી તું પ્રસન્ન થજે. તારી ભક્તિની લોલુપતા એ જ એકમાત્ર સત્ફળ છે. કરોડો જન્મે પણ એ તારી કૃપા વિના મળે એમ નથી. ૧૮

एतैः षोडशभिः पद्यैरुपचारोपकल्पितैः। यः परां देवतां स्तौति स तेषां फलमाप्नुयात्॥ १९॥

આ ઉપચાર કલ્પિતષોડશ (સોળ) પદ્યોથી જે કોઈ પરા દેવતા ભગવતી ત્રિપુરસુંદરીનું સ્તવન કરે છે, તે આ ઉપચારોના સમર્પણનું ફળ પામે છે. ૧૯

इति श्रीदुर्गामानसपूजा समाप्ता।

દુર્ગાદ્વાત્રિંશદ્નામમાળા

બ્રહ્મા આદિ દેવોએ એકવાર મહેશ્વરી દુર્ગાનું પૂજન કર્યું. પૂજનથી પ્રસન્ન થઈને દુર્ગાએ કહ્યું: 'હે દેવો! તમારી પૂજાથી હું પ્રસન્ન થઈ છું, તમારી ઇચ્છામાં આવે તે તમે માગી લો.' દેવો બોલ્યા: 'દેવી! તમે અમારા શત્રુ મહિષાસુરને તો

CC-0. Mumukshu Bhawan Varanasi Collection. Digitized by eGangotri

મારી નાખ્યો છે, તેથી સારુંય જગત સ્વસ્થ અને નિર્ભય થયું છે. તમારી કૃપાથી અમને અમારાં પદ મળ્યાં છે. તમે તો કલ્પવૃક્ષ છો, અમે તમારે શરણે છીએ. અમારે હવે કાંઈ પામવાની ઇચ્છા નથી. પરંતુ જગતની રક્ષા માટે અમે તમને આ પૂછીએ છીએ : હે મહેશ્વરી ! તમે તરત પ્રસન્ન થાઓ અને સંકટમાં પડેલા જીવની રક્ષા કરો, એવો કયો ઉપાય છે ? હે દેવેશ્વરી ! આ વાત સર્વથા ગોપનીય હોય, તોપણ તમે તે અવશ્ય બતાવો.'

આ ઉપરથી દયામયી દુર્ગાએ કહ્યું : 'આ રહસ્ય અત્યંત ગોપનીય અને દુર્લભ છે. મારાં બત્રીસ નામોની માળા સર્વ પ્રકારની આપત્તિઓનો વિનાશ કરનારી છે. ત્રણે લોકમાં એના સમાન બીજી કોઈ સ્તુતિ નથી, એ રહસ્યરૂપ છે. હું એ બતાવું છું, સાંભળો :

दुर्गा दुर्गार्तिशमनी दुर्गापद्विनिवारिणी । दुर्गमच्छेदिनी दुर्गसाधिनी दुर्गनाशिनी ॥
दुर्गतोद्धारिणी दुर्गनिहन्त्री दुर्गमापहा । दुर्गमज्ञानदा दुर्गदैत्यलोकदवानला ॥
दुर्गमा दुर्गमालोका दुर्गमात्मस्वरूपिणी । दुर्गमार्गप्रदा दुर्गमविद्या दुर्गमाश्रिता ॥
दुर्गमज्ञानसंस्थाना दुर्गमध्यानभासिनी । दुर्गमोहा दुर्गमगा दुर्गमार्थस्वरूपिणी ॥
दुर्गमासुरसंहन्त्री दुर्गमायुधधारिणी । दुर्गमाङ्गी दुर्गमता दुर्गम्या दुर्गमेश्वरी ॥
दुर्गभीमा दुर्गभामा दुर्गमा दुर्गदारिणी । नामावलिमिमां यस्तु दुर्गाया मम मानवः ॥
पठेत् सर्वभयान्मुक्तो भविष्यति न संशयः ॥

CC-0. Mumukshu Bhawan Varanasi Collection. Digitized by eGangotri

દુર્ગાનાં આ બત્રીસ નામો છે : (૧) દુર્ગા, (૨) દુર્ગાર્તિશમની, (૩) દુર્ગાપદ્વિનિવારિણી, (૪) દુર્ગમચ્છેદિની, (૫) દુર્ગસાધિની, (૬) દુર્ગનાશિની, (૭) દુર્ગતોદ્ધારિણી, (૮) દુર્ગનિહન્ત્રી, (૯) દુર્ગમાપહા, (૧૦) દુર્ગમજ્ઞાનદા, (૧૧) દુર્ગદૈત્યલોકદવાનલા, (૧૨) દુર્ગમા, (૧૩) દુર્ગમાલોકા, (૧૪) દુર્ગમાત્મસ્વરૂપિણી, (૧૫) દુર્ગમાર્ગપ્રદા, (૧૬) દુર્ગમવિદ્યા, (૧૭) દુર્ગમાશ્રિતા, (૧૮) દુર્ગમજ્ઞાનસંસ્થાના, (૧૯) દુર્ગમધ્યાનભાસિની, (૨૦) દુર્ગમોહા, (૨૧) દુર્ગમગા, (૨૨) દુર્ગમાર્થસ્વરૂપિણી, (૨૩) દુર્ગમાસુરસંહન્ત્રી, (૨૪) દુર્ગમાયુધધારિણી, (૨૫) દુર્ગમાંગી, (૨૬) દુર્ગમતા, (૨૭) દુર્ગમ્યા, (૨૮) દુર્ગમેશ્વરી, (૨૯) દુર્ગભીમા, (૩૦) દુર્ગભામા (૩૧) દુર્ગમા અને (૩૨) દુર્ગદારિણી. જે મનુષ્ય દુર્ગાની આ નામમાળાનો પાઠ કરે છે, તે નિઃસંશય સર્વ ભયથી મુક્ત થાય છે.

કોઈ મનુષ્ય શત્રુઓથી પીડાતો હોય અથવા દુર્ભેદ્ય બંધનમાં પડ્યો હોય, તે જો આ બત્રીસ નામોનો પાઠ કરે તો તરત તે સંકટમાંથી છુટકારો મેળવે. આમાં લેશમાત્ર પણ સંશય નથી. જો રાજા ક્રોધે ભરાઈને દેહાંતદંડ આપે, અથવા કોઈ શત્રુઓથી ઘેરાઈ જાય, અથવા વન–અરણ્યમાં વાઘ, વરુ વગેરે હિંસક પ્રાણીના પંજામાં કોઈને પકડાવાનું આવી પડે, તો તેવે વખતે મનુષ્ય આ બત્રીસ નામોનો ૧૦૮ વાર પાઠ કરે, તો તે સર્વ ભયથી મુક્ત થાય. અભક્ત, નાસ્તિક અને શઠને

CC-0. Mumukshu Bhawan Varanasi Collection. Digitized by eGangotri

આનો ઉપદેશ ન આપવો. જે કોઈ ભારે વિપત્તિમાં આવતાં આ નામમાળાના હજાર, દશ હજાર અથવા એકલાખ વાર પાઠ કરે છે, અથવા બ્રાહ્મણ પાસે એ કરાવે છે, તે સર્વ પ્રકારની આપત્તિઓમાંથી મુક્ત થાય છે. સિદ્ધ અગ્નિમાં મધ મેળવેલા સફેદ તલથી આ નામો દ્વારા લાખ વાર હવન કરનાર મનુષ્ય સર્વ વિપત્તિઓમાંથી મુક્ત થાય છે. સુંદર માટીની મારી અષ્ટભુજા મૂર્તિ બનાવવી. આઠે હાથમાં ક્રમપૂર્વક ગદા, ખડ્ગ, ત્રિશૂલ, બાણ, ધનુષ્ય, કમળ, ઢાલ અને મુદ્ગર ધારણ કરાવવાં. મૂર્તિના મસ્તકમાં ચંદ્રમાનું ચિહ્ન કરવું, મૂર્તિને પણ આંખ હોય, તેને લાલ વસ્ત્ર પહેરાવ્યું હોય, સિંહ ઉપર તેની સવારી હોય, તે મહિષાસુરનો જાણે વધ કરી રહી હોય, આવી પ્રતિમા બનાવી વિવિધ પ્રકારની સામગ્રીઓથી ભક્તિપૂર્વક મારું પૂજન કરવું. મારાં આ નામો ભણી ભણીને લાલ કરેણનાં ફૂલ ચડાવવાં. આમ સો વાર પૂજા કરવી, મંત્રજપ કરવા. પૌંઆથી હવન કરવો. વિવિધ પ્રકારના ઉત્તમ પદાર્થોનો ભોગ ધરવો. આ પ્રમાણે કરવાથી મનુષ્ય અસાધ્ય કાર્યને પણ સિદ્ધ કરી શકશે. જે મનુષ્ય પ્રતિદિન મારું ભજન કરે છે, તે કદી વિપત્તિમાં આવતો નથી.'

જગદમ્બા આ પ્રમાણે બોલી અંતર્ધાન થઈ ગયાં. જે કોઈ મનુષ્ય આ ઉપાખ્યાનનું શ્રવણ કરે છે, તે સર્વ કોઈ વિપત્તિથી મુક્ત રહે છે.

CC-0. Mumukshu Bhawan Varanasi Collection. Digitized by eGangotri

શ્રીશંકરાચાર્યવિરચિત

દેવી-અપરાધક્ષમાપન સ્તોત્ર

न मन्त्रं नो यन्त्रं तदपि च न जाने स्तुतिमहो न चाह्वानं ध्यानं तदपि च न जाने स्तुतिकथाः।
न जाने मुद्रास्ते तदपि च न जाने विलपनं परं जाने मातस्त्वदनुसरणं क्लेशहरणम् ॥ १ ॥

હે મા ! મને મંત્રની જાણ નથી, યંત્રની જાણ નથી અને હું સ્તુતિ કરવાનું પણ જાણતો નથી. મને આવાહન આવડતું નથી, ધ્યાન આવડતું નથી અને સ્તોત્રકથાય મને આવડતી નથી. હું તારી મુદ્રા જાણતો નથી અને મને વિલાપ કરવાનુંય આવડતું નથી. છતાં એક વાત હું જાણું છું-ક્લેશ હરનારું તારું અનુસરણ. ૧

विधेरज्ञानेन द्रविणविरहेणालसतया विधेयाशक्यत्वात्तव चरणयोर्या च्युतिरभूत्।
तदेतत् क्षन्तव्यं जननि सकलोद्धारिणि शिवे कुपुत्रो जायेत क्वचिदपि कुमाता न भवति ॥ २ ॥

સર્વ સકળનો ઉદ્ધાર કરનારી હે શિવા ! મને વિધિનું અજ્ઞાન છે અને દ્રવ્યનો અભાવ છે. હું આળસુ છું અને તારી પૂજા ઠીક ઠીક કરી પણ શકતો નથી, આથી તારી ચરણસેવામાં જે ત્રુટિઓ થઈ છે, તે બદલ તું મને ક્ષમા આપજે. છોકરો ખરાબ હોઈ શકે, પણ મા કદીય ખરાબ નહિ હોય. ૨

पृथिव्यां पुत्रास्ते जननि बहवः सन्ति सरलाः परं तेषां मध्ये विरलतरलोऽहं तव सुतः।
मदीयोऽयं त्यागः समुचितमिदं नो तव शिवे कुपुत्रो जायेत क्वचिदपि कुमाता न भवति ॥ ३ ॥

CC-0. Mumukshu Bhawan Varanasi Collection. Digitized by eGangotri

હે મા ! પૃથ્વીમાં તારે અનેકાનેક સરળ બાળકો છે, પણ એ બધામાં આ હું તારો વિરલતર પુત્ર છું. હે શિવા ! આ મારો ત્યાગ તારે માટે કદીય ઉચિત નથી; કેમ કે છોકરો ખરાબ હોઈ શકે, પણ મા કદીય ખરાબ નહિ હોય. ૩

जगन्मातर्मातस्तव चरणसेवा न रचिता न वा दत्तं देवि द्रविणमपि भूयस्तव मया।
तथापि त्वं स्नेहं मयि निरुपमं यत् प्रकुरुषे कुपुत्रो जायेत क्वचिदपि कुमाता न भवति॥ ४॥

હે જગદમ્બા ! હે મા ! મેં તારી ચરણસેવા કરી નથી. તેમ હે દેવિ ! મેં તને ઘણું બધું દ્રવ્ય પણ આપ્યું નથી. આમ છતાં તું મારા ઉપર આટલો બધો અનુપમ સ્નેહ વરસાવે છે; કેમ કે છોકરો ખરાબ હોઈ શકે, પણ મા કદીય ખરાબ નહિ હોય. ૪

परित्यक्ता देवा विविधविधसेवाकुलतया मया पञ्चाशीतेरधिकमपनीते तु वयसि।
इदानीं चेन्मातस्तव यदि कृपा नापि भविता निरालम्बोलम्बोदरजननि कं यामि शरणम्॥ ५॥

હે લંબોદરજનની ! મારે વિવિધ પ્રકારની સેવાઓમાં વ્યાકુળ રહેવું પડે છે, તેથી મને પંચાશી વર્ષથીય વધુ વય થયા છતાં મેં દેવોને વિસારે પાડ્યા છે. હવે મા ! જો તારી જ કૃપા મને નહિ મળે, તો હું નિરાધાર કોને શરણે જાઉં ? ૫

श्वपाको जल्पाको भवति मधुपाकोपमगिरा निरातङ्को रङ्को विहरति चिरं कोटिकनकैः।
तवापर्णे कर्णे विशति मनुवर्णे फलमिदं जनः को जानीते जननि जपनीयं जपविधौ॥ ६॥

હે અપર્ણા ! તારા મંત્રનો એક અક્ષર પણ કાનમાં પડી જાય, તો તેનું આ ફળ આવે છે; મૂર્ખ ચંડાળ પણ મધુપાકના જેવી વાણી બોલનારો ઉત્તમ વક્તા થાય

CC-0. Mumukshu Bhawan Varanasi Collection. Digitized by eGangotri

છે અને રંક મનુષ્ય પણ કોટિ કનક પામીને ચિરકાળ સુધી નિર્ભય રીતે વિચરે છે. આમ છે, તો હે મા ! જેઓ વિધિપૂર્વક જપમાં લાગી રહે છે, તેને તો કોણ જાણે કેવુંય ઉત્તમ ફળ મળતું હશે ! ૬

चिताभस्मालेपो गरलमशनं दिक्पटधरो जटाधारी कण्ठे भुजगपतिहारी पशुपतिः।
कपाली भूतेशो भजति जगदीशैकपदवीं भवानि त्वत्पाणिग्रहणपरिपाटीफलमिदम् ॥ ७ ॥

હે ભવાની ! અંગ ઉપર જે ચિતાની ભસ્મનો લેપ કરે છે, જે વિષયનું ભોજન કરે છે, જે દિગંબર ધારણ કરે છે, જે જટાધારી છે, કંઠમાં જે નાગરાજનો હાર પહેરે છે અને જે કપાલ (ભિક્ષાપાત્ર) રાખે છે તે ભૂતનાથ ભગવાન પશુપતિ એકમાત્ર 'જગદીશ'ની પદવી ધરાવે છે; કેમ કે તારા પાણિગ્રહણની પરિપાટીનું એ ફળ છે. ૭

न मोक्षस्याकाङ्क्षा भवविभववाञ्छापि च न मे न विज्ञानापेक्षा शशिमुखि सुखेच्छापि न पुनः।
अतस्त्वां संयाचे जननि जननं यातु मम वै मृडानी रुद्राणी शिवशिव भवानीति जपतः ॥ ८ ॥

મને મોક્ષની ઇચ્છા નથી, સંસારના વૈભવની વાંછના નથી અને મને વિજ્ઞાનની અપેક્ષા નથી. હે શશિમુખી ! મને સુખનીય ઇચ્છા નથી. આથી હે મા ! મારી તને આટલી જ વિનતિ છે. મારો આખો જન્મ 'મૃડાની, રુદ્રાણી, શિવ, શિવ, ભવાની' એ જપ કરતાં કરતાં પૂરો થાઓ. ૮

नाराधितासि विधिना विविधोपचारैः किं रुक्षचिन्तनपरैर्न कृतं वचोभिः।
श्यामे त्वमेव यदि किञ्चन मय्यनाथे धत्से कृपामुचितमम्ब परं तवैव ॥ ९ ॥

CC-0. Mumukshu Bhawan Varanasi Collection. Digitized by eGangotri

હે મા ! મેં વિવિધ ઉપચારોથી તારી વિધિપૂર્વક પૂજા કરી નથી. કઠોર ચિંતનમાં રહેતી મારી વાણીએ શું શું નથી કર્યું ? તોપણ હે શ્યામા ! તું મને અનાથને વિષે કંઇક કૃપા રાખે છે. આ તને જ યોગ્ય છે. ૯

आपत्सु मग्नः स्मरणं त्वदीयं करामि दुर्गे करुणार्णवे शिवे ।
नैतच्छठत्वं मम भावयेथाः क्षुधातृषार्ता जननीं स्मरन्ति ॥ १० ॥

હે દુર્ગા ! હું આપત્તિઓમાં ડૂબ્યો છું અને તારું જ સ્મરણ કરું છું. હે કરુણાસિંધુ મહેશ્વરી ! આને તું મારી શઠતા ન માનીશ; કેમ કે ભૂખ અને તરસથી પીડાયેલાઓ માને જ સ્મરે છે. ૧૦

जगदम्ब विचित्रमत्र किं परिपूर्णा करुणास्ति चेन्मयि ।
अपराधपरम्परावृतं न हि माता समुपेक्षते सुतम् ॥ ११ ॥

હે જગદમ્બા ! તારી મારા ઉપર સંપૂર્ણ કૃપા છે આમાં આશ્ચર્ય શું છે ? પુત્ર અપરાધોની પરંપરા કર્યે જતો હોય, તોપણ મા એની ઉપેક્ષા ન જ કરે. ૧૧

मत्समः पातकी नास्ति पापघ्नी त्वत्समा न हि । एवं ज्ञात्वा महादेवि यथायोग्यं तथा कुरु ॥ १२ ॥

મારા સમો કોઈ પાપી નથી અને તારા સમી કોઈ પાપહારિણી નથી. હે મહાદેવી ! આ જાણી તું યથાયોગ્ય કરજે. ૧૨

इति श्रीशंकराचार्यविरचितं देव्यापराधक्षमापनस्तोत्रम् ।

CC-0. Mumukshu Bhawan Varanasi Collection. Digitized by eGangotri

સિદ્ધકુંજિકા સ્તોત્ર

शिव उवाच ॥ શિવ બોલ્યા:

शृणु देवि प्रवक्ष्यामि कुञ्जिकास्तोत्रमुत्तमम्। येन मन्त्रप्रभावेण चण्डीजापः शुभो भवेत्॥१॥

હે દેવિ! હું તને ઉત્તમ કુંજિકાસ્તોત્ર કહું છું, તે તું સાંભળ. એના મંત્ર-પ્રભાવથી ચંડીજાપ શુભ થાય છે. ૧

न कवचं नार्गलास्तोत्रं कीलकं न रहस्यकम्। न सूक्तं नापि ध्यानं च न न्यासो न च वार्चनम्॥२
कुञ्जिकापाठमात्रेण दुर्गापाठफलं लभेत्। अति गुह्यतरं देवि देवानामपि दुर्लभम्॥३॥

કવચ, અર્ગલાસ્તોત્ર, કીલકરહસ્ય, સૂક્ત, ધ્યાન, ન્યાસ અને અર્ચનથીય કદાચ ન મળે, તે દુર્ગાપાઠનું ફળ આ કુંજિકાના પાઠમાત્રથી મળે છે. હે દેવિ! એ અત્યંત ગુહ્ય છે અને દેવોને પણ દુર્લભ છે. ૨,૩

गोपनीयं प्रयत्नेन स्वयोनिरिव पार्वति। मारणं मोहनं वश्यं स्तम्भनोच्चाटनादिकम्।
पाठमात्रेण संसिद्ध्येत् कुञ्जिकास्तोत्रमुत्तमम्॥४॥

હે પાર્વતી! એને પોતાના ગુહ્યાંગની જેમ પ્રયત્નપૂર્વક ગુપ્ત રાખવું. આ ઉત્તમ કુંજિકાસ્તોત્રના પાઠમાત્રથી પણ મારણ, મોહન, વશીકરણ, સ્તંભન અને ઉચ્ચાટન આદિ સિદ્ધ થાય છે. ૪

મંત્ર:-

ॐ ऐं ह्रीं क्लीं चामुण्डायै विच्चे॥ ॐ ग्लौं हुं क्लीं जूं सः ज्वालय ज्वालय ज्वल ज्वल प्रज्वल

CC-0. Mumukshu Bhawan Varanasi Collection. Digitized by eGangotri

प्रज्वल ऐं ह्रीं क्लीं चामुण्डायै विच्चे ज्वल हं सं लं क्षं फट् स्वाहा ॥

नमस्ते रुद्ररूपिण्यै नमस्ते मधुमर्दिनि । नमः कैटभहारिण्यै नमस्ते महिषार्दिनि ॥ १ ॥

રુદ્રરૂપિણીને નમસ્કાર, નમસ્કાર મધુમર્દિનીને. કૈટભહારિણીને નમસ્કાર, નમસ્કાર મહિષાર્દિનીને. ૧

नमस्ते शुम्भहन्त्र्यै च निशुम्भासुरघातिनि । जाग्रतं हि महादेवि जपं सिद्धं कुरुष्व मे ॥ २ ॥

શુંભને હણનારીને નમસ્કાર, નિશુંભ અસુરની ઘાતિનીને નમસ્કાર. હે મહાદેવી ! મારા આ જપને જાગ્રત ને સિદ્ધ કર. ૨

ऐंकारी सृष्टिरूपायै ह्रींकारी प्रतिपालिका । क्लींकारी कामरूपिण्यै बीजरूपे नमोऽस्तुते ॥ ३ ॥

સૃષ્ટિરૂપિણી 'ઐં'કારીને, પ્રતિપાલિકા 'હ્રીં'કારીને, કામરૂપિણી 'ક્લીં'કારીને, એમ બીજરૂપિણીને નમસ્કાર. ૩

चामुण्डा चण्डघाती च यैकारी वरदायिनी । विच्चे चाभयदा नित्यं नमस्ते मन्त्ररूपिणी ॥ ४ ॥

धां धीं धूं धूर्जटेः पत्नी वां वीं वूं वागधीश्वरी ।

क्रां क्रीं क्रूं कालिकादेवी शां शीं शूं मे शुभं कुरु ॥ ५ ॥

ચંડઘાતી 'ચામુણ્ડા' તથા વરદાયિની 'યૈ'કારીને નમસ્કાર. અભયદાને વિચ્ચે, નિત્ય નમસ્કાર મંત્રરૂપિણીને. ધાં ધીં ધૂં ધૂર્જટિની પત્ની, વાં વીં વૂં વાગધીશ્વરી, ક્રાં ક્રીં ક્રૂં કાલિકાદેવી, શાં શીં શૂં મારું શુભ કરો. ૪,૫

हुं हुं हुंकाररूपिण्यै जं जं जं जम्भनादिनी । भ्रां भ्रीं भ्रूं भैरवी भद्रे भवान्यै ते नमो नमः ॥ ६ ॥

CC-0. Mumukshu Bhawan Varanasi Collection. Digitized by eGangotri

મંત્ર :-

अं कं चं टं तं पं यं शं वीं दुं ऐं वीं हं क्षं धिजाग्रं धिजाग्रं त्रोटय त्रोटय दीप्तं कुरु कुरु स्वाहा ॥

હું હું હુંકારરૂપિણીને જાં જીં જૂં જમ્ભનાદિની, ભ્રાં ભ્રીં ભ્રૂં ભૈરવી ભદ્રા ભવાની, તને નમો નમઃ ૬

पां पीं पूं पार्वती पूर्णा खां खीं खूं खेचरी तथा ।
सां सीं सूं सप्तशतीदेव्या मन्त्रसिद्धिं कुरुष्व मे ॥ ७ ॥

પાં પીં પૂં પાર્વતી પૂર્ણા તથા ખાં ખીં ખૂં ખેચરી, સાં સીં સૂં સપ્તશતી દેવીની મને મંત્રસિદ્ધિ કર. ૭

इदं तु कुञ्जिकास्तोत्रं मन्त्रजागर्तिहेतवे । अभक्ते नैव दातव्यं गोपितं रक्ष पार्वती ॥ ८ ॥
यस्तु कुञ्जिकया देवि हीनां सप्तशतीं पठेत् । न तस्य जायते सिद्धिररण्ये रोदनं यथा ॥ ९ ॥

આ કુંજિકાસ્તોત્ર મંત્રજાગર્તિના હેતુ માટે છે. હે પાર્વતી ! અભક્તને એ કદીય ન આપવું. એને ગુપ્ત રાખવું. એનું રક્ષણ કરવું. જે આ કુંજિકાસ્તોત્ર વિના સપ્તશતીનો પાઠ કરે છે, તેને કશીય સિદ્ધિ મળતી નથી. એ તો અરણ્યમાં રુદન કરવા જેવું વ્યર્થ જાય છે. ૮,૯

[રોજ પ્રાતઃકાળે આ સ્તોત્રનો પાઠ કરવાથી સર્વ પ્રકારની બાધાઓ અને સર્વ પ્રકારનાં વિઘ્નો દૂર થાય છે. આ કુંજિકાસ્તોત્ર અને દેવીસૂક્ત સાથે સપ્તશતીનો પાઠ કરવામાં આવે તો ઉત્તમ સિદ્ધિ પ્રાપ્ત થાય છે. આમાં મારણ એટલે કામ, ક્રોધનો

CC-0. Mumukshu Bhawan Varanasi Collection. Digitized by eGangotri

નાશ; મોહન એટલે ઇષ્ટદેવનું મોહન; વશીકરણ એટલે મનનું વશીકરણ; સ્તંભન એટલે ઇંદ્રિયોની વિષયો પ્રતિ ઉપરતિ અને ઉચ્ચાટન એટલે મોક્ષપ્રાપ્તિ માટે આકુળતા-વ્યાકુળતા : એ સર્વ આ સ્તોત્રના ઉદ્દેશ સમજી કરવાથી સફળતા મળે છે.]

આ પ્રમાણે શ્રીરુદ્રયામલમાં ગૌરીતંત્રમાં શિવપાર્વતી સંવાદમાં આવેલા સિદ્ધકુંજિકા સ્તોત્ર સમાપ્ત ॐ तत्सत्

સપ્તશ્લોકી દુર્ગા

शिव उवाच ॥ શિવ બોલ્યા:

देवि त्वं भक्तसुलभे सर्वकार्यविधायिनी। कलौ हि कार्यसिद्ध्यर्थमुपायं ब्रूहि यत्नतः॥

હે દેવિ! હે સર્વ કાર્ય સિદ્ધ કરનારી! હે ભક્તવત્સલા! કલિયુગમાં કાર્યને સિદ્ધ કરનારો કોઈ ઉપાય યત્નપૂર્વક કહો.

देव्युवाच ॥ દેવી બોલ્યાં:

शृणु देव प्रवक्ष्यामि कलौ सर्वेष्टसाधनम्। मया तवैव स्नेहेनाप्यम्बास्तुतिः प्रकाश्यते॥

હે દેવ! સાંભળો. કલિયુગમાં સર્વ મનોરથ સિદ્ધ કરનારું એક સાધન છે, તે તમને કહું છું. તમારા ઉપરના મારા સ્નેહને લીધે જ આ અંબાસ્તુતિ હું પ્રકટ કરું છું.

ॐ अस्य श्रीदुर्गासप्तश्लोकीस्तोत्रमन्त्रस्य नारायण ऋषिः अनुष्टुप् छन्दः श्रीमहा-

CC-0. Mumukshu Bhawan Varanasi Collection. Digitized by eGangotri

कालीमहालक्ष्मीमहासरस्वत्यो देवताः दुर्गाप्रीत्यर्थं सप्तश्लोकीदुर्गापाठे विनियोगः ।

ૐ આ દુર્ગાસપ્તશ્લોકીસ્તોત્રમંત્રના નારાયણ ઋષિ છે, અનુષ્ટુપ છંદ છે, શ્રીમહાકાલી, મહાલક્ષ્મી, મહાસરસ્વતી દેવતા છે; દુર્ગાની પ્રીતિ અર્થે સપ્તશ્લોકી દુર્ગાપાઠનો વિનિયોગ.

ॐ ज्ञानिनामपि चेतांसि देवी भगवती हि सा । बलादाकृष्य मोहाय महामाया प्रयच्छति ॥ १ ॥

ૐ એ ભગવતી મહામાયા દેવી જ્ઞાનીઓનાં ચિત્તને પણ બળપૂર્વક ખેંચીને મોહમાં નાખે છે. ૧

दुर्गे स्मृता हरसि भीतिमशेषजन्तोः स्वस्थैः स्मृता मतिमतीव शुभां ददासि ।
दारिद्र्यदुःखभयहारिणि का त्वदन्या सर्वोपकारकरणाय सदार्द्रचित्ता ॥ २ ॥

સંકટમાં એનું સ્મરણ થાય છે, તો એ સકળ જીવોના ભયને હરી લે છે. સ્વસ્થ જીવો એનું સ્મરણ કરે છે, તો એ અતીવ શુભ મતિ આપે છે. હે દેવિ ! તારા વિના બીજું કોણ દારિદ્રય, દુઃખ અને ભયનું હરણ કરે એમ છે ? તારા વિના બીજું કોણ સર્વ ઉપર ઉપકાર કરે એમ છે ? તું તો સદાય કરુણાળુ ચિત્તવાળી છે. ૨

सर्वमङ्गलमाङ्गल्ये शिवे सर्वार्थसाधिके । शरण्ये त्र्यम्बके गौरि नारायणि नमोस्तु ते ॥ ३ ॥

સર્વ મંગલોમાં તું મંગલરૂપે છે, તું કલ્યાણકારિણી છે, તું સર્વ અર્થોને સિદ્ધ કરનારી છે, તું શરણ્યા (શરણે જવા યોગ્ય છે) છે. હે ત્રણ નયનવાળી ! હે ગૌરી ! હે નારાયણી ! તને નમસ્કાર હો ! ૩

CC-0. Mumukshu Bhawan Varanasi Collection. Digitized by eGangotri

शरणागतदीनार्तपरित्राणपरायणे। सर्वस्यार्तिहरे देवि नारायणि नमोऽस्तु ते ॥ ४ ॥

શરણાગત ને દીનદુઃખીના રક્ષણમાં તું પરાયણ રહેનારી છે. તું સર્વની પીડાને હરનારી છે. હે દેવી! હે નારાયણી! તને નમસ્કાર હો! ૪

सर्वस्वरूपे सर्वेशे शर्वशक्तिसमन्विते। भयेभ्यस्त्राहि नो देवि दुर्गे देवि नमोस्तु ते ॥ ५ ॥

સર્વસ્વરૂપવાળી! સર્વની ઈશ્વરી! સર્વશક્તિવાળી! હે દેવિ! તું અમારું ભયોથી રક્ષણ કર. હે દુર્ગાદેવી! તને નમસ્કાર હો! ૫

रोगानशेषानपहंसि तुष्टा रुष्टा तु कामान् सकलानभीष्टान्।
त्वामाश्रितानां न विपन्नराणां त्वामाश्रिता ह्याश्रयतां प्रयान्ति ॥ ६ ॥

તું પ્રસન્ન થાય છે, તો સર્વ રોગોને હણી નાખે છે; તું રોષે ભરાય છે, તો સકળ મનોરથોને છિન્નભિન્ન કરી નાખે છે. તારે આશ્રયે રહેનારા મનુષ્યોને જરાય વિપત્તિ હોતી નથી; તારા તે આશ્રિતો તો બીજાઓને આશ્રયરૂપ થાય છે. ૬

सर्वाबाधाप्रशमनं त्रैलोक्यस्याखिलेश्वरि। एवमेव त्वया कार्यमस्मद्वैरिविनाशनम् ॥ ७ ॥

હે અખિલ ત્રૈલોક્યની ઈશ્વરી! તું અમારા વેરીઓનો વિનાશ કરવાનું અને સર્વ બાધાઓને શમાવવાનું કાર્ય કરવા યોગ્ય છે. ૭

इति श्रीसप्तश्लोकी दुर्गा समाप्ता

CC-0. Mumukshu Bhawan Varanasi Collection. Digitized by eGangotri

'સસ્તું' સાહિત્ય એટલે ઊંચામાં ઊંચું સાહિત્ય'

કેટલાંક ઉપયોગી પુસ્તકો

ધર્મગ્રંથો

	રૂ. ન.પૈ.
મહાભારત-ભાષાંતર	૬૪-૦૦
શાંતિપર્વ-(મહાભારત ભાગ ૬ ઠ્ઠો)	૧૦-૦૦
શ્રીશિવમહાપુરાણ (બે ભાગમાં)	૧૨-૦૦
શ્રીમદ્ ભાગવત (બે ભાગમાં)	૧૦-૫૦
વિષ્ણુપુરાણ	૪-૫૦
એકાદશ સ્કંધ (એકનાથજીની ટીકા સાથે)	૬-૦૦
એકાદશ સ્કંધ	૨-૫૦
શ્રીમદ્ ભગવતી (દેવી) ભાગવત	૭-૫૦

રામાયણો

તુલસીકૃત રામાયણ ૧,૨	૧૦-૦૦
શ્રીરામચરિતમાનસ	૬-૫૦
વાલ્મીકિ રામાયણ ૧,૨	૧૨-૦૦
ગિરધરકૃત રામાયણ	૫-૦૦
આત્મરામાયણ	૧-૫૦
તુલસીરામાયણનાં મહાવાક્યો	૦-૫૦
શ્રીરામચરિતમાનસકોશ	૦-૫૦

ઉપનિષદો

સો ઉપનિષદો	૫-૦૦
ઈશ અને કેન ઉપનિષદ	૧-૨૫
કઠોપનિષદ	૧-૨૫
પ્રશ્નોપનિષદ	૧-૦૦
મુંડક ઉપનિષદ	૧-૦૦
માણ્ડૂક્ય ઉપનિષદ	૩-૦૦
બૃહદારણ્યક ઉપનિષદ	૨-૦૦
મહાવાક્યરત્નાવલી	૧-૦૦

ભક્તિવિષયક

રામકૃષ્ણ વાર્તાલાપ (પુસ્તક ૧લું)	૨-૫૦
રામકૃષ્ણ વાર્તાલાપ (પુસ્તક ૨જું)	૨-૦૦
શ્રીરામકૃષ્ણ વાર્તાલાપ (ભાગ ૧લો)	૦-૫૦
વિવેકાનંદસાર	૩-૦૦
ધર્મજ્યોતિ	૧-૫૦
આપણો ધર્મ	૨-૦૦
સંતગુરુનો પરિચય	૨-૦૦
સ્વામીશ્રી રામદાસનો ઉપદેશ	૧-૦૦
સદ્બોધસરિતા	૧-૫૦
સંતની વાતો	૧-૫૦

CC-0. Mumukshu Bhawan Varanasi Collection. Digitized by eGangotri

બોધદાયક કથાઓ ૧-૫૦
ઉપદેશસારસંગ્રહ ૧-૫૦
મેનાવતી-ગોપીચંદ તથા
ભર્તૃહરિ-વિક્રમ ૦-૨૫
જેસલ-તોરલ તથા
જાલંધર-ગોપીચંદ ૦-૨૫
ભક્તિયોગ
(સ્વામી વિવેકાનંદ) ૨-૦૦
મનોબોધ (મનાચે શ્લોક) ૦-૫૦
બોધમાળા ૦-૨૫
ગીતાંજલિ ૦-૩૭
પરમહંસ શ્રીરામકૃષ્ણદેવનાં
વચનામૃતો ૦-૩૭
શ્રીરામકૃષ્ણ ઉપદેશ ૦-૩૭
સ્વામી વિવેકાનંદનાં
વચનામૃતો ૦-૫૦

સ્વામી રામતીર્થનાં
વચનામૃત ૦-૬૨
સત્સંગમાળા ૦-૪૦
પરવાળાં ૦-૨૫
સૂર્યકાંત ૨-૦૦
પુરોગામી ૦-૨૫
પ્રવાસી ૦-૩૭
જ્ઞાનેશ્વર ને ચાંગદેવ ૦-૩૭
પ્રભુમય જીવન ૧-૦૦
તંત્રની સાધના ૦-૨૫
દત્તાત્રેય (અવધૂત) ૦-૨૫

નીતિવિષયક

સુભાષિતરત્નભાંડાગાર ૧૦-૦૦
મનુસ્મૃતિ ૪-૫૦
બાલવિલાસ ૧-૫૦

તુલસીસતસઈ ૧-૫૦
સંતોની અનુભવવાણી ૧-૫૦
આર્યધર્મનીતિ અને
ચાણક્યનીતિસાર ૦-૭૫
સુભાષિત નીતિમંજરી ૧-૫૦
વ્યવહારમાળા ૦-૫૦
વૃદ્ધચાણક્ય નીતિસમુચ્ચય ૦-૪૦
વિજ્ઞાનશતક ૦-૩૭
નીતિશતક ૦-૨૫
વૈરાગ્યશતક ૦-૩૭
નવસંહિતા ૦-૩૭
સંતોષસુરતરુ ૦-૨૫
આત્મચિંતન ૦-૬૦
અંતર-નિરીક્ષણ ૧-૦૦
સ્ફુરણાવલી ૦-૨૫

વધુ વિગત માટે વિસ્તૃત સૂચિપત્ર માંગાવો :

સસ્તું સાહિત્ય વર્ધક કાર્યાલય } ભદ્ર, પો. બો. નં. ૫૦, અમદાવાદ
અને ૧૪૮, પ્રિન્સેસ સ્ટ્રીટ, મુંબઈ-૨

CC-0. Mumukshu Bhawan Varanasi Collection. Digitized by eGangotri

CC-0. Mumukshu Bhawan Varanasi Collection. Digitized by eGangotri

B - Vitamins
Elixir
(SHOPLEX) Betaine

"Sivat parantaram nasti"

मुमुक्षु भवन वेद वेदांग विद्यालय
ग्रन्थालय
आगत क्रमांक ४५५
दिनांक .....

मुमुक्षु भवन वेद वेदांग पुस्तकालय
वाराणसी।
आगत क्रमांक २००५
दिनांक .....

CC-0. Mumukshu Bhawan Varanasi Collection. Digitized by eGangotri

CC-0. Mumukshu Bhawan Varanasi Collection. Digitized by eGangotri

સ્તોત્રો—પ્રાર્થના—માહાત્મ્ય

મોહમુદ્ગર અને બીજાં દશ રત્નો	કિં. ૧–૦૨
નવરત્નશ્લોકો અને બીજાં ચાર રત્નો	કિં. ૦–૭૫
સ્તોત્રસંગ્રહ	કિં. ૧–૦૦
સર્વવેદાંતસિદ્ધાંત–સારસંગ્રહ	કિં. ૧–૨૫
શ્રીદક્ષિણામૂર્તિસ્તોત્ર	કિં. ૧–૫૦
વિવેકચૂડામણિ	કિં. ૧–૦૦
હસ્તામલકસ્તોત્ર અને વાક્યસુધા	કિં. ૦–૧૨
પ્રશ્નોત્તરમાળા ને જીવન્મુક્તઆનંદલહરી	કિં. ૦–૧૯
મણિરત્નમાળા	કિં. ૧–૫૦
સૌંદર્યલહરી	કિં. ૦–૮૦
શ્રીવિષ્ણુસહસ્રનામ	કિં. ૦–૨૫
શ્રીશિવમહિમ્નઃસ્તોત્ર	કિં. ૦–૫૦
ઈશ્વરપ્રાર્થનામાળા	કિં. ૩–૦૦
ભીષ્મસ્તવરાજ	કિં. ૦–૧૫
ગજેંદ્રમોક્ષ	કિં. ૦–૩૭
ભક્તિપાઠ	કિં. ૦–૧૫
નારાયણકવચ	કિં. ૦–૫૦
કણ્ઠાભરણમ્	કિં. ૦–૨૫
ભગવત્પ્રસાદ	કિં. ૦–૨૫
પ્રાતઃ અને સાયંકાળની પ્રાર્થનાઓ	કિં. ૦–૫૦
ધર્મકથાઓ	કિં. ૧–૫૦
હનુમાનચાલીસા	કિં. ૦–૦૬
પુરુષોત્તમમાસમાહાત્મ્ય	કિં. ૨–૫૦
શ્રીસત્યનારાયણની કથા	કિં. ૦–૭૫
એકાદશીમાહાત્મ્ય	કિં. ૧–૫૦
નિત્યપાઠ	કિં. ૦–૭૫
જપ અને નામસ્મરણ	કિં. ૧–૨૫

વધુ વિગત માટે વિસ્તૃત સૂચિપત્ર મંગાવો.

સસ્તું સાહિત્ય વર્ધક કાર્યાલય | સ્વામી અખંડાનંદ માર્ગ, અમદાવાદ અને ૧૪૮, મિર્ઝાપુર સ્ટ્રીટ, મુંબઈ–૨

CC-0. Mumukshu Bhawan Varanasi Collection. Digitized by eGangotri